સ્વર્ગમાં સેશન્સ.

યાને

પાખંડી પુરોહિતોનું પોકળ.

લેખક અને પ્રકાશક.

નારાયણજી ગોકળદાસ ટોલાણી.

[illegible] (કાઠિયાવાડ)

ॐ

સ્વર્ગમાં સેશન્સ.

યાને

પાખંડી પુરોહિતોનું પોકળ.

રચનાર

નારાયણજી ગોકળદાસ ડોસાણી.

રાણાવાવ—(કાઠિયાવાડ)

છપાવી પ્રસિદ્ધ કરનાર

નારાયણજી ગોકળદાસ ડોસાણી.

રાણાવાવ—(કાઠિયાવાડ).

સને ૧૯૧૫] આર્યસંવત્ ૧૯૭૨૯૪૯૦૧૭ [વિક્રમાર્ક ૧૯૭૧

વિજયાદશમી.

પ્રથમાવૃત્તિ] [પ્રત ૧૨૫૦

મૂલ્ય ૧—૦—૦.

કપડાનું પાકું પુંઠું. ૧—૪—૦.

શ્રી સત્યપ્રકાશ પ્રીન્ટિંગ પ્રેસમાં ડાહ્યાભાઇ શકરાભાઇ ગાંધીએ છાપી.
ખાડીઆ—અમદાવાદ.

૬૦૧

આ પુસ્તક નીચલે ઠેકાણેથી મળી શકશે.

૧ ઠા. વસનજી પ્રમાણુંદ ચહાવાળા બુકસેલર
કાલબાદેવી રોડ, મુંબઈ.

૨ ઠા. ગોવીંદજી ડી. ગઢીયા બુક ડીપો
માલેક ધી હુન્નરોદય બુક ડીપો,
ઘોઘારી મહોલાના નાકા સામે, મુંબઇ નં. ૯

૩ ઠા. વસનજી હરીરામ બુકસેલર,
માંડવી પોષ્ટ નં. ૩ મુંબઈ.

૪ રા. રા. હરજીવનદાસ જગજીવનદાસ વર્મા,
જુમ્મામસીદ પાસે, ભરૂચ.

૫ ઠા. વિઠ્ઠલદાસ હીરજી ઓધાણી.
સારંગપુર દરવાજા ગોમતીપુરના રસ્તે, અમદાવાદ.

૬ કર્ત્તા પાસેથી.

ओ३म

અર્પણ પત્રિકા.

ભારત માતાના ભુષણરૂપ લોહાણા ક્ષત્રિય સમાજની પ્રગતિ માટે સતત્ પ્રયત્ન કરનારા સકળ સદ્‌ગુણાલંકૃત બન્ધુઓ !

જય જ્ઞાત્યુત્કર્ષ ! !

આપ જ્ઞાતિ પ્રિય કાર્યો વડે જ્ઞાતિ બન્ધુઓના મન મંદિરમાં પરિપૂર્ણ પ્રેમનું સ્થાન પામ્યા છો. વિદ્યા વૃદ્ધિનાં કાર્યો તરફ આપની અનુપમ પ્રીતિની પ્રતિતીઓ જગજાહેર થઇ ગઇ છે. જ્ઞાતિ ઉન્નતિનાં પ્રત્યેક કાર્યમાં આપ તન, મન, ધનથી ભાગ લઇ, વિદ્વાનો પ્રત્યે ઘણી મમતા અને પ્યારની દ્રષ્ટી રાખી, જ્ઞાતિના લેખકોને ઉત્તેજન આપી ઉદારતા બતાવો છો. જ્ઞાતિ બન્ધુઓને સુખી આબાદ પૂર્ણ જોવાની આપ અહર્નિષ ઉત્સુકતા રાખો છો. આવા આપના અત્યુત્તમ ગુણોથી આકર્ષાઇ હું આપનો દિન ભ્રાતા

" સ્વર્ગમાં સેશન્સ્ "

રૂપ નિવાપાંજલી આપને સમર્પું છું. લી. ભવદીય

કૃપાકાંક્ષી સેવક

નારાયણજી.

શ્રીમંતોએ શું કરવું જોઇએ.

જો કે આ પ્રશ્ન પૃથ્વીની તમામ પ્રજા માટે છે પરંતુ જે દ્રવ્યાદિ સાધનવાળા પુરૂષો છે તે લોકોએ પોતાનાં તેવાં સાધનોનો કેવો ઉપયોગ કરવો! એ અગત્યનો વિષય છે. રડતાં રડતાં જન્મ ધારણ કરી, હાય હાય કરતાં જીવનગાળી અને કાંઇ પણ કર્યું નહિ એમ પસ્તાતાં મૃત્યુ પામે છે, એવા લોકોથી પૃથ્વી ભરપૂર છે. તો હવે શું કરવું? ઉત્તર એજ કે **પરોપકાર.** હવે પરોપકાર કયાં કરવો? કે દુખી લોકો તરફ. કારણ કે આપણી સહાયતાથી જો તેઓ પોતાનું દુઃખ દૂર કરી શકે તો પછી પોતાની મેળેજ પોતે સુખમાં જીંદગી ગાળી શકે. માત્ર તેમને અણીની વખતે જરા મદદ કરવી જોઇએ આવી મદદ તે દુઃખ દરદોથી પીડાતા દીનબંધુઓને દવા આપવાની છે. આ ગામમાં મ્હારૂં દવાખાનું છે. અને તેનો સારો લાભ લેવાય છે. કેટલાક ઉદાર બંધુઓની ભલામણથી આપણા જ્ઞાનનો લાભ આપણા ગરીબ બંધુઓને આપવો એ વિચાર કરી મારા દવાખાનાને અંગે એક કામચલાઉ સખાવતી ખાતું શરૂ કરવામાં આવ્યું છે, કે જેનો લાભ હાલ પણ દરમાસે **૫૦૦** થી **૧૦૦૦** દરદીઓ લેછે. આ ખાતા સંબંધી થતાં ખર્ચનો નિભાવ કેવળ મ્હારની આવક ઉપરજ છે. તો આશા છે કે પોતાના ગરીબ બંધુઓ તરફ દયા લાવી ઉદારચિત સજ્જન મહાપુરૂષો આ ખાતાને બનતી મદદ કરવા ચુકશે નહિ, તે માટે નીચેના નિયમો યોજેલા છે.

૧. એકી વખતે રૂા. **૨૫** નું દાન આપનારનું નામ દવાખાનાના સખાવતી ખાતાના બોર્ડપર અમર કરવામાં આવશે. રૂા. **૧** સુધીનું દાન પણ સ્વિકારવામાં આવશે, તમામ દાત્તાઓને આપેલી મદદની છાપેલી પહોંચો જુદી જુદી આપવામાં આવશે, તેમજ માસીક અને વાર્ષિક રિપોર્ટદ્વારા તેમનાં નામો જાહેર કરવામાં આવશે. પહેલા વર્ષમાં આ ખાતાનો **૮૧૪૯** ગરીબોએ લાભ લીધો છે વિશેષ હકીકત જાણવા માટે વાર્ષિક રિપોર્ટ મંગાવી વાંચો.

વિલંબ ન કરો પછી સારા કામમાં સો વિઘ્ન આવે છે. લખોઃ—

ડાકટર ગોપાલજી પ્રયાગજી કોઠારી.

ગ્રેન્ડ આયુર્વેદીક મેડીકલ હોલ કોઠારા (રોહાવાલા) કચ્છ.

લોહાણા-ક્ષત્રિય કોમનું લાડીલું લાડકવાયું !

શું ?

" સ્વર્ગમાં સેશન્સ્ યાને પાખંડી પુરોહિતોનું પોકળ "

નામનું અત્યુત્તમ પુસ્તક.

જેના માટે વિદ્દ્ભ્રાતાઓના ઉચ્ચ અભિપ્રાયો મળી ચૂકયા છે. જે પુસ્તક હજીતો પ્રેસમાં જ હતું ત્યાંતો વિદ્યાવિલાસી વિરભ્રાતા **પી.ડી. પુજારાએ** સ્વજ્ઞાતિની **સંસ્થાઓમાં** તથા મુંબઇનિવાસી પ્રિય જ્ઞાતિહિતેચ્છુ શ્રીમાન શેઠ **જીવણદાસ ઓધાભાઈ રૂપારેલે** પોતાના કુટુમ્બીભાઇઓમાં લ્હાણી વ્હેંચવાનો ડંકો બજાવી દીધો છે. એ આ ગ્રંથની ઉપયોગીતાનો અચળ પુરાવો છે. એકવાર હાથમાં લીધા પછી પૂર્ણ કર્યા પહેલાં છોડવું ગમતું જ નથી. વધુ શું કહીએ ? માટે જો તમારે આનંદ સાથે ગમ્મત અને જ્ઞાન મેળવવું હોય તો સત્વર મંગાવો. ૨૭૫ પાનાનો ગ્રંથ.

મુલ્ય માત્ર રૂ. ૧-૦-૦. કપડાનું પાકું પૂઠું રૂ. ૧-૪-૦

મળવાનાં ઠેકાણાં.

કૃપા કરીને પાને ૨ જે જુઓ.

આ પુસ્તક-વ્હેંચવા માટેના નિયમો.

૧ લ્હાણી કરવા માટે કોઇ સજ્જન સદ્ગૃહસ્થ એકી વખતે ૫૦ થી વધુ પ્રતો ખરીદે તેને રૂ. ०।।। લેખે આપવાનું નક્કી કીધું છે.

૨ કોઇ વિદ્યાર્થી મંગાવે તો રૂ. ०।।। માં એકપ્રત આપીશું. (પત્રમાં શિક્ષકની સહી હોવી જોઇએ.)

૩ કોઇ ગામનું મહાજન પોતાના નામે મંગાવે તેને પણ રૂ. ०।।। માંજ આપીશું.

૪ કોઇ સારસ્વત મહારાજ મંગાવે તો તેને રૂ. ०।।= ની એક પ્રત આપીશું. [તે ગામના લોહાણા મહાજનના એક અગ્રેસરની પત્રમાં સહી હોવી જોઇએ.)

નારાયણજી ગોકળદાસ ઠાસાણી

કર્તા.

સંસારમાં સુખ કેમ મળે ?

સારાં કાર્યોથી. **સારાં કાર્યો કેમ થાય ?** સારી બુદ્ધિથી. **બુદ્ધિ સારી કેમ થાય ?** સારા વાંચનથી અર્થાત સારૂં વાંચન એજ સુખની કુંચી છે. જો તમે જ્ઞાન સાથે આનંદ અને ગમ્મત મેળવવા ઇચ્છતા હોતો વાંચો.

આનંદશાસ્ત્ર—નામ પ્રમાણે ગુણવાળું સંસારમાં સુખી કેમ થવું તે માટે વ્યવહારિક દ્રષ્ટિએ લખાયલું બોધદાયક પુસ્તક કેવળ પરોપકાર દ્રષ્ટીથી લખાયલું છે, અને બ્હાર પડયાથી અગાઉ હજારો ગ્રાહકોને મૂળ કરતાં પણ અરધી કિંમતે આપવામાં આવ્યું છે. વિદ્વાનોએ ઊંચા અભિપ્રાય આપેલા છે. લગભગ ૨૫૦ પાનાનું પુસ્તક છતાં કિંમત માત્ર આના ૪. ઊંચા કાગળ પાકું પુંઠું આના ૬. સોનેરી પુંઠું આના ૮.

સંતાસત દર્પણ—સંસાર સુધારામાં લોકોનું કલ્યાણ છે અને સુધારો યોગ્ય ઉપદેશ વીના થતો નથી. તો ઉપદેશકો કેવા જોઇએ ? અને આધુનીક બગ મહાત્માઓ ઉપદેશકના રૂપમાં સંસારની કેવી પાયમાલી કરે છે ? જે સંબંધે ગમત સાથે જ્ઞાન આપનારૂં કચ્છી ભાષા કાવ્યનું પુસ્તક કિંમત આના ૧૦. પાકું અતિ સોનેરી પુંઠું. રૂા. ૧.

ખેતાબાવની—કચ્છીભાષા કાવ્યનું જાણીતું અને માનીતું પુસ્તક **આવૃત્તિ બીજી.** આ આવૃત્તિમાં પ્રથમાવૃત્તિ કરતાં દરેક રીતે સુધારો વધારો કરવામાં આવ્યો છે. કિંમત માત્ર આના ચાર.

પોસ્ટેજ જુદું. ઘણા લોકો મંગાવે છે તમે પણ જલ્દી મંગાવો. મુંબાઇના પ્રખ્યાત ગુજરાતી બુકસેલરો તેમજ નીચેને ઠેકાણેથી મળશે.

ડૉકટર **કોઠારી.** **કોટડા (રોહાવાલા) કચ્છ.**

ઘરનાં છોકરાં ભૂખે મરે અને પાડોશીને આટો
પુરો એ ઠીક કહેવાય કે ?

નહિંજ ભાઈ. તેથીજ આપને વિનંતી છે કે આપે બીજાં અનેક ઠેકાણે ધર્મનાં કામ કર્યાં હશે. પણ હવે તો

"કાઠીયાવાડ હિન્દુ અનાથઆશ્રમ"

સ્થાપન થયું છે ત્યાંજ કાંઇપણ દાન કરીને નિભાવવું જોઇએ. કારણ કે તે દેશ તમારી જન્મભૂમી છે. તેથી "કાઠીયાવાડ હિન્દુ અનાથઆશ્રમ" જે તમારૂંજ આશ્રમ કહેવાય તેને જ્યારે તમે મદદ આપી મજબુત નહિ કરો, ત્યારે કોણ કરશે ? માટે હવેથી હરેક પ્રકારનું દાન ત્યાં મોકલાવી આબાદ કરો તોજ તમારી શોભા કહેવાય. જે ખરૂં દાન થયું કહેવાશે હાલે ઓરડીઓ બંધાય છે. ૨૫૦) અઢીસો રૂપીયામાં એક ઓરડી બંધાવી અમર નામ કરો તેની ઉપર એક સ્મર્ણ લેખ કોતરી ચોડાય છે. કચ્છ કાઠીયાવાડ દેશના તમામ ગરીબ અનાથોને રાખી પોષણ થાય છે. માટે અનાજ તથા વસ્ત્ર તમામ પ્રકારની મદદ કરો. પહોંચ તુરત મળશે, દાનદાત્તાઓનાં નામ છાપાઓમાં પ્રસિદ્ધ થાય છે ને વર્ષ આખરે રિપોર્ટમાં પણ છપાશે. માટે દયા લાવી દેશનું અભિમાન લાવી અનાથોને બચવામાં મદદ કરો; પરચુરણ મદદ કરવા માટે રૂપીયા ફંડ બુક તથા એક આના, ચાર આના, વાળી બુકો મંગાવો.

પત્ર વહેવાર કરવાનું સિરનામું.

કવિ અંબાશંકર હરીશંકર યાજ્ઞીક.

વ્યવસ્થાપક કાઠીયાવાડ—હિન્દુ અનાથાશ્રમ.

મુ. વઢવાણ કાંપ.

ઉપોદ્‌ઘાત.

મહર્ષિ કણાદ કહે છે કે:—

" **कारणा भावात कार्य्या भाव:**—કારણ ન હોવાથી કાર્ય કદી થતું નથી." તો આ પુસ્તક પ્રગટ થવાનું અવશ્ય કંઇક કારણ તો હોવુંજ જોઇએ. અને તે મ્હારે મ્હારા જ્ઞાતિ બન્ધુઓને જણાવવું જોઇએ.

લગભગ છએક વર્ષ પહેલાં "**મહાત્મા રામચંદ્રજીના વંશજો લોહાણા-ક્ષત્રિઓ.**" આવું વાક્ય સ્વજ્ઞાતિનાં એકાદ માસિકમાંથી મ્હારા વાંચવામાં આવતાં મ્હારા હૃદયમાં જેમ વીજળી જમીન પર પડતાં તેને ભેદીને આરપાર પેસી જાય છે તેવી અસર થઇ. અનેક તર્ક વિતર્કો થવા લાગ્યા કે આ વાત શું ખરી હશે? અગર જો તેમજ હોય તો ક્યાં આપણી પ્રાચીન જાહોજલાલી, ઉદારતા, સુરવીરતા, સદાચારીપણું! અને ક્યાં હાલની અધમ સ્થિતિ! પ્રાચીન, અર્વાચીન સ્થિતિની તુલના કરતાં દુઃખનાં આંસુ પાડયા વિના રહેવાતું નથી. ક્યાં સાર્વભૌમ્ય સ્વામિત્વ! અને ક્યાં આજે ગુલામગિરી! આથી વધુ દુર્દશા બીજી શું હોઈ શકે?

અમે સૂર્યવંશી ક્ષત્રિઓ હોઇએ, તો એવું તે શું કારણ છે કે આજે અમારી સમાજનું આટલું બધું અધઃપતન થયું? આ મનોમય પ્રશ્નોએ મને બહુજ મુંઝાવ્યો. કેટલાક કેળવાએલા સભ્ય પુરૂષોને પૂછવા છતાં પણ મારા મનને પરિપૂર્ણ સંતોષ થયો નહિ.

બન્ધુઓ! સ્વજ્ઞાતિની સ્થિતિનો અભ્યાસ કરવાના માર્ગમાં મને પ્રવૃત્ત કરનાર ખરૂં કહું તો ઉપરોક્ત વાક્ય જ હતું. ત્યાર પછીથી સ્વજ્ઞાતિના માસિકમાં કેટલાક સભ્ય પુરૂષો જ્ઞાતિનાં પડવાનાં કઇ કંઇ કારણો દર્શાવતા હતા તે પણ હું બરાબર લક્ષ દઇ વાંચતો ને પછી મનન કરતો.

પશ્ચાત્ ટુંક સમયમાં જીવનયાત્રાનું બીજું જંકશન—ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવાને મ્હારૂં સ્વદેશ આવવાનું થયું. આપ એથી તો સારી રીતે જ્ઞાત હશો કે ગૃહસ્થાશ્રમનું ખરૂં દ્વાર વિવાહ સંસ્કાર છે. પ્રાચીન સમયમાં ગર્ભાધાનથી લઇ અંત્યેષ્ઠી પર્યન્ત સોળે સંસ્કારોના સંબંધમાં ઘણું ઘણું મ્હારા વાંચવામાં આવ્યું હતું. પરન્તુ હમેશાં દરેક બાબતમાં અનુભવથીજ નિશ્ચય થાય છે. આ કથનનું સત્ય મને આ વખતે બરાબર સમજાયું.

અરે ! ક્યાં પ્રાચીન વિવાહ પ્રતિજ્ઞાઓ ! શિલારોહણ ક્રિયા, ધ્રુવદર્શન, એતો બધું પેલાં વાંચેલા પોથામાંજ રહી ગયું ! પણ અહીં તો તદન તેથી વિપરિત દ્રષ્ય ! જેને " ટકા ધર્મ ટકા કર્મ ટકા તો પદ પરમ છે તેવા મિથ્યાભિમાની ઠેકેદાર બ્રાહ્મણો **"બસ આટલા-લાગા !" આટલા દાદા ! આટલાં નામાં ! આટલા દેવતાનાં કમીશનો ! કળશમાં આટલું નાખો ! દૂધ પીવરામણાનું આપો ! આટલે નહિ ચાલશે ! આટલું હોવું જોઈએ "** તેવા સ્વાર્થ સાધ્ય પટપટારામાં સઘળો સમય નષ્ટ કરે છે. અને વિવાહ વિધી તો બસ–" **કન્યા પધરાવો સાવધાન–સમોર્ષ શુભલગ્નં ક્ષેમ કલ્યાણંગારો શુભં ભવતુ વિષ્ણું ભગવાનં હરી, સ્વસ્તિનાં ઇન્દ્રો બ્રધસ્વા:**—આ ધરગતુ પણ અશુદ્ધ રીતે મંત્ર બડબડવાનીજ. આવી રીતે શૂદ્રોની માફક " **બાકરાંનો ઘેરો ને ફર દીકરી ફેરો.** " એ પ્રમાણે ફારસ ભજવાઈ લગ્નની ઇતિશ્રી થાય છે. આ જ સમયે મ્હેં મ્હારા એક મિત્ર દ્વારા આ ફારસ ભજવતા પુરોહિતોને પૂછાવ્યું કે " મનુ મહારાજે કહેલા આઠ પ્રકારના વિવાહમાં આ કયા પ્રકારનો વિવાહ કહેવાય ? " ત્યારે તેઓ પેટાર્થિઓ તરફથી પ્રત્યુતર મળ્યો જે " મનુ બનુની વાત અમે જાણતા નથી અમે જેમ કરાએ છીએ તેમ કરીએ છીએ " આવા અણઘડ જવાબથી મ્હારી શંકાઓ વધતી ગઈ. અહીં આ સ્વાર્થીઓની પ્રપંચજાળનો ઠીક ઠીક અનુભવ થતાં વળી મનમાં અવનવા વિચારો ઉદ્ભવવા લાગ્યા કે ગાયરૂપ બાળાના શિરપર આ પેટાર્થિઓના લાગા-હકકો અને સિવાય કોઇ પણ શુભાશુભ પ્રસંગે પણ આ લોકોના લાગાઓ ! આવો નિયમ ઈશ્વરી હોઇ શકતો નથી. ઊલટું ઈશ્વર તો કહે છે કે " **नासते विद्यते भावो नभावो विद्यते सतः** અસત્યમાં સત્યની ભાવના બનેજ નહિ. " સત્શાસ્ત્રોમાં વર્ણવેલાં બ્રાહ્મણનાં લક્ષણોનો એક અંશ પણ આ મિથ્યાભિમાની ઠેકેદાર બ્રાહ્મણોમાં નથી. તો પછી ઈશ્વરી નિયમ અનુસાર તે બ્રાહ્મણજ કેમ કહી શકાય ? કર્મથીજ મનુષ્ય ઊંચ નીચ થઇ શકે છે. ત્યારે આ લાગા ત્રાગા લઉ–સારસ્વતોનાં કર્ત્તવ્યો તો બહુધા શૂદ્રને પણ શરમાવી નાખે તેવાં છે.

શાસ્ત્રો કહે છે કે **जन्मनां जायते शुद्रा संस्कारे द्विज उच्यते** જન્મથી તો બધા શૂદ્રોજ છે પરન્તુ સંસ્કારથીજ મનુષ્ય દ્વિજ થઇ શકે છે. તેને માટે મનુષ્યની માનસિક. અને અધ્યાત્મિક ઉન્નતિ માટે ગર્ભાધાનથી લઇને મૃત્યુ પર્યન્ત સોળે સંસ્કારોનું આર્ય શાસ્ત્રોમાં વિધાન છે તેનું મનન કરવાથી

આપણે તે સંસ્કારોમાં રહેલું ઊંડું રહસ્ય તેની મનુષ્યાત્મા પર પડતી છાપ, તેથી થતી અસર એ સર્વ જાણી શકીએ છીએ. આવા સંસ્કારોથીજ ભારતમાતાના ભુષણરૂપ અનેક વિદ્વાનો, પવિત્ર ધર્માત્માઓ આ ભૂમીમાં પાકતા હતા. અને તેથીજ આર્યાવર્ત્ત સર્વનો શિરોમણી હતો.

અસ્તોદયનો અચળ નિયમ ભારત ભૂમીને પણ લાગુ પડયો. મહાભારતની લડાઈ પછી અજ્ઞાનાંધકાર છવાયું. અજ્ઞાને એટલું બધું વખત જતાં આવરણ જમાવ્યું કે લોકો વિદ્યાથી બહિર્મુખ થઇ પોતે પોતાને પણ ભૂલી જવા લાગ્યા. સંસ્કૃત-દેવવાણી લુપ્ત થઇ અને સ્વાર્થી લોકોએ ટકા પ્રાપ્ત કરવાના હેતુથી—

" स्त्रि शूद्रो नाधियताम् " " अष्टाद् वर्षे भवेत् गौरी "

" ब्रह्म वाक्यं जनार्दनः " " ब्रह्म द्वेष कुल क्षयः "

"ब्रह्म द्रोहि विनश्यति" આદિ સ્વાર્થમય શ્લોકો જોડી કાઢયા. લોકો તેમને ધર્મશાસ્ત્રનાં વચનો માનવા લાગ્યા. બ્રાહ્મણના મુખથી ગમે તેવી કલ્પિત વાત નીકળે તોપણ " સત્ વચન મહારાજ " કહેવા લાગ્યા. અને તેવા સ્વાર્થીઓને હાથે પોતે ગુલામ જેવા બની ગયા. સ્વાર્થની માત્રા વધતી ગઇ. અન્યના હિતાહિતનો લેશ પણ વિચાર ન કરતાં તેવાઓએ સંસારનું સત્યાનાશ વાળવું શરૂ કીધું. મફતનું મળવા લાગ્યું તેથી ભૂદેવોએ પણ વિદ્યા ભણવાનું માંડી વાળ્યું અને ઊટપુટાંગ વાતોથી વિશ્વાસુ લોકોને ઠગવા લાગ્યા.

પ્રાચીન સોળે સંસ્કારો નષ્ટ થયા અને તેની જગ્યાએ ટકા પ્રાપ્ત કરવાનાં ફારસ ભજવાતાં હોવાથીજ પ્રજાની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક પડતી થઇ.

આ પ્રમાણે ઇતિહાસના અવલોકનથી નિમ્ન લિખિત ઋષિ પ્રણિત વાક્યનુ યથાર્થ રહસ્ય સમજી શકાય છે કેઃ—

अपूज्या यत्र पूज्यन्ते पूज्यानां च निरादरः ।

त्रीणि तत्र भविष्यन्ति दारिद्र्यं मरणं भयम् ॥

અર્થ—જ્યાં અપૂજ્યો (મૂર્ખ અને ન સત્કાર કરવાને યોગ્ય) ની પૂજા (સત્કાર) અને પૂજ્યો (સત્કાર કરવા યોગ્ય વિદ્વાન) નો અનાદર થાય છે ત્યાં ત્રણ વાત થાય છે. દરિદ્રતા, મૃત્યુ અને ભય.

જે મનોમય પ્રશ્નો મને મુંઝાવતા હતા તેનું હવે સંપૂર્ણ સમાધાન થયું કે લોહાણા-સમાજનું અધઃપતન થવાનું જો ખાસ કારણ કંઇ હોય તો તે આવા ન સત્કાર કરવા યોગ્ય, અક્ષરશત્રુ સ્વાર્થના કીડા, સારસ્વતોનો સત્કાર કરી પોતાની સંસારિક પ્રગતિની લગામ સર્વથા તેવાઓના હાથમાં સોંપી દીધી તેજ છે. તેમ થવાથીજ આ પરિણામ આવ્યું છે.

એ તો નિર્વિવાદ વાત છે કે જે જાતિએ પોતાનો પ્રાચીન ઇતિહાસ ગુમાવ્યો માનો કે તેણે બધું ગુમાવ્યું. ઇતિહાસ જવાથી તેના પૂર્વજોના સદ્‌ગુણો, નીતિ, સદાચાર, સભ્યતા બધાં ચાલ્યા જાય છે. પોતાના પૂર્વજોની નીતિ, રીતિનું સ્મરણ હૃદયમાંથી ભુંસાઇ જવાથી પછી અજ્ઞાનનું આવરણ છવાય છે. લોહાણા સમાજનું પણ તેમજ થયું. નહિ તો મહાત્મા રામચંદ્રજીના ગુરૂ વસિષ્ઠે સાફ શબ્દોમાં કહ્યું છે કેઃ—

"જો ગુરૂ યોગ્ય ન હોય તો તેને એકદમ તજી દેવો; નહિંતો ગુરૂ તથા શિષ્ય બન્નેની અધોગતિ થાય છે."

આ જો સમજાય તો શું કોઇ કહી શકશે કે લોહાણાસમાજ પોતાના પૂર્વજોનાં વચનો પર પાણી ફેરવી આવા આણઘડ અક્ષરશત્રુ ગુરૂઓનો જરા પણ સત્કાર કરે ? નહિજ.

ભાઇઓ ! આપણે દરિયાપાર એક દેશથી બીજા દેશમાં જવું હોય ત્યારે સારા હુશિયાર કેપ્ટનવાળી મોટી સ્ટીમર શોધીએ છીએ. કેપ્ટન જો તેવી પરિક્ષામાં પાસ થયેલ ન હોય તો સ્ટીમરને ભર દરિયે તો શું પણ શરૂઆતમાં જ ડૂબાડે છે. તે આપણને ખબર હોવાથી પ્રથમથીજ સારી સ્ટીમર અને હુશિયાર કેપ્ટનની તપાસ કરી પછીજ તેમાં બેસીએ છીએ. જ્યારે ભૌતિક સાગર પાર જવા માટે આટલી આટલી ચોકસી કરવી અને સંસાર સાગર પાર ઉતરવાને સ્ટીમરના કેપ્ટન ગુરૂઓ-ગોરો ગમે તેવા અક્ષર શત્રુ હોય તેની પરિક્ષા ન કરતાં "ધકેલ પચાં દોઢસો." કરી યોગ્યાયોગ્યતાનો જરા પણ વિચાર ન કરવો તે આપણે માટે શોભાપ્રદ છે એમ કોઇ કહી શકશે કે ?

પરન્તુ આમાં હું મ્હારા ભાઇઓનો મુદલ દોષ નથી માનતો. સંસારનો એ કુદરતી નિયમ છે કે જેમ અજ્ઞાન વધે તેમ અંધશ્રદ્ધા પણ વધે. વિના વિચારની શ્રદ્ધા તેજ અંધ શ્રદ્ધા. અંધ શ્રદ્ધાળુ મનુષ્યને કોઇ કીડીમાં હાથીનો સમાવેશ કહે તો તેમાં તે શંકા કરશે નહિ. અમારા આ ધરાર બની બેઠેલ સ્વાર્થ સાધક પુરોહિતો પણ હજી સુધી અનેક ભેટપુટાંગ વાતોના ગપ ગોળા અમારા વિશ્વાસુ ભાઇઓમાં ઉડાડે છે. તેમાં "પરશુરામના વખતમાં

અમે તમારી સાથે વટલ્યા " આ એક મોટો ગોળો છે. પરન્તુ તેઓને પૂછવું જોઇએ કે રે ! દેવતાઓ ! દેવયાની બ્રાહ્મણ કન્યા ક્ષત્રિય રાજાને પરણી હતી. શકુન્તલા બ્રાહ્મણ કન્યા ક્ષત્રિય રાજા દુષ્યન્તને પરણી હતી. અને ક્ષત્રિઓની અસંખ્ય કન્યાઓ બ્રાહ્મણોને વરેલી છે. તો ખાવું પીવું તો શું પણ રોટીવ્હેવાર સાથે બેટી વ્હેવાર પણ દ્વિજ વર્ણોમાં હોવો સિદ્ધ થાય છે. તો ભલા બતાવો તો ખરા કે તમારી આવી ઢિટપુટાંગ વાતોનો અર્થ શું ?

પુરોહિત ખાસ કરીને ધાર્મિક, કર્મ કુશળ, નિર્લોભી, દુર્વ્યસન રહિત સુશિલ, સદાચારી હોવા જોઇએ. તેના સ્થાને આજે તદન ભિન્ન સ્વભાવના અસુરી સંપત્તિવાળાઓજ મુખ્યત્વે પુરોહિતનો પટકો બાંધી લોહાણા કોમપર લાગા ઠોકી બેસાડનારા જોવામાં આવે છે.

આવી સ્થિતિનું અવલોકન થતાં આ સંબંધમાં સ્વજ્ઞાતિના પેપરમાં કંઇક ચર્ચાની શરૂઆત થઇ અન્ય સભ્યોએ તે ચર્ચાને ઉપાડી લીધી જોસ ભરેલું રૂપ પકડયું તેમાં આ સ્વાર્થ સાધકોનાં ઘણાં બોપાળાં બહાર આવ્યાં.

સિદ્ધાન્ત સાથે અંતર વૃત્તિઓને પણ સ્પષ્ટપણે આલેખવાને પ્રસ્તાવનામાં આટલું વિષયાંતર થયું છે. જે સજ્જનો ક્ષમ્ય ગણશે એ આશા છે.

અન્ય કાર્યોમાં પ્રવૃત્તિવાન હોવા છતાં આઠ દશ માસ જેટલી ટુંક મુદતમાં આ પુસ્તક તૈયાર થઇ ગયેલું હતું તેને પ્રથમ પુસ્તકના આકારમાં છપાવી બહાર પાડવાની કલ્પના પણ નહિ હતી. પરન્તુ ફક્ત ૫૦ પાનાં લખાએલાં અને તે પેપરમાં છપાવવાનો ઇરાદો હતો. પરન્તુ ગયે વર્ષે એપ્રીલ–મે માં મ્હારૂં ફરીથી સ્વદેશમાં આવવું થયું અને તે વખતે મ્હારા કાઠીયાવાડ અને ગુજરાતના પર્યટનમાં કેટલાક ઇષ્ટ મિત્રોની સલાહથી એક પુસ્તકના આકારમાં બહાર પાડવા નિશ્ચય કીધો.

મહા પુરૂષોનું કથન છે કેઃ—

જેઓ સ્વજ્ઞાતિની ઉન્નતિમાંજ પોતાનો અભ્યુદય માની જ્ઞાતિની સ્થિતિ સુધારવા પ્રત્યન કરે છે તેનુંજ આવવું સંસારમાં સફળ છે.

આ વાક્યને લક્ષમાં રાખી; મ્હારા બન્ધુઓને આવા ધરાર ગુરૂ–ગોર બની બેસનાર પ્રપંચીઓની પ્રપંચ જાળમાંથી છોડાવવા અને પો-

તાના તન, મન, ધનની પાયમાલી ન કરવા દેવા માટે સત્ય સમજાવવાનું મ્હારૂં કર્ત્તવ્ય સમજી મ્હેં આ પુસ્તક રચવાનું યોગ્ય વિચાર્યું છે.

હું જાણું છું કે, જે પુરૂષ સાર્વજનિક હિત લક્ષમાં ધરી કોઇ કાર્યમાં પ્રવૃત્ત થાય છે. તેની સાથે સ્વાર્થી લોક વિરોધ કરી અનેક પ્રકારે વિઘ્ન કરે છે. પરન્તુ **सत्यमेव जयते नानृतं सत्येन पन्था विततो देवयान** અર્થાત સર્વદા સત્યનો વિજય અને અસત્યનો પરાજ્યજ છે. મહાત્મા કૃષ્ણચંદ્ર યોગેશ્વર પણ કહે છે કે:—

હરેક સાર્વજનિક કાર્ય કરવામાં પ્રથમ તે વિષ તુલ્ય અને પશ્ચાત્ અમૃત સદૃશ થાય છે. એ વાતોને પણ સાથે સાથે ચિત્તમાં ધારણ કરી આ પુસ્તક રચ્યું છે.

આ પુસ્તકની આખી યોજના મ. ગરૂડના "સમાચાર"માંના "અજબરંગ"ના લખાણપરથી યોજાએલી છે. રંગના રંગાવાથી સારસ્વતો પેટના બળ્યા ગામ બાળવા તૈયાર થઇ જઇ ઉછળે છે. પરમાત્માના દરબાર સુધી ફરિયાદ લઇ જાય છે. સ્વર્ગીય સેશન્સ્ કોર્ટમાં કેસ ચાલે છે. ચીફઓફ જસ્ટીસ મહારાજા વિષ્ણું ભગવાન જજ્જમેન્ટ આપે છે તે ખાસ મનન કરવા યોગ્ય છે. આધુનિક પાખંડી પુરોહિતોએ કેટલી હદ સુધી પોતાની પ્રપંચ જાળમાં લોહાણા સમાજને ફસાવી છે તે આ ગ્રંથમાં યથાશક્તિ બતાવવામાં આવ્યું છે. જેમાં મહાત્મા પરશુરામ. મહારાજા જયચંદ્ર તથા અન્ય પ્રતિષ્ઠિત પુરૂષોની સાક્ષીઓપર ખાસ ધ્યાન દેવાનું છે

આ ગ્રંથ સંકલનામાં જ્ઞાતિના વિદ્વાન્ અને કેળવાએલા પુરૂષો તો શબ્દોનો ઝઘડો નહીં કરતાં આશયને સારી રીતે સમજી શકશે એમ મને ખાત્રીજ છે. પરન્તુ કેટલાક ભોળા ભાઇઓ સ્વાર્થીઓના ભમાવવાથી અયોગ્ય શંકાઓ કરવા નીકળે તો મ્હારે કહેવું જોઇએ કે જટાયુ પક્ષી હતો, મહારાણી સીતા માતા પેટીમાં પડેલાં ખેતરમાંથી મળ્યાં, બાળ બ્રહ્મચારી હનુમાનજી તથા વાલી સુગ્રીવાદિ વાંદરા હતા, ભગવાનનું દિવસે પણ સપત્નિ શયન કરવું, સ્વામીની આજ્ઞાનુસાર વર્ત્તન કરતાં જયા, વિજયા દ્વારપાળોને ઋષિનો શ્રાપ, બ્રહ્માનું પુત્રી પછવાડે દોડવું, વિષ્ણું વૃન્દાનાં આખ્યાનો, પાર્વતીજીના શરીરપરના મેલમાંથી ગણપતિ તથા ઓખાબાઇનું ઉત્પન્ન થવું, આવી વાતોને બુદ્ધિ યુક્ત માનનારાઓ આ ગ્રંથમાં પણ શંકાઓ કરી શકેજ નહિ. તેઓને હક્કજ નથી. જો સકળ બ્રહ્માંડેશ્વર વિષ્ણું ભગવાનના જજ્જમેન્ટમાં કોઇ શંકા કરશે તો એ પુરાણોના ફરમાન પ્રમાણે તેઓ નર્કમાં જશે. જો ભગવાન કાચબો, માછલું, અરે!

છેલ્લે બળીરાજાના સત્યને દાબી દેવાને છળ કપટ કરી અસત્યનો ડંકો ઊંચો કરવા માટે વામન સ્વરૂપ જેવા અવતાર ધારણ કરે તો શું સત્ય બાબતને પ્રકાશિત કરી નાલાયકોની પ્રપંચ જાળમાંથી પોતાના બાહુરૂપ ક્ષત્રિય સમાજને છોડાવવાને, સત્યનો પ્રચાર કરવાને પ્રભુ જજમેન્ટ ન આપી શકે કે? વાસ્તે આ ગ્રંથમાં પણ વિષ્ણું ભગવાનની આજ્ઞાઓને નહિ માનનાર મનુષ્ય વિષ્ણું ભગવાનના કથન પ્રમાણે અધોગતિને પ્રાપ્ત થશે.

આ પુસ્તક લખી **સારસ્વત મહારાજો** સાથે કોઇ પણ પ્રકારે દ્વેપ કરવાનો અમારો વિચાર નથી. પરન્તુ '**प्रतिग्रह**' '**प्रत्यवर**' કેવળ દાન જ લેવું એના જેવું બ્રાહ્મણોને માટે બીજું નીચ કર્મ કંઇ નથી." તે મનુ મહારાજનું કથન તેઓ બરાબર સમજે અને આ નીચ ભીખમાંથી મુક્ત થઇ જેવા તેમના પૂર્વજો મહાન બુદ્ધિશાળી જ્ઞાનના ભંડાર હતા તેવાજ વિદ્યાથી વિભુષીત થઇ આર્યાવર્ત્ત દેશને તેઓ દીપાવતા થાય એવી અમારી ઇચ્છા છે.

વળી પણ મ્હારે ખાસ ભાર દઇને કહી દેવું જોઇએ કે **સારસ્વત** શબ્દથી કોઇએ પણ એમ ન સમજી લેવું કે હું સમસ્ત સંસારના **સારસ્વત** બ્રાહ્મણોને અપૂજ્ય સમજું છું. જેઓ સદાચારી, નીતિવાન, અને પવિત્રપણે રહેનારા વિદ્વાનો છે, તેઓને હજારવાર અત્યંત પ્રેમ પૂર્વક હું વંદન કરૂં છું. આ સિવાય જે **સારસ્વત** મહારાજો ભલે નિરક્ષર હોય પરન્તુ સ્વકમાઇથી નીતિને રસ્તે ચાલી પોતાનું પોષણ કરે છે તેઓને પણ હું અનેકાનેક ધન્યવાદ આપું છું. પરન્તુ આ પુસ્તકમાં 'ભૂદેવ' સારસ્વત બ્રાહ્મણ અને એવાજ બીજા ગુણવાચક શબ્દોનો જે પ્રયોગ કરેલ છે. તે ફક્ત **લોહાણા** કોમને પોતાનો 'ગરાસ' માનતા **લોહાણા કોમપર અમારી જીવાઇ અમારા લાગા! અમારા દાદો! ગમે તેમ થાય તો પણ લેશું"** એવી હરામી વૃત્તિ રાખનારા, ટુંકી સમજના નિરક્ષર નામધારી **સારસ્વતો** કે જેઓ કાગડા હોવા છતાં હંસનું રૂપ ધારી અન્ય હંસરૂપ **સારસ્વત** બ્રાહ્મણોના પવિત્ર નામને કલંકીત કરે છે, તેવા ક્ષત્રિય કોમનું દ્રવ્ય–રક્ત ચૂસનારા માંકડોને જ સંબોધનરૂપે છે એમ સમજવું.

જો કે **લોહાણા** સમાજમાં ખોટો વિશ્વાસ બેસાડી ધર્મને નામે ફોલી ખાનારા ઊંદરોને વ્યંગતા કે ઠપકાના રૂપમાં કંઈક કડવાં ઔષધો પણ આ પુસ્તકમાં છે. તેને ખંડન સમજીને દુરાગ્રહીઓ તેવાં લખાણની અવગણના કરશે તો તેમાં હું મ્હારૂં નહિ પણ આપ્ત પુરૂષોનું જ અપમાન થયેલું ગણીશ.

વળી આવા સુધારકોની વિરૂદ્ધ પડશું તો આપણી પ્રખ્યાતિ થશે તેવું જાણી સ્વાત્માનું ખુન કરવા કોઇ લોહાણા બન્ધુ તૈયાર થાય એવી મ્હારી કલ્પના પણ નથી છતાં પણ તેમ થાય તો તેવાઓને "જ્ઞાતિદ્રોહી" સિવાય બીજુ શું કહેવું ?

વિષયોની સંમેલનની એક પુસ્તકના આકારમાં સંકલના કરવી એ મ્હારો આ પહેલોજ પ્રયાસ છે. તો તેની અંદર અનેક દોષો રહેવા સંભવ છે. અનેક ત્રુટીઓ રહી જાય એ સ્વાભાવિક છે તો મને આશા છે કે બુદ્ધિમાન પુરૂષો તો તેવા દોષો તરફ ન જોતાં નિષ્પક્ષપાતપણે હંસવૃત્તિજ રાખશે. પરન્તુ જેઓ મિથ્યાવાદી, દંભી, ડોળઘાલુઓ, કે જેનું કામજ છિદ્રો જોવાનું અને દ્વેષ કરવાનું હોય છે તેવા કાશ્મીરની શાલને ફાડી કાનટોપી બનાવનાર સ્વાર્થીઓના માટે તો મ્હારે કશું કહેવાનુંજ નથી.

વિશેષ્ય જેઓએ આ ગ્રંથના અગાઉથી ગ્રાહક થઇ અમને આશ્રય આપ્યો છે તેઓ મહાનુભાવોનો તથા મારા આત્મ—સ્વરૂપ સ્વર્ગીય સમાચાર દાત્તા મ. અબધુત, એ સર્વનો આ તકે હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

આજે આર્યાવર્ત્ત દેશ શરીરનાં જુદાં જુદાં અંગોરૂપ નાની નાની જ્ઞાતિઓ સમાજો પોતાની પ્રગતિ માટે જોસભેર પ્રયત્ન કરી રહી છે તે **પરમ પ્રતાપી, ન્યાયી બ્રીટિશ રાજ્યના શાન્તિમય અમલ ને આભારી છે. આપણા માનવંતા શહેનશાહ પંચમ્ જ્યૉર્જ અને શહેનશાહ બાનુ ક્વીનમેરીને દીર્ઘાયુ બક્ષો અને બ્રીટીશ રાજ્ય અમારા પર યાવત્ચંદ્ર દિવાકરૌ અચળ રહો એવી એ મહાન પિતા પરમાત્મા પ્રત્યે અમારી પ્રાર્થના છે.**

છેલ્લે મ્હારી સર્વને એજ વિનંતિ છે કે આ પુસ્તકમાંના કોઇ ખાસ શબ્દોપર રીસ ન કરતાં સત્ય શોધી સંસાર ઉપકારાર્થે. કીર્ત્તિને વધારી પ્રાચીન પરાક્રમી વિર ક્ષત્રિઓના ગૌરવમાં વધારો કરવા કટ્ટીબધ થાઓ.

ઓ૩મ્ શાન્તિ : શાન્તિ : શાન્તિ :

સાચા સારસ્વતોનો ચર્ણરજ સેવક,

નારાયણજી ગોકળદાસ ડોસાણી.

જંગબાર-તારીખ ૩૧ જાનેવારી ૧૯૧૪.

શેષોક્તિ.

"સ્વર્ગમાં સેશન્સ્" લગભગ એક વર્ષ પહેલાં લખાઇ રહ્યું હતું. તે સમયે મ્હારૂં નિવાસ સ્થાન પૂર્વ **આફ્રિકામાં** આવેલ **જંગબાર શહેરમાં** હતું તેથી આ પુસ્તકને છપાવવાદિની વ્યવસ્થા, વિગેરે સંપૂર્ણ કાર્ય કરવાને **મ્હારા પરમ** શુભેચ્છક, મ્હારા અભ્યુદય માટે નિરંતર નિઃસ્વાર્થ કાળજી રાખનારા, એટલુંજ નહિ પરન્તુ મ્હારા તરફ એક લઘુ બન્ધુ તરીકે પ્રેમ રાખનારા, અને આ પુસ્તકમાં **લોહાણા** શબ્દની શ્રેષ્ઠતા સિદ્ધ કરવામાં મને ઉપયોગી મદદ કરનારા **શ્રી મહીરેવા લોહાણા બોર્ડીંગના માનાધિકારી મંત્રી** માન્યવર ભ્રાતા **હરજીવનદાસભાઇ** જગજીવન વર્માએ કૃપાપૂર્વક સ્વીકાર્યું હતું. પરન્તુ પ્રેસની અગવડતા, વર્ત્તમાન અણધાર્યો ઉપસ્થિત થયેલો યુરોપિય વિગ્રહ, અને કંઇક સંજોગોની પ્રતિકુળતાને લઇને આ **પુસ્તક** છપાવવાનું કામ આજ દિન પર્યન્ત મુલ્તવી રહી ગયું **હતું.** મ્હારા એ મુરબ્બી ભ્રાતા **હરજીવનદાસભાઇની** મ્હારાપરની વાત્સલ્ય પ્રેમભાવનાનો પ્રકાશ મ્હારી પ્રકૃતિ અહીં અત્યંત કામના દબાણને લઇને અસ્વસ્થ થયાના સમાચાર જાણી મ્હારાપરના તેના છેલ્લા પત્રના **શબ્દો "તબીયત સાચવવા હું પહેલેથીજ બૂમ મારતો હતો. ફીકર થાય છે. દવા કરશો. હું આવી જાઉં? ગભરાશો નહિ."** પરિપૂર્ણ પાડે છે. હું એ જયેષ્ટ **ભ્રાતાનો** પરમ **અનુગ્રહિત** છું.

હજી તો આ પુસ્તક પ્રેસમાં છપાતું હતું ત્યાં તો **લોહાણા કોમની પ્રત્યેક હિતકારી સંસ્થાઓને સ્વર્ગમાં સેશન્સ્‌ની લ્હાણી** આપવાનો ડંકો બજાવી **લોહાણા** કોમમાં પહેલોજ દાખલો બેસાડી જેણે પોતાના નામને ચિરઃસ્મરણીય કર્યું છે, જેઓ મ્હારા તરફ એક કનિષ્ટ **સહોદર** તરીકે વર્ત્તાવ રાખી મ્હારા દરેક સુકાર્યમાં ઉત્સાહનું અમૃત રેડી, મ્હારા જ્ઞાત્યુપયોગી કાર્ય—સાહસને સફળતા મળે તે માટે અહર્નિષ પ્રયત્ન કરે છે, તેવા મ્હારા પરમ પ્રિય ! ભ્રાતા **પોપટલાલ દામોદર પુજારાનો** હું પૂર્ણ આભારી છું. **"વિશેષ આપ મ્હારા એટલે "સ્વગમાં સેશન્સ" પણ મ્હારૂંજ છે."** મ્હારાપર તેમની પ્રીતિ, મમતા, દયા, કૃપા માટે આ તે **વિરભ્રાતાના** પત્રના એ જ શબ્દો બસ છે.

આજ સમયે જ્ઞાતિના લેખકોને આશ્રય આપનારા, વિદ્યા વૃદ્ધિના કાર્યમાં અડગ ઉત્સાહપૂર્વક ભાગ લેનારા, અમારા માન્યવર મુરબ્બી ભ્રાતા **જીવણદાસ બોઘાભાઇ રૂપારેલે** પોતાના (રૂપારેલીયા) કુટુમ્બી ભાઇઓમાં આ **પુસ્તકની લ્હાણી** કરી કુટુંબવત્સલતા દર્શાવવાની ઉચ્ચ પ્રાચીન પ્રણાલિકાનો પડઘો પાડયો છે. તે માન્યવર મુરબ્બીશ્રીનો **પણ** હું આભાર માનું

છું. પરમાત્મા તેમના ઉત્સાહમાં અધિકાધિક વૃદ્ધિ કરે. આ પુસ્તકની સફ્ળતાના ઉપરોક્ત એ અચુક પુરાવા છે.

તદુપરાંત મ્હારા મુરબ્બી વડીલશ્રી **ગોવીંદજીભાઈ ગોપાલજી વસન્ત, નારાયણજીભાઈ ગોપાલજી વસન્ત** કે જેઓ આ પુસ્તકને અંગે ઘણી ઉપયોગી સુચનાઓ આપતા રહ્યા છે, જેઓની મ્હારા પર અવર્ણનિય કૃપા છે. જેઓએ આ **પુસ્તકના** પ્રચાર માટે પોતાથી બનતો પ્રયત્ન કીધો છે તેઓનો પણ હું આ તકે આભાર માનું છું.

તદુપરાંત આ **પુસ્તકનાં** ગ્રાહકો અગાઉથી મેળવી આપવા પ્રયત્ન કર્યો છે અને કરે છે એવા મ્હારા સન્મિત્રો, વડીલ ભ્રાતાઓ શ્રીયુત **દેવજી ત્રીકમદાસ ઠક્કુર B. A. L. L. B.** (હાઇકાર્ટ વકીલ–મુંબઈ) **જમનાદાસભાઇ નારાયણજી અઢીઆ** (જામનગર) **રવજીભાઇ વાઘજી સોમૈયા** (કચ્છ–શીકારપુર) **વાઘજીભાઇ** જૂઠા **વિશ્રામ ઠક્કુર** (કચ્છ–ભૂજ) **ડોકટર ગોપાલજી પ્રયાગજી કોઠારી** (કોટડા–રોહાવાળા **સી. વી. વકીલ** (મુંબઇ) **જીવણદાસ ઓધાભાઇ રૂપારેલ** તથા **શેઠ માધવજી જેશંગ** (મુંબઇ) વિગેરે શુભેચ્છક ભ્રાતાઓનો પણ હું આભાર માનું છું. જ્ઞાતિના શ્રેય માટે જેઓ અહર્નિષ ઉત્સુકતા ધરાવે છે. જ્ઞાતિના લેખકોને હમેશાં ઉત્તેજન આપે છે એવા શ્રીમાન માન્યવર શેઠજી **નથુભાઈ નેણસી** કોઠારી કે જે મારા પૂજ્ય વડીલશ્રીએ મને આ પુસ્તક છપાવવાના કાર્યમાં દરેક પ્રકારની સગવડતા કરી આપી છે તેનો પણ હું આ તકે આભાર માનવો ભુલી જઇશ નહિ.

પ્રથમ આ પુસ્તક સાથે **વેદોક્ત** વિવાહ સંસ્કાર તથા ઉપનયન સંસ્કાર **અર્થ** સહિત દાખલ કરવાનો વિચાર હતો. પરન્તુ તેમ કરતાં કેટલીક ખાસ અગત્યની બાબતો રહી જતી **હતી** અને તે **સર્વ** બાબતોનો **સમાવેશ** કરવા જતાં પુસ્તકનું કદ ઘણુંજ વધી પડતું હતું. તેમ ગ્રંથનું કદ વધારી વધારે વ્યયથી ગ્રન્થને મૂલ્યવાન થવા દેવો એ દેશના અત્યારના સંજોગો જોતાં લોકોમાં ગ્રન્થના બહોળા ફેલાવામાં બાધક છે. અને એમ કેટલાક શુભેચ્છક **સદ્‌ગૃહસ્થોની** સલાહ પણ મળી. અને પુસ્તકની કીંમતમાં પણ ઘટાડો કર્યો. આ પુસ્તક કાંઇ કમાઇ કૂટી કાઢવાના હેતુથી રચવામાં આવ્યું નથી પરન્તુ જ્ઞાતિપ્રેમથી આકર્ષાઇનેજ ! આશા છે કે ક્ષત્રિય બન્ધુઓ ! અમારા આ ગરીબ પણ ઉત્સાહી પ્રયાસને સત્કારી ઉત્તેજશે. **ઈત્યોમ્ શમ્.**

અમને વધારે આનંદ થાય છે કે ક્ષત્રિયોના વિર ! સ્મરણિય **વિજયા દશમીના** પવિત્ર દિનેજ આ પુસ્તક બહાર પડયું છે.

વિજયા, દશમી, વિક્રમાર્ક ૧૯૭૧ }

નારાયણજી ગોકળદાસ ડોસાણી.

પ્રભુ પ્રાર્થના.

ॐ विश्वानि देव सवितर्दुरितानि परासुव यद्भद्रंतन्नआसुव ॥१॥

ऋग्वेद.

पाहिनो अग्ने रक्षसः पाहि धूर्तेरराव्णः ।

पाहि रीषत उतवा जिघांसतो बृहद्भानो यविष्ठय ॥१२॥

यजुर्वेद.

હે **સકળ જગતની** ઉત્પત્તિકર્તા **સમગ્ર** ઐશ્વર્યયુક્ત, શુદ્ધસ્વરૂપ, **સર્વ** સુખના દાતા **પરમેશ્વર**! આપ કૃપા કરીને **અમારા** સંપૂર્ણ દુર્ગુણ દુર્વ્યસન તથા દુઃખોને દૂર કરો અને જે કલ્યાણકારક ગુણ, કર્મ સ્વભાવ અને પદાર્થો હોય તે સર્વ અમને આપની કૃપાથી પ્રાપ્ત થાઓ.

હે સર્વ શત્રુ દાહકાગ્ને! પરમેશ્વર! રાક્ષસ, હિંસા શીલ, દુષ્ટ સ્વભાવવાળા દેહધારીઓથી અમારી રક્ષા કરો. જે અમને તાડન કરે તથા જે મારવાની ઇચ્છા કરતા રહે છે તો તે **સર્વથી** પણ **હે** મહાબલવત્તમ્ **પર**માત્મન્! અમારી રક્ષા કરો.

હે દયાળુ **પ્રભુ**! સમય પરિવર્ત્તન થયો છે દીર્ઘકાળથી તે મહાન આત્માઓ ઋષિ મુનિઓ અને સાચા **બ્રાહ્મણો**ને સ્થાને **વેષધારી ઢોંગી બ્રાહ્મણો**એ '**બ્રાહ્મણ**' નામને કલંકીત કરી સ્વાર્થ સાધવાને માટે સંસારને કેવળ રંક અને દુઃખમય બનાવી દીધો છે! ચારે તરફ હંસનો ડોળ ઘાલનારા કાગડાઓના ત્રાસથી સર્વત્ર **ત્રાહિ! ત્રાહિ!** ના પોકાર થઇ રહ્યા છે !!!

હે! પરમ કૃપાળુ સર્વ રક્ષક સ્વામી! આ શિષ્ણોદર, પરાયણ પેટાર્થિ કાગડાઓથી હવે શીઘ્ર રક્ષણ કરો**!** દેશમાં પુનઃ કણાદ, **ગૌતમ**, **કપિલ, વ્યાસ, વસિષ્ટ, અંગિરા, આદિત્ય, રામ, કૃષ્ણ, બુદ્ધ** અને દયાનંદ જેવા મહાન મહાત્માઓ–ધર્મોદ્ધારકો ઉત્પન્ન કરી સંસારનું કલ્યાણ કરો! હવે તો હદ થઇ છે!

સંસારરૂપી નૌકાના આ સ્વાર્થી સુકાણીઓ હવે નાવને રસાતાળેજ પહોંચાડવા માગે છે! કરૂણાસાગર **સ્વામિન્**! અમારી દીન દાસોની આપને ગદ્‌ગદ્ કંઠે નમ્ર પ્રાર્થના એ છે કે, આપ હવે આ અંધ સ્વાર્થીઓને સદ્‌બુદ્ધિ બક્ષી, અમારા ઉત્તમ રક્ષક બનાવો, કે જેથી અમો સત્ય વસ્તુને ગ્રહણ કરી મનુષ્યજન્મ સાર્થક કરીએ–પાર ઉતરીએ.

ॐ

સ્વર્ગમાં સેશન્સ.

યાને

પાખંડી પુરોહિતોનું પોકળ.

મૂળ ઉત્પત્તિ—લાઇબલવાળું લખાણ.

અજબ રંગ.

કૉન્ફરન્સ દેવીની આમંત્રણ પત્રિકા સેવકને ચંદ્ર લોકમાં મળી. હું પરાધીનતામાં જકડાએલો ક્યાંથી એ દેવીનાં દર્શન કરી શકું ? તોપણ એ દેવીને હજારો વાર નમન કરતાં તેણીના પ્રત્યે અંતરની સહાનુભુતી દર્શાવતાં, મારે પરિષદ દેવીના નેતાઓને પ્રેમપૂર્વક પ્રાર્થના કરવી જોઇએ કે-હે ! વ્હાલા ! વીરો ! ! વીર ક્ષત્રિયના પુત્રો ! તમે બધું બધું ને બધુંય કરજો ! બાળલગ્નને બાળી નાંખજો ! કન્યાવિક્રયનું કંટક કાઢજો ! એક પર બીજી સ્ત્રી કરવાની અધમ રૂઢીઓને દેશનીકાલ કરી સ્ત્રી કેળવણીને ઉત્તેજન આપજો ! પણ દયાના

ભંડારો ! તમારા પુજ્યપાદ ! ! ! ગોરો–ભૂદેવો ! કે જે તમારૂંજ ખાઇ તમારૂંજ નખોદ કાઢનારા ! તમારા આશ્રયેજ જીવતા ! તમારી આંખે પાટા બાંધી તમને આંધળા બનાવનારા ! શેઠીઆઓની ખુશામત કરી તમારા રંક ભાઇઓને રંજાડતા ! હોળી દીવાળીએ નાઈ હમેશાં પવિત્ર રહેનારા ! પ્રેત ભોજન કરી ફાંદા પર હાથ ફેરવનારા ! તમારા ઉપરજ સરજાયેલા પોતાને માને છે તેવા બિચારા ભમદેવો ! અરે ભૂલ્યો ! ભામણો–ગોરોના અકુદરતી લાગા–ટેકસોનાં લાકડાંના બારામાં કંઇપણ બોલશો નહિ. હો બાપુ ! એતો જેમ હાલ ચાલે છે તેમ ચાલવા દેવું ! નહિ તો પછી કુલટાના શ્રાપ માફક “ભમદ્રોહી વિનસતી” “ભમદ્દૂષ કુલ ખે” રૂપી શબ્દોના આશીર્વાદો તમારાપર વરસશે તો પછી થઇજ રહ્યું. કેમકે રોટલાના કડકા ખાતર યજમાનના ઘરને ખોદી ખડીઆને ખીંટીએ ટીંગાડતાં એ મહાત્માઓએ કંઇ જેવી તેવી અમૃત સંજીવની વિદ્યા પ્રાપ્ત કરી નથી. ! સમજ્યા કે ! સાબીતીમાં જુઓ ! ભોળા યજમાન કહેશે કેઃ–**મહારાજ પગે લાગીએ !** ચીરંજીવ રહો ! તો તેનાં ફળ તો આજે પ્રત્યક્ષ છે. માટે બાપુ ! સારસ્વતો પર દયા રાખજો. તમારા રંક ભાઇઓ પર અધમતા દર્શાવે, તમારી બ્હેનો દીકરીઓના શીરપર લાગા ટેક્સની જળો મૂકી રક્ત ચૂસે, તેનાથી તમારી અધોગતિ થતી જાય, અન્ય કોમમાં તમારૂં અટ્ટહાસ્ય થાય, તેની તમારે જરાપણ પરવા કરવાની નથી. કહેવાનું કામ તો મારૂં છે પણ કૃપાવંતો કરવાનું તમારૂં છે. આપણે તો કહીએ છીએ એક ઇ......નહિ ! બીજુ બધું............હા.

ગરૂડ.

લોહાણા સમાચાર—તા. ૨૧ નવેમ્બર સન ૧૯૧૨.

આ લખાણથી સ્વાર્થી **સારસ્વત** સૃષ્ટિમાં કોલાહલ મચી રહ્યો, અને સર્વેએ સાથે મળી મ. ગરૂડ વિરૂદ્ધ વિષ્ણુ ભગવાનના દરબારમાં એક નનામી અરજી મોકલાવી. પરમ પ્રભુ વિષ્ણુ ભગવાન સાડાચાર માસની ઊંઘમાંથી ઊઠી કારતક સુદ ૧૧ ના પુનઃ સ્વર્ગમાં પધારી પોતાની ગેરહાજરી દરમ્યાન સકળ બ્રહ્માંડનો કારભાર તેત્રીસ કરોડ દેવતાઓએ ચલાવેલો તેમાં કંઇ ગોટાળો તો નથી વાળ્યો ! તેની જાતે તપાસ કરવાના કામમાં ગુંથાયા. પાપખાતું, પુન્યખાતું, સ્વર્ગખાતું, વૈકુંઠ, ગોલોક, કૈલાસ, નર્ક ખાતું, સેનીટરીખાતું, પબ્લીકવર્ક ખાતું, ઇત્યાદિ અનેક ખાતાંઓ

તપાસતાં છેલ્લે 'ડીટેકટીવ' ખાતાની ઓફીસની અભરાઇમાં આ ભદંભદ્રો તરફથી મોકલાએલ નનામી ગરૂડ વિરૂદ્ધ અરજીનું સડેલ પાનીઉં હાથમાં આવી ગયું. તુરતજ પ્રાઇવેટ સેક્રેટરીને પૂછતાં જવાબ મળ્યો જે "મહાન મહારાજા હું તો આપની સાથેજ નિંદ્રાધીન હતો તે હજી તો મારી આંખો પણ પૂરી પાધરી ઉઘડી નથી ને મને શું પૂછો છો? મને શુ ખબર પડે." પ્રધાનને બોલાવતાં તેમણે જણાવ્યું જે અરજીમાં મ. ગરૂડ વિરૂદ્ધની ફરિયાદ છે. પરંતુ લખનાર યા પાઠવનારનું નામ નથી. કાયદાની રૂએ પ્રભુ પોતે બંધાએલા હોવાથી આ નનામી અરજી પર કશું ધ્યાન ન આપતા બિચારી અરજી બાઇને સડેલા સુંડલાને સ્વાધીન કરવામાં આવી. આ સ્નાનમય સમાચાર સ્વર્ગીય રૂટરની એજન્સીએ તુરતજ પ્રાઇવેટપણે મૃત્યુ લોકમાં ધુમ્રપાનની ધુનમાં ને ગાંજાભાંગની લ્હેરમાં મસ્તાના બની બેચાર હાંડલાઓને હચમચાવી નાંખનાર ભૂદેવ–મહાતમાઓને મોકલી આપ્યા.

આવા ત્રાસદાયક સમાચાર સાંભળતાંજ નિરક્ષર–આળસુ ભૂદેવોમાં ગભરાટ સાથે દીલગીરીનું સામ્રાજ્ય પ્રસરી રહ્યું! સુડતાલીસ! સેકન્ડની અંદર લાગા–ટેક્સ લેવામાં લચી પચી રહેલા સ્વાર્થી સારસ્વતોને આ સ્નાનના સમાચારથી વાકેફ કરવામાં આવ્યા! દશે દિગપાળ ડોલાયમાન થવા લાગ્યા! કોઇને શંકા ન થાય તેને માટે પ્રથમથીજ ખુલાસો કરવો જોઇએ કે આ સમાચાર કાંઇ "વાયરલેસ ટેલીગ્રાફ"થી નહિ પણ તેના જેવુંજ કંઇક તેને મળતું એટલેકે હોક્કામાંથી નીકળતા ધુમાડાના ગોટાએ વીજળીના Wavesનું કામ સાર્યું હતું! અડધી કલાકની અંદર તો જેમ કોઇ દુશ્મનપર હલ્લો કરવાને લશ્કર ઉતરી પડે યા આકાશમાં ટીડોનાં ટોળાંઓની ઘુમરીઓ જોવામાં આવે તેમ આ ભૂદેવો કાખમાં ખડીઆ સાથે ગપોડ ગ્રંથો લઇને મોમાંથી યજ્ઞ કરતા કરતા ઉતરી પડયા.

શયતાન શહેરના સમસ્ત સોનાપુરની સામે જ્યાં આ સમસ્ત શ્રૃષ્ટીના ભાર રૂપ ભૂદેવોની સભા મળવાની હતી, ત્યાં ખાખરાના લાકડાં અને સમ દર શોસના પાનથી એક મંડપ ઉભો કરવામાં આવ્યો હતો. કેસુડાંના ફૂલ, ધતુરાનાં ફૂલ, અને આંકડાની અમરવેલીથી મંડપની ચોતરફ **'ડેકોરેશન'** કરવામાં આવ્યું હતું. આળસુ બાપના આળસુ બેટાઓ વોલન્ટીયરનું કામ સારતા હતા. એ સભાને માટે ખાસ flags વાવટાઓ તૈયાર કરવામાં આવ્યા હતા; જેની અંદર **'યજમાનની કન્યા અને ખીરચોરી'** નામનો લાગો તે બાપડી બાળાની ગરદન દબાવે છે તેવું (Picture) ચિત્ર હતું. આ સભા મળવાનો ઉદ્દેશ સ્વર્ગમાં મોકલેલ નનામી અરજી નિષ્ફળ ગઇ તેને માટે શું કરવું?

તે બાબતમાં વિચાર કરવાનો હતો. અમારા સમાચાર દાતા "અબધૂતનું" મન થણે તે સભામાં જવાને લચુપચુ થઇ રહ્યું હતું પણ તેઓ મહાનુભાવ લાચારીથી જણાવે છે કે મંડળના દરવાજાપર "No body Can be allowed except selfish Sarsavates" આવું બોર્ડ મારેલું હતું તેથી તે સભાનો ફૂલ રિપોર્ટ અમને મળી શકયો નહિ. પરન્તુ પાછળથી ચોકસ ખબરો મલી જે તે સભામાં સર્વાનુમતે "કાળમુખા કાનજી ને પ્રેસીડન્ટ તરીકે પસંદ કીધા. પ્રમુખની "સીટ" સ્વીકારતાંજ એક લખું-લચક લેકચર દીધું હતું. આખરે ઘણાક બખાડા માર્યા પછી પેટ ફૂટી ફૂટીને તરમટા જેવું લાલ બનાવ્યા પછી એ નામ ધારી ભૂદેવો **૧ સ્વાર્થાન્ધ શ્યામજી ૨ કૃષ્ણમૂર્ત્તિ કાનજી** કે જેઓ બિચારી લોહાણા કોમને ભીખ મંગાવીને પણ ઇન્કમ ટેકસો–કન્યા કરો વસુલ કરવામાં પ્રખ્યાત થયેલા હતા તેમને ખુદ જાતે સ્વર્ગમાં જઈ ફરિયાદ કરવાને–લાઇબલ માંડવાને આ સભાના પ્રતિનિધી તરીકે ચુંટી કાઢવામાં આવ્યા હતા.

પ્રિય વાંચકો ! એક વાત કહેવી અહીં રહી જાય છે કે લગભગ ૧૯૧૩ વર્ષ થયાં 'ક્રિશ્ચમસના' તહેવારોમાં **"ભગવાનના દરબારમાં સૌ કોઇ આવે"** એવી કંઇક છુટ મૂકાએલી છે. તેમાં પણ વિશેષે કરીને મૃત્યુ લોકનાં માનવીઓનાં દુઃખો–ફરિયાદો સાંભળવા માટે સેશન્સ્ કોર્ટ બેસે તેવી કંઇક માગણી મહાત્મા "ક્રાઇષ્ટે" કરેલી તે મંજુર થતાં સ્વર્ગીય ફી કોડ નંબર A. C. D. $\frac{1}{108}$ ના કાયદા રૂપે પ્રસિદ્ધ થયેલી છે. આ સ્વાર્થી ભૂદેવોને જાતે ફરિયાદ કરવા જવાની આ યોગ્ય તક મલી હતી.

આ બંને પ્રખ્યાતિ પામેલા પ્રતિનિધીઓ ત્યાંથી તુરતજ સ્વર્ગમાં જવાને નીકળી પડયા. રસ્તામાં ગોખરૂના કાંટા, વીંછી અને સર્પોથી ભરેલી રક્તની વૈતરણી નદી વિગેરે તેને તો કંઇ નડયું નહિ. નાકનાં નસકોરાંથી ફુંફાડા મારતા, શ્વાસ ના બળથી ઝાડપાનાદિને થડને મૂળસહિત ઉછેડી નાંખી સફાચટ મેદાન કરતા કરતા ! ફરિયાદ ! ફરિયાદ ! ! ની બૂમો પાડતા પહોંચી જઇ દેવદરબારને ઘેરી લીધી. આવી વિચિત્ર પ્રકારની બુમ જોઇ પરમપ્રભુની આજ્ઞાનુસાર દ્વારપાળે આવી તેઓને ચૂપ રહેવા કહ્યું અને અંદર સેશન્સ્ કોર્ટમાં દાખલ કીધા. સેશન્સ્ પાંચ જ્યુરરોની બનેલી હતી—

(૧) બ્રહ્મા (૨) શંકર (૩) સૂર્યનારાયણ (૪) ગણપતિ (૫) ઇન્દ્ર

શું ફરિયાદ છે ?" તેવું મહાન ન્યાયાધિશ પરમ પ્રતાપી વિષ્ણુ ભગવાન તરફથી પુછવામાં આવતાં તુરતજ આ ભૂદેવો ભિષણ ગર્જના કરતાકને બોલી ઉઠ્યા કે–" મહારાજાધિરાજ ! આપ નામદારની સ્વર્ગીય ગવર્નમેન્ટના

નોકર મ. ગરૂડે મૃત્યુ લોકમાં અમારી અમાપી ઇજતને ધોકો પહોંચાડવા જેવું પગલું ભર્યું છે. અને હજી પણ અમારી પછવાડે ધોકાને ધડકી લઇને મંડયો છે. હાલમાં તમારી ગેરહાજરી દરમ્યાન તેણે અમારાં પીંખડેપીંખડાં જુદાં કરી નાખવા જેવું કીધું છે અને આજે વર્ષોનાં વર્ષો થયાં મૃત્યુ લોકમાં એક કોમ કે જે "લોહાણા" તરીકે ઓળખાય છે, તે કોમને અમે અમારા પાળેલ મેંઢાં સરખી બનાવી રાખેલ છે, તેને ઉશ્કેરી મૂકવાનું કૃતિમ પગલું આ મ. ગરૂડે ભર્યું છે અને તેથી અમો બહુજ ગભરાઇ ગયા છીએ. પ્રથમ એક નનામી અરજી અમારી કોમ કે જે મૃત્યુ લોકમાં સારસ્વતને નામે ઓળખાય છે તેમાં પણ જે યજમાનવૃત્તિપર આધાર રાખનારો વર્ગ છે તેના તરફથી મોકલવામાં આવી હતી. પણ અમારા ઊંધા નસીબે તે પર ધ્યાન આપવામાં આવ્યું નથી. અને તેથી મજકુર કોમ તરફથી અમો બંન્ને પ્રતિનિધિ નીમાઇ અહીં મ. ગરૂડપર લાઇબલ કેસ માંડવા આવ્યા છીએ. જેનાપર અમારી આખી કોમની જીવાઇ છે તે લોહાણા કોમમાં અમારાં દુષ્ટ કૃત્યો ખુલ્લાં પાડી આપની ગવર્નમેન્ટના નોકર મ. ગરૂડે અમારો એક ન માફ કરી શકાય તેવો ગુન્હો કર્યો હોય એવું અમને ચોકસ જણાય છે. વિગેરે વિગેરે. " આવી રીતે ઘણા પ્રકારનાં તહોમતો મ. ગરૂડ ઉપર આ ભૂદેવોએ મૂકયાં. આ બધું સાંભળી લઇ પછી જજજના પણ જજજ વિષ્ણુ ભગવાને તુરતજ ખુલાસો કીધો કે "માન્યવર જ્યુરરો ! આ મૃત્યુ લોકમાં વસ્તી આળસુ કોમ તરફથી આવેલા પ્રતિનિધીઓએ જે તહોમતો મ. ગરૂડપર મૂકેલાં છે તે ઘણાં ગંભીર પ્રકારનાં માલૂમ પડે છે. બીજી બાજુ હમણાનું તે પ્રતિનિધિઓનું કહેવું અને તે પર વિચાર કરતાં એક એકની વિરૂદ્ધ અનુમાન બંધાય છે. છેલ્લે હું એવા વિચારપર આવું છું કે આ કેસ ગંભીર અને ઘણોજ અગત્યનો હોવાના કારણે હું ફરિયાદીઓને લિખિત સ્ટેટમેન્ટ દાખલ કરવાનું ફરમાન કરૂં છું. આ બાબતને જ્યુરરો સંમત થયા અને પછી અડધી કલાક કોર્ટ "ડીનર" લેવાને ઉઠી.

ફરી પાછી સૌએ પોતપોતાની બેઠક લીધી અને નીચે મુજબનું સ્ટેટમેન્ટ દાખલ કરવામાં આવ્યું.

ફરિયાદી તરફથી દાખલ થયલું સ્ટેટમેન્ટ.

સકળ બ્રહ્માંડ સમ્રાટ મહાલય.

સ્વર્ગીય—કોર્ટ કેસ નંબર ૦૦૦૦૦૧ of ૧૯૧૨

મૃત્યુ લોકમાં 'લોહાણા' નામે ઓળખાતી એક કોમપર જીવતા સમસ્ત ભિક્ષુક ભૂદેવો તરફથી આવેલા પ્રતિનિધિઓ. } ફરિયાદી

૧ સ્વાર્થાન્ધ શ્યામજી.
૨ કૃષ્ણમૂર્ત્તિ કાનજી.

વિરૂદ્ધ.

મ. ગરૂડ (સ્વર્ગીય ગવર્નમેન્ટ સરવન્ટ) તહોમતદાર.

અમો નીચે સહી કરનાર આપ મહારાજાની મૃત્યુલોકની પ્રજામાંનો એક ભાગ નિરક્ષર! આળસુ અને હરામના માલમલીદા પારકે પૈસે ઉડાવનારા ભૂદેવોના પ્રતિનિધિઓ સોગનપુર્વક નીચેનું લિખિત સ્ટેટમેન્ટ દાખલ કરીએ છીએ કે જે અમારા માનવા પ્રમાણે તદન ખરૂંજ લાગે છે.

૧ મૃત્યુ લોકમાં એક ક્ષત્રિઓનો સમૂહ કે જે આજે લોહાણા કોમના નામથી ઓળખાય છે. તે અમારો બાપદાદે આપેલો "ગરાસ" અમે માનીએ છીએ અને તે ગરાસ પર અમારી જીવાઇ છે.

૨ આ કોમના મેમ્બરોને અમે યજમાન કહીએ છીએ અને તેઓ અમોને ગોર કહે છે.

૩ અમારા વડવાઓ—પૂર્વજો (કે જેઓનું નામ અમે જાણતા નથી) એ આ કોમ પર બહુજ ન માપ અગર ન તોલ અગર ન સીમા રહી શકે તેવડો મોટો ઉપકાર કીધો છે અને તેના બદલામાં અમારી આખી કોમનો નીભાવ તે કોમે કરવો. એ પ્રમાણે "પાંચ પંસોર ને સાત પંસોર ને પંચોતેર પંસોર" ઇ બધાં મળીને સાલ થાય તે સાલમાં એવી કેટલીક સરતોથી અમારાને તેમના વચ્ચે 'ટ્રીટી' થયેલી છે.

૪ મૃત્યુ લોકમાં વસ્તી બીજી કોમો પોતાના શુભાશુભ પ્રસંગે યોગ્યતાવાળા વિદ્વાન બ્રાહ્મણને બોલાવી ધાર્મિકક્રિયાઓ કરાવે છે. તેમ આ અમારા યજમાનો કરતા નથી અને તેમ કરવાનો તેમને હક્કજ નથી કારણકે અમેજ આ બધી બાબતોનો ઇજારો લીધો છે.

૫ મૃત્યુ લોકમાં કેટલીક કોમો પોતાની દીકરીઓને વ્હેંચી પૈસા લે છે તેને કન્યાવિક્રય કહે છે. તેમ આ (**લોહાણા** કોમ) અમારા **યજમાનો** લેતા નથી, પણ અમારાને તેમના પૂર્વજો વચ્ચે કોલકરાર થયા પછી તેઓની દીકરીઓના પૈસા આડકતરી રીતે અમને અપાવે છે. અને તેને કન્યાવિક્રય કહેવામાં આવતો નથી. આ રીતી પુરાણા જમાનાથી ચાલી આવે છે તેમ આજકાલ પણ મનાય છે.

૬ વળી આ અમારા 'યજમાનની દીકરીઓનાં લગ્ન', અમે અમારે હાથેજ કરાવીએ છીએ; અને તેમાં દાન તરીકે નહિ પણ અમારા કેટલાક ફરજીયાત લાગા ઠરાવેલા છે; તેમાં 'ખીરચોરીનો' કર-લાગો મુખ્ય છે, ને અમે લઇએ છીએ અને તે કોમ હજી સુધી આપતી આવે છે.

૭ આ સિવાય મરવું-જન્મવું ઇત્યાદિક પ્રસંગે અમે અમારા અનેક કરો-લાગાઓ તે કોમપર ઠરાવેલા છે અને તે કોમે કબુલ કરેલા છે. અને તે અસંખ્ય લાગા ટેક્સોનાં પ્રસંગ પ્રસંગનાં જુદાં જુદાં નામો રાખવામા આવ્યાં છે. પણ તેનું લીષ્ટ અમે મૃત્યુલોકમાં ભૂલી ગયા છીએ.

૮ બીજા બ્રાહ્મણો **યજમાન** પોતાની શક્તિ મુજબ જે દાન આપે તે સ્વીકારે છે પણ આ **લોહાણા** કોમ અમારી દેવાદાર છે તેથી તે અમોને દાન તરીકે કાંઇ આપતી નથી પણ અમારા ફરજીયાત લાગા-કરોજ અમોને વસુલ-આપે છે તેમાં કાંઇ તેનો ઉપકાર કે પાડ નથી.

૯ અમે હમેશાં **લોહાણા** કોમની દીકરીઓની ગળુના આંગળીના વેઢા ઓથી કર્યા કરીએ છીએ; અને જેમ બને તેમ અમારો **"ખીરચોરી"** નો (રાક્ષસી) લાગો જલદીથી મળી જાય તેવા ઇરાદાથી અમારા મેંઢા સરખા યજમાનની દૂધ જેવી દીકરીને ગમે તેવા ધોળામાં ધૂળ નાંખનારા, વિધાના વેરી, પથ્થર સાથે જોડી દઇએ છીએ; તોપણ તે કોમમાંથી અમારો કાંઇ દોષ ગણતું નથી પણ તે દીકરીના નસીબનો વાંક ગણે છે. બહુ તો વિધાતાનો દોષ ગણે છે. આમ કરવાથી તે દીકરી પછી ભલે આપઘાત કરે યા રીબાઇ મરે યા કુવો પુરે તેની અમે બીલકુલ દરકાર કરતા નથી. અમને તો ફક્ત અમારા **"ખીરચોરી"** ના લાગાથીજ કામ છે.

૧૦ વળી કોઇ જો અમોને દલાલી આપે તો તેની દીકરીને એક ઠેકાણેથી ઉપાડી બીજે ગમે તેવે સ્થળે લઇ જઈ વ્હેંચી નખાવવામાં મદદ કરીએ છીએ, અને બન્ને તરફથી પૈસા ઓકાવીએ છીએ અને તેમાં પણ અમોને આજદીન સુધી કોઇએ કાંઈ કહ્યું નથી.

૧૧ વળી અમારા ઉપર કહેલા લાગાઓ દેવાની કોઇની શક્તિ ન હોય તો તેમની વ્હાલી વસ્તુઓ ગીરવી રાખી યા ભિક્ષા માંગવા જેવું કૃત્ય કરીને પણ અમારો લાગો તો આપવોજ પડે છે.

૧૨ વિશેષ્યમાં આ કોમ એટલી હદ સુધી અમારી સાથે બંધાએલી છે કે એક યજમાનના ઘરમાં ખાવા ન હોય, છોકરાં ભૂખ્યાં બરાડા પાડતાં હોય છતાં પણ જો અમે તેને ઘરે જઈ ચડીએ તો વાસણ વ્હેંચીને પણ તે અમને જમાડવાને બંધાયેલો છે. તેવો ખાસ કરીને અમારો ઘરનો કાયદો અમારી એ મેંઢી પ્રજામાં અમે કબુલ કરાવ્યો છે.

૧૩ શાસ્ત્રોમાં ગર્ભાધાનથી મૃત્યુપર્યન્તના સોળ સંસ્કારો વર્ણવેલા છે. તે શાસ્ત્રોને અમે અમારા રાંધણીઆમાં રૂંધી રાખી, તે જાણવાની અમોએ જરાપણ તસ્દી લીધી નથી અને તેવો શ્રમ લેવાની પણ જરૂર નથી. કારણકે તેની જગ્યાએ અમોએ અમારા ટકા પેદા કરવા માટે ઘરગતુ શાસ્તર (શાસ્ત્ર) ઘડી કાઢયાં છે અને તેમ કરવાની અમને સત્તા છે. અને તેના સર્વહક્ક અમો-એજ સ્વાધીન રાખ્યા છે તે ૧૩૨૪ ના સ્વર્ગીય એક્ટ પ્રમાણે રજીષ્ટર કરાવેલ છે, જે આપ મહારાજાની ગવર્નમેન્ટની **મૃત્યુલોક–રજીષ્ટર બુક** જોવાથી ખાત્રી થશે.

૧૪ વળી આ અમારા યજમાનોને અમોએ વ્હેમોના જંગલોમાં રાખી, રૂઢીઓની સાંકળથી બરાબર મજબુત બાંધી અમારા કેદી જેવા બનાવ્યા છે. તે કેદીઓ, "ન ભવો ભવતુ" આ મ. ગરૂડની ઉશ્કેરણીથી અમારા સામું માથું ઊંચકવા તૈયાર થાય તેવી અમોને ધાસ્તી રહે છે. અને જો તેમ થશે તો અમારો ભૂખે મરવાનો સમય આવશે અને તેની ચિન્તા પણ આપનેજ થશે.

૧૫ ઘણાક અમારા યજમાનોના દીકરાના દીકરા કે કોઇ બાળક માંદું પડે છે, ત્યારે તેઓમાં અમે વ્હેમના સંસ્કારો પાડેલા છે તે મૂજબ અમારૂં "મારતાન" કરવા ની તે માનતા કરે છે, અને તેવી પ્રતિજ્ઞાનો છાંટો તે માંદા બાળકપર નાંખે છે.

૧૬ મજકુર કોમનું અમે પ્રથમથીજ લોહી ચુસી તેના આત્મબળને તથા બુદ્ધિબળને કાપી નાખ્યું છે, અને તેમાં રાક્ષસી પ્રથાઓ ઘુસાડી, કુબુદ્ધિ, બીકતા, આળસ, વ્હેમ, નિર્બળતાદિ દેવીઓના પૂજારી અમારા યજમાનોને બનાવેલ છે.

૧૭ મોચણ તો શું પણ સરીયા જેવા સુશોભિત બંદરમાં અમારા ભાઇએ મુસલમાનડી ઘરમાં રાખી સંતાનો નીપજાવ્યાં છે. તેનો કેસ કોર્ટમાં

ચાલ્યો હતો ત્યારે પણ કોઇએ અમારા વિરૂદ્ધ એક શબ્દ પણ ઊચ્ચારવાની હિંમત કરી નહોતી છતાં તમારા ગરૂડે તરણાનો મેરૂ બનાવી અમોને બીજી પ્રજાની નજરમાં હલકા પાડવા પ્રયત્ન કીધો છે.

૧૮ અમે ગમે તેટલા આચાર–વ્હેવારથી ભ્રષ્ટ થઇએ પણ અમારા લોહાણા યજમાનોને અમારે માટે કંઇપણ ચુંક્યાં કરવાનો હક્ક નથી. કારણકે તેમ કંઇપણ કરે તો તેને અમે પરબારા અમારા ઘરગતુ કલ્પિત નર્કમાં ધકેલી દેવાનો ડર બતાવીએ છીએ.

૧૯ વળી અમે જેની ખુશામત કરીએ તેમના વંશને શ્રીકરણ દાનેશ્વરીના વંશ સુધી પહોંચાડી તેમાંના પુરૂષને દિગવિજયી તથા ચક્રવર્ત્તિ બનાવવાની અમારી અલૌકિક કળામાં મૃત્યુલોકમાં કોઈ અમારી સામે હરીફાઈ કરી શકતોજ નથી. અને જો કંઇ ધાસ્તી જેવું જણાય તો આ શસ્ત્રોથી અમે અમારા યજમાનોને ઘાયલ કરીએ છીએ.

૨૦ એક સાદી અને હાસ્યજનક બાબત હાથમાં આવે તોપણ અમે તેમાં મોટી ફીલસુફી–તત્વજ્ઞાન છે તેવું કહી અમારી દાંભિકતાથી અને ચતુરાઇથી અમારા યજમાનોના હાથમાં રહેલાં ફળદ્રુપ ક્ષેત્રને યથેચ્છ રીતે લૂંટીએ છીએ અને તેમ કરવાની અમોને સંપૂર્ણ સત્તા મળેલી છે.

૨૧ આવી રીતે લોહાણા કોમને અમે, શામ, દંડ, ભેદાદિશસ્ત્રોથી બોકડી જેવી બનાવી રાખી છે, પણ હાલમાં એક લાંબું 'ફરફરીઉં' આ કોમમાં આઠ આઠ દિવસે છપાઇ બહાર પડે છે. જો કે અગાઉ બીજાં એવાં બે ત્રણ હતાં પણ તે તો **(અમારી બીકથી)** બંધ પડી ગયાં છે અને હાલ જે છે તેના તા. ૨૧ નવેમ્બરના અંકમાં **"અજબરંગ"** લખી મ. ગરૂડે અમારાં મેંઢાંઓને ભડકાવી મૂક્યાં છે.

૨૨ વળી હાલમાં કેટલાક ગણ્યાગાંઠયા ઈંગ્રેજી ભણેલા તથા અક્ષરશૂન્ય પૈસાપાત્ર મોટાભાનું (અમારી નજર ચુકથી) એક મંડળ થયું છે. તે હમણાં એક ! ભૂખ જાણે શું ! કોસફર્સ ! કે ફોસફરસ ! કે કોન્ફરન્સ ! ! પણ એક આખી કોમનો **મેળો** ભરે છે; અને તે મેળો હવે દરવર્ષે મૃત્યુલોકમાં ભરાય છે. તેમાં પણ ઊસ્કેરણી કરી અમારા બાપડાડેથી ચાલ્યા આવતા લાગા–કરો ન દેવા. એવું મ. ગરૂડે તેઓને સમજાવ્યું છે તે **અજબરંગનું** પાનીઉં* હું આ સાથે રજુ કરૂં છું.

જોકે આથી અમે અમારા કેટલાક ભાવિક ભક્તોને તે મેળામાં જવાનીજ મનાઇ કીધી છે અને જાય તો કાનમાં આંગળી રાખી સાંભળવુંજ

*પ્રારંભમાંજ આપેલું છે

નહિ એવું ફરમાન કર્યું છે; છતાં પણ અમોને ધાસ્તી છે કે મ. ગરૂડના આવાં દૂષી વર્ત્તનથી અમારા પેટને નુકસાન પહોંચે એની શંકા અમોને રહે છે-આ મંડળને હસ્તીમાંજ ન આવવા દેવા માટે અમારી કોમમાંથી **લીલા-અધર-શર્મા** જેવાઓએ પ્રયત્ન કરેલ હતો પરન્તુ તે નિષ્ફળ ગયો હતો.

૨૩ આપ નામદાર મહારાજાની સ્વર્ગીય કોર્ટે અમારી વર્ષો પહેલાંની પ્રાર્થનાનો સ્વીકાર કરી બાર આદિત્ય-(માસ) માંથી એક **શ્રાવણ** માસ અમોને બક્ષીસ આપેલો છે, અને તે આખા માસમાં અમે અમારા ઘરના રોટલાનો એક ટુકડો પણ બગાડતા નથી પણ **લોહાણાઓ**માં માલમલીદા ઊડાવીએ છીએ, ઉપરાંત આ **શ્રાવણ** માસમાં બાર માસ બેઠાં બેઠાં ખાઇએ તેટલું ધન (ધૂર્ત્તતાથી !) પ્રાપ્ત કરીએ છીએ. આ આપની કૃપા માટે અમે અનહદ આભારી છીએ.

આ બધી મુદ્દાસરની આ સ્ટેટમેન્ટમાં જણાવેલી બાબતોથી આપ મહારાજાની કોર્ટને ખાત્રી થઇ હશે કે આવા પ્રકારના સંપૂર્ણ હક્કો અમને **લોહાણા** કોમપર મળેલા છે અને તે હકકોનો ભોગવટો અમે આજ દિન સુધી કરતા આવ્યા છીએ; તેમાં મ. ગરૂડની દાળ શું દાઝી જાય છે? અને શા માટે તેણે આ બાબતમાં માથું મારવું જોઇએ ? આ ઉપરથી **આપ સકળ બ્રહ્માન્ડેશ્વરને** ધ્યાનમાં આવ્યું હશે કે મ. ગરૂડે એક ન માફ કરી શકાય તેવો ન્યાયની નજરે ગુન્હો કીધો છે, અને તેથી તેને યોગ્ય શિક્ષા થવી જોઇએ. અસ્તુ !

અમો છીએ.

લોહાણા કોમને પરાધીનતામાં જકડી રાખવા માટે સરજાયેલા
(જીવતા જાગતા જમરાજાઓ)—ભિક્ષુક ભૂદેવો, !
(સહી) **સ્વાર્થાન્ધ શ્યામજી.**
" **કૃષ્ણમૂર્ત્તિ કાનજી.**

તે મૃત્યુ લોકના સમસ્ત ભિક્ષુક ભૂદેવોના પ્રતિનિધીઓ.

"મૃત્યુ લોકમાં મહાસભા."

ઉપરોક્ત સ્ટેટમેન્ટ દાખલ થયા પછી તુરતજ સકલ બ્રહ્માન્ડેશ્વર સન્મુખ મ. ગરૂડ તરફથી વિના ફીએ હાજર રહેલા મી. સત્યજીત બારીસ્ટર એટ–લો એ વિનંતી કરી કે મ. ગરૂડ એક સ્વર્ગીય ગવર્નમેન્ટ 'સરવન્ટ' છે અને કાયદાની રૂએ લિખિત બચાવનામું પણ દાખલ કરવાની જરૂર છે. માટે એક માસની મુદત આપવા કૃપા કરવી. તે માગણી મંજુર કરવામાં આવી અને કેસ એક માસ પર મુલતવી રહ્યો.

પ્રિય વાંચક ! આ સભા મળે તેની પહેલાં તે મળવાનું કારણ શું બન્યું હતું ? તેથી જરા આપણે વાકેફ થવાની જરૂર છે.

મુંબઇ જેવા શહેરમાં જેમ સાધારણ કેસમાં પણ કજીયા દલાલો અને વીમા દલાલો 'કુળો' શોધતા ફરે છે તો પછી આવા સ્વર્ગમાં કંઇ તેવાઓની ખોટ હોય કે ? તેમાં વળી આવો ગંભીર પ્રકારનો લાઇબલ કેસ ! પછી પૂછવું શું ? ઘણા દલાલો આ ભૂદેવોના નામચીન પ્રતિનિધીઓને મળી ચૂકયા અને સમજાવ્યું કે તમારા કેસને મજબુતીમાં લાવવા માટે તમારે બારીસ્ટર રોકવાની જરૂર છે. એ પ્રમાણે કેટલાક દલાલોએ તો આ ભમદેવોને ત્યાં સુધી દમ દીધો કે જો વકીલ નહીં રાખશો તો કેસ હારી જશો, અને આ હરામનાં ખાઇ ખાઇને મોટા ફાંદા, ગોરા જેવડા કીધા છે તે બધા તૂટી જશે, તે મજુરી કરતાં મૃત્યુ લોકમાં કોઇ બેઆના પણ નહિ આપે. માટે અમારો બારીસ્ટર મી. L. R. પ્રમાદી છે તે ફક્ત વધારે નહિ પણ ૧૦૦૦ સોનામહોર આ કેસમાં ઉભા રહેવાના લેશે. (સ્વર્ગમાં પણ સોના મહોર ચાલે છે !!!) આ ભમદેવો તો વિચારમાં પડી ગયા કે હવે કરવું શું ? આખરે નીચે મુજબ ધુમાડામાંથી ઇલેકટ્રીસીટી પ્રકટાવી તેના બળે એક તાર મૃત્યુ લોકમાં કરવામાં આવ્યો.

To, Selfish sarsavats Brothern
Mrityu Lock.

There is a necessity of a Barrister to give a support to our case–of £ 1000/– what do you think of ?

જેવો આ તાર 'રીસીવ' થયો કે તુરતજ વળી હોકારા મારતી આ **ભ**મદેવોની મહાસભા તેજ શહેરના નામચીન મંડપમાં આ બાબતમાં વિચાર ચલાવવાને મળી. અમારા સમાચાર દાત્તા **અબધુતે** પણ ઘણે લાંબું લચક ટીલું તાણી પેટે બે ચાર ગોદડાના **ગાભાઓ** બાંધી આ મંડપમાં દાખલ થવાનો ઇરાદો કીધો પણ તે **મહાનુભાવ** જણાવે છે કે,–"હું જરા મોડો પહોંચ્યો તેથી કમબખ્ત "ગેટકીપરે રોફમાં કહ્યું કે "આ બાજુ બેસો "ચોરને મન ચાંદરણું." તેમ મેં આ રોફનું બોલવું સાંભળતાં ગડબડાટમાં એમ જાણ્યું કે–મને લાત મારો!! તેમ કહે છે. તેથી ધ્રુજ વછૂટતાં પૂંઠભર મને પોતાને પાછો હડસેલ્યો; પણ તંબુમાં એક નાનું સરખું છિદ્ર હતું. ત્યાં બહારથી કાન પરોવી ઊભો રહ્યો. ભાગ્યાં તૂટયાં ભાષણો સંભળાયાં, પણ પ્રમુખસ્થાન કોણે લીધું તેની બરાબર ખબર પડી નહિ."

"પ્રારંભમાં એક લાંબા ડોળાવાળાએ શ્યામ વદને ઊભા થઇ ગર્જના કીધી કે કંઇ પણ સ્વર્ગમાંથી આવેલા તાર સંબંધમાં બોલાય તેની પહેલાં મારે કહેવું જોઇએ કે આ **સ્વાર્થાન્ધ શ્યામજી** અને **કૃષ્ણમૂર્ત્તિ કાનજીને** આપણે આખી આળસુ સભા તરફથી **પ્રતિનિધીઓ** ચુંટી સ્વર્ગમાં મોકલ્યા તે આપણી મોટામાં મોટી હાથીના કાન જેવડી ભૂલ થયેલી હોય તેમ મને લાગે છે. અને મારી મોભાગ્ર બુદ્ધિથી હું કહી શકું છું કે બહુ તો અહીંથી ચાર પાંચ ગણી! હદ તો ૭ ગણી! સ્વર્ગના વકીલો ફી લેતા હશે પણ આવી મોટીમસ રકમ સ્વર્ગના વકીલોની ફી હોય તે વાત મનાય તેવી નથી, પણ મારા ધારવા મુજબ આ વકીલના નામે પૈસા તે બન્ને જણાઓને પચાવી પાડવાનો ઇરાદો છે."

"મ. **સ્વાર્થાન્ધ** તથા **કૃષ્ણમૂર્ત્તિ** ઉપર આવો અશ્લીલ પ્રકારનો અવિશ્વાસ લાવવાનું કંઇ કારણ નથી. અને જ્યારે એમ હતું તો પછી તેમને પ્રતિનિધિઓ ચુંટી કાઢયા ત્યારે તમારૂં ભેજું ક્યાં ગયું હતું? પરંતુ અત્યારે આવી રકઝક ન કરતાં એજ વિચાર કરવાનો છે કે આટલી રકમ આપણાથી વકીલ રાખવા માટે મોકલી શકાય કે નહિ?" એક રક્ત વર્ણના **રામજી કાકાએ** લાકડીનો ટેકો ભરાવી ભરડી દીધું.

"જ્યારે આપણે કાયદાથી લડવા માગીએ છીએ તો પછી હવે છેવટ સુધી કમર કસી ઉભું રહેવુંજ જોઇએ. અને આ રકમ તે ફક્ત આપણા **યજમાનોની ૨૫૦** દીકરીઓના લગનના ખીરચોરી"ના લાગા થાય તેવડીજ છે તો પછી આપણે જાણવું કે **૨૫૦ કન્યાઓ ઓછી જન્મી** હતી; અને તેથી કરી આપણામાંથી **૨૫૦** ભાઇઓ પોતાના **યજમાનની એક એક**

કન્યાના લગ્નમાં મળતો દાદ જો અહીં વકીલ રાખવાના ફંડમાં અર્પણ કરે તો આ મુશ્કેલીઓનો અંત જલદીથી આવી જાય. વળી આપણી બધી લાગા–ટેક્સની ઇમારતનો પાયો હવે આ કેસની હારજીતપર ટકી રહેલો છે. જો આપણે આવે અણીને વખતે લોભ કરીશું તો આપણા ભેજામાંથી કલ્પી કાઢેલા આ લાગા–ટેક્સનાં લાકડાંઓ હવે વધારે વખત ચાલી શકે નહિ. માટે હું ધારૂં છું કે ઉપરની મારી સુચના સર્વને અનુકુળ થઇ પડશે." "એક જમાનાએ પહોંચેલા અને હરામ ચસરકાથી હાડ ગળી ગયેલા **હરીહરભાઇએ** બાંકડાને અઢેલીને અવાજ કાઢ્યો."

"અરે ભાઇઓ! આ **હરીહરકાકાની** બુદ્ધિ હવે ખસી ગઈ લાગે છે નહિતર આવી વાત કરેજ નહિ. હું નથી ધારતો કે આવી અક્કલ વગરની વાતને મારા બીજા ભાઇઓ કબુલ કરે.! (નહિ કબુલ કરીશું! નહિ કબુલ કરીશું!! ના પોકારો પડયા)" "યજમાનની દીકરીઓના વેવિશાળમાં દલાલાં કરનાર વ્યાજખાઉ **વસનજી ગોરે** ગોફણીયો ફેંકયો."

"આવા કેટલાક પ્રકારની આડીતેડી વાતોથી આપણું કંઈ વળવાનું નથી મ. **હરીહરકાકાની** સુચના બરાબર ધ્યાન આપવા લાયક છે. જો કે તે અમલમાં મૂકવાની જરા કઠણાઇ પડશે, પરંતુ મારે કહેવું જોઇએ કે તેમ કરવાની અત્યારે જરૂરીઆત છે. માટે વ્હાલા! ભુષંડી ભાઇઓ! આપ સર્વમાંથી કયા બંધુઓ પોતાના યજમાનની એક એક કન્યા ઉપરના લાગાઓ આ બચાવ ફંડમાં અર્પવા તૈયાર છે? તેમણે પોતાનાં મુબારક નામો નોંધાવવાં!" "એક બટકબોલા **બચુ મહારાજે** બડબડી દીધું".

(આવું સાંભળતાં સભામાં **"શ્રી ચાંકે અક્કલનાંચ"** જેવી ધ્વનીઓ સાથે મારામારી જેવો ખેલ થઇ પડયો" પણ પ્રમુખની વિનંતીથી શાન્તિ પથરાઇ.)

"અરે! ભાઇઓ! આમ કરવાથી આપણો કોઇ આરો આવે તેમ લાગતું નથી. પૈસા દેવાની વાત આવે છે ત્યારે અમારા પેટમાં જીવ રહેતો નથી, અને આપ જાણો છો કે "લેના તો અચ્છા લેકીન દેના એ તો પાગલકા કામ હયે." આ સૂત્રનું મનન તો હમેશાં આપણે કરીએ છીએ. આપણું બે વરસનું બાળક હશે તેને પણ આ શ્લોક તો જીવ્હાગ્રેજ છે. આપણામાંથી આજકાલ સંપભાઇ ચંદ્રલોકમાં સીધાવ્યા છે. અને કેટલાક આપણા ભાઇઓ આ બાપદાદાનો ભિક્ષુકનો ધંધો છોડી સુધરેલા બની ગયા છે. તે પણ એટલી આપણા શરીરને ખામી આવી છે એમ કહેવામાં ખોટું નથી. સંપભાઇનું સ્થાન આજે ઇર્ષા, દ્વેષ, અને અદેખાઈ આદિ

વ્હેનોએ લીધું છે અને તેથી કરી આજ થોડાંક વર્ષ થયા આપણી પડતી નજરે પડે છે, માટે મારી અલ્પ મૂંઢમતિ અનુસાર હાલ તો નસીબપર આધાર રાખી છાનામાના બેસી રહો અને સ્વર્ગમાં **સ્વાર્થાન્ધ** તથા **કૃષ્ણમૂર્ત્તિને** જવાબ મોકલો કે **"વકીલની જરૂર નથી" અને તમે પોતેજ લડો"** "આવી રીતનું ટુંકું લેકચર **મી. લાઠીદાસે** દીધું "

"**મી. લાઠીદાસના** આ વિચારોને હું થાંભલા સુધી મળતો થઇ આભ સુધી ટેકો ભરાવું છું. બંધુઓ ! આપણામાં હાલ બહુધા એક ગામમાં ૪ ઘર હોય તેમાં પણ બે તડ જોવામા આવે છે. જ્યારે આપણું મેઢું **(યજમાન)** મારતાન જમાડે છે ત્યારે બન્ને તડવાળા સાથે બેસતા નથી. અરે ! સાથે બેસવું તો ઠીક પણ એક તડ વારા બીજા તડ વારાનું મોઢું જોવાનું પણ જમતા વખતે પસંદ કરતા નથી. તેથી એક તડને ઘરમાં અને એક તડને ઓસરીમાં એમ બેસાડવાની **યજમાનને** પણ ગોઠવણ કરવી પડે છે. નહિં તો લાકડીઓને ડંડા ઉડે છે. આવી રીતે સ્વસ્તિશ્રી સલાયા બંદરમાં એક ભગને હમણા દીકરાના દીકરાને નાંખેલ છાંટાથી મારતાન કીધું હતું ત્યાં બનેલું હતું. માટે આ **લાઠીદાસના** લવારા અનુસાર પૈસાની જરૂર નથી ને વકીલ રાખવાની પણ જરૂર નથી" **એક બહુબોલા બાપજીએ** ભાંગડો વાટી નાખ્યો.

આવી કેટલીક પ્રકારની લાંબી બાબતોપર સંભાષણનો શંભુમેળો થયા પછી પ્રમુખ મહાશય ! કે જેની એક એક ભુજાઓ સાત સાત હાથ અને સતર તસુની લાંબી હતી તેમણે વક્રદ્રષ્ટીથી સભા સન્મુખ આંખો ચોળતાં ચોળતાં જોઈ પોતાનાં અનુકંપ ! રે ! અનુપમ જ્ઞાનનું દીગદર્શન કરાવતાં જણાવ્યું જે " વ્હાલા ! બાંધવો ! આ સભાનો હમણાંનો રંગ જોતાં અને તેનું આવું દીલગીરી ભરેલું છેવટ આવતાં મને ડુંટી સુધી દીલગીરી થાય છે. મને જણાય છે કે હવે આપણું ભવિષ્ય ખરાબ થવા બેઠું છે. મારી ડાબી આંખ અને જમણો પગ હમેશાં ફરકે છે તે કંઇક અનિષ્ઠ સુચવે છે. મારી ઘરની દેવીએ પોતાના જીવનપર્યંત ઘરમાંથી એક પાઇ પણ ન ખરચવી પણ યજમાનોનેજ નીચોવવા તેવું આકરૂં વ્રત્ત લીધું છે. આપણે જો હારી જશું તો આ મેંઢાં સરખી કોમ આપણા હાથમાંથી છટકી જશે અને ત્યારપછી **"દયાપ્રભુની! લક્ષ્મી પ્રસન્ન"** યજમાનનો જય થાઓ "ધર્મની જે " કરતાં આટાની ચપટી પણ આપણને કોઇ આપશે નહિ. માટે તમને જરાપણ તમારી ઇજ્જત વહાલી હોય અને કંઇપણ સમજતા હો તો જલદીથી **૨૫૦ જણાઓ એક એક યજમાનની દીકરીપરના લેવાતા લાગા** આ

સભાને વકીલની ફી માટે અર્પણ કરો, અને તે તમારે કરવુંજ પડશે. આપ જાણો છો કે મ. ગરૂડની વતી સ્વર્ગમાં **સત્યજીત** સરકારી બારીસ્ટર ઊભો છે અને આપણા તરફથી કોઇ વકીલ નથી. જો આમ પૈસા આપવા વખતે વસમું લાગતું હતું તો શામાટે નનામી અરજી મોકલી ? અરે ! તે પણ ઠીક પણ ઊલટું " મારી કોરી કેટલા દોકડા ખાય " તેવું કરી જાતે ફરિયાદ કરવાને શામાટે સ્વર્ગમાં પ્રતિનિધિઓ મોકલવામાં આવ્યા ? મને તો આનુ કંઇ સારૂં પરિણામ જણાતું નથી. માટે તમારે ઉપરના ઠરાવ મુજબ આપવુંજ પડશે. "

આ "**આપવુંજ પડશે.**" તેવો છેલ્લો શબ્દ સાંભળતાં કેટલાકને તો "મેલેરિયા ફીવર" અને કેટલાકને " ન્યુમોનિયા " ચડી આવ્યો. અને બધા ઉભા થઇ ગુસ્સામાંને ગુસ્સામાં **'મોઢું બંધ કરો, મારી નાખો અમારા દાદને ભાગાઓ અમે આપીએજ શું કરવા?'** ઇત્યાદિ બૂમો પાડવા લાગ્યા અને તે વખતે ગુસ્સામાંને ગુસ્સામાં દશેક ડઝન ખુરસીઓના ભુકે ભૂકા કરી નાંખી પોતાના સુરવીરપણાનું પ્રદર્શન કરાવ્યું. અને આખરે મંડપને ફાડી તોડીને ટોળું કંઇ પણ નિર્ણય કર્યા શિવાય બહાર નીકળી આવ્યું.—ઇત્યોમ્.

વ્હાલા વાંચકો ! આપણે તો આ સભામાં **"વકીલ રાખવો નહિં અને બની શકે તેટલી પ્રતિનિધીઓએ જાતે કોશશ કરવી."** એવા પ્રકારે અંત આવ્યો તેમ માનીશું.

આ પ્રમાણે અહીંઆંની સભાનો ટુંક હેવાલ અમોને મોકલાવ્યા પછી અમારો સ્વર્ગીય સમાચાર દાત્તા મ. અબધુત કેસની મુદત નજદીક હોવાથી ગાંસડા પોટલાં બાંધીને ઉપડી ગયો. બરાબર જે દિને સ્વર્ગમાં કેસ ચાલવાનો હતો તેજ દીને સવારના ૯ ને ૧૫ મીનીટે સિધ્ધો સેશન્સ કોર્ટના દરવાજા પાસે પહોંચ્યો. ઉતાવળે ધ્યાન ન રહેવાથી પગમાં બૂટ પહેરેલા છતાં અંદર દાખલ થઇ ગયો કે તુરતજ ચીપીઆ ચિન્હ ધારી દ્વારપાળો ડંડો લઇને ઉઠયા અમારા સમાચાર દાત્તા મ. અબધુતે જાણ્યું ! પુરી કમબખ્તી બેઠી ! પણ કંઇક Silver coin ની આહુતિ આપી જેમ તેમ સમજાવી લીધા ! સેશન્સ્ કોર્ટ પ્રેક્ષકોથી ભરાઇ ચિકાર થઇ ગયેલી હતી. તહોમતદાર મ. ગરૂડ તરફથી મી. સત્યજીત બારીસ્ટર હાજર હતા, અને ફરિયાદી ઠેકેદાર ભૂદેવો તરફથી તો બન્ને પ્રતિનિધીઓજ

હતા. આ દિવસે ફક્ત મ. ગરૂડ તરફનું લિખિત બચાવનામું દાખલ થયેલું હતું. જેની નકલ અમારા તે સમાચાર દાતા તરફથી મલી છે. જે નીચે પ્રમાણે—

"તહોમતદાર મ. ગરૂડ તરફથી દાખલ થયેલું બચાવનામું."

સકળ બ્રહ્માંડ સમ્રાટ મહાલય.!

સ્વર્ગીય કોર્ટ કેસ નંબર ૦૦૦૦૦૧ of ૧૯૧૨.

મૃત્યુ લોકમાં વસ્તી આપ બ્રહ્માંડેશ્વરની પ્રજામાંનો એક સમૂહ, કે જે આજે લોહાણા કોમ તરીકે ઓળખાય છે, તેમાંનો એક મેમ્બર હું કે જે આપ મહારાજાની ગવર્નમેન્ટનો "ગરૂડ" રૂપે નોકર છું તે નીચે મુજબ જણાવવાની રજા લઉં છું.

"ગરાસ શબ્દનો વાસ્તવિક અર્થ"

૧. ફરિયાદ નામાના ૧લા ફકરામાં જણાવેલો ગરાસ શબ્દ એક લાખો મેમ્બરોના સમૂહની બનેલી જ્ઞાતિ–સમાજને લગાડવો એ તદન બેહુદું–અને ગેર વ્યાજબી છે, એટલુંજ નહિ પણ અક્કલથી ઉલટું છે. મૃત્યુ લોકમાં જ્યારે કોઇ માનવી ખરા દીલથી રાજકીય સેવા કરી રાજ્યપર કેટલાક ઉપકારો કરે છે, ત્યારે રાજા તેમની કદર બુઝી કેટલીક જમીન Free of all charge તેમને ખેડી ખાવાને માટે આપે છે. "તે ગરાસ" કહેવાય છે. પરંતુ તે શબ્દ એક મનુષ્ય જાતિના મંડળને લગાડવો તે તદન પ્રતિકુળજ ગણાય. વળી જો આ શબ્દ ઘડીભર ચલાવી લેવામાં આવે તોપણ જેમ ઉપર કહ્યું તેમ રાજા કોઇ રાજકીય સેવા કરનાર મનુષ્યને જમીન ખેડી ખાવા આપે છે. પણ તેમના વંશજો પછી તેટલી યોગ્યતા ન ધરાવે યા રાજ્યને વફાદાર ન રહે તો આપેલી જમીનને રાજા પાછી હસ્તગત કરવાને શકિતમાન છે; તેમ આ ભિક્ષુક ભૂદેવો હાલના જમાનામાં લોહાણા કોમને કંઇ પણ ઉપયોગી થઇ પડ્યા હોય યા કંઇ પણ તેમનું ભલું કર્યું હોય એવો એક પણ દાખલો બતાવી શકાશે નહિ. તો પછી લોહાણા કોમ પોતાની કૃપા આ આળસુ બ્રાહ્મણો ઉપરથી પાછી ખેંચી લે તો તેમાં તેને દોષિત બનાવી શકાય નહિ.

"યજમાન કોને કહેતા ?"

૨. ફરિયાદનામાના **૨** જા ફકરામાં જણાવેલી હકીકતનો આધુનિક ઓળખ માટે હું ઈન્કાર કરી શકું નહિ. પરન્તુ પ્રાચીન સમયની અંદર જે **ગૃહસ્થ** યજ્ઞ કરાવતો હતો તેને **યજમાન**ની ડીગ્રીથી યજ્ઞ કરાવનાર **બ્રાહ્મણો** સંબોધતા હતા. અને યજ્ઞ કરાવનાર **બ્રાહ્મણો** પણ "**હોતા, અધ્વર્યુ, ઉદ્‌ગાતા,** અને **બ્રહ્મા**" એ સંજ્ઞાથી ઓળખાતા હતા અને તેઓ ધાર્મિક, જીતેન્દ્રિય, કર્મકુશળ, પરોપકારી, નિર્લોભી, દુર્વ્યસન રહિત, કુલિન, ઇત્યાદિ સદ્‌ગુણ સંપન્ન હતા. એટલે **યજમાન** એ એક 'ડીગ્રી' છે. પરન્તુ "**ગોર**" શબ્દ આધુનિક છે. અને આ વિચિત્ર શબ્દ "**ગોર**" કેટલા સમયથી, કોના વખતમાં, કયા મૂળ શબ્દનો અપભ્રંશ થયો તે સ્પષ્ટપણે જણાવવાની આ **ભૂ**દેવોએ જરૂરીયાત વિચારી નથી.

"ન માપ અગર ન તોલ થઇ શકે તેવો મહાન મોટો ઉપકાર !!"

૩ ફરિયાદનામાના **૩** જા ફકરામાં જણાવેલી હકીકત તદ્દન વજુદ વગરની અને હાસ્ય ઉપજાવે તેવી છે, **લોહાણા** કોમ પર કોઇ પણ પ્રકારનો આ ભિક્ષુક ઇજારદાર લોકોએ ઉપકાર કરી મહાન આફતથી અળગા કર્યા હોય તેવું કોઇપણ ઇતિહાસના પાનામાં હજી સુધી મળી આવતું નથી. અને જો એ પ્રમાણે મૂળજ ન હોય તો પછી શાખા હોવીજ અસંભવીત છે વળી **લોહાણા** કોમપર આ આળસુ કોમને જીવાડવાની ફરજ છે, અને તે વળી તેઓ અને આ **લોહાણા** કોમ વચ્ચે થયેલી "**ટ્રીટી**" કોલકરારની રૂએ છે. "જનય બિલાડી મોભા મોભ" તેમ આ સ્વાર્થી **મહાશયોએ** પોપ પુરાણુજ ઉભું કીધું છે. સિવાય તેમાં કંઇ પણ બાબત સચ્ચાઇ ભરેલી નથી. અને જો તેમના કહેવા પ્રમાણે હોય તો આપ **બ્રહ્માંડેશ્વર**ની કોર્ટે તેમને તે લિખીત કોલકરારની અસલ કોપી આંહી "**પ્રોડયુસ**" કરવા ફરમાવવું. વળી કયા વર્ષમાં આ કોલકરારો થયેલા તેની ગણતરી કરતાં "**પાંસ** પંસોર ને સાત પંસોર ને પંસોતેર પંસોર" આવું કહી તેઓના ક્ષુદ્ર મગજમાંથી વિચિત્ર વિદ્યાનો ભંડોળ ખાલી કીધો છે; તેજ આપ મહારાજાની કોર્ટને બતાવવાને પૂરતું છે કે આ બધું હડહડતું જૂઠાણું અને છળીકપટીપણું છે. તેઓના પ્રાતઃ સ્મરણિય પ્રાચીન વડવાઓ મહાત્મા **વિશિષ્ટ, કણાદ, ગૌતમાદિ** જો

હોય તો તેઓ મહાત્માઓ તો અમોને શિરસાવંદ્ય છે. પરન્તુ આ ભિક્ષુક ભૂદેવો તો આ પોતાના પૂર્વજોનાં નામ પણ જાણતા નથી એજ એક વિચારણીય છે! હું ધારૂં છું કે અત્યારે એ માન્યવર મહર્ષિઓ કણાદ, ગૌતમ, વિગેરે હાજર હોત તો પોતાના વંશજો હોવાનો દાવો કરનારાઓની આટલે દરજ્જે દાંભિકતા જોઇ તેઓ દીલગીર થયા વગર રહેતે નહિ. એટલુંજ નહિ પણ તેમને પોતાનો અંગ સ્પર્શ પણ કરવા દેત કે નહિ એ એક શંકાજ છે. આ ઉપરથી આપ મહારાજાની કોર્ટ સમજી શકશે કે આ બધા ઢોંગોના કોકડાં તેઓના ઘરમાંથીજ વણી કાઢેલાં છે. વળી આવી વાતો પણ એ લોકો કોઇ વિચારશીલ અગર વિદ્વાન પુરૂષો પાસે કરતા નથી. પણ અજ્ઞાન વર્ગમાંજ ફેલાવી તેમને અંધ શ્રદ્ધામાં જકડી રાખે છે. હમણાં થોડા વખત પહેલાં એક ભૂદેવને પુછવામાં આવ્યું હતું કે "**તમે આજે લોહાણા કોમનું ભલું શું કરો છો?**" તો પ્રત્યુતરમાં નન્નોજ વાસ્યો હતો. કારણ કે તેણે જાણ્યું હશે કે આ વિચારશીલ યજમાન પાસે ગપોડપુરાણ ચાલશે નહિ. વળી આ બધી બાબતો પુરવાર કરવાને માટે તેઓએ પ્રથમ દર્શક પુરાવો રજુ કરવો જોઇતો હતો તેમ કરવાના તો તેઓએ અખાડાજ કીધા છે.

૪ "ડુબતો મનુષ્ય તણખલાને પકડે" તેવી રીતે અજ્ઞાન વર્ગોમાં આ લોકો હજી પણ કેવી આત્મશ્લાઘા કરે છે અને પંડિતાઇનો ડોળ ઘાલી પોકળ વાતો ફેલાવે છે તે બાબત હું કાંઇક જણાવવાની રજા લઉ છું.

A મહારાજા જયચંદ્રે યજ્ઞ કર્યો તેમાં બ્રાહ્મણોની ન્યૂનતા પડવાથી પોતાના ૮૪ ભાઇઓ (ક્ષત્રિઓ) ને બ્રાહ્મણોની જગ્યા લેવા કહ્યું અને દક્ષિણા લેવા ફોર્સ પાડી, તે નહિ સ્વિકારવાના એક ગુન્હા!!! માટે તેમનો જીવ લેવા ઠરાવ કર્યો. આ ચોર્યાસી જણા ભાગ્યા. તે વખતે આ ભૂદેવોનો એક વડવો (નામ તો તેનો વડવોજ જાણે!!) પોતાની કમાઇ પર લાત મારી ૮૪ જણાઓની મદદે ગયો; અને ઘણીજ કુશળતાથી આ બધાને બચાવ્યા ત્યારે તે ૮૪ જણાઓએ આ ભૂદેવોના વંશ વારસોનો નિર્વાહ પોતાની કોમપર હોવાનો (કરવાનો) અમરપટ્ટો લખી દીધો.!

B "મહાત્મા પરશુરામે જ્યારે ૨૧ વખત નક્ષત્રી પૃથ્વી કરી ત્યારે આ ક્ષત્રિઓ ડરીને અમારા ઘરમાં ભરાઇ ગયા. અમે તેઓને શરણુ આપ્યું. પરશુરામજી પહોંચ્યા અને કહ્યું કે " **તમારા ઘરમાં તમે ક્ષત્રિઓને સંતાડયા છે.** " અમે કહ્યું "નથી" તો કહે 'જમો સાથે' તો મને ખાત્રી થાય, પછી કેળના પાનમાં સાથે જમ્યા અને તે દહાડેથીજ કેળના પાનમાં ઉભી રેખાઓ થઇ ગઇ !!! (સાંભળજો ભાઇઓ આ નવિન ફીલોસોફી !!!)

આવી ઠોરપુટાંગ વાતો કરવાની ખરેખર તેઓનાં ભેજાંનીજ બલિહારી છે ! A પેટા કલમમાં તો મહારાજા જયચંદ્ર કે જે એક ખરા ક્ષત્રિય નર હતા તેમને આ ભૂદેવોએ કલંક લગાડયું છે એમજ કહી શકાય. અને મહાત્મા પરશુરામને તો આ ભૂદેવો પરમાત્મા માને છે તો પ્રભુને એટલું પણ પારખવાની શક્તિ નહોતી શું ? કે આ ક્ષત્રિય છે કે બ્રાહ્મણ છે? આવી વાતથી તો એ મહાત્માની કીર્તિને પણ ઝાંખ લગાડી છે. આથી હું આપ મહારાજાની કોર્ટને અર્જ કરૂં છું કે મહાત્મા પરશુરામ, તથા સ્વર્ગસ્થ મહારાજા જયચંદ્રને આ કેસમાં (witness) સાક્ષી તરીકે પધારવા આમંત્રણ કરવું. જેથી એની મેળેજ આ ભૂદેવોનાં ભોપાળાં ખુલ્લાં પડે.

૪ A ફરિયાદનામાના ૫ મા ફકરામાં જણાવેલી હકીકત તદન અત્યુક્તિવાળી છે. મૃત્યુ લોકની બીજી કોમો પોતાના સંસ્કારો યોગ્ય વિદ્વાન બ્રાહ્મણોને આમંત્રણ કરી તેઓ મારફત કરાવે છે તો આ લોહાણા કોમ પણ એક ક્ષત્રિઓનો સમૂહ છે. તો શા માટે તેઓ પણ વિદ્વાન સદાચારી બ્રાહ્મણોને શોધી તેમની પાસે સર્વ સંસ્કારો ન કરાવે? " **એમ કરવાનો તેમને હકક નથી અને તેનો તો આ ભૂદેવોએજ ઇજારો લીધો છે.** " આ શબ્દો આ આળસુ લોકોની ગોગ્યતા પ્રદર્શિત કરે છે.

હા. ! બાકી કેટલાક લોકો કે જેઓ ગામડાંઓમાં વસે છે. જેઓએ કેળવણીનાં મિષ્ટ ફળો ચાખ્યાં નથી અથવા જેઓ વિદ્યાથી વિમુખ રહેલા છે. જેને વખતના પરિવર્તનનું જ્ઞાન નથી થયું તેવા અજ્ઞાની ભોળા સમૂહમાં આ લોકો " ન હોય ઝાડ ત્યાં એરંડો રૂખ " બની પોતાનું સર્વોત્તમ પણું સિદ્ધ કરે છે: અને તેવાઓની પાસે પણ કંઇક ખુશામત, કંઇક દાંભિક્તા, અને કંઇક

હરામખોરી કરીને દબાવે છે. એટલે જેવણને જ્ઞાન નથી હોતું પરન્તુ અંધ શ્રદ્ધાજ માત્ર હોય છે. તે તો માત્ર '**बाबा वाक्यं प्रमाणम्**' માની ચીલે ચીલે ચાલ્યા જાય. અને એજ ઇશ્વરી નિયમ સમજી લઇને આવા અભણ અસુરોને પવિત્ર સંસ્કારો કરાવવાને આમંત્રણ કરતા હોય તો તે એક અપવાદજ લેખાય. પણ તેથી કરી આખી કોમે તેમજ કરવું એવો જહાંગીરી રૂક્કો તેણે મેળવ્યો નથી. જુઓ ! હાલ મધ્ય કાઠીયાવાડના અમારા ભાઇઓ આવા લોકોની **યોગ્યતા** સિવાય માન આપતા નથી.

૫ ફરિયાદનામાના **૫** મા ફકરામાં જણાવેલી બાબત એટલે દરજ્જે ખરાબ છે કે તેથી **લોહાણા** કોમની પ્રાચીન જાહોજલાલી અને ગૌરવતાને એક સખ્ત ફટકો મારી તેમને શુદ્રથી પણ અતિ શુદ્ર બનાવી મૂકે છે. અને તેવા પ્રકારની ગલીચ બાબતના માટે કદાચ એ **ભૂદેવો**એ પોતાનાં કર્મોનાં ફળો ભોગવવાને તૈયાર રહેવું જોઇશે. એ વાત બાજુએ મૂકતાં હું હિંમતથી કહી શકું છું કે અમારી કોમમાં કોઈ પણ વ્યક્તિ કન્યાવિક્રય કરી આપ **નામદાર**ના '**મનુ કોડ**' ની વિરૂદ્ધ વર્તતુંજ નથી, અને તેવાં કાર્યને એક મોટામાં મોટું પાપ સમજે છે. તે એટલે સુધી કે પુત્રીના ઘરનું પાણી પણ પુત્રીના માતુ પિતાદિ વડીલો પીતાં નથી તો પછી આવા **ભૂદેવો**ને તો અપાવેજ કેમ ?

" ખીર ચોરીનો રાક્ષસી લાગો "

૬ આધુનિક સમયમાં જ્યારે **લોહાણા**કોમની દીકરીઓ પરણે છે ત્યારે કેટલાક ભોળા ભટાક Orthodox **લોહાણા**ઓ તેમને આ **ખીરચોરી** નો લાગો અપાવે છે તેની મારાથી નાકહેવાય તેમ નથી. આ ફક્ત એ લોકોના ઘરનો બનાવેલજ અસુરી કાયદો છે. બલકે જ્ઞાનરૂપી સૂર્ય આડાં અજ્ઞાનતારૂપ વાદળાં આચ્છાદિત થવાને લીધે " માર તોપ કોણ પૂછે છે " તેવો કંઇક સમય અને સંજોગોનો લાભ લઇ આ આળસુ નામધારી ધૂર્ત્તોએ ઘરની રાંધણીમાં Round ફરી એકજ તડાકે રાક્ષસી બીલ "**થ્રીટાઇમ્સ**"ના વાંચનમાંથી પસાર કરી દીધું હોય ! પણ બહુધા હાલના વિચારશીલ પુરૂષો આ અક્કલથી ઉલટી વાત અકુદરતી ધતીંગોને બીલકુલ વાસ્તવિક માનતા નથી.

૭ ફરિયાદ નામાના **૭** મા ફકરામાં જણાવ્યા પ્રમાણે મરવું, જન્મવું, લગ્નાદિ પ્રસંગે આ ભિક્ષુક ભારરૂપ **ભૂદેવો**ને કશાપણ લાગા—

ટેકસો આપવા ઠરાવવામાં આવેલજ નથી. પ્રાચિન સમયમાં યજમાનો સદાચારી બ્રાહ્મણોને યથા શક્તિ દાન આપતા હતા. અને તે દાન ગૃહિતા પૂર્ણ યોગ્ય હતા. વળી આ બધા પ્રકારના લાગા-કરો-ટેકસો જે તેઓ જણાવે છે તે કંઇ બધા પોતાને નામે નહિ પણ આપ જજ્જના પણ જજ્જ વિષ્ણુ ભગવાન પોતે, ગણપતિ, ક્ષેત્રપાલ, સૂર્ય, શંકર, ઇંદ્ર, ઉપરાંત તેત્રીસ કરોડ દેવતાઓને મૂર્ખા બનાવી તેઓના નામે વસુલ કરે છે, અને તેમ કરી આપ તથા સ્વર્ગ ભૂમીના દેવતાઓ સાથે પણ ધૂર્ત્તતા રમે છે. તો આ સંબંધમાં આપ કૃપાળુ સર્વેશ્વર તપાસ કરશો કે આ કલ્પિત દેવતાઓ તરફથી શું આ ભારરૂપ ભૂદેવોને કોન્ટ્રાકટ આપવામાં આવ્યો છે કે કેમ ?

૮ જોકે હજી સુધી લોહાણા કોમનો અજ્ઞાનવર્ગ પણ તેઓને દાન તરીકેજ આપે છે પરંતુ ખાસ 'હક્ક' અગર 'કર' તરીકે આપતો નથી.

૯-૧૦-૧૧ ફરિયાદ નામાના ૯-૧૦-૧૧ ફકરામાં જણાવેલી હકીકત એક અજ્ઞાનીમાં અજ્ઞાની મનુષ્યને પણ હૃદય ભેદક થઇ પડે તેવી છે. અને આજે આ લોકો બહુધા અજ્ઞાન વર્ગમાં કેવી ઔરંગજેબી ચલાવી પોતાનું પોત દેખાડે છે, અને સ્વાર્થની ખાતર કેવાં કાળાં ધોળાં કરવા મંડી જાય છે, જેના ઘણા દાખલાઓ મારી નોંધ પોથીમાં મોજુદ છે, પરન્તુ તેમાંથી ફક્ત બેચાર અત્રે ટાંકવાની રજા લઉંછું.

૧ સલાયા બંદરની અંદર એક સારસ્વતે ૨૫ વર્ષ પહેલાં મુસલમાન ઓરત સાથે પ્રેમ બાંધી પુત્ર રત્ન ઉત્પન્ન કીધું હતું.

૨ મુંબઇમાં કોઇ એક ભૂદેવે અમુક ઉંચ્ચ ઉદ્દેશને બ્હાને ફંડ કરી એક બાળકી ઉપર બળાત્કાર કરવાનું બહાર આવ્યું હતું. "કચ્છકેસરી"

૩ લોહાણા કોમની એક સુંદરબાઇ નામની વિધવાની છોકરીને એક ઠેકાણેથી બીજે સ્થળે મુંબઇની પેલીપાર લઇ જઇ વહેંચી નાખવામાં સહાય એક ભૂદેવે કરી હતી.

૪ એક સારસ્વતે હમણાંજ કહે છે કે આફ્રિકામાં એક હલકા વર્ગની સ્ત્રી સાથે આડો વ્યવહાર ચલાવ્યો હતો અને આખરે છાનુંમાનું સ્ટીમરનાં પાયખાનામાં સંતાઇ ભાગી જવું પડયું હતું.

૫ જામખંભાલીયાના મહાજનના આશ્રયપર જીવતી એક નિરાધાર ડોસીના મૃત્યુપરે રૂા. ૧-૪-૦ સારૂ તે ડોસીના જમાઇને આ નિરક્ષરોએ દિવસના તારા દેખાડયા હતા.

૧૨ ફરિયાદ નામાની કલમ ૧૨ મી માં જે જણાવેલ છે. તે ફક્ત તેઓના ભાંગમય ભેજાંનીજ વિચિત્રતા છે. એટલે બીજી પ્રજા જ્યાં સુધી તે કબુલ ન કરે ત્યાં સુધી તેવા ગપાષ્ટકોના ગોળા ફેંકાતા બંધ કરવા હુકમ થવો જોઇએ

૧૩ એક શેરીનું શ્વાન પણ પોતાની શેરીનું અભિમાન રાખી અન્ય શેરીના શ્વાનને પોતાની શેરીમાં આવતાં અટકાવે છે. પશુને પણ આટલું અભિમાન છે તો હું પણ તેજ લોહાણા કોમમાંનો એક (આપની કૃપાના પ્રભાવે અહીં 'ગરૂડ' તરીકે આપની સેવામાં ઉપસ્થિતથું) છું તો મને પણ મારી જ્ઞાતિનું જરા અભિમાન હોવું જોઇએ અને તેજ આધારે મારા અન્ય ભાઇઓને જાગૃત કરવા, આવા અભણ નિરક્ષર ભૂદેવોના વચનોપર વિશ્વાસ નહીં રાખવા, અસંખ્ય વ્હેમો, બંધનો, અને નિન્દીત રૂઢીઓની સાંકળોના બંધનમાંથી છોડાવવા, આવા પ્રકારના ઠગોથી નહિ ઠગાવા, પોતાના ખરા પરસેવાની કમાઇના પૈસાનો આના નામધારી ધૂર્તોને દાન યા લાગાના નામથી આપી દુરૂપયોગ નહિ કરવા, પોતાની વ્હાલી દીકરીઓના શીરપર આવા પ્રકારનાં લાકડાં નહિ ચાલવા દેવા, મારી અલ્પશક્તિ અનુસાર બોધ કરવો તે મારી પહેલી ફરજ હોવી જોઇએ, તેમ મેં કીધું હોય તો કશા પ્રકારે (out of limit) હદ બહાર ગયો એમ કોઇથી કહી શકાય નહિ. વળી આ પ્રમાણેની ચર્ચા ઉપસ્થિત કરવામાં મારો બીજો પણ એક પવિત્ર ઉદ્દેશ સમાયેલો હતો કે જો આ પ્રકારે લોહાણા કોમ તેવા અયોગ્ય આળસુ ભૂદેવોને માન આપશે નહિ, તો તેવા પ્રપંચી પાખંડી લોકોમાં પણ જાગૃતિ આવશે, અને સમજશે કે હવે વિદ્યાગ્રહણ કર્યા સિવાય ચાલશે નહિ તેથી તેઓ પણ યોગ્યતા સંપાદન કરી પોતાની ભવિષ્યની પ્રજાને પણ સુધારવા તત્પર થશે. '**અજબરંગ**'માં મ્હેં જે કંઇ લખેલું છે તે કાંઇ મ્હેં તેઓ પ્રત્યેની અંગતદ્વેષતાઇથી દોરાઇને લખ્યું નથી, પરન્તુ મ્હારી વૃત્તિ તેઓ બ્રાહ્મણોને ગુણ, કર્મ, સ્વભાવે સાચા બ્રાહ્મણ બનાવી, તેમની પ્રાચીન મહત્વતા સમજાવવાની છે કે જેથી તે વિદ્યા પ્રાપ્ત કરી ખરા બ્રાહ્મણ બનતાં શીખે અને આજના માફક બીજી કોમ તથા પૃથ્વી માતાને ભાર રૂપ થતા અટકે એજ અંતરેચ્છા હતી. અને તેમાં મ્હેં કંઈ પણ તેમને નુકસાન પહોંચાડયું હોય એમ કોઇ સુજ્ઞ પુરૂષ માની શકશે નહિ. વળી જ્યાં સુધી લોહાણા કોમ અજ્ઞાન હતી ત્યાં સુધી

કંઇ પણ યોગ્યાયોગ્યની તપાસ કર્યા વગર " **હા મહારાજ ! સત્ વચન** !! કહીને સ્વાર્થીઓનાં વચનો તે સાક્ષાત્ શ્રી **વિઠ્ઠલેશજી મહાપ્રભુજીનાં** વચનો માનતી હતી અને પોતાની કૃપાનો પ્રવાહ ચલાવતી હતી. પરંતુ જેમ કોઇ L. M. & S. ડોકટરના મૂર્ખ દીકરાને ડોકટર સમજી તેની પાસે કોઇ દવા લેવા જતું નથી અને જાય તો તે મૂર્ખજ ગણાય છે તેમ આજે લોહાણા કોમમાં પણ આ મૂર્ખાઇ ન કરવાને કદાચ બન્ને કોમોના લાભને ખાતર મારા બીજા અન્ય વિચારશીલ ભ્રાતાઓ પણ સદ્બોધ કરે તો તે કોઇ પણ પ્રકારે એકને લાભે બીજાને કચડી મારવાનું કરે છે એમ તો કહી શકાશેજ નહી.

૧૪ ફરિયાદનામાના **૧૫** મા ફકરામાં જણાવ્યા પ્રમાણે કવચિત કોઇ તેનો અજ્ઞાન વ્હેમી પૂજારી છાંટો નાંખવા જેવો ઢોંગ કરતો હોય તો પણ તેનો મૂળ પાયો તેઓ લોકોની ખુશામત પરજ રચાયો હોવો જોઇએ. એમ સહેજ અનુમાન થઇ શકે; પરન્તુ તેમ અમે હજી સુધી ક્યાંય સાંભળ્યું નથી. " કાકતાલીય ન્યાયાનુસાર " કદી આવી માન્યતા કોઇ વ્હેમીએ કરી હોય અને સાજો થનારો છોકરો સાજો થઇ ગયો હોય અને પછી આવા મુગ્ધાનંદોનાં હોજરાં ભરી ભલે કોઇએ પૈસાની પાયમાલી કરી હોય, તોપણ " દરેક તેમ કરે છે માટે કરવુંજ જોઇએ." એમ કહેવાનો આ **ભૂદેવોને** હકક નથી."

૧૫ ફરિયાદ નામાના **૧૬** મા ફકરામાં બતાવેલી બાબત તો તેઓની બુદ્ધિમતાનો નમુનોજ રજુ કરે છે. એક વખતતો એમ કહે છે કે " અમારા વડવાઓએ **જગન્નાથજીના** મંદિર જેવડા મોટા મસ ઉપકારો કર્યા તેના બદલામાં **લોહાણા** કોમે અમારા લાગાઓ કરી આપેલા છે " ત્યારે બીજી તરફથી ઉપકારનો બદલો તે દયાળુ દાતાઓની કોમને આટલી હદ સુધી પરાધીનતામાં ઘસડી પાયમાલ સ્થિતિએ પહોંચાડવામાં વાળવામાં આવ્યો છે. આથી આપના અવિચ્છિન્ન કાયદા " Bless them that curse you " નો ભંગ કીધો છે. અને તેથી તેઓ કેવા કૃતઘ્ની બન્યા છે ! તે પર આપ **મહારાજાની** સ્વર્ગીય કોર્ટનું હું માન પૂર્વક ધ્યાન ખેંચું છું.

૧૭ ફરિયાદનામાના **૧૭** મા ફકરામાં જણાવ્યા પ્રમાણે હું કબુલ કરૂં છું કે આ આળસુ **ભૂદેવોમાંના** ઘણા પુરૂષો નીતીથી નઠારાં નિન્દીત કર્મો કરતા હશે પરંતુ તેના માટે કોઇએ એક શબ્દ પણ

ઉચ્ચ રવાની હિંમત કરી નથી એ વાત તદન અસત્ય છે. આવી ભ્રષ્ટતા કદાચ છુપી રહેવા પામી હશે તો તેનાં કારણો જુદાંજ હોવાં જોઇએ. પ્રથમતો આવા ભ્રષ્ટાનંદોનાં કાળાં કર્મો ખુલ્લાં કરવાનું સાધન કોઇ " **કોમી પેપર** " ઇત્યાદિક હતું નહિ; તેમ વળી જૂના વિચારના દયાળુ દાત્તાઓ હજી પણ કેટલાક તેમના તરફ પૂજ્ય ભાવથી જુએ છે તેથી તેનાં કુકર્મોની વધારે ચર્ચા ન થાય એ સ્વાભાવિક છે. પરન્તુ આ પ્રકાશના જમાનામાં તેમ હવે વધારે વખત ચાલી શકે તેવું નથી. મ્હેં જે કંઇ લખેલું છે તેમાં મ્હારાથી કંઈ અત્યુક્તિ થઇ હતી એમ કેમ ધારી શકાય? મ્હેં મ્હારી ઉંચ્ચ ભાવનાઓને લક્ષમાં રાખી આ ભાર રૂપ ભૂદેવોનું પણ શ્રેય ઇચ્છેલું છે. પણ ઘુવડ પક્ષીને જેમ સૂર્ય પ્રસન્ન નથી તેમ આ લોકોને પણ મ્હારી સત્ય ભાવના તેઓની સ્વાર્થાન્ધતા ન સમજવા દેતી હોય તો તેમનાં પોતાનાં કર્મોનોજ દોષ લેખાવો જોઈએ.

૧૭ આપ સકલ બ્રહ્માંડેશ્વર રચિત " **કુદરતી કોડ** " બતાવે છે કે **આચાર પ્રથમો ધર્મઃ** પ્રથમ ધર્મ તે સદાચાર છે; ત્યારે આ વિદ્યાના વેરી ભૂદેવો આચારથી ભ્રષ્ટ થાય છતાં લોહાણા કોમ બોલેજ નહિ. એ વાત તદન અશકય છે. પણ હા ! તેઓ પોતેજ જણાવે છે તેમ નર્કમાં ધકેલી દેવાની ધમકી અજ્ઞાન વર્ગમાં આપી " આંધળાના શહેરમાં કાણો રાજાઓ ' બનતા હોય તો તેમ બને એમાં કંઇ સંશય નથી.

૧૮ ફરિયાદ નામાના ૧૯ માં ફકરામાં જણાવ્યા પ્રમાણે આ નિરક્ષર નામ ધારીઓ ખુશામતની કળામાં કુશળ છે એમતો સ્વિકારવુંજ પડશે અને તે શસ્ત્ર કેવા પ્રકારે તે વાપરે છે તેનું મારા મિત્રને મોઢેથી સાંભળેલું એક દ્રષ્ટાન્ત રજુ કરૂં છું. કેટલાક સમય પહેલાં મોમ્બાસા શહેરમાં એક ભૂદેવ—મહારાજ આવેલા વિશાલ બ્રમર! ૧૦૯ પાંચિકા નહિ પણ પારાની માળા !! (ગણતરી તો કરી નહોતી) લલાટે લાંબુ " U " 'ટ્રેડમાર્ક' કયારેક આવું '◡' ધમકબાણ ચીતરતા હતા. બસ આવ્યા કે તરતજ એકાદા શેઠીયાનો આશ્રય લીધો અને " ધર્મ ધુરંધર ! દાત્તા—" 'દુઃખી થઇ ગયો' તમારા પર મારો બધો આધાર છે, " વિગેરે વિગેરે વાક્પટુતાથી બિચારા ભોળા બાઇઓના દીલમાં દયાવૃત્તિ ઉત્પન્ન થઇ. અને અંદર પછી કંઇક શરમા શરમી પણ ચાલ્યું. ગમે તેમ શકિત ઉપ-

રાંત પણ આ "મહારાજ આપણનેજ યાચશે બીજા કોના પાસે જશે?" એવા વિશ્વાસથી ફંડમાં પૈસા ભરાવ્યા.........આ બધા પૈસા મહારાજે હસ્તગત્ કરી લીધા પછી વળી સુખાણુ ફેરવ્યું. અને કેટલાક બીજા ગૃહસ્થો પાસે વાર્ત્તા કરવા જઇ તેઓનું મન રંજન કરવા લાગ્યા. તેઓની પાસેથી પણ ઠીક તડાકો પડયો. પછી "અપ કન્ટ્રી" ગયા. ત્યાં પણ લાગવગ અને ખુશામતની તેજદાર તરવારે ઘણા બન્ધુઓનાં ચામડાં ચીરી નાખ્યાં હતાં, મારે આથી દર્શાવવાનું એજ છે કે મન, કર્મ, અને વચનથી પણ અસત્ય બોલનારને આપનો કુદરતી કોડ 'ગુન્હેગાર' ઠરાવે છે. ત્યારે આવા જૂઠમાંજ લચી પચી રહેલા મહાતમાઓને શા માટે શિક્ષા ન થવી જોઇએ ? એ પર ખુબ વિચાર કરવાનો છે.

૧૯ આ ભૂમદેવોને અસત્યાચરણ કરવાની કશી પણ સત્તા હોઇ શકેજ નહિ. અને હવેના જમાનામાં તેમની દાંભિકતા વધારે વખત છુપી રહી શકે તેવું છે નહિ.

"ફરફરીયું"

૨૦ જાહેર પ્રજાના અવાજને બહાર કાઢી. અસત્યને ઉખેડી. સત્યનું પ્રતિપાદન કરનાર પવિત્ર પેપરને આ બુદ્ધિનાં બારદાનો "ફરફરીઉ" કહી પોતાની અત્યુતમ !!! લાયકાત દર્શાવે છે. જેમ કમાનને દાબતાં ફરી જોરથી ઉછળે છે તેમ આ લોકોનાં કર્ત્તવ્યોથી બન્યું છે. ત્યારપછી સન ૧૯૦૯ ની સાલમાં પ્રસંગોપાત મને એક ભૂદેવ મહારાજ સાથે વાતચિત થઈ હતી. તેઓએ પોતાના જ્ઞાનનો ભંડોળ ખોલતાં જણાવ્યું હતું જે છાપાવાળાને તો પૈસા દઇએ તો વ્હાલા લાગીએ" અમે જો આ વખતે ગ્રાહક થઈએ અને બીજા વધારી આપીએ તો અમારી વિરૂદ્ધ એક શબ્દ પણ છાપે નહિ ભલે અમે ગમે તેમ કરીએ." ત્યારે મેં કહ્યું કે—"શ્રી. ટકાપંથી! તમે ભૂલોછો. એવા પૈસાના લાલચુ આત્માને વેચનારા છાપાવાળાઓ જ્ઞાતિને કંઇ પણ લાભ પહોંચાડી શકે નહિ; સ્વાર્થી મનુષ્ય અન્યને સદુપદેશ આપીજ ન શકે" જ્યારે પોતાનું કંઇ ન ચાલ્યું ત્યારે અંતિમ વાકય ઉચ્ચારી દીધું કે ભાઇશ્રી "તમારા જેવા ભલે ભુંગળાં વિનાની ભવાઇ ભજવ્યાજ કરે અને કદાચ ભુંગળાં હશે તો પણ તેનો સ્વર અમે કોઇને સાંભળવા દઈશું નહિ" "શાબાશ! Well done જ્યારે આમજ તમારા મનને તમે

નિશ્ચય પૂર્વક માનો છો તો પછી એક ગરીબડી કોમને ગમે તેમ કચડી નિર્વાહ ચલાવવામાં તમો મહાત્માઓને શું ડરવાનું રહેછે?" અને જો ખરેખર તેઓ તેમજ ધારતા હોય તો પછી અહીંઆ કેસ લાવવાનું પણ શું પ્રયોજન હતું? પરન્તુ નહિ, અંદર ખાનેથી તેઓ પેટાર્થીઓ બરાબર હવે સમજે છે–કે ચાલે ત્યાં સુધી સુકા દમમાંજ ચલાવવું. જ્યાં ન ચાલે ત્યાં વાણિયાગત્ કરી જવી, અને ખુશામતનું શસ્ત્ર લઇ લેવું.

આવા ઘણા દાખલાઓ બનેલ છે. તે જરૂર જણાશે તો હું સાબીત કરી શકીશ. ઘણી વખતે જરાક મકકમ થયાથી તેઓનો ૧૪૭ ડીગ્રી સુધી ચડેલો સન્નેપાત જ્વર બે સેકન્ડમાં ઠંડી આઇસના રૂપમાં ફેરવાઇ ગયો છે.

૨૨ ફરિયાદનામાના ૨૩ મા ફકરામાં જણાવેલી હકીકત આપ દરેક મનુષ્ય પ્રાણીને સ્વતંત્રતા અર્પણ કરનારા પ્રભુને પણ કંઇક અરૂચતી હોવી જોઇએ. બાર માસમાંથી શ્રાવણ માસ ખાસ આ આળસુ ભૂદેવોને અર્પણ કરી દેવામાં આવ્યો છે એ બાબત તદન ખોટી અને ઇશ્વરને પક્ષપાતી ઠરાવવા જેવી છે. માટે આપ કૃપાળુ ઈશ્વર આ બાબતમાં સ્પષ્ટ ખુલાસો કરવાની અમો મૃત્યુ લોકની પ્રજાપર અથાગ કૃપા દર્શાવશો. કારણકે આ માસમાં આ નિરક્ષર ભૂદેવો અમારૂં રક્ત ચૂસી જાય છે; તદુપરાંત વળી ક્લેશ કરાવે તે તો જુદા. **એક પૈસાના સૂતરમાંથી સીતેર જનોઇઓ બનાવી દર જનોઇએ બબે ચાર ચાર આના વસુલ કરે છે.** ઉપરાંત માલમલીદા હોજરીમાં ઠાંસવા મળે તે જુદા. આમ એક દિવસમાં પાંચ સાત ગામો ફરી અમારા ભાઇઓને હલાક મેળી દે છે. ઘરમાં વ્હાલાં સંતાનને પૈસો આપતાં જીવ કરમાય છે. પણ આતો ડંડોજ બતાવે ને વસુ કરે તો પરબારાં નર્કનાં દ્વારજ ખોલી દે. ચોમાસાની ઋતુમાં ઝીણી ઝાંણી અસંખ્ય વાદળીઓ આકાશમાં ચડી જેમ આખા વાતાવરણને વાદળીમય બનાવી મૂકે છે તેમ આ ભૂદેવો શ્રાવણ માસમાં શેરીએ ને ઝાંપે, સીમમાં ને માર્ગમાં, દ્રષ્ટીગોચર થાય છે· આ બાબતનો ખાસ નિર્ણય થવાની કંઇ ઓછી અગત્ય નથી.

"સારસ્વત શબ્દનો વાસ્તવિક અર્થ."

૨૩ સરસ્વતિ "નામ" શબ્દપરથી વિશેષણ "સારસ્વત" શબ્દ બનેલો છે. સરસ્વતિ—વિદ્યા Knowledge હવે એ Knowledge

વિદ્યાનો પૂર્ણ ઉપાસક—એટલે કે જે પૂર્ણ વિદ્વાન હોય તેનેજ આ **સારસ્વત** વિશેષણનો 'વિશેષ' થવાનો હક્ક છે. તો હવે આથી એ તો સિદ્ધજ થાય છે કે લોહાણા કોમપરજ જીવવાનો દાવો કરતા ભિક્ષુક ભૂદેવો આ "**સારસ્વત**" વિશેષણના 'વિશેષ' થઇ શકેજ નહિ. અને જો તેઓને "સારસ્વત" કહેવરાવવાનો લાંબા વખતથી ચસરકો પડી ગયો હોય તો તેઓએ તે 'વિશેષ' બનવા માટે વિદ્યા સંપાદન કરી યોગ્યતા મેળવવી જોઇએ.

વળી અમારા કેટલાક ભાઇઓનું એમ પણ કહેવું છે કે **સરસ્વતિ** નદીના તટપર રહેનારા વિદ્વાન બ્રાહ્મણો **સારસ્વત** કહેવાતા. પછી ચાહે તો ભલે **સારસ્વત**પરથી નદીનું નામ પણ **સરસ્વતિ** પડ્યું હોય; તે શબ્દોનો ઝઘડો અહીં નથી. અને તે પરથી આ લોકોએ "**સારસ્વત**" નામ પકડી રાખ્યું હોય. પરન્તુ આ વાત કંઇક સંશય પડતી લાગે છે. મૃત્યુ લોકમાં આ **સારસ્વત** બ્રાહ્મણોની કોમમાં પણ આજે ઘણા મનુષ્યો વિદ્વાન અને સદાચારી છે. તેઓ ભિક્ષાવૃત્તિને ત્યાગી, લાગા—ટેકસોને લાય લગાડી, સ્વતંત્ર ધંધો કરી પવિત્ર રીતે જીવન વ્યતિત કરે છે. તેઓનો અમે પૂર્ણ પ્રેમભાવથી સત્કાર કરીએ છીએ. પણ લાગા—ટેકસો લેવાનો "મેનીયા" તો આળસુ વર્ગનેજ લાગેલો છે. અને આ કેસમાં પણ આવા આળસુઓનાજ પ્રતિનિધીઓ ફરિયાદી તરીકે આવેલા છે. હરકોઈ પ્રકારે છળ, કપટ, ઢોંગ, ધતીંગ, કરીને પણ ટકા પ્રાપ્ત કરવા એજ રાતને દિવસ આ લોકોની અંત્તિમ ધારણા રહેલી છે. આપ મહાનેશ્વરના 'કુદરતી કોડની' કલમ હું અત્રે ટાંકીશઃ—

> **"મનુષ્યને હું સર્વ પ્રાણીથી વિશેષ્ય બુદ્ધિ બક્ષું છું, તે બુદ્ધિવડે મારી આપેલી કર્મેન્દ્રિયોને કામે લગાડી પોતાના માટે પોષણ મેળવી લે. આ કાયદાનો કોઇ પણ ભંગ કરશે યા આડકતરી રીતે કરાવવા કોશેશ કરશે તો તે ન્યાયની નજરમાં ગુન્હેગાર ગણાશે.**

૨૪ મ્હારા (લૉર્ડ) પ્રભુ ! મુકદમાની ખુલ્લી ખામીઓના સંબંધમાં સંપૂર્ણ તપાસ ચલાવવી અને ટેકનીકલ સબબોસર મુકદમો કાઢી નાંખવો નહિ કે જે મુકદમા તરફ મારા મૃત્યુલોકનિવાસી બે લાખ બન્ધુઓની આંખો ખેંચાઇ રહી છે. હાલનો મુકદમો ટકી

નહિ શકે અને એ બાબતમાં કોર્ટને કોઇ રીતનો અધિકાર નથી, એવી દલીલો હું એવી નેમથી અને ખુલ્લી ધારણાથી છોડી દઉં છું કે તપાસ ચલાવવામાં આવે અને મારી સામેના તહોમતોનું ખંડન થાય. અને અમારી લોહાણા કોમ સ્વતંત્રતાનો પાઠ શીખી આવા નઠારા પ્રકારના આપખુદી ભૂદેવોનાં બંધનમાંથી મુક્ત થાય.

૨૫ જે માણસ ઉત્સાહથી પોતાનું જીવન ગાળે છે તેજ બીજાઓના જીવનમાં મદદ કરી શકે છે. માટે વાદીનો મુકદમો કાઢી નાખવો અને મારો કુલ ખરચ વાદીઓ પાસેથી અપાવવા કૃપા કરવી.

"ગરૂડ"

વ્હાલા વાંચકો ! આ પ્રતિવાદી તરફથી બચાવનામું દાખલ થઇ ગયા પછી આ ભૂદેવોએ શું હીલચાલ કરી ?" તે જાણવને કંઇક આપણી દ્રષ્ટીને અન્ય દિશામાં દોરવી પડશે.

" હવાઈ વિમાનને હાથ. "

સદરહુ બચાવનામાની નકલ મેળવવા માટે આ ભૂદેવોના નામાંકિત પ્રતિનિધીઓએ સ્વર્ગીય કોર્ટના **ચીફ ઓફ જસ્ટીસ્‌ને** એપ્લીકેશન કરી. તેમની Wretched ભિખારી–દિન દશા દેખી Free of charge તેની નકલ આપવામાં આવી. વાંચતાંને તુરતજ આ S. શ્યામજી તથા K. કાનજીનાં ગાત્રો શિથિલ થઇ ગયાં, નસો નરમ પડી ગઇ, ટાંટીયા ભાંગી પડયા, હૈયું હેબતાઇ ગયું ! મહાન મુંઝવણમાં પડયા ! કપાળે હાથ દઇ કેટલીક વારે તે બન્નેની વચ્ચે સંભાષણ ચાલતું અમારા સ્વર્ગીય સમાચાર દાત્તા અબધુતે તેમના નિવાસ સ્થાનની સડેલી ભીંતના એકાદ બાકોરામાંથી તુટક તુટક સાંભળ્યું. જેનો સારાંશ નીચે પ્રમાણેઃ—

મી. **સ્વાર્થાન્ધ**—કો બા ! કૃષ્ણમૂર્ત્તિ ! હાંણે કૂરો કંદાસી; હી બચાવનામો હેડો આય કે પાંજો કીં જોર હલેતીં નાંય ! તોજો કૂરો વિચાર આય?

મી. કૃષ્ણમૂર્ત્તિ—આંઉતાં મુંજી પીયોઆં. મૂકેતાં કીં ખબર નથી પય. તોજી મરજી યે મરજી.

મી. સ્વાર્થાન્ધ—અરે ભાઇ! મને તો "મહારાજ પગે લાગીએ" એમ કહેવરાવવાનો ચસરકો પડી ગયો છે. મેં તો પાટલા પર ધુળ નાંખવાની પણ તસ્દી લીધી નથી. અને લોહાણાના પૈસેજ મોજ મારી છે. જો આ કેસમાં હારી જશું તો બીજા મૃત્યુલોક વારા તો મુઆ પણ મારૂં શું થશે? મારો તો કોઇ આરો નથી.

મી. કૃષ્ણમૂર્ત્તિ—અરે! હારવું જીતવું તેતો આપણા બધા ભિખારી ભાઇઓના નસીબની વાત પણ મુકે દહેશત લગેની કે જો આપણે આ બચાવનામાની હકીકત મૃત્યુ લોકમાં જઇ આપણા ભાઇઓને જણાવીશું નહિ તો એ લોકો કેસ હારી જવાથી આપણુને જીવતાજ રહેવા દેશે નહિ.

મી. સ્વાર્થાન્ધ—ત્યારે હવે શું કરવું?

મી. કૃષ્ણમૂર્ત્તિ—કેસ ચાલવાને હજી એક મહિનાની વાર છે. માટે મારો વિચાર થાય છે કે આપણે મૃત્યુલોકમાં જઇ આપણા બધા ભિખારી ભાઇઓને આજદીન સુધીની બનેલી હકીકતથી વાકેફ કરીએ, પછી તે લોક જેમ કહેશે તેમ કરશું. એટલે પછી આપણે કંઇ વાંકમાં રહીએ નહિ.

મી, સ્વાર્થાન્ધ—બો! બો! એ વાત તો મને પણ ઠીક લાગે છે. પણ હવે નાટાલના દિવસ નથી તેથી મૃત્યુ લોકમાં પહોંચવાને અને ત્યાંથી પાછા આવવાને ઘણા દિવસ જોઇશે તો પછી મુદતસર પહોંચી શકશું નહિ તેનું કેમ?

મી. કૃષ્ણમૂર્ત્તિ—અરે! મહારાજા વિષ્ણુ ભગવાનના તબેલામાં ઘણાં હવાઇ વિમાન પડેલાં છે. રાતના લેને એકનો હાથ મારી લઇએ! એને ખબર પણ શું પડશે. વળી પાછા આવશું ત્યારે છાનામાના મૂકી દેશું અને વળી આપણે જોઇએ તે ચીજ લેવી એ કંઇ ચોરી કહેવાય નહિ.

મી. સ્વાર્થાન્ધ—પણ તેમ કરવા જતાં પકડાઇ જઇએ તો કેમ?

મી. કૃષ્ણમૂર્ત્તિ—અરે! માલ વગરજા! મુંજી ઇતરી ઉમરમેં આંઊં કંઇકિજા ઘરબાર ઉથલાઇ વિધ્યા આય. કંઇકજી તેજુરી તોડી વિધ્યાયુ આય, તોપણ મુંજો કિતે નાં ન પીઓ, તડે હી કમમેંસે આય કૂરો?

મી. સ્વાર્થાન્ધ—ભો ! ભો ! તડે હયા હયા કર ! વેલોથી.

આ પ્રમાણે અંધારી ઓરડીમાં થતી આ ઓનરેબલ !!! મીસ્તરોની વાતો સાંભળી મી. અબધુતનું ઘણે દીલ થયું કે હવાઇ વિમાનના હવાલદારને આ વાત ચેતાવી દઉં પણ ગમે તેમ તોએ તેમની દશા જોઇ દયાથી તેનું દીલ ઉભરાઇ ગયું એથી "પાંકે ફરો જરૂર" એમજ મનને મનાવી લીધું.

હવે આ પ્રમાણે કરેલા સંકેત અનુસાર બીજે દિવસે આ બન્ને બહાદુર !!! નરોએ બરાબર બુદ્ધિને ખરચી હવાઇ વિમાનનો હાથ માર્યો. ઉપાડયું ! તેમાં આ બહાદુરો બેઠા ! એટલે પછવાડેથી અમારા સમાચાર દાત્તા અબધુતે મજકુર વિમાનનો ડાંડીયો ઝાલી રાખ્યો. ધરરરરરર ઉડયું. તેમ કરતાં દોઢ પહોર દિવસ ચડે મૃત્યુલોકમાં આવી પહોંચ્યા.

સભા મેળવવાનો સરકયુલર.

આ ઓનરેબલ !!! મીસ્તરોના આવાગમનની ખબર સમસ્ત સંસારના લાગા–ત્રાગામાં લીન થયેલા નિરક્ષર ભૂદેવોને ધુમ્રપાનમાંથી પ્રગટેલી ઇલેકટ્રી સીટીથી મોકલી આપવામાં આવ્યા. બીજે દિવસે નીચે મુજબ સરકયુલર બહાર પાડવામાં આવ્યો.

માનવંતા નિરક્ષર મહાતમા બંધુઓ !

સ્વર્ગમાંથી આવેલા આપણા ઓનરેબલ !! પ્રતિનિધીઓનાં મુબારક મોઢાંઓથી ત્યાંની ન્યાય અદાલતમાં ચાલેલા કેસનો સંપૂર્ણ હેવાલ સાંભળવા તથા બચાવપક્ષ તરફથી દાખલ થયેલ સ્ટેટમેન્ટના સંબંધમાં વિચાર કરી ચોકસ નિર્ણય પર આવવા માટે ચાલુ માસની કૃષ્ણ પક્ષની કાળી ચૌદસની રાત્રે દેશી ટાઇમ સોંપો પડયે (રાતના ૧૦ વાગે) "સ્વાહા ગાર્ડન" ની બાજુમાં આવેલી Black building" બ્લેક બીલ્ડીંગમાં એક જનરલ સભા મળશે. એ વખતે દરેક લાગા–ટેક્સ લેવામાં લચીપચી રહેલા મહાતમાઓને પધારવાની પ્રાર્થના કરવામાં આવે છે. વિશેષ્ય સ્વકોમના સાક્ષરવર્ગને પણ 'આ

સભાની વિરૂદ્ધ એક શબ્દ પણ ઉચ્ચારવો નહિ.' એવી શરતેથી દાખલ થવાની પરવાનગી આપવામાં આવશે. આવનારાઓએ ભાંગ દેવીને સાથે લાવતાં ભૂલવું નહિ. ઇત્યોમ્.

આકાશી મહાલય. ફાલ્ગુન સપ્તમી, કૃષ્ણપક્ષ વિક્રમાર્ક ૦૦૦૭૪॥.	**ખટ્ટુ બીન મટ્ટ.** સેક્રટરી ઓફ્ લાગાત્રાગા લઉ એસોસીએશન.

વ્હાલા વાંચકો! આ પ્રમાણે સરકયુલર ફેરવ્યા પછી હવે આપણે Black building ભણી આપણી દ્રષ્ટી ફેંકીશું કે ત્યાં કેવા પ્રકારની ગોઠવણ કરવામાં આવી છે.

આજુબાજુ સર્વત્ર કાળાશજ પ્રસરી રહી છે. તે વખતે આ 'બ્લેક બીલ્ડીંગ' ઉપર શ્યામ રંગના વાવટાઓ ફરકે છે. જાણે રાહુ સૂર્ય ચંદ્રને ગળી જવાની તૈયારી કરતો હોયનાં! તેવીજ રીતે આ વાવટામાં લોહાણા કોમને ઘોડાના આકારમાં દર્શાવી તેના પર આ લાગા ત્રાગાના લેભાગુ ભૂદેવોએ સ્વારી કરેલી છે. ઘોડારૂપી લોહાણા કોમ પાછલા પગ પછાડી નાસી જવા માગે છે; ત્યારે આ નામધારીઓ તેની લગામ બરાબર પકડી છટકવા દેતાજ નથી. આ બીલ્ડીંગમાં ભોંયતળીએ એક વિશાળ હોલ હતો કે જે હોલને આપણે મંડપ કહીશું તો ચાલશે. તે હોલને ચારે દિશાએ ચાર દરવાજા હતા અને નૈઋત્ય ખૂણામાં એક નાની ખડકી હતી. જુદા જુદા મત સંપ્રદાયના જુદા જુદા Trade mark 'ટ્રેડમાર્ક' વાળાઓ વચ્ચે અથડાઅથડી ન થાય તેને માટે ચારે દરવાજા પર ખાસ ગોઠવણ કરવામાં આવેલ હતી. વળી પોતાને માટે (એન્ટર) દાખલ થવાનો કયો દરવાજો છે તે આવનારાઓને જાણવું સહેલ થઇ પડે તે માટે ચારે દરવાજા પર "ટ્રેડમાર્ક" નાં બોર્ડો મારેલાં હતાં જે નીચે મુજબ—

પૂર્વ દરવાજે	'U'	For brothern belonging to this mark only.	વૈષ્ણવી "ઉર્ધ્વપુંડ્"	તિલક.
પશ્ચિમ દરવાજે	"ⵈ"	Do.	શૈવી	,,
ઉત્તર દરવાજે	"!!!"	Do.	રામાનંદી	,,
દક્ષિણ દરવાજે	"!"	Do	સ્વામીનારાયણી	,,

નૈઋત્ય ખુણાની ખડકી બીજા પરચુરણ 'ટ્રેડ માર્ક' વગરનાઓને માટે "એન્ટરીંગ ડોર" તરીકે સ્પેશીયલ હતી.

વળી એક વિશેષ્ય ગોઠવણુ એ પણુ કરવામાં આવી હતી કે " With shoes " કોઇને અંદર દાખલ થવા દેવાય નહિ. તેથી કરી બહારના ભાગમાં જુતા સાચવવા માટે કચરો, પુંજો, ઉકરડો, અને ટીડો. એ ચાર ચુંટી કાઢેલા નામવાળાઓની નિમણુંક કરવામાં આવી હતી. કે જેઓ દર જુતાની જોડી દીઠ એક એક પૈસો પડાવતા હતા. ઉપરાંત વળી આ ચારે દરવાજે કોઇ ભૂલા પડેલા ભૂદેવને " ટ્રેડમાર્ક " જોઈ રસ્તો દેખાડવા માટે સિપાઇ " Peon " પણુ બેસાડયા હતા.

આ બ્લેકહોલની આસપાસ એક સુગંધી ઉપવન હતું. તેમાં થોર, હાથલા કટારા, આંકડા ધતૂરાદિનાં સુવાસિત વૃક્ષો ! મનને કઠોર બનાવી રહ્યાં હતાં એ ઉપવનનું નામ " સ્વાહા ગાર્ડન " પાડવામાં આવ્યું હતું.

જ્યારથી દૂર્જન હૃદય જેવી કાળી રાત્રી શરૂ થઇ. લોકોને ગેરલાભ સમજાવવા સૂર્ય અસ્ત થયો. પૃથ્વી પોતાના જીવનેશ બીજા પ્રદેશમાં જવાથી શોકાતુર થઇ. સૂર્યના તાપથી શેકાઇ વૃક્ષો ફીકકાં પડી ગયાં. લોકો અંધકારમાંથી બચવા પોતપોતાને ઘરે જવા લાગ્યા. ત્યારે આ સ્વાર્થી સારસ્વતો સદાવ્રત લેવા જતા સુદામાપુરીના સાધુઓની માફક બ્લેક બીલ્ડીંગ ભણી જવા ટોળેટોળાં નીકળી પડયા. રાતના ૯ વાગ્યામાં તો બેસુમાર સંખ્યા થઇ ગઇ હતી. આ સમયે અમારો સમાચાર દાત્તા મી. અબધુત કેવી કલ્પનાના ઘોડા આ સભામાં જવા માટે દોડાવતો હતો તે સંબંધમાં અમને તે જણાવે છે કે—"હું મહા મુંઝવણુમાં ગુંચવાયા કરતો હતો કે મારાથી આ સભામાં કેવી રીતે દાખલ થઇ શકાય. આવા વિચારમાં છું ત્યાં તો મી. મયાશંકર ગોર તે સભામાં જતા મને મળ્યા. મારે ને તેમને કંઇક ઠીક પરિચય હતો. તેવણુને મારા આવવાની મેં ઇચ્છા જણાવી. ત્યારે તેમણે કહ્યું ઘણી ખુશીથી. પણુ જુઓ ! તમારે ખાસ કરીને ત્યાં આવવાની મરજીજ હોય તો આવા કપાળમાં લીટા દોરવા પડશે, નહિ તો દ્વારપાળો ડાંડીયો લઇને આપણી પછવાડે દોડશે. આપણે તો એમ પણુ કબુલ કીધું ને માનવંતી મીસીસની રજા લઇને નીકળ્યા. રસ્તામાં કંઇક વિચિત્ર વસ્તુ તરફ મી. મયાશંકર મારૂં ધ્યાન ખેંચી મને બતાવતા હતા કે જુઓ ! આ સાડીને ઉંચી ઉંચી તાણી છુઇ છુઇ કરતી ભાવિક ભક્તાણીઓ ! જુઓ આ ! અમારા ભૂદેવોના ખુશામતીઆઓ ! એમ જોતાં જોતાં બરાબર વખતસર સભા મંડપમાં પહોંચી ગયા. જુતા વિગેરે આપણી પાસે કંઇ હતુંજ નહિ એટલે ઝાઝી અડચણુ પડી નહિ. અંદર પ્રવેશ કરતાં જણાયું જે વ્હાલી ભાંગદેવીના રગડા તૈયાર થતા હતા. ધુમ્ર

પનથી નીકળતા કાળા ધુમાડા કંઇક તેવુંજ ચિન્હ સુચવતા હતા. આગ્રહ પૂર્વક **પી પી** ની ધ્વનીથી હોલ ગાજી રહ્યો હતો. બંદા પણ બે ચાર ગ્લાસ બબંબં ભોળાનું નામ લઇ ચડાવી ગયા ! એટલામાંતો સ્વર્ગમાંથી આવેલા પ્રખ્યાત પ્રતિનિધિઓ સભા મંડપમાં આવી પહોંચ્યા. આંકડાના ફૂલોથી વધાવવામાં આવ્યા. આ સભામાં આ વખતે આશરે ૧૦૦૦ ભાગ સાક્ષરોનો પણ હતો, ગોદડાંના ગાભાઓની બનાવેલી ખાસ સ્વદેશી મસાલોની રોશની મંડપમાં વીજળીને પણ નીચી નમાવી દે તેવી પ્રકાશિત થઇ હતી.

" કૃષ્ણપક્ષની કાળીચૌદશની સભા. "

લોહાણા કોમ સામે ગુજરો !

બસ ! અમે લાગા તો લઇશુંજ !!

પ્રારંભમાં મી. ખટ્ટુ બીન મટ્ટુએ ઉભા થઈ પ્રસન્નતા પૂર્વક જણાવ્યુંજે સુજ્ઞ ! સાક્ષર ! નિરક્ષર ! મહાતમાઓ !! આજની આવી મોટી સભા મળવાનું કારણ આપ સર્વ જાણો છો એટલે તે સંબંધમાં કંઇ વિશેષ્ય જણાવવાની અગત્ય રહેતી નથી. અત્રે ફક્ત મ્હારે જે કંઇ કહેવાનું છે તે એટલુંજ છે કે આજની સભા એ એક અગત્યની સભા છે. અને તેથી હું પ્રથમ શ્રી દુંદાળા દુઃખ ભંજણા ગણપતિજી પાસે પ્રાર્થના કરૂં છું કે આપ સર્વના હૃદયમાં આ સભાનું કામગાજ ચાલે ત્યાં સુધી સદ્બુદ્ધિ બક્ષે. ઉપરાંત આજની સભાના પ્રમુખને માટે આપણા માનવંતા મહાશય મોદકાનંદને ચુંટી કાઢવાની હું દરખાસ્ત કરૂં છું. મી. અક્કડશંકરે આ દરખાસ્તને અનુમોદન આપતાં મી, મોદકાનંદની પ્રશંસા કરી કે ભાઈઓ ! આ મહાશય મોદકાનંદનાં મુબારક નામથી કોઇકજ આપણી કોમમાં અજાણ્યું હશે કે જેણે જન્મ લઇને આજ દિન પર્યંત મોદક શિવાય બીજો આહારજ કર્યો નથી. વળી તે મોદકોને ચપટાવવામાં પણ એટલી કબેલીયત ધરાવે છે કે પાંચ પદર સુધી તો જાણે ખબરજ નથી ! અને વળી જમી લીધા પછી તેને ફેરવવા હેરવવાને માટે

બે ચાર બારદાનોની મદદ પણ જોઇએ, એટલે તેને **મહાભારતના ભીમ જેવા** આહારી કહીએ તોપણ ખોટું નથી. અને વળી તેમાં પણ વિશેષતા એ છે કે મહાભારતનો ભીમ પણ પોતાના ઘરનો આહાર કરતો હતો; પણ આપણા આ કળિયુગી **ભીમે** તો કદી પદરના ખરચથી ભોજન લીધું નથી. પરંતુ **લોહાણાઓનીજ** પીઠ ખમી છે. અત્યારે આપણે એના જેવી યોગ્યતાવાળા પ્રમુખની મુખ્યત્વે કરીને જરૂર છે. તેમના સંબંધમાં વધુ બોલવું તે સોનાપર ઢોળ ચડાવવા જેવુંજ ગણાય. આશા છે કે મારા સાક્ષર નિરક્ષર **બંધુઓ** ! આ પ્રમુખની પસંદગીને ટેકો આપશે. (તાલીઓના ગડગડાટ) સર્વાનુમતે તે પ્રમુખને ચુંટી કાઢવામાં આવ્યા.

તુંતજ મ. **મોદકાનંદ** પોતાની " સીટ " પરથી **પ્લેટફોર્મ** ઉપર પ્રમુખાસન તરફ વળ્યા. ખુરસી ફીટ ન થવાથી જલદીથી '**કોચ**' મૂકવામાં આવ્યો. જેમના પર બેસતાં ભિષણ ગર્જના કરી બોલવાનું શરૂ કીધું કે " **મુજ્ઞ બન્ધુઓ** ! ! આવી મહાન સભાનું પ્રમુખસ્થાન તમોએ મને આપીને જે દીપાવ્યું છે તેને માટે હું તમારોને તમે મારા આભારી છે, મારાથી વધારે યોગ્યતાવાળા પુરૂષો આ સભામાં ઘણા હું જોઉં છું છતાં તમે મ્હારીજ પસંદગી કીધી એ તમારી ભલમનસાઇનોજ નમુનો રજુ કરે છે. મી. **અકકડશંકરે** મ્હારી જે પ્રશંસા કીધી છે. તે તો આપણો બાપદાદાનો ધર્મજ છે. એટલે તેથી વિશેષ મ્હેં કાંઇ કીધું નથી. મ્હારાં માનીતાં બાળકોને પણ મ્હેં તેજ પ્રમાણે કેળવણી આપી છે. એટલે તે પણ મ્હારા જેવાજ બને તેમાં કંઇ નવાઇ નથી, હવે આજની **સભાનું** મુખ્ય કામ મ્હારી બુદ્ધી ધારણા પ્રમાણે સ્વર્ગમાંથી પાછા આવેલા પ્રખ્યાત **પ્રતિનિધીઓ** પાસેથી ત્યાંની ન્યાય **અદાલતમાં** ચાલેલા કેસની હકીકત સાંભળ્યા પછી આપણે આપણો પક્ષ પ્રબળ કરી, કેસને મજબુતીમાં લાવવા આપણે ફતેહમંદ થઇ, હમેશના આપણા લાગા-ટેક્સનાં લાકડાં **લોહાણા** કોમ પર કેમ નિયત થઇ જાય તે બાબતનો નિર્ણય કરવાનો છે. એટલે પ્રથમ હું યુક્ત **મહાશયોને** ત્યાંનો બધો હેવાલ આપ સમક્ષ રજુ કરવાનું ફરમાન કરૂં છું. અને તે સાંભળી લીધા પછી જો કોઇ **મહાશય** બોલવા ઇચ્છતો હશે તેને છુટ આપવામાં આવશે." ઉપર પ્રમાણેના પ્રમુખ મહાનુભાવના ફરમાનથી **ઓનરેબલ** ! ! ! મી. K. **કાનજીએ** ઊભા થઇ પોતાના ગંભીર અનુભવનો **આભાસ** પાડયો કે ! " પ્રિય ! **ભૂદેવો** ! ! તમારી તરફથી મોકલાએલા **અમો** બન્ને **પ્રતિનિધીઓ** સ્વર્ગમાં ગયા. જેવું **ગરૂડ** પુરાણમાં લખ્યું છે તેવું તો **કશું**

રસ્તામાં અમારા જોવામાં આવ્યું નહિ. સ્વર્ગની મનોહર શોભા ! ત્યાંના હરીજન ! ત્યાંની રળીયામણી હવા ! 'ત્યાંના ચીફ઼ ઓફ઼ જસ્ટીસની કોર્ટ ! ત્યાંના મહાત્માઓ !' ત્યાંના મુક્ત જીવો ! વિગેરેની તુલ્યે આ મૃત્યુ લોકમાં કોઇ પણ આવી શકે તેમ નથી. અમે તો પહોંચતાં વેંતજ દરવાજા બહારથી ફ઼રિયાદ ! ફ઼રિયાદ !! ની બૂમોથી કોર્ટ ગજાવી મૂકી. દ્વારપાળે 'Be silent' કહી અંદર દાખલ કીધા. અંદર જતાં જોયું તો મહારાજાના મહારાજા શ્રી પરમ કૃપાળુ વિષ્ણુ ભગવાન ન્યાયાસન પર બીરાજેલા હતા. બીજા પાંચ દેવતાઓ એસેસરો બેઠા હતા. તેઓની સમીપ અમે આપણાં દુઃખો એવા પ્રકારે વર્ણવ્યાં કે બીજો કોઇ ભાગ્યેજ જણાવી શકે ! અને અમારી તે સંભાષણ છટાથી ચીફ઼ ઓફ઼ જસ્ટીસને એટલી અસર થઇ કે તેમણે તુરતજ કહ્યું કે આ કેસ ઘણો ગંભીર જણાય છે. માટે લિખીત સ્ટેટમેન્ટ દાખલ કરવું. તે પ્રમાણે અમોએ અઢી કલાકમાં કર્યું. ત્યાર પછી વળી એક માસની મુદત પડી ત્યારે આપણા સામા પક્ષે મ. ગરૂડે પણ બચાવનામું દાખલ કીધું. તેની નકલ અમોએ મેળવી છે. જે વાચતાં અમને કંપારી છૂટે છે. તેની અંદર એવી સજ્જડ સત્ય પૂર્ણ બાબતો દર્શાવી છે કે રખેને આપણો દાટ વળી જાય ! તે સામે આપણે આપણી દંભી કલ્પનાથી તેની એક પણ દલીલને તોડી શકીએ એમ અમને જણાયું નહિ. આ પ્રમાણે અમારી બન્ને જણાની બુદ્ધિ બહેર મારી ગઇ ત્યારે હવે શું કરવું ? એમ વિચાર થતાં અત્રે આપ ભાઇઓની સમક્ષ આ બાબતો જણાવી આપની સંમતિ લેવાને માટે અમારૂં અહીં આવવું થયું છે. હવે કેવી રીતે કરવું ?

સામા પક્ષ તરફ઼થી ત્યાંની ન્યાય અદાલતનો સરકારી વકીલ મી. સત્યજીત ઉભેલ છે. વકીલ રાખવા બાબતમાં મ્હેં આપ લોકોને પૂછાવેલ પણ જવાબજ ગેપ ! એ તમારી મોભાગ્ર બુદ્ધિનો આબાદ નમુનોજ કહી શકાય ! હવે તે સંબંધમાં આપણે કેવા ઉપાયો લેવા તે પર આપ સૌ ભાઇઓ વિચાર કરી જણાવશો." (થોડી વાર તો તદન શાન્તિજ પ્રસરી રહી.)

" ખરેખર મી. K. કાનજી તથા S. શ્યામજી એ આપણા માટે જે મહેનત લીધી છે. તેનાં વખાણ આપણા જેવા એક મોઢાના માણસથી થઇ શકે નહિ ! આવાં દિવ્ય રત્નો !!! જે ભૂમી પેદા કરે અને જે કોમમાં ઉત્પન્ન થાય તે ભૂમીનાં તથા તે કોમનાં સદ્‌ભાગ્યજ લેખાય !

ભાઇઓ! આપણે આજ દિવસ સુધી છળ અને મિથ્યા વાતોથી આપણી મનોકામના સિદ્ધ કરતા આવ્યા છીએ. અને હજી પણ તે ટકાવી રાખવાને માટે આપણે જીવતોડ મહેનત કરવા ચૂકવું ન જોઇએ! આપણા લોકો કોઇ પણ કાર્ય નો આરંભ કરી ટકાવી રાખવાને દ્રહતા પૂર્વક ઉભા રહી શકતા નથી. એ આપણી મોટામાં મોટી ખામી જોવામાં આવે છે. જો લોહાણા કોમ પર આપણા લાગા ત્રાગા લેવાનું બંધ થઇ જાય તો શું આપણાથી ક્યાંય મજુરી કરવા જવાશે કે? તેનો ગંભાર વિચાર કરવાનો છે." "સાત સેકન્ડની શાન્તિનો ભંગ કરતાં મી. નિવેદા એ ધમણ જેવાં નસકોરાં ફુલાવતાં ફુલાવતાં કહ્યું"

"બચાવનામા તરફ નજર કરતાં મને જણાય છે કે આપણે આમ બાથ બીડવામાં ભૂલ કરી છે. ભેંસ મારનાર મોચીની માફક—"કોણ કહે છે રાંપીનો ઘા?" એવુંજ કંઇક આપણે કીધું છે. મને પ્રથમથીજ દહેશત હતી કે આપણે જે ફરિયાદ કરવાનું સાહસ ખેડયું છે તેમાં આપણને તે ન્યાયાલયમાં ઇન્સાફ નહી મળે કેમકે પ્રતિવાદી પોતે ચીફ ઓફ જસ્ટીસ વિષ્ણુ ભગવાનનો નોકર છે. એટલે જરૂર તે તેમના તરફ ઢળી પડે એ સ્વાભાવિક છે. આપણા ભાગ્યનો સૂર્ય હવે અસ્ત થવા માગે છે. આ કારણથી મ્હેં પ્રથમથીજ આ પ્રતિનિધીઓ મોકલવાની પ્રાર્થનાનો અસ્વિકાર કીધો હતો!" 'એક જૂના જમાનાના ડોસા ગોરે ડાંગના ટેકાથી ટકોર કરી."

"થનાર વાતો કોઇ મિથ્યા કરી શકતું નથી. અને "પાછળ બુદ્ધિ બ્રાહ્મ" એ વાત કંઇ ખોટી નથી. માટે હવે તો આપણા સ્વાર્થ અને સત્તાને માટે આપણે ગમે તેમ પાઘડી બાંધી લેવી જોઇએ!" "ખડીઓ ખંખેરતાં ખેરાજ ગોરે ખરખરો કરી લીધો.

"ખરેખર! એ મહાતમાઓ!! આ સંસારમાં ભીખ જેવીકોઇ બુરી ચીજ નથી. ભીખનાં હાંલ્લાં કોઇ દિવસ શીકે ચઢતાંજ નથી. મહારાજા દસરથ સરખા પણ આપણા વડવા વિશીષ્ઠ, વિશ્વામિત્રાદિ તેમને મલવા જતા ત્યારે રાજ્યાસન પરથી ઉઠી નમન કરતા હતા તેનાં સંતાનો આજે આપણે આ અધમ દશાએ પહોંચી ગયા છીએ; અને હરામ પેટમાં પડયા પછી પુરૂષાર્થ હીણ થઇ ગયા છીએ. તેનો કંઇ પણ વિચાર કરવામાં નથી આવતો એ ઘણું દીલગીર થવા જેવું છે.

જે મનુષ્ય યાનો સમાજ નિજ સિદ્ધાંતો ત્યાગ કરીને સમયાનુસાર કાર્ય કરે છે. અને તે કાર્ય અનીતિના પાયાપર રચાયેલું હોય છે તો તેનો

પરિશ્રમ આવીજ રીતે વ્યર્થ જાય છે. અસત્યના સેવનથી કદાપિ કોઇ પણ જાતિ પોતાની ઉન્નતિ કરી શકી નથી. સત્ય અને અસત્યનો મેળ કદાપિ થઇ શકતો નથી. ખાસ કરીને તમારે જાણવું કે તમને તમારા આ ધૂર્તતા ભરેલા કાર્યમાં નિષ્ફળતાજ મળશે અને "**નિમાજ પઢતાં મસીદ કોટે વળગ્યા**" જેવું થશે." "સાક્ષર મી.મયાશંકરે હૃદયના ખરા ઉદ્ગારો કાઢ્યા."

(order! order! તમારૂં મોઢું બંધ કરો! તમને માગતા નથી! ધક્કો મારી બહાર કાઢો! વિગેરેના અવાજથી બ્લેક હોલ ગાજી રહ્યો.!)

"અરે! મી. મયાશંકરને અહીં કાંઇપણ પોતાની સાક્ષરતા સિદ્ધ કરી દેખાડવાની જરૂર નથી. આવા અંગારીયાઓજ આપણી હીલચાલપર પાણી ફેરવે છે. આ સભા મળવાનો ઉદ્દેશ ખાસ કરીને પડેલી વિકટતાનો દોષ દૂર કરવાનો પ્રયોગ કરવાનો છે. આ દુર્લભતાનો ડુંગર ઓળંગી જવાનો રસ્તો શોધવાનો છે. કઇ બીજી વાત લાવવાની જરૂર નથી. અમારા હેતુને કલંકીત કરવાનો પ્રયાસ કરવો તેના જેવું એકદરપણું બીજું કંઇ હોઇ શકેજ નહિ.

બન્ધુઓ! આપણી આ કફોડી સ્થિતિમાંથી કયે રસ્તે આ લાગાઉપ કિલ્લાનાં કાંગરાંઓ મજબુત થાય તેજ વિચારવાનું છે. માટે ભાઇઓ! આપણે પ્રારબ્ધપર વિશ્વાસ રાખી પુરૂષાર્થ કરવો ઉચિત છે. દરેક મનુષ્યે નિજ કર્ત્તવ્ય પૂર્ણ કરવું જોઇએ. માટે મ્હારા વિચાર પ્રમાણે બની શકે તો સ્વર્ગમાં વકીલ રોકવાને માટે એક ફંડ કરવું અને બીજું દરેક ટકાપંથી ભાઇઓએ એક એક દેવતાને લાંચ આપી સમજાવવા. એટલે કે તેમના હજાર હજાર જાપ જપી નાંખવા. એટલે એ દેવતાઓ તરફથી કાંઇ ભીતિ રહેશે નહિ." એક ડગળી ચસ્કેલ ડોસાએ ડહાપણ ડોળ્યું.

"આ સમયે તમે મ્હારાપર જે મિથ્યા દોષારોપણ કીધું છે; એથી સ્પષ્ટ પ્રતિત થાય છે કે તમે સર્વે **નીચ, કાયર,** અને **નિર્બોધ** છો. **નીચ** એટલા માટે છો કે તમે જાણી જોઇને મનમાં બધુ સમજો છો છતાં ન છાજતા ખોટા આરોપ મારા શીરપર મૂકયા છે; **કાયર** એટલા માટે છો કે તમારી ધૂર્ત્તતાનો બચાવ વિચિત્ર રીતે કરવા મથો છો, અને **નિર્બોધ** એજ કારણથી છો કે તમને સત્ય કહેનાર સારસ્વતને તમારો દુશ્મન સમજી તેમનું ભરસભામાં અપમાન કરો છો. ફીકર નહી પરન્તુ યાદ રાખજો કે લોહાણા કામ હવે તમારાં કર્ત્તવ્યથી સારી રીતે જ્ઞાત છે; અને તમારાં પડદા પાછળ છુપાયેલાં સ્વરૂપો હવે ધીમે ધીમે પ્રત્યક્ષ થતાં જાય છે. તમારે

પરમેશ્વરની સમક્ષ આ અધમ કાર્યનાં ખરાબ પરિણામનો ઉત્તર આપવો પડશે." આટલું કહી સાક્ષર મી. મયાશંકર બ્લેકહોલને છેલ્લા નમસ્કાર કરી સાત પાંચ ગણી ગયા."

"મી. ખટુ બીન મટુને પ્રથમથીજ કહેલ કે આવા સુધરેલ સાક્ષરાનું આપણી સભામાં કામ નથી. છતાં પણ માનવામાં ન આવ્યું. ખેર ! ભાઇઓ! આપણે સમજીએ છીએ કે એક આખા કોમની જીવાઇ એક કોમપર કુદરતી રીતે હોઇ શકેજ નહિ તોપણ એ વાત સિદ્ધ છે કે જ્યાં કાઈ જાતિને કેટલોક કાળ દાસભાવમાં રહેવું અભ્યસ્ત થઈ જાય છે. પછી એ જાતિએ એ દાસ ભાવનાનો ગમે તે નીતિથી સ્વીકાર કર્યો હોય પણ તે જાતિ પુનઃ માથું ઉંચું કરવાને યોગ્ય રહેતી નથી. તેમ આ લોહાણા કોમ પણ આપણી સામે કંઇ કરી શકવાની નથી. માટે ધીરજ રાખી શાન્તિથી કામ કરશો તો આપણો વિજય પરાજયમાં પરિવર્ત્તિત નહિજ થાય. બાકી દેવતાઓના જાપજપીને તેને સમજાવવા એ તો પોથી માયલાં રીંગણાંજ છે. એ તો એમ કહી ભોળા લોકોને ભમાવી તેમનાં છોકરાંઓના મ્હોંમાંથી પણ કડકો પડાવી લેવાનું આપણું સાધન માત્ર છે" "મોટી ફાંદ ફેરવતા એક સ્વાર્થી સાક્ષરે **"સાક્ષરા વિપરંતા ભવન્તિ રાક્ષસા"** ની કહેતીનો આબેહુબ અનુભવ કરાવ્યો."

"અરે ! આ તે બધી શું ઉટપુટાંગ વાતો થાય છે ? ટુંકું ને ટચ ઝાઝી પંચાતજ નહિ. ઓનરેબલ મી. કાર્ત્તિકનો "વિજય મંત્રજ" એકએક લઇ લોને કે પતી પીડા !" એક ગાત્ર ગળી ગયેલા ગવરી શંકર ગોરે ગડબડાધ્યાય ચલાવી દીધો."

"મી. ગવરીશંકરભાઇની સુચના વાસ્તવિક છે" **આંધળેકી હાર ચલી જે બોલો દાતાર."** "એક અંધાર પછેડો ઓઢેલ શ્યામ મુર્ત્તિએ સપાટો ચલાવ્યો.

"માનવંતા સાક્ષર "સ્વાહા" ભાઇએ જે કંઇ કહ્યું છે તે કંઇક ગેરસમજણુ ઉભી કરે તેવું છે. આપ સર્વ ભાઇઓ જાણો છો કે આવી ગુલામગીરીમાં આપણે ઝકડી રાખેલી જે લોહાણા કોમ છે તેમાંથી પણ આજે કેટલાક સુધારકોના બળથી તે મેળો ભરવા શીખી છે. હમણા રાજકોટમાં મેળો ભરાયો હતો તેમાં ખાસ **"ગોર બાપાની હુંડી"** ખોર ચોરીના લાગા ત્રાગાની ચીઠ્ઠી વિરૂદ્ધ ઠરાવ પસાર થયો હતો. આજ તો આટલું કીધું ને કાલે કેશે કુદ્દલ દેશુંજ નહિ ત્યારે પછી આપણે શું કરવું? માટે હવે તો ખાસ આ .ણી લાકડાંની બુઠ્ઠી તરવારો ચલાવોજ. પ્રથમ તો આ કેસના જજમેન્ટની રાહ જોવી જો તેમાં ન ફરે નારાયણને નિષ્ફળ

થયા તો પછી આ લાકડાંની તરવારો જ્યાં છાણ જેવું પોચું ભાસે ત્યાં બરાબર મારવી અને જ્યાં કઠણ લાગે ત્યાં પછી તેની દયાપર મૂકાવું, એ રસ્તો સૌથી ઉત્તમ છે પણ પ્રથમ તો આ કેસનું કાર્યપૂર્ણ કરવું જોઇએ. પરિણામ આપવાવાળો પરમાત્મા છે." આમ એક અર્ધદગ્ધ પણ કંઇક વિચારશીલ વસનજી ગોરે વાક્ચાતુર્યતા દર્શાવી.

"મ્હારા વિશાળ મગજને મારતાં મને એજ સારો રસ્તો જણાય છે કે કોઈ કોમ ભાગ્યેજ એવી હશે કે જેમાં કાળાં મેંઢાં ન હોય, માટે આ લોહાણા કોમમાંથી પણ કેટલાક જ્ઞાતિદ્રોહીઓને શોધી કાઢી, તેમને કેટલાક પ્રકારની લાલચો આપી, મસ્કો લગાડી આપણા તરફ ખેંચી લેવા. અને પછી આપણે તેનેજ હોળીનાં નાળીયેર બનાવવાની મજા પડશે, અને તેમ કરવાથી આપણને એ લોકોની છુપી હીલચાલોની બરાબર બાતમી મળશે." એક અક્કલવંત અનુચરદાસે અગત્યતા દેખાડી.

"અરે ભાઇ! આ વખતે આપણે ભવિષ્યના વિચાર કરવા ભેળા થયા નથી. એમાં કંઇ વળશે નહિ. આ મી. અનુચરદાસ ઘરમાં આગ લાગી છે ત્યારે દીપક રાગ ગાવા જેવું ભરડે છે. અને વળી બીજા હાંજી-યાઓ તાળીઓ વગાડી સૂર મેળવે છે. મ્હારૂં આધીન મત એવું છે કે ન કરવું ફંડ કે ન કરવું કંઇ, પૈસાની વાત આવે છે ત્યાં તો અમારા પેટમાં પીડ આવે છે, અને ગોરાણીઓનાં ગાત્રો શિથિલ થઇ જાય છે. માટે આ નામચીન પ્રતિનિધીઓ પાછા જઇ બરાબર લડે અને તેનેજ બધી સત્તા આપી દીઓ એટલે નીકાલ પતે. અને હવે આજથી બધા પ્રતિજ્ઞા લો કે આપણાં સંતાનો કાળા અક્ષર સાથે દુશ્મનાઇ રાખે છે, તેમ ન કરતાં હવે તેમને ભણવા મોકલવાંજ." એક ઉમરે પુગેલા અમરશી ગોરે ગર્જના કરી.

"મ્હારા અમરશીભાઇની પહેલી પૈસા સંબંધી દલીલને તો હું આડસરનો ટેકો આપું છું. અને આ આપણા બે બહાદુર પ્રતિનિધીઓને કુલ સતા આપવી. એને પણ હું અનુમોદન આપું છું. પણ ત્રીજી બાબત જે તેણે છોકરાંને ભણવા મોકલવાની કહી છે. તેતો તદન આપણા બાપ દાદાના રિવાજથી વિરૂદ્ધજ છે. અરે! ભાઇઓ! વિચાર તો કરોકે **"પઠિતવ્યં તદપિ મર્તવ્યં ન પઠિતવ્યં તદપિ મર્ત્તવ્યં, પુનઃ વૃથા કહાકુટં કિં કર્ત્તવ્યમ્"** વળી છોકરાંને ભણવાની ચિંતામાં નાખ્યાથી તેના શરીરનું સત્યાનાશ નીકળી જાય છે. માટે ગમે તેમ થાય બાકી **"લાગા-ટેક્સ તો અમે લઇશુંજ લઇશું."** સાત વારની ગણતરી કરવા સારૂ સાત સાંબેલાં ઘરમાં રાખનાર ઘમંડી ભુદેવે ભડાકો કર્યો"

(એમજ થવું જોઇએ ! એમજ થવું જોઇએ ! !)

છેવટે મી. ઓદકાનંદે પ્રમુખસ્થાન પરથી ચાર પાંચ સારસ્વતોના ટેકાથી ઉઠીને એક લાંબુ લેકચર દીધું કે “ વ્હાલા ભાઇઓ ! ! આપ જુદા જુદા ઘણા મહાશયોના બોલવાપરથી માત્ર એટલુંજ સમજવામાં આવ્યું કે **“ન તો વકીલ રાખવા માટે ફંડ કરવું યા નતો બચાવમાં કંઈ મુખ્ય બાબતો જણાવવી ”** પરન્તુ યુક્ત બન્ને પ્રતિનિધીઓને તેઓનાથી બનતી કોશેશ કરવા ભલામણ કરવી. (હા હા ! તેમજ) ઓલરાઇટ ! સભામાં થયેલા દેખાવ પરથી મને જણાયું છે કે આપણી કોમમાં એકયતાનો ઉચ્છેદ લાગે છે. ટંટા, ઝઘડા અને ભેદભાવે ઘર ઘાલ્યું છે તોપણ આપણા ભાઇઓએ કોઈ એકલી અટુલી, રાંડી રુંડી, કોઇ નાવારસ, નાદાન, લાચાર, પાપી પ્હારમાં પતિત થયેલી, વિપરિનવૃત્તિધારી, વિધવા યજમાનડીઓને ભોળવી, તેની દીકરીઓને પણ સાથે ઉપાડી વ્હેંચી નાખવાની દલાલી કરવામાં પણ પાછાં ન પડવાનાં પરાક્રમો કીધાં છે.

વળી શ્રાદ્ધના સીધાઓ આરોગી પિતૃઓને તારવાનું કામ પણ આપણુંજ છે. બીજા કોઇ કરી શકશેજ નહિ. માટે ગમે તેમ પણ લોહાણાઓને આપણા વગર ચાલવાનું તો નથીજ. દુનિયાનાં દાન લઈ એ લોકોને સ્વર્ગ નર્કમાં મોકલવાનું કામ પણ આપણાજ હાથમાં છે. અને તેઓની તે માન્યતા તો હમેશાં તેમજ રહેશે. આપણા કલ્પિત ગપાષ્ટકો તાંતણે સ્વચ્છંદી આચાર વિચાર બાંધી દુનિયાના દાદા ગુરૂ બની બેસવાનું કામ તે પણ આપણી તોકલી કોમે જાળવી રાખ્યું છે. તે માટે આપણે અભિમાન લેવું જોઇએ. દેખતી દુનિયાની આંખો આંજવામાં જો કોઇ પણ આ કળીયુગમાં હોય તો તે આપણેજ છીએ અને તે માટે આપણે મગરૂરી ધરાવી શકીએ. હથેળીમાં પણ ચાંદ બતાવવાનું આપણું પરમ કર્તવ્ય મનાએલું છે. આપ **મહિષિના તિર્થરૂપોને** હવે વધારે પોકાર કરી સમજાવવાની કંઇ આવશ્યકતા જણાતી નથી. બીજું કંઇ ભલે તેમને ન આવડે પણ “ **બ્રહ્મયોની નમસ્તુતે** ” આ શ્લોક મોઢે કરી હમેશાં જ્યાં જાઓ ત્યાં તેનો પ્રથમ પ્રચાર કરવો.

‘ભીખ માગવી ને ઝખ મારવી’ એ બીજાને માટે બરાબર હશે પણ આપણે માટે તેવું કંઇ સમજવાનું નથી. આપણે કાંઇ ભીખ માગતા નથી પણ લોહાણા કોમપર આપણો કર રહેલો છે તે વસુલ કરીએછીએ એમ અર્થ કરવાનો છે. હવે આ સ્વર્ગમાં ચાલતા કેસના બારામાં મ્હારી

અક્કલ પ્રમાણે કેટલીક અગત્યની સુચનાઓ તે પ્રતિનિધીઓને હું પોતે કરીશ તે બાબત કંઇ નિરાશ થવું નહિ. આપણે કેસ માંડયો છે એટલે હવે છેવટ સુધી લડવાનું તો ખરૂંજ.

'**કાંતો હીન પાર ને કાંતો હુનપાર**' "પછી અબ્બા ઘોરે ચર્યા, પર્યા તો પર્યા પન ઘોરે તો ચર્યા" એમજ માનશું. મી. **સ્વાર્થાન્ધ** ને હું એ પણ ભલામણ કરીશકે કદાચ સંપૂર્ણ કેસ ચાલ્યા પછી તમોને જણાય કે કેસ આપણી (ફેવરમાં) તરફેણમાં ઉતરશે નહિ, તો તે વખતે તુરત, તારથી ખબર આપવી કારણ કે તેટલા વખતમાં પછી આપણાં રમકડાંઓને ઉભાં કરવાની કંઇક કોશેશ થઇ શકે પરન્તુ તેવા જ્ઞાતિ દ્રોહીઓ મેળવવાનું કામ આપણે આજથીજ હાથ ધરવું જોઇએ અને તેમાં આપ સર્વ બન્ધુઓ કોઇ રીતે પછાત પડશો નહિ એવી મને સંપૂર્ણ ખાત્રી છે. જો આ કેસમાં આપણે જીત્યા અને લાગા લેવાશે તો પેલા **કોન્ઝરન્સીયાઓ** ગમે તેવા વિરૂદ્ધ બખાડા પાડે તોપણ આપણીતો ચાલશે **હુંડી** ! અને નહિ તો ઘર બેઠે છોલાશે મુંડી ! ! બીજું શું થશે ? પણ તે ભવિષ્યની ચિન્તા આપણે અત્યારે કરવાની નથી.

હવે **ભાઇઓ** ! આપણી કોમને માટે આ **પ્રતિનિધીઓએ** જે જહેમત ઉઠાવી છે અને ઉઠાવશે તેનો આભાર માનવાની આ તક ભૂલવી નહિ જોઇએ. તેઓ ખરેખર "**યથા નામા તથા ગુણા**" પ્રમાણે લાયકજ છે. વળી તેમની વિશેષ્ય ચાલાકી એ સિદ્ધ થઈ છે કે ખુદ **વિષ્ણુ** ભગવાનના તબેલામાંથી અકરમીના આતવારની અંધારી રાતે એક ઉડણ ખાટલીનો હાથ મારેલો છે અને તે ઉડણ ખાટલીની મદદથી તેઓ અત્રે પહોંચ્યા છે. ખરેખર તેઓનાં આ પરાક્રમને ધન્યવાદ આપવો ઘટે છે. અને એવીજ રીતે જ્ઞાતિ સેવા બજાવવાની શ્રી **પાર્વતિપતિ ભંગેરી ભોળો** તેમને શક્તિ આપે.

હવે એકવાત પર ખાસકરીને હું આપનું ધ્યાન ખેંચુંછું કે મી. **ભયાશંકરે** આ સભામાં જે વિરૂદ્ધ વર્તન કીધું છે. તેવા મગજના ચસ્કેલ **સારસ્વતોને** હવેથી કોઇ પણ સભામાં આપણે '**એડમીટ**' કરવા નહિ. હું ધારૂં છું કે એ તમે વધારે પસંદ કરશો. (**સો ! સો !**) એ લોકો વિદ્યાનો ગેર ઉપયોગ કરી, યજમાન વૃત્તિ ન કરવાનો ઉપદેશ આપી ન્યાતના કાયદાનો ભંગ કરે છે. ભલે ! આપણે તેવાઓનું કામ નથી. આપણે તો આપણા જેવાઓનુંજ કામ છે. હવે ગૃહસ્થો ! છેલ્લે આજ તમોએ લીધેલી તસ્દી માટે હું તમારો આભાર માનું છું; અને આ મકાનના માલિકે જે

હૉલ વાપરવા આપ્યો છે તેનો પણ આભાર માનવું અત્યારે ભૂલું તેમ નથી. ” આ પ્રમાણે વક્તાનું વ્યાખ્યાન હુરરે ના પુકારોમાં હોઇયાં થતાં સભા વિસર્જન થઇ હતી.

સ્વર્ગ તરફ પ્રયાણ

પ્રિય ! વાંચક વૃંદ ! અગાઉ બતાવ્યા પ્રમાણે સભાની રૂપ રેખા પૂર્ણ થયા પછી આ મહાન ! ! ! પ્રતિનિધીઓ પેલા હણી લાવેલા વિમાનની સહાયતા વડે સ્વર્ગમાં જવા નીકળ્યા. સારા સંજોગે રાતનો સમય હતો એટલે કોઇ ન જાણે તેમ પેલું વિમાન વિષ્ણુ મહારાજના ‘ વિમાન–ગોડાઉન ’ માં ગોઠવી દીધું. અને પુનઃ પોતાનું નિવાસસ્થાન ઓરડી કે જે પ્રથમથીજ તેમને રહેવાને માટે આપવામાં આવી હતી તે સ્થાને પહોંચી ગયા, બીજે દિવસે કેસની મુદત હતી. વ્હાલા વાંચકો ! ચાલો ! હવે આપણી વૃત્તિને તે તરફ દોડાવીએ.

સ્વર્ગમાં સેશન્સ્ કોર્ટ.

કેસ નંબર ૦૦૦૦૦૧ of ૧૯૧૨.

પ્રારંભમાં સકળ બ્રહ્માંડેશ્વર ચીફ઼ ઑફ઼ જસ્ટીસ મહારાજા વિષ્ણુએ કેસના કાગળીયા હાથમાં લીધા કે તુરતજ દુભાશીયાએ ફ઼રિયાદી તથા તહોમતદારનાં નામ પોકાર્યાં. આ સમયે આ મહાતમાઓના ડ્રેસ તરફ સર્વ શ્રોતાઓની આંખો ખેંચાઈ રહી હતી. હાથમાં હોકો, નાસિકામાંથી નીકળતા ધુમાડાના ગોટ, જાણે ભાયાવદરની જીનીંગ ફેકટરીનું ભૂંગળુંજ હોયનાં ! વામહસ્તમાં એક જૂનું પાનું સડી ગએલ લાંબુ લચક જેવું ટીપણું હતું, કપાળે કેટલાક કંકુને બગાડી નાંખ્યો હતો, શિર પર–લાંબા–કોરા પતકોળા જેવી પાઘડી તે જાણે દાણા ભરવાના જૂના જમાનાના માપ જેવી લા-

ગતી હતી. આ વિચિત્ર મૂર્તિઓને જોઈ આખી કોર્ટને અનેકાનેક તર્ક વિતર્ક થવા લાગ્યા કે! આતે શું કાળભૈરવ કે મૃત્યુ લોકના ભીખ માગુ ભૂદેવો? અમારા સ્વર્ગિય સમાચાર દાત્તા જેવાઓએતો આ સાક્ષાત! બ્રાહ્મણીને પેટે જન્મવાથી નામ માત્રના બની બેઠેલા લાડુ ભટ્ટોને જોતાંજ શોર બકોર મચાવી મૂકયો. આખરે માન્યવર જ્યુરરો તથા નામદાર ચીફ ઓફ જસ્ટીસને શાન્તિ પથરાવવા માટે સ્વર્ગીય સિપાઈઓને ઓર્ડર કરવો પડયો.

નામદાર ચીફ ઓફ જસ્ટીસે જ્યુરરો સાથે મસલત કરતાં જણાવ્યું કે મારા ધારવા મુજબ આ કેસમાં સ્વર્ગસ્થ મહાત્મા પરશુરામ તથા જયચંદ્રની સાક્ષીની વધારે અગત્ય જણાય છે. જ્યુરરો સંમત થવાથી આ મહાત્માઓને બોલાવવામાં આવ્યા અને પ્રથમ તેમનીજ સાક્ષી લેવી શરૂ કરી.

ફરિયાદી તરફના સાક્ષીઓ.

મહાત્મા પરશુરામ———હું જમદગ્નિ ઋષિનો પુત્ર પરશુરામ હાલ મુક્તાત્મા! મહારાજા રામચંદ્રજીની પણ પહેલાં હું મૃત્યુલોકમાં હતો. ક્ષત્રિય સહસ્રાર્જુન સાથે મારે યુદ્ધ થયું હતું. પરન્તુ તેનું કારણ તેની અનીતિમાન માગણી અને અધર્મયુક્ત વર્તણુંકજ હતી. તે સમયમાં આજે જેમ મૃત્યુ લોકમાં હજારો બલકે લાખો ન્યાતો પેટા ન્યાતીઓ છે તેમ નહોતું. પરન્તુ ચાર જાતિ હતી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર. તે વર્ણને નામે ઓળખાતી. બ્રાહ્મણ ને 'શર્મા.' ક્ષત્રીય ને 'વર્મા' વૈશ્ય ને 'ગુપ્ત' અને શૂદ્રને "દાસ" એ ચાર 'ડીગ્રીઓ' હતી અને તે 'ડીગ્રીઓ' ગુરૂઓ વિદ્યાર્થીના ગુણ, કર્મ, સ્વભાવ જોઇને આપતા હતા. અને આ ચારે વર્ણોને માટે સતશાસ્રોમાં નિયમો બતાવ્યા છે. તે પ્રમાણે ધર્માનુસાર તેઓ વર્ત્તતા હતા. યોગ્યતા પૂજાતી હતી. આજની માફક જન્મથી જાતિ ગણાતી નહિ હતી. અને અયોગ્યનો સત્કાર થતો નહિ હતો. મ્હેં **એકવીસ વખત નક્ષત્રી કરી.** તે વાત અત્યુકતિથી રહીત નથી. દુષ્ટોને દંડ દેવો એ સત્ય; પરન્તુ એક ગુન્હેગારને બદલે બીજા નિર્દોષોને મારી નાખવા જેવું કાળું કર્મ હું કરૂં એ વાત સર્વથા અસત્ય છે. સરસ્વતિદેવી (વિદ્યા) ના ઉપાસકોજ સારસ્વત, તેથી મહાન વિદ્વાન બ્રાહ્મણ (ગુણ, કર્મ, સ્વભાવથી) હોય તેજ સારસ્વત કહેવાતા. તે તેના નામપરથી સિદ્ધ થઈ શકે તેવું છે. કોઈ પણ નામ હેતુ રહિત અર્થ સિવાય હોતું નથી. વળી આજની માફક જન્મમાં શ્રેષ્ટતા ન હોવાથી

આ ચારે વર્ણોમાં અરસ્પરસ ખાવાપીવામાં કશો **આભડછટ–વટલાળ** ગણાતો નહિ. રસોઇનું કામ **શૂદ્રો** કરતા. **ક્ષત્રિયની** કન્યાઓ **બ્રાહ્મણો** લેતા. અને **બ્રાહ્મણોની** કન્યાઓને પણ કવચિત કવચિત **ક્ષત્રિઓએ** લીધાના દાખલા પણ મળી આવે છે, તો પછી અભડાવાનું રહ્યુંજ કયાં ?

(મી. સત્યજીત તરફથી) ઊલટ પાલટ તપાસ.

મ્હેં એકવીસ વાર નક્ષત્રી કરી તે ખરી વાત નથી. નવરાત્રિમાં માટીના ઉલકા લઈ છિદ્રો પાડી વચમાં કોડીયું રાખી ફરતી નાની બાળકીઓ ગાય છે કે " **એકના એકવીસરે ગોરી ગરબો આવ્યો.** " તે જેમ અર્થ રહિત છે, તેવીજ રીતે **સહસ્રાર્જુન** સાથેના મારા યુદ્ધમાં મારો પ્રકટી નીકળેલ ગુસ્સો અગ્નિ સમાન હોય અને તે પરથી જો એમ કલ્પિ લીધું હોય તો તે ઉપરોક્ત નાની બાળકીઓના અયથાર્થ ગીતો જેવું અર્થ રહિતજ છે. **બ્રાહ્મણોએ** આ **લોહાણા-ક્ષત્રિઓને** સંતાડયા અને હું પહોંચ્યો અને ખાત્રી કરવા માટે મ્હેં તેઓને કહ્યું કે " જો આ (ક્ષત્રિયો) **બ્રાહ્મણો** હોય તો જમો તેની સાથે " આ વાત તદ્દન મિથ્યા છે. તે વખતે રોટી વ્હેવાર તો શું પણ બેટી વ્હેવાર પણ હતો. તો પછી આ પ્રશ્નજ તદન કઢંગો થઇ પડે છે. અને એની મેળે એ પ્રશ્નનું ખંડન થઇ જાય છે. મને 'ઇશ્વરના અવતાર' તરીકે મૃત્યુ લોકની પ્રજા માને છે, એ મને ખબર નથી. અને જો ખરેખર તેવીજ તેની માન્યતા હોય તો એથી વધારે બીજું મારૂં અપમાન હોઇ શકેજ નહિ. અને આ તેની માન્યતાજ ઉપરોક્ત ના પાયાદાર દલીલને અસત્ય ઠરાવવાને પૂરતી છે. શું હું ઈશ્વર છું. તો એટલું પણ મને જ્ઞાન ન હોય કે આ છુપાયેલા ક્ષત્રિઓ છે? આથી તો તેણે મને અધિક અજ્ઞાની અને એ મહાન પિતા પરમાત્માની શક્તિને પણ હલકી દેખાડવા જેવું કીધું છે. પરન્તુ તેવું કંઈ હતુંજ નહિ. એ સમયના શુદ્ધ **બ્રાહ્મણો** આખા વિશ્વને વંદન કરવા યોગ્ય હતા, પરન્તુ આવી ગાથાઓ તે આ ભિક્ષુક ભક્ષકોનું અજ્ઞાની સમૂહમાં અગડં બગડં ઢોલકી વગાડવાનું સાધન માત્ર છે. આજે 'લાગા–ટેક્સો–કરો' તે અમુક કોમ પર હોવાનો જો આ ભૂદેવો દાવો કરતા હોય તો તેને હું સ્પષ્ટ અનીતિવર્ધક માનું છું, મારા ધારવા મુજબ તો આપનાર અને લેનાર બંને સરખા એ શર્મ છે. **લોહાણા** કોમ એ ક્ષત્રિયોનો સમૂહ છે. પરન્તુ આવા નઠારા પ્રકારનાં બંધનોથી તેમનામાં તે તેજનો લોપ થઇ જાય એ સ્વાભાવિક છે. મારા સાંભળવામાં-યા કહોઁ કે પ્રજ્ઞા ચક્ષુથી જાણવામાં આવ્યું છે કે હજી પણ તે **લોહાણા** કોમમાં કેટલાક જન્મથીજ ખરાબ વાતાવર-

ણુમાં ઉછરેલા; લાલીયા જમાલીયા, કેટલાક દયાળુ વૃત્તિવાળા, સાદુભાઈની માફક, આ લાગા–ટેક્સોના માટે એક બીજાને ટેકો આપતા રહે છે. એ ઘણો શોક પ્રદ વિષય લેખાય. જોકે આજે લોહાણા કોમમાંથી મોટા ભાગ દિવા જેવું સમજે છે કે આ ‘ લાગા–ટેક્સો ’ જાતિને શરમાવનારા છે. તો પણ કેટલાક હઠાગ્રહી–પરોપકારે પાંડિત્યમ્ દર્શાવવાની; અને ‘પારકા છોકરાને જતી કરવાની ’ સારી રીત શીખેલા હોવાથી આ ભૂદેવ ! ભમ્રદેવોને સારૂં લગાડવા બીજાઓને ભભુતિ ચોળાવે છે. ફાયદો શું ? “વાહ વાહ ! ને ખોટી કીર્તિ.” જે ગુણ જેમાં ન હોય તે તેમાં ગુણ હોવાની ગમે તેટલી શ્રદ્ધા હોય તોપણ તે આવી શકે નહિ.

મહારાજા જયચંદ્ર———મ્હારૂં નામ મહારાજા જયચંદ્ર. હું એક વખતે સમગ્ર આર્યાવર્ત્ત નો નરેશ હતો. ક્ષત્રિય–રાઠોડ કુળમાં અવતર્યો હતો. મ્હારા વખતમાં લોહાણા, લુશાણા કે લુહાણા એવી કોઈ પણ ન્યાત,–સમૂહ તરીકે પ્રસિદ્ધિમાં નહોતો. મ્હારા તાબાના પ્રદેશમાં મોટા મોટા અધિકારો પર બહુધા મારા કુટુંબીઓજ હતા. તેઓ મને વફાદાર હતા. મ્હેં યજ્ઞ કર્યો હતો પરન્તુ દાન લેનાર બ્રાહ્મણોની અપૂર્તીમાં મ્હેં મારા ભાઇઓને દાન લેવા આગ્રહ કર્યો તે વાત તદન ખોટી અને ઉલટી મારી બદનક્ષી કરવા જેવી છે. શું હું એટલું પણ ન સમજી શકું કે આવું નિન્દિત કર્મ તે ઈશ્વરની આજ્ઞાનું ઉલ્લંઘન કરવા જેવું છે. અગર જો તેમ મનાય તો ક્ષત્રિયના ધર્મથી હું તદન અજ્ઞાત હોવો જોઇએ. અને જો એમ હોય તો આર્યાવર્ત્ત જેવા વિશાળ પ્રદેશ પર અધિકાર ચલાવવાને યોગ્ય ગણાઉંજ નહિ. મ્હારા રાજ્યમાં હું એક ચોકસ બ્રાહ્મણનેજ ‘ રાજગોર ’ ઠરાવી માન આપતો આ વાત મિથ્યા છે; પરન્તુ વિદ્વાનોજ પૂજાતા હતા. એટલે વિદ્વાનોનોજ સત્કાર થતો હતો. અને તેમાં પણ જે મહાન તત્વજ્ઞાની બ્રાહ્મણ હોય તેની પાસેજ અમારા કુટુંબમાં સર્વ સંસ્કારો કરાવવામાં આવતા હતા. અને તે કાર્ય નિમિત્તે યથાશક્તિ યજમાનની ઇચ્છા મુજબ તેને દક્ષિણા અપાતી હતી. પરન્તુ આજના માફક અમુક પ્રકારના લાગા વગેરેના ધુર્ત્તતા ભરેલા પ્રપંચો તો નહીંજ હતા. અને તે ખરા બ્રાહ્મણો કે જેને માટે મને માન છે તેણે કદી પણ યાચના કરી નથી. યજમાનનું શ્રેય સમજનારા તે ગુણ, કર્મ, સ્વભાવે શુદ્ધ બ્રાહ્મણો હતા.

“ ઊલટ પાલટ તપાસ. ”

મ્હારા કુટુંબીઓ લાહોરમાં જઈ શા માટે વસ્યા? તેનો સ્પષ્ટ વૃત્તાંત કહેવાની હું જરૂર ધારતો નથી કારણકે આ બાબતની સાથે તેને કશો

સંબંધ હોય એમ હું માની શકતો નથી. દરેક મનુષ્યને પરમાત્માએ સ્વતંત્રતા બક્ષેલી છે. તે સ્વતંત્રતાનો સદુપયોગ કરવાને તે સત્તા ધરાવે છે. પૃથુરાજની સાથે મારે યુદ્ધ થયા પછી તેના પર પૂર્ણ વેર લેવાની તીવ્ર લાગણીઓએ મ્હારા મગજને ભ્રમિત બનાવી દીધું. અને તેથી ગુસ્સાના આવેશમાં ભવિષ્યના શ્રેયાશ્રેયનો વિચાર ન કરતાં મુસલમાન વિદેશી બાદશાહની મદદ લેવા યા કહો કે તેને મળી જઇ પૃથુરાજ પર વેર લેવા દીલ ઉશ્કેરાયું. આ મ્હારા અયોગ્ય વિચારો મ્હારા ભાઇઓને પ્રસન્ન નહિ પડયા. અને તેથી આ વિચારોમાં પ્રવૃત્ત નહિ થતા તેણે સ્પષ્ટ શબ્દોમાં મને વિનંતિ કીધી. પરન્તુ હૃદયમાં બળતી દ્વેષાગ્નિના બળે આ બાબત પર લક્ષ ન આપ્યું અને ઉલટું તેઓની રાજ્યભક્તિ પર કંઇક મગજ શંકાશીલ બન્યું. આવી કંઇક હકીકત તેઓના જાણવામાં આવતાં તેમાંના કેટલાકે રાજ્યધાનીના શહેરથી પૃથક રહેવા યોગ્ય વિચાર્યું અને તેની વૃત્તિને માન આપવામાં મ્હેં કશો વાંધો લીધો નહિ. પણ ઉલટું તેઓને ચોકસ સ્થળ (લાહોર) નિવાસ કરવાને માટે આપ્યું. હવે આથી સમજાયું હશે કે મ્હારા ભાઇઓ સાથે જમવા બાબતમાં મ્હારે કલહ ઉત્પન્ન થયો તે મિથ્યા વાત છે. કોઇ બ્રાહ્મણ 'દસોંદી' તરીકે ઓળખાતો મ્હારા રાજ્યમાં હતો નહિ. પરન્તુ હા ! ઘણા વિદ્વાનો હતા. જ્યારે મને તથા મારા કુંટુંબીઓમાં પ્રત્યક્ષ આવા જમવા જેવાં કાર્યથી કલહ બીજ નથી રોપાયું તો પછી બીજી બધી લાગા-ટેક્સ રૂપી નફટાઇ ભરેલી કલ્પિત રેતીની ઇમારતો સત્યતાના સુદ્રઢ પાયા વગર એની મેળેજ જમીનદોસ્ત થઇ જાય છે. લાહોરમાં મ્હારા બન્ધુઓ-સંબંધીઓ રહ્યા; પછી ઉત્તરોત્તર સિન્ધમાં પ્રસર્યા, ત્યારપછી કચ્છ, કાઠીયાવાડમાં ઉતર્યા હોય તો તે સંભવિત છે. તો પણ તેથી આ મૂળ મુદ્દાને જરા પણ અનુમોદન મળી શકતું નથી. મ્હારા સમય દરમ્યાન બ્રાહ્મણો અને ક્ષત્રિયોમાં 'રોટી વ્હેવાર' હતો. એક જાતિ યા સમૂહ પોતાનો નિર્વાહ બીજી જાતિ પર કરવા માગે, અથવા તો એક જાતિ બીજી જાતિ પર બોજા રૂપ થઇ પડે તો તે બોજાથી પેલી જાતિ કચડાઇ જઇ મરણ શરણ થઇ જાય. આવા પ્રકારની અયોગ્ય રૂઢી રૂપી સાંકળમાં જકડાયેલા અમારા બન્ધુઓ આજે સ્વપ ગું વીસરી ગયા છે. એ જોઇ મને અત્યન્ત ગ્લાની ઉત્પન્ન થાય છે. જ્યાં આવા નાલાયક 'નિરક્ષરો' નો સત્કાર થાય તે જાતિની, સમાજની તથા દેશની અવનતિની સાથે વિદ્યા પણ વટાઇ જાય. એ તો પ્રત્યક્ષ સિદ્ધ છે. મ્હારા ભાઇઓએ આ બ્રાહ્મણોને લેખો કરી આપ્યા તે તદન મિથ્યા જૂઠાણું છે.

(આટલું કામ ચાલ્યા પછી કોર્ટ ઉઠી હતી. અને કેસ આવતી કાલ પર રહ્યો હતો. તે સમય દરમ્યાનમાં તો ફરિયાદી ભૂદેવો તરફના બીજા મૃત્યુલોકના સાક્ષીઓ મહારાજા વિષ્ણુની કૃપાથી સ્વર્ગમાં હાજર થઇ ગયા હતા.)

(બીજો દિવસ) ફરિયાદી તરફના સાક્ષીઓ. (ચાલુ)

મી. જદો———હું નાતે લવાણો છું, જહાનમપુરમાં રહું છું. અમારા ગામમાં 'સારીસને પાંસ (પીસતાલીસ) ખોરડાં' લુહાણાનાં છે. તેમાં હું પટેલ સઉં. હું પથ્થરમાં શરીર પછાડીને મારી રોજી મેળવું છું. (આ જાલીમ જદો તો સ્વર્ગીય કોર્ટની શોભા જોઇને દીગમૂઢ બની ગયો. પોતાના ઘરમાં ફરનીચરમાં બહુ તો ૧૫-૨૦ હાંલ્લાં હડીયું કાઢતાં હતાં ને અહીં તો સ્વપ્ને પણ ન અનુભવેલું નિરખ્યું.)

ફરિયાદી 'સારસતોને' અમે ગોર કહીએ છીએ. અમારી ન્યાતમાં મરણે પરણે તેને અમે તેને તેડાવીએ છીએ, તે અમારી પાસેથી 'લાગા-દાદ' લીએ છે. સરાવે છે, તે અમને યજમાન કહે છે, અમારી ન્યાત આખા તેઓને ગોર કહે છે.

ઉલટપાલટ તપાસ———હું જ્યાં રહું છું તે જહાનમપુર ગામમાં અમારી ન્યાતમાં બે 'તડાં' છે. અમારા ન્યાતીલા આખા દેશમાં કેટલા છે? તે હું જાણુતો નથી. આખી ન્યાત હવે આગળના જેવું ગોરોને માન આપે છે કે નહિ તે મને ખબર નથી. પણ અમારા ગામમાં તો અમે કાણા જોશીને માન આપીએ છીએ. હું જહાનમપુરની બહાર આખી જીંદગીમાં ચાર પાંચ ગાઉથી દુર વધારે ગયો નથી. જોયું નથી. મને 'પટલાઇ' મ્હારા ડાડા પરડાડાથી ચાલી આવે છે. તેથી હું પટેલ છું ને ન્યાતીલાઓ પણ મને પટેલ કહે છે ને મારી બાઇડીને પટલાણી કહે છે. આખી દુનિયા કહે છે કે બ્રાહ્મણો આપણા ગોર થાય તેથી હું પણ કહું છું. એ ગોરો અમારી સાથે વટલ્યા. પરશુરામે નક્ષત્રી કીધી તે દિવસે અમને બચાવ્યા છે એમ કહે છે. તે અમે માનીએ છીએ. મારો દીકરો વાંઢો છે તેને ક્યાંક ચોકઠું બેસાડી દેવાનું મોદકાનંદે વચન આપ્યું છે ને તેથી હું અહીં સાક્ષી પૂરવા આવ્યો છું. તે વાત ખોટી છે. (અહીંઆં મી. સત્યજીતે આ પાંસો પટેલ કેવી 'કોન્ડકટ'નો અને રીસ્પેકટેબલ માણસ છે તે કોર્ટને ખાત્રી કરાવવા કેટલાક તેનાં કુંટુંબના કૂકર્મો સંબંધમાં સ્વાલો પૂછ્યા હતા. શરૂઆતમાં નામદાર ચીફ઼ ઓફ઼ જસ્ટીસે આવા સ્વાલો પૂછવાની અટકાયત

કરતાં મી. સત્યજીતે સભ્યતાપૂર્વક ખુલાસો કીધો કે " આવા સ્વાલોથી નામદાર સ્વર્ગીય કોર્ટને હું એ બતાવવા માગું છું કે લોહાણા કોમમાં આ એક આબરૂદાર ગૃહસ્થ નહિ, પણ ભાડુતી સાક્ષી છે, અને લોહાણા કોમને દુષિત કરનાર એક અંગારીઓ છે.)

મ્હારા કાકાની દીકરીની ઉદરાગ્નિ શાન્ત કરવાને એક ખોજાએ મહેનત કરી હતી; તે વાતની મને ખબર નથી. જો એમ હોય તો હાલ તે 'ઘરઘી' ગઇ છે તે રાખનાર ધણી તેને કેમ રાખે ? અમારા ગામમાં કેટલાક એવા પણ 'લવાણા' છે કે પરણ્યા પહેલાં 'ઘરઘીજ' લીએ યા ઘરઘવાની કડાકૂટ પણ ન કરતાં ઘરમાં બેસાડી દીએ. મ્હારા કાકાની દીકરી બે છોકરાં મૂકીને ત્રણ વર્ષ જરા ફરતાં ફરતાં સંસાર સુખો લેવા ભાગી ગયેલ તે પાછી આવ્યા પછી એક લોહાણાના ઘરમાં બેઠી. આ વાત સર્વથા સત્ય નથી. એમાં અમને શરમ જેવું હોય કે નહિ તે મારે કહેવા જરૂર નથી.

લગ્ન ક્રિયા, પુનરલગ્ન ક્રિયા, અંત્યેષ્ઠી સંસ્કાર શાસ્ત્રની રીતિએ બીજા થતા હોય તો તે હું આજે અહીંજ સાંભળું છું. અમારે તો અમારો ગોર કહે તે **"બ્રાહ્મણના વચને ને સુરજની સાખે."** સાચું માનીએ. સરાદમાં (શ્રાદ્ધ) તો ખાસ ગોરોને અમારે જમાડવા જોઇએ અને મરી ગયા પછી અગીયારમા, બારમા, નું 'મારતાન' કરવું જોઇએ. એમ બાપદાદાથી ચાલ્યું આવે છે. તે વિચાર સારો હોય કે ખોટો તે વિચાર કરવાનું અમારૂં કામ નથી. ! પણ બધું કરી મૂકયું છે નાં ! મ્હેં આજ દિવસ સુધી એક પણ ચોપડી ઉથલાવી આંખને તસ્દી આપવાનું પાપ વેરી લીધું નથી. પટલાઇ કરવા ટાણે ગંડ સ્થળ નીચે ખાસો મજાનો 'અઢીવટો' નાખીને રાવણની સભામાં જેમ પૂછડાંનું આસન બનાવી હનુમાનજી બેસતા હતા તેમ ન્યાત વચ્ચે ઉંચે બેસણે બેસું છું. **"બ્રતાં મારૂ કામસે."** અમે લોવાણા કહેવાઇએ છીએ. પણ કોણ છીએ? પ્રથમ કોણ હતા ? તે મને ખબર નથી.

બીજા સારસ્વતો દુનીયામાં કેટલા છે તે મને ખબર નથી હું તો અમારા ગોરને ઓળખું. તે કાણો જોશીરાજ મારે ઘેર આવે છે મને હોકો ભરી દીએ છે. ગામની ન્યાતની નવા જૂની કહે છે. તેમાં તેનો શું સ્વાર્થ છે તેમને ખબર નથી. હા. મ્હેં કેટલાક પાસેથી તેના લાગા દાદો દમ દઇને પણ અપાવ્યા હશે. મારી પટલાઇ જો કોઇ આંચકી લીએ (છીનવીલે) તો "કસી" (પથ્થર કાઢવાનું હથિયાર) થી તેનું માથું ભાગી ન નાખું ?!

નિરક્ષર ભૂદેવો લોહાણાઓ ઉપર કેટલો જુલમ કરે છે, તે તો તેનો હક્ક હોય તે કરે પણ મને ખબર નથી.

શ્રી. મહેતા———હું ભઠીયારખાનાનો ધંધો કરૂં છું. નાતે લુહાણો છું. હું કાંઈ અમારી નાતનો સેઠીઓ નથી પણ મારા સનાતનધર્મના ગંભીર જ્ઞાનના પ્રતાપે મને મદનપુરના નાતીલા માન આપે છે. હું આ વાદીઓને જાણું છું તે અમારા ગોર થાય. "સમાચાર"ના અંકમાં "અજબરંગ" ના હેડીંગ નીચે પ્રકટ થયેલી લાઇબલની બીના મ્હેં વાંચી છે. હુ તે છાપું ખરીદ કરતો નથી પણ કયાંકથી મફતનું વાંચવા મળે તો મારા સનાતન ધર્મને અનુસરી વાંચતાં ભુલું નહિ. જેવું માન હું બીજા બ્રાહ્મણોને આપું છુ તેવુંજ આ મ્હારા ગોરોને પણ આપું છું. લાઇબલવાળી બીના છપાયા પછી મ્હારો તો નહિ પણ અમારી ન્યાતના લોકોનો પ્યાર કંઇક આ ગોરો પરથી ઉતરી ગયો હોય તો તેમ થવું સ્વાભાવિક છે. કોઇ ગામમાં મરનારની બારમી, તેરમી તિથિએ આ ભૂદેવો પીરસ્યાં (રાંધ્યું અનાજ) લીએ છે. અને તે પણ વળી એકના એકવીસ કરે તેમ પોતાના મરી ગયેલા ડાડા, પરડાડા. અને બહારગામ વસ્તી દીકરીઓના પણ નામ ચડાવી પીરસ્યાં લઇ જાય છે. એમ ક્યાંઇ થતું હશે ખરૂં પણ મને ધ્યાન નથી. મૃતક શ્રાદ્ધમાં પિંડ મૂકવા વખતે 'ધડાને કોડીઆ' સારૂ આ ભૂદેવો તકરાર કરે છે એવું બનતું મેં જોયું નથી પણ સાંભળ્યું હશે. જોવાની ઇચ્છા પણ કરૂં નહિ કારણકે બ્રાહ્મણની વાત કરવાથી નર્કમાં જવાય એવો સનાતન ધર્મ છે. તેઓ અમને સામા મળે તો મહારાજ પગે લાગીએ એમ કહીએ છીએ ત્યારે મહારાજ કહે છે કે યજમાન ચીરંજીવ! એ ગોરો અમને ધર્મનો ઉપદેશ કરતા નથી. અમારા શુભાશુભ પ્રસંગે આ ગોરોના અમારા પર હક્કો છે. તે કોના, કેટલા વખતથી ને શા માટે કરી દેવામાં આવ્યા છે તે હું કહી શકું નહિ પણ તે 'દાદો' બધા તેઓ લીએ છે. બધા આપે છે કે કેટલાક નથી આપતા તેમને ખબર નથી. અમારા ગામમાં તો બધા આપે છે અને ન આપે તો અમારા ગામનો 'રવો પટેલ' ફોર્સ કરીને પણ અપાવે છે. પટેલનો હોકકો તે ગોરો ભરી દીએ છે તે વાત ખરી પણ બીજી શું ખુશામત કરતો હશે તે મને ખબર નથી. છાપામાં બીજા પણ લેખો સારસ્વતોને શીખામણ આપવા માટે કટુ ભાષામાં આવતા હશે તે કળજુગનોજ પ્રતાપ હું લેખું છું અને કળજુગમાં તેમ બનશે એમ સનાતન ધર્મ ઢોલકી બજાવીને કહેછે. એ છાપું લુહાણો કાઢેછે. સારસ્વત નહિ. લોહાણામિત્ર કોઇએ ભેવું નહિ. એવો ઉપદેશ કરતાં મ્હેં ભૂદેવોને સાંભળ્યા નથી. લુહાણાની સંખ્યાનો

આંકડો કેટલો થાય છે તે મને ખબર નથી. આ અમારા ગોરો કંઇ જુલમ કરતા નથી જુલમ શાનો? બાપડાઉથી તેના લાગાઓ અમારા ઉપર કરી મૂકેલા છે તે આપવાજ જોઇએ. ખંભાળીયાની નિરાશ્રયી ડોસીના મૃત્યુની મૃતક ક્રિયા કરાવનાર તેના જામાત્રપર સારસ્વતોએ શું જુલમ ગુજાર્યો તે મને ખબર નથી. "આ તમારા નિરક્ષર ગોરોમાંથી કોઇક તમારી દીકરીઓનાં પણ દલાલાં કરે છે કે નહિ ?" (આ સ્વાલનો જવાબ સનાતનધર્મના દંભી ડફાંસીયાએ પાધરો ન આપવાથી નામદાર ચીફ ઓફ જસ્ટીસે ધમકી આપી કે જો સાક્ષી સીધો જવાબ નહિ આપે તો તેને રૂા. ૫૦) દંડ ઉપરાંત સનાતન ધર્મમાં બતાવેલા 'રૈરૈ નામના નર્કમાં મોકલવામાં આવશે. હવે અહીં આ સ્વાલનો જવાબ પ્રથમ સીધો ન આપ્યો તેનું કારણ એ હતું જે આ જ્ઞાતિદ્રોહી નરાધમી પણ એવાં કાળાંકૃત્યોનો ભાગીદાર બની પૈસા પડાવતો હતો. અને એજ તેનો આંતરિક ધંધો હતો.) મ્હારા ધારવા પ્રમાણે ક્યાંક કોઇ તેમ કરતો હશે. આ પ્રમાણેના સ્વાલોનો જવાબ આપતાં હું અચકાઉં છું તે એવી ધાસ્તીને લઇને નહિ કે મુઆ પછી મને કુતરાં બિલાડાંનો અવતાર મળશે. (જો કે અમારા સનાતનધર્મમાં તો તેમજ લખેલું છે.) આજે લોહાણા કોમમાંથી કેટલોક ભાગ આવા લાગા ત્રાગા લઉ નિરક્ષર નમુનાઓને એક જ્ઞાતિને શ્રાપ સમાન અને બોજારૂપ માને છે કે નહિ ? આ સ્વાલના જવાબમાં સાક્ષીએ કહ્યું કે અમે તેમ માનતા નથી (ચીફ ઓફ જસ્ટીસે ફરી કહ્યું કે જો સ્વાલનો જવાબ પાધરો નહિ આપવામાં આવશે તો જેઇલમાં મોકલશું) ત્યારે જવાબ આપ્યો-કેટલાક લોકો તેમ માનતા હશે તો તે ધર્મભ્રષ્ટને સુધરેલા હશે. મને આ અમારા ગોરો તરફથી કંઇ લાલચ આપવામાં આવી નથી, મી. મોદકાનંદ પાસે તો મ્હારા પોતાના કામ માટે હું ગયો હતો. મ્હેં પહેલાં પોલીસમાં ડીટેકટીવ તરીકે નોકરી કરેલી છે એમ કહી હું બીજા અજ્ઞાન માણસો સમક્ષ મારી બડાઇ બતાવું છું તે ખોટું છે અમારા ગામમાં ૫૦ વરસથી ત્રણ તડાં છે તે ત્રણે તડાંમાં હું નથી.

કમળી કાકીનો કીકો———હુ જાતે લોહાણો, મ્હારૂં નામ કીકો ઉર્ફે ધમંડીલાલ છે. મ્હારો એક પિત્રાઇ ભાઇ છે તે સુદામાપુરીમાં દારીયા–કુરમરા વ્હેંચે છે. મ્હારી માનું નામ કમળી (કોર્ટે પિતાનું નામ જણાવવાનું કહેતાં) મ્હારા પિતાનું નામ કચરો. હું મ્હારા નામને પછવાડે 'વર્મા'નું પૂછડું લગાવું છું. મારફતીયાનો ધંધો કરૂં છું. છાપામાં રદ્દી સ્ટેમ્પો ખરીદ કરવાની એજન્સી ખોલી છે તેવી જાહેર ખબરો આપું છું.

સારસ્વત બ્રાહ્મણો ભણેલા હોય યા અભણ હોય તોપણ તે અમારા ગોર કહેવાય છે. હું મ્હારી ન્યાતમાં શેઠીઓ નથી. દુષ્ટ દલાલીનાં કર્મો કરી હરામનાં ખાવાનો ધંધો યા વિશ્વાસઘાત હું કરતો નથી. લોહાણા સિવાય બીજી જાતિ સારસ્વતોને ગોર માનતી હશે પણ ચોક્કસ ખબર નથી. મુંબઇમાં એક ગરીબ લોહાણાને એક સારસ્વતે તદ્દન લુચ્ચી અને બદ ચાલની સ્ત્રી સાથે પુનર્લગ્ન કરી આપવા નિમિત્તે છેતરી પૈસા લુંટી લીધા તે હું જાણતો નથી. મુંબઇમાં તારદેવ પર "સુંદરી વિલાસ" હોટલની મને ખબર નથી. તે રાંડીરાંડ લોહાણી તથા તેની દીકરી પોરબંદરનાં છે કે ક્યાંના વતની છે તે મને ખબર નથી. મ્હારા દારીયા કુરમરા બ્હેંચતા ભાઇનું ક્યાંય પણ સગપણ કરી દેવાની આ ભૂદેવે લાલચ આપવાથી હું અહીં સાક્ષી પુરવા આવ્યો છું એ વાતની હું સાફ ના પાડું છું. કોર્ટમાં જૂઠું બોલવાથી શિક્ષા થાય છે એ વાત મારા ધ્યાનમાં છે. સારસ્વતો અમારા સાથે બેસીને જમે છે. ગાંજો, ભાંગ, ચડસ, બીડી, તમાકુ પીએ છે તે મ્હેં નજરે જોએલા છે. કહે છે કે સો દોઢસો વર્ષ પહેલાં આ ભૂદેવોથી ડર ખાઇ લોહાણાઓ ચોરી છુપીથી લગ્ન કરી આવી કન્યા ઘરમાં ઘાલી દેતા હતા એવો બ્રહ્મરાક્ષસોનો ભય હતો. તેમ સાંભળીએ છીએ પણ નજરે જોયેલું નથી. ઘણી વાર તેમને વિવાહમાં લાગા-ટકા સારૂ તકરાર કરતા જોયા છે. વિવાહ સંસ્કારમાં તેઓ એકાદ શ્લોક બોલે છે. બાકી બહુ તો 'શુભં ભવતુ વિષ્ણું ભગવાનં હરિ' એ શબ્દ મુખ્ય સાંભળીએ છીએ. બાકી તો કહે છે કે 'ગાંઠ ગાંઠને આશરે' ચાલે છે. બીજી કઇ રીતે વિવાહ થાય છે તે મને ખબર નથી. હું 'પરણેલો' નથી પણ 'ઘરઘેલો' છું. પ્રથમથીજ પરણેલ નથી પણ કુંવારા 'ઘરઘેલ' છું. ભદ્રાસણ સારૂ થઇને કોઇ વખતે આ ભૂદેવો વરકન્યાના ગાડાં આડા પડે છે તેવું મેં ભાણવડને પાદર જોયેલું ખરૂં. કોઇ લોહાણો મરણ પામે છે ત્યારે અમારા ગોરો આવે છે ને માલ મલીદા જમી મન માનતા પૈસા પડાવે છે. સુદામાપુરીમાં એક બુઢ્ઢો મરતાં પટેલીયા થાનાઇ અને ગોરો વિગેરેને આપસઆપસમાં 'ઘડાને કોડીઆં' સારૂ ખટપટ થતી મ્હેં સાંભળી છે. મરેલાનું શ્રાદ્ધ કરવું કે જીવતાનું શ્રાદ્ધ તેજ સત્યશ્રાદ્ધ તેમાં હું કંઇ જાણું નહિ. બાપદાદાથી ચાલ્યું આવે છે તેમ "સૌની રીતે રીત." અમે પણ કરીએ છીએ.

ઊંલટપાલટ તપાસ—કોઇ પ્રતિષ્ઠિત મનુષ્ય પાસેથી રદી સ્ટેમ્પો મંગાવી તેના પૈસા હોઇઆં કરી ગયો નથી. 'વર્મા' શબ્દનું રહસ્ય હું

સમજતો નથી પણ કંઇક મને ઠીક લાગ્યો ત્યારે મ્હેં લગાડી દીધો. જાહેર ખબરો આપું છું પણ વિશ્વાસ રાખનારનો મ્હેં ઘાત કર્યો નથી. સ્ટેશન માસ્તરોની કૃપાથી સ્ટેશને ઉતરનાર માલ અનાજ વિગેરેમાંથી નળી નાંખી થોડું થોડું હું કાઢી લેતો નથી. “ આઠ રૂપીયાના માલનો એક રૂપીયો થાય છે મરજી પડે તો લો નહિ તો સબ સ્વાહા.” એવું મ્હેં કીધું નથી. સારસ્વતો અમને ધર્મનો ઉપદેશ કરતા નથી. અમે ફક્ત એટલુંજ જાણીએ કે અમારા ગોરને અમારે આપવું. તેઓના લાગા-ટેક્સો ક્યાંથી થયા? શા કારણથી થયા ? તે સંબંધમાં મને ખબર નથી. પણ તેઓ કહે છે કે “અમે તમને મરતા બચાવ્યા” કોઇ પણ તામ્રપત્ર પર લેખ અમે જોયો નથી. આ ગોરોમાં કેટલાક બદચાલના દંભી ને સ્વાર્થી પણ હશે કોઇ સારસ્વતે યજમાનના ઘરમાંથી ચોરી કરી હતી તે મને ખબર નથી. સલાયામાં મુસલમાની ને આફ્રિકામાં મોચી જેવી ગણાતી અનાર્ય સ્ત્રીઓ સાથે આ ભૂદેવોમાંથી કોઇએ આડો વ્હેવાર રાખ્યો હશે તે વાત મ્હેં સાંભળી છે.

એક યજમાનને ઘરે ‘ માસ્તાન ’ જમતાં બે તડના ભૂદેવો ધોકા લઇને ધમારવા ઊડયા તેમ સાંભળ્યુ હતું. અસલ અમે ક્ષત્રિઓ હતા અને સારસ્વત ગોરોના લાગા-દાદો તો પુરાતન કાળથી ચાલ્યા આવે છે (મી. સત્યજીતે પૂછ્યું કે તમારા સમુહનું નામ લોહાણા ફક્ત બેચાર સૈકામાંજ પડયું છે છતાં પુરાતન કાળની વાત ક્યાંથી લાવ્યા ?) ત્યારે સાક્ષી બોલ્યો કે—હું એમ નથી કહેતો પણ સારસ્વતો તેમ કહે છે. હું તો ભામણ જે બોલે તે બધું સાચુંજ માનું છું. જો ભામણના વચનમાં કંઇ શંકા કરીએ તો અમારો વિનાશ થઇ જાય. અમારા કુળનો ક્ષય થઈ જાય. અમે નર્કમાં જઇએ એમ તેઓ કહે છે. તેની સ્ત્રીઓ ગોરાણીઓને પણ અમે માન આપીએ છીએ. અમારી ન્યાતમાં ઘરઘરણું (પુનર્લગ્ન) થાય છે તેમાં પણ વિવાહ કરતાં અડધો ‘કર’ ભૂદેવો લે છે. ઘરઘરણું એટલે શું ? અને તેની વળી ક્રિયા કેવી ? તે મને ખબર નથી. એ ગોરોની વૃત્તિ તોડવાથી પાપ લાગે એમ મ્હારૂં માનવું છે. હાલમાં તેઓના બારામાં વિરૂદ્ધ લેખો છાપા દ્વારે મારા વાંચવામાં આવે છે પણ હું તેને સંમત થતો નથી. અમારી ન્યાતમાંથી ઘણો મોટો ભાગ આ ગોરોને માનતો નહિ હશે એ વાત ખરી હશે ગમે તેવો ગરીબ યજમાન હોય પણ જો ગોર તેને આંગણે જઇ ચડે તો તેને જમાડવોજ પડે. થોડાના જોગાણુ સારૂ યજમાનની સાથે તકરાર કરતાં મ્હેં ગોરોને જોયા છે. લો. સમાચાર તા. ૨૧-૧૧-૧૨

ના અંકમાં પ્રગટ થયેલું મ. ગરૂડનું લખાણ મ્હેં વાંચ્યું છે અને તેથી અમારી કોમની લાગણી આ ભૂદેવો પરથી કમી થઇ જાય એ સ્વાભાવિક છે. હું છાપું મંગાવતો નથી પણ આજુબાજુનાં ગામડાંનાં લોહાણાઓનાં હોય તે પરબારાંજ પોષ્ટમાંથી પડાવી લઇ ક્યારેક વાંચું છું.

૮૪ **બન્ધુઓ તરફથી પ્રતિનિધી**———અમે ક્ષત્રિય ! મહારાજા જયચંદ્રના કુટુંબી ભાઇઓ હતા. મહારાજા જયચંદ્રને પૃથુરાજ પર વેર લેવાની ધુનમાં સારાસારનો વિચાર ન સૂઝયો અને શાહબુદ્દીન ઘોરીને સ્વદેશ પર સ્વારી કરાવી 'દેશદ્રોહી' વિશેષણ વ્હોરી લીધું. આ તેના વિચારને અમે સંમત ન થવાથી અમે કનોજ છોડી ગયા અને લાહોરમાં રહ્યા. પરન્તુ અમોને કોઇ બ્રાહ્મણોએ બચાવ્યા અને તે બ્રાહ્મણોને અમે 'યાવત્ ચંદ્ર દિવાકરૌ' સુધી અમારી ભવિષ્યની પ્રજા; તેમાં પણ અમારી ગરીબ બાળાઓ પર 'દાદ–કરો' લેવાનો તામ્રપત્ર પર લેખ કરી આપ્યો તે તદ્દન ખોટું છે. અમારા વખતમાં કોઇ પ્રાંતમાં અવિદ્વાન બ્રાહ્મણને માન આપવામાં ન આવતું. અને શુદ્ધ બ્રાહ્મણો માનના લોભી નહિ હતા. અવિદ્વાનને શૂદ્રથી પણ પતિત લેખવામાં આવતા. સત્કાર વિદ્યાનો થતો હતો. નહિ કે જન્મથી બની બેઠેલા બ્રાહ્મણનો.

આ સાક્ષીઓ લેવાયા પછી વાદી તરફનો મુકદમો પૂર્ણ થયો.

મી૦ સત્યજીતે નામદાર ચીફ ઓફ જસ્ટીસને જણાવ્યું કે વાદીઓએ પોતાનો મુકદમો સાબીત કીધો નથી તેટલા માટે આ કેસ કહાડી નાંખવો જોઇએ. નોનશ્યુટ કરવાના કારણો કાયદાના દાખલા દલીલોથી કહી સંભળાવ્યા જેમાંનો ટુંક સાર નીચે મુજબ છે.

નોન શ્યુટની તકરારનો સાર.

પ્રતિવાદી મ. ગરૂડ તરફથી મી. સત્યજીતે જણાવ્યું જે " આ નિરક્ષર ભૂદેવો લોહાણા કોમપર કેવો જુલમ કરે છે અને કલ્પિત લાગાની લગનીમાં ક્યાં સુધી જહાંગીરી ચલાવે છે તે આપ નામદારની કોર્ટને તેના પોતાનાંજ ફરિયાદનામા અને તેમના તરફના સાક્ષીઓની પહેલી સુખ

જુબાની પરથી કાંઇક જાણવામાં આવ્યું હશે. હવે એવી રીતે આ પાખંડીઓ બીજી ગરીબ કોમ પર પોતાનો નિર્વાહ સરજાયેલો છે એમ જો મારી મચડીને પણ કહેતા હોય તો તે તદન અર્થશાસ્ત્રના નિયમ અને દુનિયાના વ્હેવારથી પણ પ્રતિકુળ છે. વાદીઓના લાગા-ત્રાગા પુરાતન નહિ પણ આધુનિક કાળનાજ ઘુસાડી દીધેલા છે તે તેઓના પોતાના સાક્ષીઓથીજ સાબીત થયું છે. હરકોઈ સમાજ યા વ્યક્તિની વિરૂદ્ધ લાઇબલ છાપવામાં આવ્યું હોય તો તેની નુકસાની ભરી લેવા યા શિક્ષા અપાવવા માટે પ્રથમ તેઓએ બતાવી આપવું જોઇએ કે તે બીના છપાયાથી તેઓની આબરૂને ફલાણી રીતે નુકસાન પહોંચ્યું છે. પણ આ મુકદમામાં આ નિરક્ષરા-નામધારી પાપોની ઇજ્જતને શું હાની પહોંચી તે તો જણાવવામાં આવ્યું નથી. આતો ફક્ત એક મશ્કરી યાતો કહો કે વ્યંગતામાં કહ્યું છે તે પણ કોન્ફરન્સના કાર્યવાહકોને સંબોધીને; પરન્તુ તેથી વધારે સખ્ત શબ્દોમાં લોહાણા કોમમાંથી કેટલાક સભ્યજનો-વિદ્વાનોએ આ હંસનાં પીછાં ખોસી કાગડા બનનાર ધૂર્ત પોપોનો ઝાડીઓ કાઢી નાંખ્યો છે તેને માટે તો એ લોકોએ ચું કે ચાં કર્યું નથી. તે વખતે આબરૂ કઇ ગુફામાં ગમન કરી ગઇ હતી? અને આ એક નજીવા શબ્દોને માટે તરણાનો મેરૂ કરી મુકયો છે તેનું કારણ મ્હારા કુળને દ્વેષભાવથી 'સરવીસ' માંથી 'ડીસમીસ' કરાવવો અને આપની અકૃપાને પાત્ર બનાવવો. આ સિવાય બીજું કંઇ જણાતું નથી. વળી તેના એક સાક્ષીએ જણાવ્યું છે કે 'છાપાઓ અમે વાંચતાજ નથી. ક્યાંકથી મફત મળે તો વાંચીએ." ત્રીજા સાક્ષીએ કહ્યું છે કે 'આ લખાણથી કંઇક લાગણી ઓછી થાય એ સ્વાભાવિક છે પરંતુ થઇ છે એમ નિશ્ચય પૂર્વક તો કહ્યુંજ નથી.

વાદીઓની આબરૂને કઇ રીતે નુકસાન પહોંચ્યું તે સાબિત કરી આપવાને તેઓ બંધાયેલા છે. લાઇબલની બીનાનો છેલ્લા ભાગ સખ્ત શબ્દોનો બનેલો છે એમ કહેવામાં આવ્યું છે પણ ખરેખર જોતાં તે લાઇબલ નથી.

"તમારૂંજ ખાઈ તમારૂંજ નખોદ કાઢનારા" હોળી દીવાળીએ નાઇ હમેશાં પવિત્ર રહેનારા "તમારી બ્હેનો દીકરીઓ પર લાગા-ટેકસાની જળો મૂકી રકત ચુસનારા." એ વાક્ય મધ્યે લાઇબલવાળી બીના છેજ નહિ, દરેક મનુષ્ય જે જાતિમાં જન્મ્યો હોય તે જાતિના શ્રેય માટે અને તેઓનું અનિષ્ઠ થતું હોય તો તે રસ્તામાંથી તેઓને સુમાર્ગે પ્રેરવાનો સંપુર્ણ હક્ક ધરાવે છે.

તેજ નિયમને સ્વિકારી આવા નામધારી બોજારૂપ નાદીરશાહોના અમાનુષિ કરોથી બચવા માટે અને સ્વજ્ઞાતિ બન્ધુઓનાં હૃદય ચક્ષુ ખોલવા માટે પૂર્ણ પવિત્ર લાગણીથીજ લખેલું છે. સારી નિષ્ઠાથી લખેલું છે. સત્યના રસ્તામાં કંટક પડેલાં હોય છે અને તેથી પ્રારંભમાં ઘણી મુસ્કલીઓ નડે છે. તેનો મારા કુળને બરાબર અનુભવ થયો છે. વળી વાદીઓના સાક્ષીઓએ સ્પષ્ટ જણાવ્યું છે કે તેઓ ભૂદેવો અમને ધર્મનો ઉપદેશ કરતા નથી, કરે છે તો એજ કે "અમને જીંદગી પર્યંત નિષ્ક્રિય રીતે પાળો અને તમારી કોઠીમાંથી કાઢી અમારા ખડીઆમાં ભરો." જ્યારે તેઓ કંઇપણ લોહાણા–સમાજને ઉપયોગી નથી તો પછી તેઓને પૈસા શા માટે આપવા જોઇએ. હું તો કહું છું કે કદાચને મારા કુળે બહુજ સખ્ત શબ્દોમાં તેઓને લોહાણા સમાજના સંબંધથી "બોયકોટ" કરવાનું લખ્યું હતે તોપણ તેની અંદર કંઇ ખોટું કર્યું તેમ ગણાત નહિ. તેઓએ ખાસ કરીને લોહાણા કોમ પરના પોતાના લાગા–ટેક્સોનો લેખ કરી આપેલો બતાવવાની જરૂર હતી, તેવું કાંઇ તેઓએ કીધું નથી. અરે ! તેઓના ફરિયાદ નામામાં જણાવ્યા પ્રમાણે તેઓના વડવાઓના નામ પણ તેઓ જાણતા નથી.

આ આળસુ નામધરી પોપો પોતાની ભવિષ્યની પ્રજાને વિદ્યા સંપાદન કરાવવાનું યોગ્ય વિચારે. આ ભૂદેવની કોમમાં કેટલાક સુવિચારી સજ્જન પુરૂષો પણ છે. તેઓના માટે લોહાણા સમાજનો કશો પોકાર નથી. અને તેઓ પોતે પણ આવા નઠારા પ્રકારના લાગા–ત્રાગાને ધિઃકારની નજરથી જોનારા છે. પરન્તુ આ ફક્ત એક નિરૂદ્યમી અને નિરક્ષરા નામાંકિતોનો સમૂહ છે કે જેઓએ લોહાણા કોમને આજે બહુજ દયાજનક સ્થિતિમાં લાવી મૂકી છે. લોહાણા જેવી ક્ષત્રિય કોમમાં ગર્ભાધાનથી અંત્યેષ્ઠી પર્યંત સોળે સંસ્કારને લુપ્ત પ્રાયઃ કરનાર હોય તો તે આ સ્વાર્થી પેટાર્થીઓજ છે. સંસ્કાર વગરની હરકોઇ જડ વસ્તુ પણ મૂલ્યવાન થતી નથી. અથવા તો નિરૂપયોગીજ ગણાય છે. તેમ આ સંસ્કારહીણ થયેલી લોહાણા કોમ આજે ક્યાં પડેલી છે યાતો તેનું અસ્તિત્વ છે કે નહિ તે પણ બહારની પ્રજાને કદાચ ભાગ્યેજ ખબર હશે. વાદીઓના એક સાક્ષીએ પણ "લુહાણા–લોહાણા"ને બદલે "લવાણા" છે એમ બોલતાં શ્રોતાઓને હાસ્ય કરાવ્યું હતું. આવી સ્થિતિ જો કોઇને પણ આભારી હોય તો તે આ ભૂદેવોને છે. ઉપવિત–ઉપનયન સંસ્કાર તો માત્ર નામનોજ ફારસ રૂપ ભજવાય છે. વિવાહ સંસ્કારનું તો તદન મીંડું વળી ગયું છે. આવા સંસ્કારો આ અણઘડ અભણ બ્રાહ્મણોને હાથે થાય ત્યાં પછી પૂછવુંજ

શું ? ' બસ ટકો હિતધર ' " વર મરો કન્યા મરો ગોરનું તભાણું ભરો. " કેટલાક તો કંઇ લાગ મળે તો આડો અવળો હાથ મારતાં પણ ભૂલે નહિ. હવે હું વાદીઓના **સાક્ષીઓ** કેવી ' કોન્ડકટ ' ના અને કેવા ભાકુતી આવેલા છે તે સંબંધમાં પણ કંઇક આપ **નામદારોનું** ધ્યાન ખેંચવા રજા લઇશ.

સાક્ષી (નં. ૧) જહાનમપુરનો રહેવાસી **જદો** જ્ઞાતિ દ્રોહીમાંનો એક પહેલા નંબરનો પુરૂષ છે. મ. **મોદકાનંદે** તેને કંઇક મોટી લાલચ આપી અહીં મોકલ્યો છે. પાંસા પટેલોમાંનો આ એક પટેલ છે. ગરીબ જ્ઞાતિ ભાઇઓને રીબાવવામાં દયાને દૂર હાંકી કાઢનારો છે. તેમના કુટુંબીઓનાં કાળાં કૃત્યો વધારે ખુલ્લાં કરવા યોગ્ય નથી. પરન્તુ **નામદાર કોર્ટ** આથી સમજી શકી હશે કે આ મહાશય કોઇ વિચિત્ર મૂર્ત્તિજ છે. વળી પથ્થર તોડવાનું કામ કરતો હોવાથી તેની બુદ્ધિ પણ પથ્થર જેવીજ હોય. આઠ આઠ દિવસે તો માંડ માંડ આ **મહાશયને** 'સો જુઓનું સત્યાનાશવાળી' ચોરણો બદલાવવાની નવરાશ મળે છે. નવરા બેઠા નખોદ વાળવાનો તેનો બાપિકો ધંધો છે. જ્ઞાનમાં તો જાણે **ખીરસરાની** ખાડમાંથી નીકળેલો (કારમીંઢ પાણો) હીરો !! અને **લોહાણાને** બદલે 'લવાણા' શબ્દનો ગુજરાતી સાહિત્યમાં વૃદ્ધિ કરનારો વાઘ ! એટલે પછી પૂછવાનું કશું હોયજ નહિ. **સાક્ષી નં. ૨** મદો—ખરેખર મદીનોજ અવતાર ડફાંસીયો ને સાંકડા મનનો. ૧ લાના કરતાં આમાં વિશેષતા એ હતી કે " કોડી હરામ ઓર બચકા હલાલ " મી. **મોદકાનંદે** આ સનાતન ધર્મના મિથ્યાભિમાની **મૂર્ખાનંદને** મોટાઇના ડાંડા પર ચડાવી તેની પિશાચ વૃત્તિને પૂર્ણ કરાવી આપવાની લાલચ આપી હતી; અને તેથીજ તે અહીં **સાક્ષી** આપવા આવ્યો છે. ખટપટ કરાવવી તે તેનુ કામ છે. એ ચાર પુરાણો અને **ભાગવતાદિ** પોથાંઓને વાંચી 'હરદરને ગાંઠીયે બની બેઠેલા ગાંધી.' પોતે મહાન વિદ્વાન હોવાનો ફાંકો રાખે છે. અજ્ઞાની ' સોરણા કપનીમાં ' તે જ્ઞાનનું પૂતળું ગણાય છે. કોઇ પણ અજાણ્યો માણસ બેસવા જાય તો સનાતન ધર્મમાં આમ કહ્યું છે ને તેમ કહ્યું છે તેમજ બક્યા કરી પોકળ પંડિતાઇનો ડોળ બતાવેછે. આવા દંભી અને **સેતાનિયત** સ્વભાવના સાક્ષી પરે પણ **નામદાર કોર્ટે** લક્ષ દેવાનું છે. **સાક્ષી નં. ૩** મી. **કીકા ઉર્ફે** ધમંડીલાલ જેમ બીજા પિતાના નામથી ઓળખાય તેમ નહિ પણ આ કીકાભાઇ ખાસ માતાના નામથી પંકાય છે. એટલે ' સ્થાળી પાક ન્યાયાનુસાર ' આપ **નામદારો** સમજ્યા તો હશોજ. કમળી કાકીની ચૌદ વર્ષની

ઉમર થઇ ત્યાંતો પતિજીનો દેહાન્ત થયો. જોઇતી સ્વતંત્રતા મળી. કીકાભાઇ પિતાના મૃત્યુ સમય ફક્ત છ માસનો હતો, તત્પશ્ચાત્ કમળીકાકીએ વાસણ માંજવાના ઓઠાના નીચે પોતાની ઇચ્છીત ધારણાઓ પાર પાડવા, શરીરને તથા મસ્તાન મનને શાન્ત કરવા પ્રયત્ન જારી રાખ્યો અને તેમાંથી કંઇક બે પૈસાની આવક પણ સારી રીતે થવા લાગી, ને આ કીકાભાઇને ઉછેર્યો. હાલ આ ધમંડીલાલ એક નાના રેઇલવેના સ્ટેશનમાં સ્ટેશન માસ્તરને માખણ લગાડી, ગરીબોને છળકપટથી છેતરી, બે પૈસા માસ્તરને કમાઇ કરી આપવાનો અને તેમ કરી પોતાનો સ્વાર્થ સાધવાનો ધંધો કરે છે. બહારથી **વર્મા, શર્મા**ના પૂછડાં વળગાળી સ્ટેમ્પ ખરીદ કરનારનો આડંબર ધારણ કરે છે, આવી જૂઠી જાહેર ખબરથી ઘણા બિચારા વિશ્વાસુઓ રદ્દીસ્ટેમ્પો મોકલે છે, તેની કિંમત પણ હજમ કરી જાય છે એટલુંજ નહિ પણ પાછો પ્રત્યુતર પણ લખવાની તેની માએ ગળથુથીમાંજ ના પાડેલી જણાય છે. કોઇ માલ મંગાવે તો મજુરીમાંજ પૂરો કરી નાંખે છે. આવી રીતે લુચ્ચાઇ, દોંગાઇ અને નફટાઇ ભરેલું આ કીકાભાઇનું જીવન છે. આટલાં કુકર્મો, વિશ્વાસઘાત જેવા હરામી કૃત્યો કરવા છતાં પણ ઘરમાં 'ગોકળઆઠમજ' અડીંગો લગાવે છે આવાં દુષ્ટ વર્મા, શર્માનાં પૂછડાં યુક્ત આડંબર ધારીની જાહેર ખબરો પર જરા જેટલો પણ વિશ્વાસ ન રાખવાનું ફરમાન આપ સકળ બ્રહ્માંડેશ્વર સર્વ પ્રજાને કરશો એવી હું આશા રાખું છું. આ ભાડુતી સાક્ષીઓની આટલી યોગ્યતા દર્શાવ્યા પછી આપ નામદારને જણાયું હશે કે આ લોકોનું કથન વિશ્વાસપાત્ર નથી. હવે આ ભૂદેવો પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવાને અનેક પ્રકારે ધૂર્ત્તપણાથી ગરીબડી લોહાણા કોમની આંખે પાટા બાંધી ઠગે છે. અને ઘણીજ નઠારા પ્રકારની નફટતા તેઓ નિરક્ષરો દર્શાવે છે. મારા કુળે તેઓની નષ્ટતા સાથે કંઇ કામ નથી એમ વિચારી માત્ર તેઓની લાગા-ત્રાગા લેવાની મૂર્ખતાનુંજ કંઇક નિરૂપણ વ્યંગતામાં પોતાના બન્ધુઓને ઉદ્દેશી કીધું છે. આપ સકળ બ્રહ્માંડેશ્વર બધું જાણો છો પરન્તુ કોર્ટના કાયદાનુસાર મારે બધી લંબાણથી હકીકત કહેવી પડી છે. એમાં સંદેહ નથી કે જો કદી આ પાખંડ પ્રવર્તક લાગા-ટેકસો નામ માત્રના પણ હજી ચાલુ રહેશે તો મૃત્યુ લોકમાંની આ પ્રાચીન ગૌરવતા ધરાવનારી ક્ષત્રિય સમાજ નષ્ટભ્રષ્ટ થઇ જશે. આવા લાગા-ત્રાગા રૂપી સડેલા માંસને રોગગ્રસ્ત લોહાણા કોમમાંથી કાપી નાંખી તાજું માંસ ભરવા (પ્રાચીન સોળ સંસ્કારો વિદ્વાન બ્રાહ્મણને બોલાવી કરાવવા) નો નિશ્ચય થાય તોજ કંઇક

જીવન મળે તેમ છે. પ્રથમ તો વાદીઓની એ ફરજ હતી કે લાગા-ત્રાગા મૃતક શ્રાદ્ધ એ શાસ્ત્રથી સિદ્ધ કરે, પરન્તુ તેવું કશું કરી શક્યા નથી. મહાત્મા પરશુરામજીએ તથા મહારાજા જયચંદ્રજીએ પણ તેઓના આવા લાગા-ત્રાગાના કલ્પિત ઢોંગો તરફ ધિઃકાર દર્શાવ્યો છે. અને એવું કદી પણ હતુંજ નહિ અને હોયજ નહિ. એવું સાફ જણાવ્યું છે. તો આ કેસને નોનશ્યુટ કરવો જોઇએ. અને તેમ કરવામાં નામદાર કોર્ટનો સમય પણ ઘણોજ બચી શકશે.

આ સમયે પૃથ્વીમાતા ત્યાં આવી એકદમ શોકાતુર હૃદયે કહેવા લાગ્યાં કે—

મારી દુખિયારીની દાદ દીલે કો ના ધરેરે. (એ ટેક)
ચાર તનુજની હું માતા, તોપણ દુઃખો દૂર ન જતાં;
ફરજ તજીને આજ, અધર્મો આચરેરે. મ્હારી૦
મોટો (બ્રાહ્મણ) સુત થયો જે મારો, બુદ્ધિથારે કોષ હજારો;
મહા મૂર્ખ અવલોકીને, લાજી મરેરે. મ્હારી૦
વેદ ઉપાંગ ભણેશું તે તો, ગાયત્રી 'ગાવત્રી' કે'તો;
બ્રાહ્મણ ભૂલી 'બાંમણ-ભામણ ઊચરેરે. મ્હારી૦
જગજ્જતાનું માન ગૂમાવ્યું, ઋષિમુનિનું નામ લજાવ્યું;
શહેર બજારે ભટકી, ઉદરને ભરેરે. મ્હારી૦
પરનિન્દામાં પ્રેમ વધારે, ચોરે ગામ ગપાટા મારે,
લાડુ કાજે કલેશ કુટુંબીમાં કરેરે. મ્હારી૦

(હ૦ વિ૦)

મહારાજા વિષ્ણુએ "ધ્યાન આપવામાં આવશે." કહી પૃથ્વી માતાનું શાન્તવન કર્યું કે તુરતજ લોહાણા સમાજના સ્વર્ગીય મહા પુરૂષોએ ઉભા થઇ મહારાજ સકળ બ્રહ્માંડેશ્વર સન્મુખ દ્દિકર જોડી નીચે મુજબ ટુંકું પણ અસરકારક ભાષણ કીધું.

નામદાર મહેશ્વર ! અને જ્યુરર મહાત્માઓ ! અમારા સંતાનોની આજે આ દશા થયેલી સાંભળી અમારૂં હૃદય ચીરાઇ જાય છે. અમારા સમયમાં કંઇપણ લાગા ત્રાગાનું નામ નિશાન પણ નહોતું. અમારાં રાંકડાં સંતાનોને રીબાવી રીબાવીને કચડી નાંખનારા આ નામધારી પોપોની ધૂર્તતાનો બરોબર બદલો મળવો જોઇએ. અહાહા ! ! જે મહાત્મા રામ-

ચંદ્રજી ! પ્રાતઃસ્મરણિય મહારાણી સીતા !! તેનાં સંતાનોની આ અધમ દશા જોઇ કયા પથ્થરવત્ હૃદયના પુરૂષનું પણ દીલ નહિ દયાથી દ્રવી જાય ! અફસોસ ! સહૃહજાર અફસોસ ! માટે કૃપાની આકાંક્ષા રાખી અમે એજ વિનંતી આપ પ્રભુ પાસે કરીએ છીએ કે આ મુકદમાને નૉન શ્યુટ ન કરવો અને કેસ ચાલવા દેવો કે જેથી અમારાં મૃત્યુ લોકનાં સંતાનો આથી બરાબર વિદીત થઇ આવા પ્રકારની અજ્ઞાનતામાંથી બચી યોગ્ય શુદ્ધ બ્રાહ્મણનો સત્કાર કરતાં શીખે—અહા ! આ લુંટારાઓએ અમારૂં પ્રાચીન ગૌરવ લુંટી લીધું ! આ જળોએ અમારૂં રક્ત ચૂસી હાડપિંજર બનાવી દીધું ! અમારી ધન સંપત્તિથી પોષાઇ આ પેટાર્થીઓ હાલ અમારૂંજ નીકંદન કાઢવામાં કુશળ રહે છે. એમ જાણી અમારૂં લોહી ઉકળી જાય છે.

આ પછી પ્રતિવાદીના વિદ્વાન બારીસ્ટરના ભાષણનો રદીઓ આપવા પેટાર્થી પોપજીઓનો પ્રતિનિધી ઉઠતો હતો કે સકળ બ્રહ્માંડેશ્વર ચીફ ઓફ જસ્ટીસે આ તકરારનો ચુકાદો કરતાં જણાવ્યું જે વિદ્વાન બારીસ્ટર મી. સત્યજીતનાં જુદાં જુદાં વચનોપર નામદાર કોર્ટે ધ્યાન આપ્યું છે. પરન્તુ આ એ કોર્ટના ધારવા મુજબ આ મુકદમો નોન શ્યુટ નહિ કરવામાંજ બન્ને પક્ષોને ઘણાક ફાયદા રહેલા સંભવે છે. માટે પ્રતિવાદીની નોન સ્યુટ કરવાની અરજ હું બહાલ રાખી શકતો નથી.

નોનશ્યુટની અરજ બહાલ રાખવામાં નહીં આવી એ ઉપરથી પછી પ્રતિવાદી તરફનો મુકદમો શરૂ થયો. એ મુકદમાની કેફીયત વિષે મી. સત્યજીતે ભાષણ સંભળાવ્યું. તે નીચે મુજબ.)

આ મુકદમા મધ્યે પ્રતિવાદીઓ તરફથી જે પુરાવા આપવામાં પવામાં આવશે તેને વિષે કેટલીક વાતો તમો નામદારોને જણાવવાની રજા લઉં છું. પ્રતિવાદીએ પોતાના જાતભાઇઓને સંબોધી "અજબરંગ"નો છેલ્લો ભાગ લખેલો છે તે બરાબરજ છે તેવું સાબીત કરી આપવા તે ધારે છે. જો તેનું સાબીત થાય તો હું આશા રાખું છું કે તેનો ફાયદો તમે પ્રતિવાદીને તથા મૃત્યુ લોકમાં રીબાતી સબડાતી તેની જાતિને આપશો. આ મુકદમાના રૂપ પરથીજ એમ માલુમ પડે છે કે વાદીઓએ જે બીના લખી છે. તે વ્યાજબી કારણુને લઇનેજ લખી છે અને તેની ઉપર તે મોટો આધાર રાખે છે. આટલી વાત તો સાબીતજ થયેલી છે કે એ વાદીઓનો

કોઇ 'વિદ્વાન' તરીકે સત્કાર કરતું નથી પણ 'રિવાજ છે તે આપવું.' કંઇક દયાવૃત્તિ કંઇક 'અજ્ઞાનાવસ્થા'ને લઇનેજ તે આજ દિવસ સુધી યથેચ્છ રીતે લાગા-ત્રાગા લેવામાં ફાવી શકયા છે. સજ્જનોમાં આવા જન્મથી બની બેઠેલા નિરક્ષરા બ્રાહ્મણોની ગણના કોડીની તુલ્ય નથી. અને વળી તેના નિર્મૂળ લાગા-ટેકસોના ખોટાપણા માટે બીજા વિદ્વાનજનો તરફથી જે લેખો પ્રગટ થયા છે તેમાંથી કેટલાક આપ નામદારો સન્મુખ રજુ કરવામાં આવશે કે જે હું ધારૂં છું કે પ્રતિષ્ઠિત સાક્ષીઓ તરીકેની ગરજ સારશે. વળી આ ભૂદેવો હાલમાં એટલેથી સંતોષ ન માનતાં લોહાણા કોમના ઘરમાં પણ પગ ઘાલ્યો છે. વરકન્યાનું ચોકઠું બેસાડવામાં બન્ને પક્ષ પાસેથી દલાલી લેવા જેવાં દુષ્ટ કર્મ પણ કરે છે, અને અંધવિશ્વાસુ યજમાનને વાક્ચાતુર્યથી છળ કરી છેતરે છે. લગ્ન જેવા માંગલિક સમયે 'ટકો હિતધર' એજ મંત્ર તેઓ આબાદ જાણે છે. આથી લગ્ન જેવી પવિત્ર પ્રણાલી 'ફારસ'ના રૂપમાં ફેરવાઇ ગઇ છે. વળી એ પણ બતાવવામાં આવશે કે આ સારસ્વત બ્રાહ્મણોમાં જે સ્વતંત્ર ધંધો કરી પોતાનું ગુજરાન ચલાવે છે અને ભીખ-લાગા-ત્રાગાને અંતરથી ધિઃકારે છે તેઓનાપર આ નિરક્ષર ભનદેવો 'સુધરેલા' કહી ફિટકાર વરસાવે છે. વળી તેઓનાં કેટલાંક કૂકર્મોના નમુનાઓ પણ રજ્જુ કરવામાં આવશે. પ્રતિવાદીએ વાદીઓની ઇજ્જતને કશું પણ નુકસાન કીધું હોય એમ તે માની શકતો નથી; ઉલટું સમજે તો તેઓને અજ્ઞાનતામાંથી ઉઠાડવા, અને ભીખનાં હાંલ્લાં શીકે નહિ ચડે માટે વિદ્યા પ્રાપ્ત કરી શુદ્ધ બ્રાહ્મણ બનવા ઉશ્કેર્યા છે તે આપ નામદારો જાણી શકશો બધા લોહાણાઓ હવે "કાળા એટલા ભેંસના સાળા." ગણી આવા નિરક્ષરા ભૂદેવ પાસે સંસ્કારો કરાવતા નથી તે વાતપર હું આપનું ધ્યાન ખેંચું છું. વિશેષ્ય કોઈ સ્વતંત્ર વિચારના યજમાન તરફ આંખ રાખી વખત આવે તેને કોઇપણ પ્રકારે મુસ્કેલીમાં મૂકવા પણ પ્રયત્ન કરે છે તે પણ પ્રતિવાદી તરફથી બતાવવામાં આવશે.

ત્રિજો દીવસ. પ્રતિવાદીની જુબાની.

મ. ગરૂડ—હું જાતે લોહાણો હાલનાં સ્વરૂપમાં આપ નામદારનો સ્વર્ગીય ગવર્નમેન્ટ નોકર, વાદીઓની કોમને હું ઓળખું છું. આ કોમમાંથી સ્વતંત્ર ધંધો કરી ગુજરાન ચલાવતા અને નિઃસ્વાર્થી સાક્ષર વર્ગોને બાદ કરતાં બાકીના નિરક્ષરા પેટાર્થી ભૂદેવો અમારી કોમને એક શ્રાપ સમાન થઇ પડયા છે. તેઓને અમારી કોમ ગોર કહે છે. ગોર એ પ્રાચીન ગુરૂ-શબ્દનો અપભ્રંશ છે. ગુરૂ તેનેજ કહી શકાય કે જે ધર્મનો ઉપદેશ કરે અને સત્શાસ્ત્ર

વિદ્યા ભણાવે. આ ભૂદેવો પોતેજ નિરક્ષર છે. એકાદ શ્લોકને આડા અવળાથી ચોરી લઇ કંઠાગ્રે કરી લઇ અમારી કોમને યથેચ્છ રીતે **લાગા ટેકસો "આપડાડાથી ચાલ્યા આવે છે"** એમ કહી લૂંટે છે. તે લાગા-ત્રાગાની ધૂનમાં તેઓ એટલા ચડી જાય છે કે સારાસારનો વિચારજ કરતા નથી. આવા લાગા-ટેકસોરૂપી જુલમી **નાદીરશાહીથી** લાંબા વખત થયા અમારી રાંકડી કોમ રીબાય છે. મ્હારી જ્ઞાતિને ચેતાવવાનો મારો ઉદ્દેશ છે કે આપણે નહિ પૂજવા લાયકનું સન્માન નહિ કરવું જોઇએ અપૂજ્યોનો સત્કાર કરવાથી આપણી બૂરીદશા સાક્ષાત્કાર થઇ. અને સાથે બ્રાહ્મણ દેવતાઓને પણ ચેતાવવું કે ખરો બ્રાહ્મણ કોણ હોઈ શકે ? જો તમે સાચા બ્રાહ્મણ નહિ બનશો તો તમારો સત્કાર થવાનો નથી. પૂજવા યોગ્યની પૂજા કરો નહિ તો કેવળ ધનમાલની પાયમાલી કરશો. આમ ઉભયપક્ષને લાભપ્રદ અને હિતકારક થાય તેવા પવિત્ર ઉદ્દેશથી "**સમાચાર**" ના તા. ૨૧ નવેમ્બરના અંકમાં "અજબરંગ" ના હેડીંગથી મેં લખ્યું છે. તે બીના લાઇબલવાળી નથી. દેશની દશા સુધારવાનો જેમ દરેક દેશવાસીને અધિકાર છે. તેમ કોઇ સમૂહ-આધુનિક લોહાણા જ્ઞાતિને નામે ઓળખાતીમાં 'હું' એક હોઇ મને પણ મારી કોમની અધોગતિનાં કારણોથી તેમને ચેતાવવાની ફરજ પડી. મને દૃઢ વિશ્વાસ છે કે જ્યાં સુધી મ્હારા ભાઇઓ યોગ્યનો સત્કાર અને અયોગ્યનો તિરસ્કાર કરતાં નહિ શીખે ત્યાં સુધી અધોગતિજ થવાની. તેથીજ યોગ્ય અને અયોગ્યની કસોટી. કરવાની મને ફરજ પડી છે. મ્હારે વાદીઓની સાથે અંગત દુશ્મનાઇ નથી. હું તેઓના પ્રતિ મિત્રભાવે જોઉં છું. સાચા ગુણ, કર્મ, સ્વભાવે બ્રાહ્મણો ઘણા છે. તેઓના પ્રત્યે મારી પૂર્ણ પૂજ્ય બુદ્ધિ છે. પણ આ લખવાનો મારો સંકેતમાત્ર-નિરક્ષર, ભટ્ટાચાર્ય, મૂર્ખ અને નામધારી બ્રાહ્મણો પ્રતિ છે. જેઓ હંસનું રૂપ ધારણ કરી અન્ય હંસરૂપ બ્રાહ્મણોને કલંકિત કરે છે અને મ્હેં જે લખ્યું છે તે ફક્ત ઉભય પક્ષના હિતથીજ છે. વિદ્વાન બ્રાહ્મણોને અમે ધિઃકારતા નથી પરન્તુ તેમનો પ્રેમભાવથી પૂર્ણ સત્કાર કરીએ છીએ. પણ હા ! જે વિદ્વાન હોય અને વિદ્યાનો દુરૂપયોગ કરતા હોય તેને તો સભ્ય પુરૂષો ધિઃકારશેજ. ભલે ચાંચ સોનાની હોય પણ કાગડો તે કાગડોજ. એ વિષે કહ્યું છે કેઃ—

सत्यं तपोज्ञानम् [illegible] विद्वत्पणामश्च सुशीलता च ।
एतानि यो धारयते सविद्वान न [illegible]नलब्धः पठते [illegible]विद्वान ॥

સત્ય, તપ, જ્ઞાન, અહિંસા અને સુશીલતાને જે ધારણ કરે છે તેજ

વિદ્વાન છે. અને તેવા વિદ્વાનો પ્રતિ પ્રણામ છે. માત્ર ભણેલો વિદ્વાન નથી થઇ શકતો.

આ લાગા–ત્રાગા લઉ લબાડો તો પાંચ પૈસા લઇ સવારના બોલ્યા પર સાંજે પાણી ફેરવી નાંખે છે. એક રૂપીઓ દક્ષિણા મળે તો ખોટી વ્યવસ્થાઓ લખી આપવામાં પણ પાછા હઠે નહિ. આવા પેટાર્થિઓ રોજ પાપી પેટને ખાતર પાંચસોવાર જૂઠું બોલે છે. પોતાની વડાઇ કરતાં ભર સભામાં અશ્લીલ શબ્દોથી વિદ્વાન સુધારકને નિન્દે છે. "**યથાખરશ્ચંદન ભારસ્યવેત્તાનતુ ચંદનસ્ય**" જેમ ભાર ઉપાડનાર ગધેડો જાણતો નથી કે આ ચંદન છે. તેમજ આ નામધારી બ્રાહ્મણો પોતે સમજતા નથી કે બ્રાહ્મણ નામનું શ્રેષ્ઠપણું શામાં છે ? આ ભૂદેવો અમારી કોમમાં નવરંગી નાટકો ભજવે છે. કોઇ સભ્ય પુરૂષ તેઓના કૃત્તિમ લાગા-ટેકસોનું પોકળપણું બતાવે છે તો તેઓ પાંસા પટેલોના હોક્કા ભરી દઇ ખુશામત કરી વખત આવ્યે તેવાઓનો બદલો વાળવા ચૂકતા નથી. ભોળા લોકોને અષ્ટં પષ્ટં સમજાવી આવા સુધારકના વિરોધીઓ બનાવી મૂકે છે. આ ભૂદેવોમાંથી કેટલાક ભઠ્ઠીઆરખાનામાં પણ ભવ બગાડે છે. તેઓ પણ જ્યારે અમારી કોમમાં કોઇ મૃત્યુ થાય છે કે તુરતજ પ્રેતભોજન કરવા ફાંદાપર હાથ ફેરવી "**યજમાન બાપજી**" કહી દોડી જાય છે. ગમે તેવું યુવાન અયોગ્ય મરણ થયું હોય છતાં ભમદેવોને મિષ્ટાન ઉડાવતાં જરા પણ શરમ આવતી નથી. એક તરફ મૃત પતિની વિધવા બિચારી પતિના અકાળ મૃત્યુથી હાય ! હાય ! ના પોકાર કરતી છાતીફાટ રૂદન કરે છે. આ દ્રષ્ય દેખનાર મનુષ્ય ગમે તેવો સખ્ત હૃદયનો હોય તોપણ કંપારી છૂટે છે પરન્તુ આમાંનું આ લાડુ ચપાટનારા પ્રેતોને કશું થતું નથી. અરે ! કંઇ અસરજ થતી નથી.

હમણા થોડા વખત પહેલાં હું જ્યારે મ્હારી માતૃભૂમિમાં ગયેલો ત્યાં મને આ લાગા–ત્રાગા–લઉ મહાતમાઓ તરફથી ધમકી આપવામાં આવી હતી. કેટલાકો વળી ગરિબાઇથી જાણે યાચના કરતા હોય કે "**અમારી વૃત્તિ તોડવી નહિ માબાપ**" તેમ વદતા હતા. મારા અહીં વસવાટ દરમ્યાન મારા વડીલ કુટુંબીઓને હું સુધરેલો છું; 'હું ફટકી ગયો છું.' એવી રીતે પ્રપંચ વાણીથી સમજાવી મારા વિરૂદ્ધ ઉશ્કેરી મૂક્યા હતા. આ ભૂદેવો વળી સ્વાર્થને ખાતર કોઇને રાહુ ચોઢાડે તો કોઇને કેતુ. આવા અનેક જાતના પ્રપંચો રચવામાંજ તેઓના જ્ઞાનની પ્રતિષ્ઠા થાય છે તેઓ તો

એમજ જાણે છે કે અમે તો બધા કરતાં ઉત્તમ છીએ પછી ગમે તો ભૂત જેવી શિકલ હોયની ! કર્મો ભલે શૂદ્રનાં હોય ! વળી પવિત્રતાના સ્થાને જાણે કેમ મલીનતાની સાક્ષાત મૂર્ત્તિ હોય ! હોળી દીવાલીએ નાવાનો નિયમ છતાં અમે ઉત્તમ ! ! ! અમે બ્રાહ્મણીના ઉદરમાં જન્મ્યા છીએ. ! ! શાસ્ત્રમાં દર્શાવ્યાનુસાર વેદમાં વર્ણવ્યાનુસાર આવા કર્મ અને ધર્મથી રહીત ફક્ત જન્મથીજ બ્રાહ્મણ બની બેસવાનું અભિમાન લેનારા જન્મધારી પોપો સાચા બ્રાહ્મણો કહેવરાવવાને યોગ્ય છે કે કેમ ? તે આપ કૃપાળુ બ્રહ્માંડેશ્વર ધ્યાનમાં લેશો.

ધર્મભાવ અને દેશભક્તિની તો આ ભમદેવોમાં વાતજ ન પૂછો ! અને રક્તથી શુદ્ધ થયેલી વિદેશી ખાંડના લાડવા એવા તો હોંસથી ખાય છે કે જાણે અમૃતપાન કરતા હોય ! જૂઠું બોલવું, યજમાનોના ઘરપર નિ-રાહાર બેસી, ભગવાં લુગડાં પહેરી, જબરજસ્તીથી દક્ષિણા લેવી તેતો જાણે વારસામાં કેમ મળ્યાં હોય ! આ મહાપુરૂષો હઠ અને દુરાગ્રહના તો સા-ક્ષાત મૂર્ત્તિઓ છે. અગ્નિહોત્રની તો વાતજ ન પૂછો. બીડી ગાંજો, ભાંગ, તમાકુ અને હોક્કામાંથી ધૂમાડાના ગડગોટ તે આ લોકોનો અગ્નિહોત્ર છે. ચડસ, ભાંગ, તો તેઓની અધિષ્ઠાત્રી દેવી છે. ટકા ઠગવામાં તેઓ તરેહ-વાર યુક્તિઓ રચે છે. વિવાહમાં લાગા ટેકસો લેવા ઉપરાંત અન્ય દેવ-તાઓના નામે પૈસા પડાવે છે. અને દેવતાઓને અંગુઠા બતાવી પોતે લઇ જાય છે.

કોઇ ગૃહસ્થ બહારગામ જાય ત્યારે આ ભિખારીઓ ગાડીના આજુ-બાજુ ઉભા રહી એટલો બધો ત્રાસ આપે છે કે તેનું વર્ણનજ ન થઇ શકે. એ મહારાજોએ પોતાના પાપી પેટને ખાતર અમારૂં ઘણુંઘણું ખરાબ કીધું છે. અનેક મતમતાંતરોના પ્રપંચો ચલાવ્યા છે. સંસ્કૃત ભાષા ભણ-વાથી સર્વ સાધારણને રોકયા છે. મુસલમાનો સાથે લડવા સમયે મૂહુર્ત અને પ્રારબ્ધની સાંકળમાં ક્ષત્રિઓને બાંધી યુદ્ધ છોડાવી ઘંટા વગડાવ્યા હતા કલીયુગ ! કલીયુગ ! કરી દેશની ઉન્નતિને રસાતાળ પહોંચાડી છે. અમોને મીઠું મીઠું બોલી. " અસીં તોજી ગાઇ અચું " કહી અમારાં કાળજાં ફોલી ખાધાં. અને આપસઆપસમાં કુસંપ કરાવી અમને બકરી જેવા બનાવી દીધા છે. બાળ વિવાહનો પ્રચાર કરી અમારી સમાજને બાઇલી અને નિર્બળ બનાવી દીધી છે અને સર્વ દેશમાં પણ "અષ્ટાદ્ વર્ષે ભવેત્ ગૌરી"ના શ્લોકથી અમારા દેશમાં સાઠ લાખથી વધારે વિધવાઓ અમારી છાતીપર બેસાડી મૂકી છે. સમુદ્ર યાત્રામાંથી અમને વંચિત કરી સભ્ય સં-

માજમાં અમારૂં મેં કાળું કરાવ્યું છે. આવા પ્રકાશના સમયમાં પણ પોતાના સ્વાર્થ સાધવાના લોભથી અમને અંધકારમાં ખેંચી રહ્યા છે. આવા ઘણાક અત્યાચારથી મૃત્યુ લોકમાં અમારી કોમ ત્રાહ્ય ! ત્રાહ્ય ! પોકારે છે. હું બ્રાહ્મણોની વિરૂદ્ધ નહિ પણ બેશક પેટાર્થી અને સ્વાર્થિઓ નિરક્ષરા જે લાગા ટેકસોના નામે અમારી કોમનું રક્ત ચૂસે છે તેવા લાગા ટેકસોના માટે સખ્ત વિરૂદ્ધ છું.

અમારા ભૂદેવોને પગે લગાડવાનો ચસરકો લાગી ગયેલો છે. રસ્તે ચાલતાં અમારી કોમમાંથી કોઇ તેને સામો મળે તો શિષ્ઠાચાર રીતીએ "ગોર પગે લાગીએ" કહીએ ત્યારેજ તેઓને આનંદ થાય. અને લટકતા મટકતા ઉત્તર આપે કે "જજમાન ચિરંજીવ" જાણે શુક્રાચાર્ય થઇ બેઠા હોય ! અથવા મૃત સંજીવની સિદ્ધિ પ્રાપ્ત કરી લીધી હોય ! ! તેમ જીભના વાક્યથી ચિરંજીવ કરી દે છે અથવા સુખ એવી તુચ્છ વસ્તુ છે કે માત્ર પગે લાગવાનું કહેતાંજ એ ભૂદેવો આપી દે છે. પછી ગમે તો ભલેને ભૂદેવોના કુટુંબનો સમળગો નાશ થઇ જાય ! અને ખાવાને પાસે એક સૂકી બદામ પણ ન હોય ! તોપણ પગે લાગતાં ચિરંજીવ અને સુખ તો વ્હેંચ્યાજ કરશે. જાણે કોઇ અમૃતકૂપ પ્રાપ્ત થઇ ગયો હોય અથવા સુખની જાગીર પ્રાપ્ત થઈ ગઇ હોય ! તેમ આખો દહાડો અમરતા અને સુખતો ફેંકતાજ જશે ! પણ એ ગપોડ પંચોને કોઇ પૂછતું નથી કે ! ભૂદેવો ! જે અમરતાને માટે યોગીઓ મહાન દુઃખોને સહન કરતા, તપ કરતાંજ જન્મ વિતાડતા તે અમૃતાસુચક ચિરંજીવ વાક્ય આખો દિવસ બકતાં લજ્યા પણ તમોને નથી આવતી ? સવારે જેને ચિરંજીવ કહો છો ! તે સાંજે સ્વર્ગધામ પહોંચી જાય તો આશિર્વાદનો ઉપયોગ શું ? પણ તેઓને તો ગમે તેમ ભોળા યજમાનોને ભમાવી ટકાજ પ્રાપ્ત કરવાના છે. આ સિવાય. બીજા અનેક પ્રપંચો કરે છે જેને માટે આ નીચે અમારી જ્ઞાતિમાંના સુધારકોએ આ ભૂદેવોના બારામાં જે કંઇ લખેલું છે તે exhibits હું અહીં રજુ કરૂં છું.

(Exhibits નં. ૧.)

"આબરાના જ્ઞાતિ અગ્રેસરો તરફથી સારસ્વત મહારાજોને પૂછાએલા પ્રશ્નો."

૧ તમારા ગામમાં સારસ્વતનાં કેટલાં ઘર છે ?

૨ અને તે કઇ કઇ નુખનાં છે ?

૩ દરેક નુખનું ગોત્ર, શાખા, વેદ, પરવર દેવી, ગણપતિ લખવાં.

૪ પરવર કેટલાં, અને પરવરના દેવ તે દેવનાં નામ અને તે દેવ કહો. તેમણે પરવર ઉપર પોતાનો હક્ક શા ઉપરથી ધરાવ્યો છે?

૫ સારસ્વત કેટલી જાતના છે; તમે કઇ જાતિ અને અટકથી ઓળખાઓ છો?

૬ સોરઠીયા સારસ્વત અને સેતપાળ સારસ્વત સાથે સિન્ધીઆ સારસ્વતને કેવી રીતે વ્યવહાર ચાલે છે, અને તેઓની નુખો તમારી માફક જુદી જુદી છે કે કેમ? સિવાય તેમના ગોત્ર, શાખા, વેદ, વિગેરે જાણવામાં હોય તો લખાવો.

૭ ગોત્ર અને શાખાનો અર્થ શું? ગોત્ર કેટલાં છે અને શાખા કેટલી છે?

૮ તમે જે નુખના કહેવાતા હો તેવા તમારા ભાઇઓના ઘરની સંખ્યા અને બધાનો મૂળ પુરૂષ કોણ? તેનું નામ અને તમારી કહેવાતી નુખ શાસ્ત્રોક્ત છે કે નવી પડેલી છે તે લખાવો.

૯ તમારા મૂળ પુરૂષ સારસ્વત છે કે દધીચી છે. ક્યા ગોત્રવાળા છે? મૂળ પુરૂષ એક હોય તો અરસપરસ સંબંધ થઇ શકે નહિ એ ધ્યાનમાં રાખવું.

૧૦ સારસ્વત નામ જ્ઞાતિનું શામાટે પડયું? તમે બધા સારસ્વતોનો મૂળ પુરૂષ સારસ્વત છે કે જુદા જુદા છે જેમ જાણતા હોય તેમ લખાવો.

૧૧ સોરઠીયા સારસ્વત, અને સેતપાળ સારસ્વત સિન્ધીયા સારસ્વત સાથે ખાવા પીવાનો વ્યવહાર નથી રાખતા તેમજ કન્યાની લેવદેવ નથી કરતા તેનું કારણ જણાવો.

૧૨ સિન્ધીઆ સારસ્વતના ઘરની સંખ્યા કેટલી છે? સોરઠીયાની ને સેતપાળની કેટલા ઘરની સંખ્યા છે?

૧૩ સોરઠીયા સારસ્વતના યજમાન લોહાણા છે કે કેમ? ને જો હોય તો તે સાથે જમવાનો વ્યવહાર રાખે છે?

૧૪ તમો દરેક નુખના સારસ્વતોને કેટકેટલી નુખોના લોહાણા યજમાનો છે? એક નુખથી વધારે નુખના યજમાનો કેવી રીતે થયેલા હોયછે?

૧૫ પોતપોતાના યજમાનની નુખો, ગોત્ર, શાખા, જણાવો.

૧૬ વેદની કાંડીઓમાં ઋષિયોની વંશાવળી લખાયલી છે તેવી રીતે સારસ્વતની વંશાવળી લખાયલી છે? સારસ્વત દધીચીના પુત્ર છે? સારસ્વતની માતુને મોશાળનું નામ જણાવો.

૧૭ કુળ ગોરનો સંબંધ કેવા પ્રકારનો ગણાય?

૧૮ એક ગોરના નોખનોખી નુખના યજમાનોમાં કન્યાની લેવદેવ થઈ શકે તો તે નીતિ વિરૂદ્ધ ને ધર્મ વિરૂદ્ધ ગણાય કે કેમ ?

૧૯ તમે તમારા કુંટુંબીઓ જે નુખભાઇઓ કહેવાઓછો તે તમામનો યજમાનો પ્રત્યે એક સરખો હક્ક છે કે જુદો જુદો ?

૨૦ તમો કુટુંબમાં અણુબનાવ હોઇ "ઊજા" કરોછો ત્યારે કાંઈ લેખીત કરાર કરો છો કે કેમ ?

૨૧ તમો કુટુંબ જે પ્રમાણે યજમાન બાબતમાં ઠરાવ કરો તે ઠરાવ પ્રમાણે તમારા યજમાનો વર્ત્તવા કાંઇ લેખિત કબુલાત આપે છે કે કેમ ?

૨૨ 'જા' અને 'ઊજા' નો અર્થ શું ?

૨૩ સિન્ધીયા કહેવાતા સારસ્વતોના યજમાન લોહાણા છે, કે બીજી કોઇ જ્ઞાતિના ? તે ગોર કહેવાય છે કે ?

૨૪ બીજી જ્ઞાતિના તે ગોર હોય તો તે વ્હેંચણી કયા સૈકામાં થઇ છે?

૨૫ ગોર હક્કો લેવાનો રિવાજ સિન્ધીયામાં એક સરખો છે કે જુદો જુદો અને જુદો હોય તો તે શા કારણથી ?

૨૬ સિન્ધીયા સારસ્વતમાં બે પાર્ટ પડેલા છે પરન્તુ અરસપરસ ગોત્ર શાખા જુદી છે કે મળતી છે ?

૨૭ સારસ્વતોની જ્ઞાતિમાં દીકરીના ઘરનું અન્ન જળ લેવા રિવાજ છે કે નહિ ? બીજા બ્રાહ્મણો લે છે કે કેમ ?

૨૮ સારસ્વતોમાં કન્યા વિક્રયની મનાઇ છે કે છૂટ છે ?

૨૯ કન્યા વિક્રયનો ચોખ્ખો અને શાસ્ત્ર પ્રમાણે અર્થ કહો.

૩૦ સારસ્વતોની જ્ઞાતિમાં પુનર્લગ્નનો રિવાજ છેકે નહિ અને હોય તો તે પ્રથમથી કે વચ્ચેથી અને તે કયા સૈકાથી કયા શાસ્ત્રને આધારે શરૂ થયો તે જણાવો.

૩૧ સોરઠીયા સારસ્વતને સેતપાળ સારસ્વતમાં પુનર્લગ્ન થાય છે કે નહિ ?

૩૨ લોહાણા જ્ઞાતિમાં પુનર્લગ્ન તમારા રિવાજને અનુસરી થયાં છે કે તમે લોહાણાજ્ઞાતિના રિવાજને અનુસરી પુનર્લગ્ન કરો છો ?

૩૩ તમારા 'અદકું નામુ' 'ગણુપતિનું નામુ' 'કલ્યાણજીનું નામુ' એવા રિવાજો ચાલે છે ત્યારે તે આખી જ્ઞાતિ પ્રત્યે કરી દેનાર કયો પુરૂષ થયો કે જેના હુકમને તાબે આખી ન્યાત વર્ત્તતી હતી.

૩૪ અદકું નામું લેનારના વડીલોએ લોહાણા માટે એવું શું કાર્ય હતું કે તેના બદલામાં તેમને વધારે નામુ આપવાનું ઠરાવ્યું, ગણુપતિનું નામું લીધેલની માલીકી કોણ ધરાવે છે ?

૩૫ ગણુપતિનું નામું વિવાહમાં લેવાય છે કે કારજમાં ?
૩૬ બીજા બ્રાહ્મણો કારણુને લઈ યજમાનોના ઘરનું વ્હેંચણુ કરે છે તેવી રીતે તમે કરી શકો કે કેમ ? અને વ્હેંચણુમાં યજમાનની કંઇ સંમતી કે લેખિત કબુલાતની જરૂર પડે કે કેમ ?
૩૭ ગોર થવાના કેટલા પ્રકાર હોય છે ?
૩૮ તમામ સારસ્વતોને બારોટ હોય છે કે સિન્ધીયાને ? અને હોય તો તે બારોટ રાખવાનું કારણુ શું ?
૩૯ બારોટથી તમારા મૂળ પુરૂષની ઉત્પત્તિ ગોત્રને મળતી આવે છે કે કેમ ?
૪૦ યજમાન શબ્દનો અર્થ શું થાય ?
૪૧ કુળ ગોર અને ન્યાત ગોરના ભેદ કેવી રીતે કરવામાં આવ્યા ? લોહાણા સિવાય બીજી કોમોમાં તેમ છે ?
૪૨ લોહાણા નામ શાઉપરથી પડેલું છે ?
૪૩ લોહાણાના ગોરને લોહાણા સિવાય બીજી કઇ કઇ જ્ઞાતિ યજમાન છે ?
૪૪ નવન્યાતનો એક વ્યવહાર હતો તે ખાવા પીવાનો કે કન્યાની લેવ દેવનો ? અને તે કઈ કઇ જ્ઞાતિ ? નામ જણાવો.
૪૫ નવનાતો પૈકી હાલ કેટલી નાતનો વહેવાર એક છે ?
૪૬ લોહાણા પ્રત્યે ગોર હક ધરનાર એક સરખી રીતે લેવદેવનો રિવાજ છે કે જુદો જુદો ? જુદો હોય તો તેનું કારણ લખો. લોહાણા સાથે વ્યવહાર કરનારી બીજી ન્યાતો હોય તો તે લોહાણાની માફક અસલથી છે કે કેમ ? અને તેમ ન હોય તો લોહાણામાંથી નીકળી છે કે શીરીતે તે કહો.
૪૭ લોહાણા ક્ષત્રિય વર્ગનો દાવો રાખેછે ત્યારે તે સૂર્યવંશી છે કે ચન્દ્રવંશીછે!
૪૮ નક્ષત્રિનો અર્થ શું થાય ?
૪૯ પરશુરામે નક્ષત્રિ કરી હોય તો એકવીસવાર કહેવાનું કારણ શું ?
૫૦ પરશુરામની હૈયાતિમાં ક્ષત્રિવંશ હતો કે નાશ પામ્યો હતો ?
૫૧ જનક, દશરથ, એ પરશુરામની હૈયાતિમાં હતા કે કેમ ? જો હૈયાતીમાં હોય તો નક્ષત્રિ કેમ કહી શકાય ?
૫૨ એ ચાલતે જમાને બ્રાહ્મણ ક્ષત્રિયને સાથે જમવાનો અને કન્યા લેવદેવનો વ્યવહાર ચાલતો કે કેમ ?
૫૩ તમે કપોળકલ્પિત વાત મૂર્ખ અભણ અને અજ્ઞાન યજમાન પ્રત્યે કહો છો કે અમે તમારી પાછળ વટલ્યા છીએ ? કયારે કે જ્યારે પરશુરામે છેલ્લી વખતે એટલે એકવીસમી વખતે નક્ષત્રી કરી ત્યારે

તમારા વડીલો ક્ષત્રિયનાં બાળકો પાંચ સાત અમારે શરણે આવ્યા, પાછળથી પરશુરામને જાણ થતાં પાછળ આવ્યા. અને અમને કહ્યું કે આ બાળકો કોણ છે? અમે કહ્યું 'બ્રાહ્મણ છે' ભેળાજમાડો? અમે કેળના પત્તામાં જમ્યા એટલે તેમને ન માર્યા. અમે અમારા ધર્મ જાળવવા લીરો કર્યો હતો. જુઓ આજે દેખાવ! એ ભાગ જુદા છે" આ વાર્તાને કાંઇ શાસ્ત્રાધાર છે કે જોડી કાઢેલી છે?

૫૪ તમે ઇરાદા પૂર્વક વટલ્યાજ નથી તો પછી વટલ્યાનું કહો છો તે કોણ માને?

૫૫ જે બાળકો તમારે શરણે આવ્યા તે કયા દેશાધિપતિનાં હતાં. તેના પિતા, સહોદર, કુળ, ઓલાદ, તમારા જાણવામાં હોયજ.

૫૬ બ્રાહ્મણ ક્ષત્રિયનો વ્હેવાર કયારથી બંધ થયો છે?

૫૭ કોળી સાથે વટલી બ્રાહ્મણો 'કોળી–ગોર' કહેવાયા. ઢેઢચમાર સાથે બ્રાહ્મણો વટલી ઢેડગરૂડા કહેવાયા. ત્યારે કોળીને ને ઢેઢને તમારી માફક તેમણે શરણે લીધેલા કે બીજી કોઇ રીતે?

૫૮ તમે જે વેદની ડીગ્રી ધરાવતા હોય તે વેદ જાણો છો કે કેમ? અને તેમાં પ્રવીણ થઈ ગુરૂએ ડીગ્રી આપેલી છે કે શી રીતે? અથવા તો તમે બ્રમણાથી નહીં જાણતા છતાં ઇલકાબ ધારણ કરી રહ્યા છો કેમ? બારીસ્ટર, એલ. એલ. બી. બી. એ. એલ. એમ. એન્ડ. એસ. ડાક્ટર. એલ. સી. ઇ. ઇજનેર. જે ભણીને ખિતાબ ધારણ કરે છે તેના વંશજોને વગરભણે તેવા તેના પૂર્વજોના નામથી કોઇ માન આપે કે કેમ?

૫૯ તમે લગ્ન ઉપવિત, વિગેરે અમોને કર્મ કરાવો છો તે શાસ્ત્ર પ્રમાણ છે કે કેમ?

૬૦ ઉપવિત સંસ્કાર શ્રુતિ આધારે કરાવો છો કે શી રીતે?

૬૧ ઉપવિતમાં "અંઓ, માત સરવણો, જદીભવત" આ વાકયો શાસ્ત્રોક્ત છે કે તમારાં કપોળ કલ્પિત છે?

૬૨ ખેતરપાળ (એક પથ્થરનું નામ પાડોછો) અને તેને લગ્ન પ્રસંગમાં વર વધુની સમીપ રાખી પૂજન કરાવો છો તેવીરીતે બીજા વર્ણમાં ખેતરપાળની પૂજા થાય છે કે કેમ?

૬૩ ખેતરપાળની પૂજા નિર્દોષ બાળા ન કરે અને આગતા સ્વાગતા કરી માથી ન માગે તો તે તેને પોતાના પતિની જોડમાં બેઠેલી છતાં પરણી જાય છે આવી નિર્લજ્જ ગાળ એ બાળા પ્રત્યે તમે બેસારોછો

ને આપો છો એ સાંભળી સ્વસુરપક્ષ તથા આવિત્ર પક્ષ સહન કરે છે. એ અધમોધમ કર્મ તમે કયા શાસ્ત્રના આધારથી કરાવો છો? પરણી જવાનો અર્થ એ ખેતરપાળ કુડી નજરથી તે બાળાનું શિયળવ્રત ભંગ કરવા તાકીને બેઠેલો છે એવો થાય છે. અરે! એવો કોઇ અધમ, પાપી નીચ દેવ કોઇ પુરાણમાં સાંભળ્યો નથી ત્યારે તેવી ગાળો આપનારને બેસારનાર તમે પોતેજ કે તે દેવ? કહો?

૬૪ સંબંધ થતી વખતે તમે 'લારીની' અને 'ખીરની' કોરી લેવા રિવાજ રાખેલ છે, ત્યારે લારીનો અર્થ શું? અને ખીર એટલે શું? તે જણાવો. અને 'ચોરી, છોરી કે સોરી' સત્ય શબ્દ અને તેનો અર્થ જણાવો.

૬૫ બીજાં પણ લગ્ન પ્રસંગમાં તેવાંજ નામ આપી પૈસા કઢાવો છો ત્યારે તેવાં નામોની સમજણ પાડો.

૧ 'ના નાતરૂં' એનો અર્થ શું?
૨ 'મોડીયો' બંધાવવાનું કારણ?
૩ 'ગોટીતા' શબ્દનો અર્થ તથા 'નખેટી' એટલે શું?
૪ 'પલંગનો ખજુર' લીઓ છો તે પલંગ કોને કહેવો?
૫ 'એકઠ અક્ષર' નો સમય. આ સમય કોઇ નક્ષત્ર ઉપરથી આવે છે કે ચોઘડીયા ઉપર કયા પ્રસંગે ને વખતે ગણો છો?
૬ 'એકઠ અક્ષર' નાં નામો આપો. કારણ બ્રહ્માએ વેદમાં કરેલાં નથી ત્યારે તમે કેવી રીતે કર્યાં?
૭ 'દૂધ પીરસણું' નો અર્થ શું?

૬૬ 'ખુંપ' નામ આપી એક કાગળનો પંખો કરી તેમાં વાંસની ખપાટ સીવી પાઘડી પાછળ ખોસો છો તેનું કારણ જણાવો? આગળ શું રિવાજ હતો કે અત્યારે એક પાઇના કાગળ વડે રોડાવવા જરૂર પડે છે!

૬૭ જનોઇ પહેરાવવાનો અધિકાર ગોરને છે કે ગુરૂને? જનોઇ પહેરનારની ઇચ્છા હવેલી અથવા ગુરૂદ્વારા હોય તો ગોર અટકાવી શકે છે કે શી રીતે?

૬૮ ફેરા ફર્યા પછી 'ગૌદાન' લેવાનો હક્ક ગોરને છે કે કન્યાને છે?

૬૯ મુશળ, ઘોંસરૂં, લોઢાની ત્રાન્ક વિગેરે અયોગ્ય સાજનો લગ્ન પ્રસંગમાં ઉપયોગ કરવાનું કારણ?

૭૦ હથેવાળામાં લોટની નિર્લજ્જ રમત રમાડવાનો હેતુ શું? તેવીજ

નિર્લજ્જ રીતે કોડીઉં, કરડા અને લેવદેવની કરાવવાનું કારણ કહો ?

૭૧ વરવાળા પાસેથી મહાજનને કહી 'દાદ' લેવા ઇચ્છે ત્યારે દીકરીના બાપ મહાજન ગણાય કે કેમ ?

૭૨ કુળગોર એ દીકરાના બાપના અને તેના પણ બાપનો મહાપિતા તરીકે ગણાય કે કેમ ?

૭૩ યજમાનની દીકરીને ગોરે પોતાની દીકરી બરાબર ગણવી કે કેમ ?

૭૪ વરવાળા પાસેથી જેને જેને દીકરીના બાપ પૈસા અપાવે છે તે પૈસાને લેનાર કોણ થાય છે ?

૭૫ તમોને યજમાન પરણવાથી શું મળે ને મરવાથી શું મળે ? વિશેષ પ્રાપ્તિ કયા પ્રસંગે થાય છે તે કહો ?

૭૬ તમે પરણ્યા પહેલાં મરેલા પુરૂષને સ્વર્ગે પહોંચાડવા 'લીલ' પરણાવવાનું કરાવો છો તે કર્મથી મરનારના જીવને ગતિ થાય છે કે અવગતિ થાય છે ?

૭૭ દેહ વિના જીવ રહી શકતો નથી એ પ્રમાણસિદ્ધ છે કે કેમ ?

૭૮ અવગતિ યા જીવને રહેવાનું સ્થળ જાણતા હોતો કહો ?

૭૯ 'નીલ' કે 'લીલ' એમાંનો સત્ય શબ્દ કયો છે ?

૮૦ તમે વાછડાનું ગોત્ર 'વત્સ' કહો છો ને વાછડીનું ગોત્ર 'પરાસર' કહો છો તે સત્ય વાત છે? જો એમજ હોય તો તે બન્નેની ઉત્પત્તિ તો 'વત્સ' થીજ થાય છે.

૮૧ અવગતે ગયેલો જીવ માત્ર કામવાસના ભોગવી શકેલ નથી માટેજ અધર અધોગતિએ રહેલો હોય છે એટલે તે જીવ જ્યારે વાછડામાં પ્રવેશ કરી જગતની માતુ જેનામાં તેત્રીસ કરોડ દેવોનો નિવાસ છે તેની સાથે પોતાની કામવાસના તૃપ્ત કરે છે એટલે તેને સદ્દગતિ થાય છે. અહા ! લખતાં કલમ ધ્રૂજે છે કે જો કાંઇ સારી ગતિએ જીવ પહોંચ્યો હોય તો ત્યાંથી પાછો રૌ રૌ નર્કમાં મોકલવાનું થાય છે એ કર્મ સત્ય છે કે અસત્ય છે તે કહો ?

૮૨ 'નિષેધ' એટલે શ્રાદ્ધક્રિયા કરાવનારનું મોઢું યજમાન જોતો નથી; તેવું દાન લેનાર ને કર્મ કરાવનારને માંગલિક કાર્યમાં બેસારી શકાય કે કેમ ?

૮૩ પોરબંદરમાં સારસ્વતો કોઇ પણ નિષેધ કર્મ કરાવતા નથી પણ તેવી ક્રિયાઓ માટે (કાટોડીયા) નામની એક જુદી જ્ઞાતિની સંસ્થા છે તે તમે જાણો છો ?

૮૪ કોઇપણ સારસ્વત શ્રાદ્ધકર્મ કરાવે તેને જ્ઞાતિ બહાર મૂકવામાં આવે છે તે તમે જાણો છો ?

૮૫ બાબરીયાવાડ દક્ષિણ વગેરે દેશોમાં તેવું નિષેધ કર્મ કરાવનાર જુદો જ વર્ગ હોવાનું તમે જાણો છો ?

૮૬ તેવું દાન લેનાર સાથે ખાવા પીવાનો વ્યવહાર રાખવાથી કે સાથે બેસવા ઉઠવાથી અઘોર પાપ લાગે છે કે કેમ ?

અસ્તુ !

લોહાણા સમાચાર, તા. ૨ ડીસેમ્બર ૧૯૦૯.

(Ex. નં. ૨.)

જોશી ઓધવજી હેમરાજે જે કૃત્ય કર્યું છે તે ખરેખર આપણી જ્ઞાતિને **એબ** લગાડવા જેવું છે.

*** *** ***

સલાયા બંદરના રહીશ જોશી **ઓધવજી હેમરાજ સેવકે** તે કામમાં **સુંદરબાઇને** પોતાને ખર્ચે તેડી જઇ તમામ જાતની મદદ કરી સારસ્વત—**લોહાણા** જ્ઞાતિ ધર્મની મર્યાદા તોડી છે તેથી તેનાથી તમામ જાતનો સંબંધ બંધ કરવામાં આવે છે. ઇત્યાદિ.

લોહાણા હિત વર્ધક, અંક ૫; પૃષ્ટ ૧૦૬.

(ખંભાળીયા મહાજન.)

*** *** ***

(Ex. નં. ૩.)

ત્યારે કોઇ એમ કહેશે કે ભાઇઓ બીજે ઠેકાણે તો ચાલે પણ મરનારની પાછળ તો 'ન્યાતવરો' કરી સાથે **ભૂદેવોને** ખાસ કરી પેટભર ખવરાવી સંતુષ્ટ કરવા જોઇએ. નહિ તો મરનારની અધોગતિ થશે. અરે! **ભાઇઓ** ! આ કહેવું તદન પોકળ છે. રૂષ્ટપુષ્ટ વિદ્યાહિણ, તેમને જમાડવાથી પિતૃઓ **સ્વર્ગની** સીડી પર ચડી જાય છે ? આ ધારવું માનવું સઘળું ભૂલ ભરેલું છે. અભણ, આળસુ અને મસ્તાનને જમાડયાથી પુન્ય થતું નથી. પણ જે ભૂખ્યા છે, ગરીબ છે, અનાથ છે અથવા સુપાત્ર છે તેવાઓનેજ દીધાથી પરમાર્થ ગણાય છે પણ હાલમાં તો જમણવાર પ્રસંગે મોટી મોટી રીતે ન્યાતો જમાડી નકામો પૈસો (શક્તિ ન હોય તો પણ) વ્યય કરવામાં આવે છે. તે એક દેખાદેખી અથવા પડી ગયેલો

કઢંગો રિવાજ સિવાય બીજું કંઇ નથી. વળી ભૂદેવોએ ચપટાવ્યું તેથી પિતૃઓ તૃપ્ત થતા હોય તો એક જુદી વાત છે, પણ તેમ નથી એ તો જે આરોગે તેનીજ ડબરી તૃપ્ત થાય છે. દીકરો ચાહે તો તેના પિતાનું નામ લઇ (કે જે હૈયાત હોય) મિષ્ટાન્ન ઉડાવે તો તેથી તેના પિતાની ક્ષુધા તૃપ્ત થતી નથી પણ સ્વયંમ્ પોતે પોતાના મુખમાં નાખશે ત્યારેજ તૃપ્ત થશે. જો ભૂદેવો મારફત પહોંચી શકતું હોય તો મુએલાને પહોંચાડવું તો બાકી રહ્યું, પણ જીવતાને કેમ પહોંચાડી શકતા નથી ?

કોઇનાં માવિત્રો—વડીલો (હૈયાત) બીજે સ્થળે હોય ત્યારે તેના પુત્રને પોતાનાં માવિત્રોને તૃપ્ત કરવાની ઇચ્છા થઇ ત્યારે શું ભૂદેવોને જમાડવા ? એટલે પેલો ધરાઇ જાય ? અરે ! નહિરે ભાઇ ! કદાચ કોપિતો દૈવ અને તે દહાડે તેઓને કંઇ વિઘ્ન નડયું હશે તો દાતણ પણ નહિ પામ્યા હોય ! અભણ આળસુ ભિક્ષુક—ભૂદેવો પોતાના સ્વાર્થ માટે આવા પ્રપંચમાં ભોળાને ભરમાવી ગયા છે જેનો કઢંગો રિવાજ પેસી હાલ સજ્જડ રાજકર્ત્તા થઇ પડયો છે. ખરી ખોટી માન્યતા ભોળા અથવા અભણ ભાઇને ગળે બેઠા વિના તેને પેલો જેમ ભરમાવે તેમ વરત્યા વગર ચાલતું નથી. કારણ તેવો કઢંગો પણ ચાલ છે તે કર્યા વગર કેમ ચાલે ?

અરે ! આવા આળસુ ઊદરંભરાની સંખ્યા કંઇ થોડી નથી, ઘણીજ છે. હાલમાં એક વિદ્વાને એવો સાર કાઢયો છે કે હિન્દની અંદર આળસુ ભિક્ષુકો એટલી સંખ્યામાં છે કે તેઓને મિષ્ટાન્ન ખવરાવ્યા પાછળ દર સાલ પચાસ લાખ રૂપીયાનો ખર્ચ વૃથા જાય છે. તો શું દેશની દરિદ્રતાનું આ વિના બીજું મોટું સબળ કારણ મળી આવશે ખરૂં ? નહિજ. એકલા ભૂદેવોનેજ તૃપ્ત કરવાથી પિતૃઓ મોક્ષમાં પધારે છે એમ ખાત્રી કોઇથી કરી શકાતી નથી. તો પછી તેમાં કંઈ ધર્મ સમાએલો નથી. જો ધર્મ—ફરજ સમજતાં હોઇએ તો ક્ષુધાપિડિત ગમે તે હો. અનાથ, અપંગ રોગી, નિરાધાર, સુપાત્ર ભૂદેવ તેવાઓનેજ જમાડયાથી પરમાર્થ સિદ્ધ થાય છે.

લે. હિતવર્ધક, અંક ૬; પૃષ્ટ ૧૨૮; ૧૯૦૬.
(ભગવાનજી દેવકરણ શાહ.)

***   ***   ***

(Ex. નં. ૪.)

કુંભારના લાકડાના ચાકડાને દેવ ઠરાવી ગોરબાપા ફાંકડા થઈ માણસને માંકડા બનાવી સ્ત્રીઓના વૃંદને એકઠું કરાવી સાથે ચાલી

શ્રીફળ, ઘઉં, ચોખા, ચંદન, કુમકુમથી પૂજા કરાવવા લઇ જતા હતા તે રિવાજને તદન ધિઃકારી કાઢયો છે........

*** *** ***

ખેતરપાળઃ—§(એક રસ્તામાં રખડતો રઝળતો ખરાબ થયેલો પથ્થર.) દીકરીને ફેરા ફેરવતાં પહેલાં ગોરબાપા ખેતરપાળ નામનો દેવ કરી દીકરીનાં માબાપને, સાસરીઆંને, સઘળાં કુટુંબને, તેના વરને, અને કન્યાને એવો ભય ઉપજાવે છે કે આ દેવ મંડપમાં બેઠેલી બાળાને તાકે છે અને તેને તે પરણવા ચાહે છે માટે તમે તે દીકરી પાસે તેની માફી મંગાવો, એટલે તે બિચારી અજ્ઞાન બાળા એવી ગાળો સહન કરી તે દેવને નવરાવી, ધોવરાવી, ધુપ, દીપ, ચંદન, કુમકુમ ચડાવી, ખોરાકમાં ખીચડી આપી, રૂશ્વતમાં પૈસા મૂકી પ્રાર્થના કરે છે કે "તું મને પરણીશ નહિ, મારૂં પતિવ્રત ભંગ કરીશ નહિ, અને મને દુઃખ દઇશ નહિ, મારા ધણી સાથે મને સુખ શાન્તિથી રહેવા દે." એવી ગોરબાપા દરખાસ્ત કરાવી છૂટી કરાવે છે. ધિઃક્કાર! ધિઃક્કાર સઘળા સાંભળી સહન કરનારાઓને કે આવી નિર્લજ્જને નફ્ટ રીતને વળગી રહી અપવાદ સહન કરે છે.

જાનને વિદાય કરતી વખત ગોરબાપા પૃથ્વી પૂજા કરાવવામાં પૃથ્વી ઉપર ઘી રેડાવે છે. જે ઘણું નિન્દાત કર્મ છે તે ઉપરાંત ગાડાંના પૈડા નીચે શ્રીફળ પીલાવી 'સીંચ' એટલે રાડ* નખાવે છે તે તદન બંધ કરવાની જરૂર છે.

*** *** ***

---

§ વેદોક્ત વિવાહ સંસ્કારમાં "શિલારોહણુ" ની ક્રિયા થતી હતી. વધુનો પગ શિલાપર મૂકાવે અન વર બોલે કે "હે પ્રિયે! આ શિલાપર ચડ અને શિલા જેમ સ્થિર છે અને ડગતી નથી તેમ તું પણ ગમે તેવી વિપત્તિમાં ધૈર્ય છોડીશ નહિ." આ પવિત્ર ભાવવાળી ક્રિયાને આ પોપજીઓએ ફેરવી યજમાનોની પ્રતિષ્ઠાને હલકી પાડવા અને ટકા પ્રાપ્ત કરવા માટે ધતીંગો બનાવી 'ખેતરપાળ' કરી બહુજ બિભત્સ રીતિ દાખલ કરી છે.

વિવાહ સંસ્કારમાં મુખ્યકરી યજ્ઞ પાણિગ્રહણુ, શિલારોહણુ. સપ્તપદી, ધ્રુવદર્શન, ઇત્યાદિ પવિત્ર ક્રિયાઓ જેમાં ગંભીર ભાવ સમાયેલો છે તેવી થતી હતી. અમારા ભ્રાતાઓની અનુમતિ હશે અને સારો આશ્રય મળશે તો અમે વેદોક્ત વિવાહ સંસ્કારવિધિ મંત્રોના અર્થ સહિત એક નાના પુસ્તકના રૂપમાં બહાર પાડીશું.

* આ રિવાજ વામમાર્ગીઓનું અનુકરણુ હોય તે સંભવિત છે. કર્તા.

ગૌદાનના પૈસા લેવાનો હક્ક સ્મૃતિમાં દીકરીઓનો છે છતાં હજી ગોરબાપા ઉચાપત કરી જાય છે. તે હવે બંધ કરી દીકરીને આપવા તેની ચર્ચા થાય છે.

લો. હિતવર્ધક, અંક ૧૧-૧૨ ૧૯૦૮; પૃષ્ઠ ૨૬૧.

જ્ઞાતિ ઊન્નતિ ઇચ્છનાર. (બાબરા.)

*** *** ***

(Ex. નં. ૫) "લગ્નમાં પાખંડી પુરોહિતના પ્રપંચ."

ગોર પોતાને ઉતારે સૂતો હોય ત્યાંથી માંડવે લાવે છે અને બન્ને વ્હેવાઇઓ વિનંતી કરે છે કેઃ—'બાબાપ હવે વ્હેલા ઉકેલ કરો. તો ઠીક' ત્યારે પોતે કહે. 'થાપન, નાળિયેર, પૈસા લાવો !' અને તેમ કહેતાં પોતે લોટ, હળદર, ગુલાબ થાળીમાં મંગાવી માંડવા વચ્ચે વેદી 'સોપારી ઉપર ત્રણે રંગ નાંખી ચિતરવા માંડે છે. બીજી તરફથી જવ, તલ, શ્રીફળ તૈયાર કરાવે; સુતારને ત્યાં છોડીયાં લેવા એક માણુસને મોકલે છે. એક તરફ જાનડીઓ એકઠી થઇ ગીતો લલકારતી કુંભારને ઘરે ચોરીનાં માટલાં લેવા જાય છે. ત્યાં ગોરબાપા સાથે હોય છે એટલે કુંભાર જેનું બીજું નામ 'પ્રજાપત્ય' અને ત્રીજું નામ બ્રહ્મા છે. જે શ્રૃષ્ટીમાંના અગર માટીના વાસણુ ઘડનારો તેની પૂજા કરાવે છે. બે શ્રીફળ, ઘઉં, ખોરાક જેનું બીજું નામ પોપજી બાપાએ 'અખીઆણુ" પાડયું છે તે આપીને ચોરીનાં માટલાં માંડવે લાવે છે. ત્યારે તે પાછા 'રેગ્યુલર' ગોઠવવાનું વરવાળાને પાવલું શ્રીફળ આપવું પડે છે. ચોરી બંધાયા પછી બ્રાહ્મણો (નામધારી) એકઠા થઇ જાય છે. બીજી તરફથી બધા જાનવાળા અને માંડવાવાળા ફરતા બેસી જાય છે. બૈરાંઓ ગીતો ગાવા ગોઠવાઇ જાય છે એટલે ગોરબાપા બોલે છે કે- કન્યા પધરાવો ! ગણુપતિ મહારાજ પાસે બેઠેલ વર કન્યા ત્યાં ચોરીમાં આવે છે. તેઓને ઊગમણે મોઢે અથવા ઉત્તરાદિ મોઢે બેસારે છે. એમ કર્યા પછી ગોરબાપા બધા દેવ દેવતા ગૃહોને પોતાના મંત્ર વડે તેડાવે છે, અને દરેકના હોદ્દા પ્રમાણે સત્કાર કરવા માટે વરવાળા પાસેથી વારંવાર પૈસા, સોપારીઓ, શ્રીફળો, કઢાવવા માંડે છે તે એટલે સુધી કે ઉભય પક્ષની આંખમાં લોહી વરસાવે છે. દીકરીનો બાપ તો ગોરનો મજુર અથવા ભાડાયત બને છે એટલે તેનાથી તો બોલી શકાતું નથી. તે કદી સહન ન થતાં બોલે તો ગોરબાપા તુરત ઝાટકી નાંખે છે. 'નહિ

બને ! નહિ બને ! દીકરી તો અમારી છે અમે લેશું ! વરવાળાને આપવું પડશે.' તેમ કહી રીસાય છે. પછી કામ અટકે છે. અહીં બીજા વળતા દિવસના દસ બજ્યા છે. વળી બિચારા હાથે પગે લાગીને ગોર બાપાને સમજાવે છે. એટલે કામ શરૂ કરે છે. તુરત બધા દેવોને બોલાવ્યા બાદ "**ક્ષેત્રપાળ**" નામનો દેવ કે જે નામ ગોરબાપાએ પાડેલું છે. તે એ કે લાવો. (પરવત ફળ) '**પાણો.**' એક જણ પાણો મંગાવે છે તે લાવ્યા બાદ તેને **ખીચડીનું** નિવેદ ધરાવી દૂધ, દહીં, વિગેરે પંચજળથી કન્યા પાસે સ્નાન કરાવે છે. ત્યાર પછી **સિંદુરથી** ચરચાવે છે અને તેની પાસે ક્ષમા મંગાવે છે કેઃ—" હે! **ખેતરપાર** ! હવે તું મને પરણીશ નહિ." ક્ષેત્રપાળને કન્યાએ હાથથી સ્પર્શ કર્યા પછી તે શાન્ત થાય છે. એટલે તેની મન કામના પૂરી પડતાં તે કન્યાને તેના પતિ સાથે પરણુવા આપે છે.

ક્ષેત્રપાળની પરવાનગી ગોરબાપાએ મેળવ્યા પછી તુરત ફેરા ફેરવવાનું કામ શરૂ થાય છે. પ્રથમ કન્યાના ભાઇને બોલાવે છે, તેને હાથ જોડ સંકલ્પ કરાવી સામો ઉભો રાખી બે પૈસા બન્ને હાથના અંગુઠામાં રખાવી હાથની આંટી પડાવી દમ્પતિના માથા પર મૂકે કે તુરત બે પૈસા ગોર લઈ લે છે. પછી વર કન્યા અને તેનો ભાઇ ત્રણે ઉભાં થઈ એક પાનમાં જવ, તલ, ગોરબાપા નખાવીને અગ્નિકુંડ કરાવ્યો હોય તેમાં નખાવે છે, કે તુરતજ કન્યા પહેલી ને પાછળ વર તેમ ગોળાકાર ફેરો ફરે છે. પરન્તુ ફેરો ફેરવવા અગાઉ કન્યાના ભાઇ પાસેથી ગોર અને બારસ્તાન અમુક રકમ 'દક્ષિણા' કઢાવે છે. વરનો બાપ પહોંચતો હોય તો ચોથા ફેરાના તેની પાસેથી રૂ. ૧૦) સુધી કઢાવે છે. તેમ કરી દિવસના બાર બજે. ત્યાર બાદ ગોરબાપા ચોરીના* રૂપીઆના વરવાળા પાસેથી

---

*ચોરિ. ચો+અરિ ચો=ચારે દિશા. અરિ=દુશ્મનો. ચારે દિશાએ દુશ્મનથી સાવચેત રહેવું તે. ગર્ભાધાનથી અંત્યેષ્ઠી પર્યન્ત શાસ્ત્રોમાં વર્ણવેલા સોળે સંસ્કારોમાં મનુષ્ય જીવનનું બીજું જંકસન ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ કરવાનો વિવાહ સંસ્કાર સૌથી મોટો અને ઉત્તમોત્તમ ગણાય છે. પ્રાચીન સમયમાં આ સર્વ સંસ્કારો વેદોક્ત વિધિથી થતા હતા અને તે કરાવનારા આચાર્યો મહા વિદ્વાન અને ગુણ, કર્મ, સ્વભાવે શુદ્ધ બ્રાહ્મણો હતા. વિવાહ સંસ્કારમાં લાજાહોમ, પ્રધાનહોમ, જયાહોમ, અભ્યાતનહોમથી ખાસ મોટો યજ્ઞ કરવામાં આવતો હતો. યજ્ઞની વેદીમાં જે અગ્નિની સ્થાપના થતી હતી તેને આવસથ્યાગ્નિ કહેતા હતા. દસ્યુ લોકો કે જે-

જામીન માગે છે અને કન્યાનો બાપ જામીન થાય છે. જુઓ! દેશની અને તેમાં આપણા અજ્ઞાન જ્ઞાતિભાઇઓની સમજણ! કારણ કે કન્યા પ્રત્યે તો કોઇની માલીકીજ ન રહી. કારણ જામીન લીધા પછી તે ચોરી-માંથી ઉઠી શકે છે. પછી તુરત માસ્તાન 'કુશળ દક્ષિણા' લાવો! ગોર કહે 'ગોરવાસણ્ું' લાવો! બીજા ભિક્ષુકો કહે 'હવે વર કન્યાની ખેરીયાત કરો.' એમ કહી વળી વરવાળા પાસેથી એ ચાર કઢાવે છે.

* * *

ત્યાર બાદ બ્રાહ્મણોને કે જે ઉભય પક્ષના જાનૈયા માંડવીયા થઇને વગર તેડે વગર લખ્યે અને વગર બોલાવ્યે આમંત્રણ વગર આવેલા છે તેમને વૃદ્ધી કરે કે હવે દક્ષિણા આપવી છે માટે નામાં ઉતારી આપો. તુરત 'માસ્તાન' એકઠું થઇ હોક્કા ભરાઇ કસુંબા નીકળે, ચા નીકળે, બુંદની કાર્યીઓ નીકળે ખર્ચ બધું વરવાળા તરફથી. (નામાં માંડે મંડાવે) એટલે મુંડકી દીઠ દરેક છોકરા યુવાન, વૃદ્ધ, પુઃષો ને બાળકીઓ, બૈરીઓની નોંધ લીએ. તે સિવાય વધારો—કોઇ કહે કે મારા બે નામાં અદકાં છે.

ઓને પુરાણોમાં રાક્ષસો કહી સંબોધેલા છે તેવા અનાર્યો આવા યજ્ઞમાં ભંગ પાડતા હતા. તેવા લોકોથી સાવચેત રહેવા અને કદાચ યજ્ઞમાં ભંગ પાડવા આવી ચડે તો અગાઉથી યજ્ઞ કર્ત્તાઓને ચેતાવવા માટે ચારે દિશાએ એકેક માણસને ચોકી કરવા બેસાડતા હોય અને તે માટે તેને કંઇ આપવામાં આવતું હોય અને તેને આજે ચોરી કહી લાગા—ટેક્સનાં લાકડાં ઘુસાડી દીધાં હોય તે સંભવિત લાગે છે. આમ હોય તો હાલમાં મુદ્દલ આ નિરક્ષર લોકો વિવાહ સંસ્કારવિધિ જાણતા નથી. અને વિવાહને સ્થળે ઘણે સ્થળે મૃત્યુના મંત્ર જપી પોલંપોલ ચલાવે છે. આજે કોઈ અનાર્યનો ભય નથી. દાન ફરજીયાત હોયજ નહિ. આજે તો કુંભારના ઘરેથી ચિત્રેલ ઘડા, માટલાં વિગેરે લાવી ઉપરા ઉપરી એકથી એક નાનો એમ ચારે દિશાએ ગોઠવી મંડપની કાઠી સાથે બાંધે છે. તેને ભૂદેવ મહારાજો 'ચોરી' કહે છે. (વેદોક્ત વિવાહ સંસ્કાર વિધિમાં શુદ્ધ જળથી ભરેલો કળશ વેદીની દક્ષિણ દિશાએ રાખવામાં આવતો તેટલું મળે છે.) હવે જો આમ ઘડા માટલાં ગોઠવી કાઠી સાથે બાંધવાં તેને "ચોરી" કહેવાતી હોય તો તેમ ગોઠવવાની મજુરી એક પૈસાથી વધારે હોવી જોઇએ નહિ. (આ સંબંધમાં કોઇ પણ બન્ધુ ખાસ વિશ્વાસપાત્ર વધુ અજવાળું પાડવા હકીકત અમોને આપશે તો અમે આભાર સહ દ્વિત્તિયાવૃત્તિમાં દાખલ કરીશું.)

કર્ત્તા.

કોઇ કહે કલ્યાણજીનું મારૂં વધારાનું નામું છે ને કોઇ કહે ગણપતિનું છે. એમ દશ પાંચ નામાં વધારાનાં મંડાવે. તે તમામનો એક સરખો સરવાળો કરી ખરડા લેઇ શેઠીઆ બધા ખાનગી બેઠક લઇ શું આપવું તે પંચાત કરે- છેવટે કન્યાનો બાપ કહે કે આવી રીતે આપવું જોશે તે પ્રમાણે કબુલ થાય.

પાવલું અથવા આઠ આના અને એક રૂપીયો નામા દીઠ આપવો ઠરે. પછી બધા સારસ્વતોને બોલાવી જાહેર સભા ભરી દરેકને જે પ્રમાણે વરનો બાપ કહે તે પ્રમાણે આપે કે તુરત કાવ્ય કળાને જાણનારા ગોરો શેઠીયાઓના ગીત રૂપકથી વખાણ કરે. બીજા કાઠીગરા 'સિઆના' બોલી બતાવે એટલે શેઠીયા ખુશી લાય. "મહારાજ બહુ વિદ્વાન છે ગોર શું ભણ્યા છો ?" જવાબમાં-(બસ) લાવો ! લાવો !! ને લાવો !!! (આ સિવાય લેવાના બીજા અનેક પ્રપંચો ભદ્રાસણ, દૂધપીણાં વિગેરે છે.)

ઠા૦ લક્ષ્મણ કમળશી.
લો. હિ. વ. અંક ૮. પૃષ્ટ ૧૭૦: ૧૯૦૮.

* * * * * * * * *

(**Ex.** નં. ૬)

" ખીર ચોરી. "

એ **ખીર ચોરીનો** પરણનાર જોડાં ઉપર એક જાતનો કર (લાગો) છે અને તે કર ભૂદેવો (**સારસ્વત** બ્રાહ્મણો) તરફથી ઉઘરાવવામાં આવે છે.

આ **ખીર ચોરીનો** કર પરણવા આવનાર પુરૂષને કન્યાના પિતાના ગોરને આપવો પડે છે. એટલે દેખીતી રીતે તે કર કન્યાના શીર પર ચોટેલો છે એમ માનવાને કંઇ પણ શંકા નથી

આ **ખીર ચોરીના** 'કર' (લાગા)ની રકમ આપવાનો રિવાજ કેટલાં એક ગામોમાં રૂપીઆ **૧૦** થી **૧૨॥** કે **૧૫** તો કેટલાએક ગામોમાં તેથી વધારે એટલે રૂ **૨૦** કે **૨૫** સુધી આપવાના હોય છે. એટલે તે વિષે એક સરખો આપવા માટેનો નિયમ નથી. પણ તે 'કર' ગરીબ યા તવંગર દરેકને એક સરખો લાગુ છે. મજકુર **ખીરચોરીના** 'કર'ની રકમમાં વધારો ઘટાડો કરી શકાય છે અને તેમ કરવાની સત્તા દરેક ગામના જ્ઞાતિભાઇઓના આગેવાનોના હાથમાં રહેલી છે એટલે તે 'કર' આપણા ભાઇઓને માથે ફરજીયાત નથી. પણ **" પીછેસેં ચલી આતીહે "** એમ ગણી એક જાતનો રિવાજ પાડી દીધો છે કે જે રિવાજ ગરીબોને

ઘણો બોજારૂપ થઈ પડે છે, જેથી તે ઉપર લક્ષ આપવાની દરેક ભાઈ- ઓની ફરજ છે.

આપણુને ઘણી વખત જોવામાં અગર જાણુવામાં આવ્યું હશે કે આ **બીર ચોરી** રૂપી કરનો બોજો કેટલાંક ગામોમાં તો એટલો વિશેષ પડતો હોય છે કે તે ખમી શકવાને કેટલા એક ગરીબભાઇઓ અશક્ત બની જાય છે. અને આવે વખતે ભૂદેવો કાંઇ પણુ દયા નહિ લાવતાં માથા ફોડ કરવા મંડી જાય છે. એટલુંજ નહિ પણુ જો તેની પતાવટ કરવામાં નહિ આવે તો લગ્નમાં વિઘ્ન નાખવા પણુ અચકાતા નથી કે જેના પરીણામે કેટલાક ભાઇઓ તેવી સ્થિતિપર આવતાં બીજે દહાડે પરણી શકે છે એટલે તેને પરણુવા માટેનો શુભદહાડો અને શુભ મૂહુર્ત નિર્માણુ કરવામાં આવેલુ હોય છે તેનો અયોગ્ય કારણથી ભંગ થાય છે તે બનાવ કંઇ ઓછો કમકમાટ ઉપજાવે તેમ નથી.

ભાઇઓ! આપણા વડીલોએ આગળના વખતમાં જે કાંઇ ધારા કે કર લાગા ઠરાવેલા તે ધારા તથા કર લાગા તે વખતના સમયને અનુસરીને બાંધવામાં આવેલા હતા અને દેશકાળ તથા સમય બદલાતાં તેમાં સુધારા તથા ફેરફાર થતા આવ્યા છે અને તેમ થવુંજ આવશ્યક છે.

આગળના વખતમાં ભૂદેવો તરફ જે આપણો પૂજ્યભાવ હતો તે સમયના ભૂદેવો **વિદ્વાન તેમજ સ્વધર્મનિષ્ઠ હતા.** તેઓ આપણુને સન્માર્ગે દોરી જતા. વિદ્યાના બળે કરીને તેઓ પૂજ્યપાદ ગણાતા હતા તેઓનું ખટકર્મ 'વિદ્યાનું અધ્યયન તથા ધર્મોપદેશ હતાં' તેઓ હાલના ભૂદેવોની માફક ઘરોઘર (દ્વિજ હોય કે શૂદ્ર હોય કે મલેચ્છ હોય તેને ત્યાં) ભીખ માગતા ભટકતા નહિ. ભાંગ, ગાંજો, ચંડુલ, અફીણુ મદિરાદીક માદક પદાર્થોનું સેવન કરતા નહિ. મોહ, મદ, ક્રોધાદિક દુર્ગુણોથી તેઓ વેગળા હતા. ક્ષમા અને નીતિ એ તેઓનું ભુષણુ હતું. સદાચાર, વેદાધ્યયન એ તેઓનો મુખ્ય રસ્તો હતો અને એવાઓ તરફેજ આપણા વડીલોની પૂજ્ય બુદ્ધિ હતી. અને તેથીજ તેઓની આજીવિકા માટે તે સમયને રૂચતા લાગા—કર કરી આપ્યા હોય! પરન્તુ હાલના ભૂદેવોની હાલત જોઇશું તો તેમાંનો મોટો ભાગ વિદ્યાહીન તથા કર્મહીન થઇ ગયા છે. ભીખ માગવી એ એક જાતનો તેમનો ઉધમ થઇ પડયો છે, ગાંજો, ભાંગ, અફિણાદિ વ્યસનોથી વીંટાઈ રહેલા છે. નીતિને નેવે મૂકી અનીતિ આદરી બેઠા છે. સદાચારને શત્રુ કરી દુરાચારની દોસ્તી કરી છે. ક્ષમાનો ભાવ તજી ક્રોધાદિકને શરણુ થઇ ગયા છે. વેદાધ્યયન તો એક બાજુ

રહ્યું પણ બાળબોધ કે પ્રાકૃત ભાષાના ગ્રંથોનું પણ અવલોકન કરી શકતા નથી. શ્રાદ્ધ, વર્ષી, છમાસી, કે ગતે થયેલા યજમાનોના આંગણા ઉપર મિષ્ટાન્ન ઉડાવી પેટપર હાથ ફેરવવા એ તેઓનું નિત્ય કર્મ છે. આવાં આવાં અનેક દુરાચરણોથી હાલના ભૂદેવો મસ્ત બની રહ્યા છે; તો તેવાઓને દાન કે દક્ષિણા આપવી કે કર-લાગા કરી આપવા એવી ઇચ્છા આપણા વડીલોની બીલકુલ નહિજ હતી. વેદની શ્રુતિ-સ્મૃતિમાં પણ કહ્યું છે કે **સુપાત્રને દાન** એટલે જે પાત્ર હોય તેનેજ દાન કરવું તો વિદ્યાની બાબતમાં જે વેદાધ્યયન કરતો હોય, સ્નાન, સંધ્યા. ગાયત્રી, યજ્ઞાદિક પોતાનાં ખટ કર્મ કરતો હોય તેનેજ દાન કરવું અને તેવા સુપાત્રને દીધા થીજ પુણ્ય થાય છે; તો હાલના ભૂદેવો જેઓ **અક્કલના ઓથમીર અને વિદ્યાના વેરી થઈ બેઠા છે. અને** તેવા લોકો ગોરપણાનો દાવો **કરી ખીર ચોરીના** કરો ઉઘરાવે છે **તેવા અભણ અને આળસુઓને દીધાથી** કોઇ પણ જાતનો **ધર્મ** થાય છે, **એવી માન્યતા રાખવી તે સસલાને શિંગડાં ઊગાડવા સરખું છે.** તેમજ તે લોકો પણ સમજે છે કે “ તેઓને જે કંઈ આપવામાં આવે છે તે ધર્મ તરીકે નહિ પણ એક જાતનો કર સમજે છે. તો આવી માન્યતા તેઓની ખોટી પાડવાને દરેક ભાઇઓએ જાગૃત થવાની જરૂર છે અને તે માટે **ખીર ચોરી** રૂપી કરને નાબુદ કરી જડમૂળથી કાઢીનાંખવાની જરૂર છે. અને તે માટે એવો સુધારો થવાની જરૂર છે કે લગ્નાદિક જેવા શુભ પ્રસંગો ઉપર ઇચ્છા અને શક્તિ મુજબ તેવી દાન દક્ષિણા આપી શકે અને તે પણ સુપાત્ર હોય તેનેજ. સિવાય નહિ. ભાઇઓ! મનુષ્ય દરેક રીતે સ્વતંત્ર છે. તે પોતાના હિતને ખાતર ન્યાયસર ગમે તે કરી શકે છે. માટે ઊઠો અને આળસ તજો. પોતાના ગરીબ જાતભાઇઓને તે બોજાથી મુક્ત કરો કાંઈ પણ બનવું મુસ્કેલ નથી, તે એટલા ઉપરથી સમજાશે કે ભૂદેવોના ટંટાઅને બખેડાથી કંટાળી જઇને અમોએ અમારા કુંટુંબમાં ભૂદેવોને **ખીર ચોરીનો** કર અપાવવાનો ધારો સદંતર કહાડી નાંખ્યો છે અને તે કરના બોજામાંથી અમોએ અમારી બ્હેનો તથા દીકરીઓને તદન મુક્ત કરી દીધી છે. અસ્તુ !

લોહાણા મિત્ર પોષ; ૧૯૬૪; ભગવાનજી દેવકરણ રાચ્છ

*** *** ***

(Ex. નં. ૭.)

પુજ્ય ગોર મહારાજ!

તમારો પત્ર મળ્યો છે. તમો **ખીર ચોરીની** હકીકત વાંચી અ-મોને જે ઠપકો આપોછો તે પહેલાં તમારે સારસ્વતોમાં જે કુટેવો હોય તે સુધારવા પ્રયત્ન કરવો જોઇએછીએ. હાલતો આટલાથીજ અટકયું છે પણ હવે જો સારસ્વતો સુધરશે નહિ તો તેમનાં પોગળ એક પછી એક બહાર પાડવાં પડશેઃ—

એડીટર,

લોહાણા મિત્ર અંક ૫, અંક ૧૯૬૪.

*** *** ***

(Ex. નં. ૮.)

" ધોળે દહાડે લૂંટ. "

જો વિચાર કરશું તો તો આપણી કોમમાં જડઘાલી બેઠલી હાનિ કારક રૂઢીઓ ઘણીજ છે. પણ તે ઉપર હું કોઈ બીજે વખતે બોલીશ. હાલતો મૂળ વિષયપર આવતાં આ એક અગત્યની બાબત ઉપર આપનું ધ્યાન ખેંચ્યું છું અને ખરૂં કહું છું કે આપણને કંગાળ સ્થિતિએ લઇ જનાર બીજાં કારણોમાં આ પણ એક સબળ કારણ છે, અને તે એજ કે જેમ અજ્ઞાનોના સમૂહમાં ચપળ અને ધૂર્ત્ત પુરૂષોને લૂંટી ખાવું સહેલ થઈ પડેછે, તેમ આપણી જ્ઞાતિમાં પણ ઉપદેશકનો અભાવ તથા સરસ્વતિની અકૃપાથી એટલું તો અજ્ઞાન પ્રસર્યું જોવામાં આવે છે કે તે ખરા મનુષ્યત્વને પણ ભૂલી જવા લાગી છે; આવી અજ્ઞાનતાનો લાભ લઈ મી. ભગવાનજીભાઇના શબ્દોમાં કહીએ તો ભૂદેવો (સારસ્વતોએ) આજકાલ આપણી જ્ઞાતિને લૂંટી ખાવીજ શરૂ કરી છે. ધર્મ કર્મથી ભ્રષ્ટ થયા છતાં પણ હજી સારસ્વતો આપણું સત્વ ચૂસવામાંજ પોતાનું સાર્થક સમજે છે. આપણી ઉંચ ક્ષત્રિય જાતિની આ હાલત અને તેમાં સમય પરત્વે ચુસેલાં લાકડાં એ બન્ને તરફ નજર કરતાં અમારૂં હૃદય ભરાઈ આવે છે.

હવે વિચાર કરોકે સારસ્વત બ્રાહ્મણો (ભૂદેવો) આપણે માથે કેવો જુલમ ગુજારે છે? લગ્ન જેવા માંગલિક કાર્યમાં વર પિતા પાસેથી **ટેકસ-લાગો** વસુલ કરવા કેવાં તોફાન મચાવે છે તે બાબત ગયા **પોષ માસના અંકમાં મી. ભગવાનજી દેવકરણે** સારી રીતે પ્રકાશ પાડયો છે. એટલે તે ઉપર મારે કાંઇ વધુ બોલવાનું નથી. અને આ સર્વ જ્ઞાતિ

બન્ધુથી અજાણ્યું નથી. મી. ભગવાનજીના લખવા મુજબ આ લેખકને પણ ગયા વૈશાખ માસમાં હિન્દુસ્તાન આવ્યો હતો ત્યારે સંપૂર્ણ અનુભવ થયો છે. ખરેખર એ ભૂદેવો (સારસ્વતો)ના વર્તનનું તે વખતનું સ્મરણ થતાં તેના પ્રપંચોનું પૃથ્થકરણ કરતાં અમારૂં જીગર વિંધાઇ જાય છે. આથી કરીને અમો કંઇ સારસ્વતની આજીવિકા ઉપર લાત મારવા માગતા નથી, અને તેમની આજીવિકા કાંઇ અમારા ઉપરજ છે એમ પણ માનતા નથી. અમારૂં કહેવું એમ છે કે દાન તરીકે લેવું દેવું તે સામાપક્ષની શ્રદ્ધા-શક્તિ ઉપર છે. પણ આવા ફરજીયાત કર-લાગા કોઈ પણ જ્ઞાતિ ઉપર બીલકુલ હોઇ શકે નહિ, અને અમો કહીએછીએ કે તે પ્રાચીન નથી, અને હોય તો એ ભૂદેવો (સારસ્વતો) પાસે છે કાંઇ સાબિતી? આજકાલ તો જાણે કે આસમાનથી તામ્ર પટે લેખ લખાવી આવ્યા હોયની! તેમ યજમાનની શક્તિ હોય યા ન હોય પણ આવા સ્વાર્થી, ઢોંગી અને વિદ્યાના કટ્ટા વેરી બનેલા ગોર-(સારસ્વતો)નો ટેકસ-લાગો કયાંયથી વ્યાજે લઇ, ઘરેણાં મૂકી અગર વ્હેંચાઇ ગળે ફાંસો ખાઇને પણ આપો. આ તેનો મુખ્ય મોહન મંત્ર છે.

વળી આપણને સમજાવવામાં આવે છે કે "પરાપૂર્વ, અસલથી બાપદાદાથી ચાલ્યું આવેછે" અહા! સૂરા પરાક્રમી વિર! લોહાણા પૂર્વજોના પુત્રોની આ કેટલી માનસિક નિર્બળતા! અરે! વિચાર કરો કે આપણા પૂર્વજો આપણા કરતાં ઘણી દીર્ઘ દ્રષ્ટીથી વિચાર કરનારા હતા તે કદી પણ આ ભૂદેવો (સારસ્વતો)ના ટેકસ-લાગાનું કૃતિમ લાકડું પોતાની ભવિષ્યની પ્રજા ઉપર ઠોકી ન જાય.

આપણા વડવાઓ કેવા બુદ્ધિશાળી અને દીર્ઘ દ્રષ્ટીવાળા હતા કે જેણે ત્યાં સુધી પોતાની દીર્ઘ દ્રષ્ટી છોડાવી છે કે કદી કન્યાના પિતાની કન્યાના લગ્ન વખતે જાન જમાડવાની તથા પહેરામણી આપવા જેટલી શક્તિ નહોય તો કેમ કરવું? તે બાબતમાં તેણે કન્યાના પિતાનો વરના પિતા પાસે કંઇક લાગો ઠરાવેલો છે કે તેમાંથી જાનને 'પહેરામણી' થાય અને બીજું કંઇ પણ વરના પિતાને આપવું પડે છે કે જેથી કન્યા પિતાને જાન જમાડવામાં પણ કંઇક મદદ થાય. (જોકે આ લાગો હાલમાં કેટલેક સ્થળે લેવાય છે ને કેટલેક સ્થળે નથી પણ લેવાતો.)

આવી જેની તુલના શક્તિ હોય તેઓ ઉપર કહ્યો તેવો અમાનુષિ કર આપણા માથા ઉપર ઠોકી જાય કે? બીલકુલ નહિ. પણ અમોને તો એમજ લાગે છે કે "પોલા દેખ કર પેસ જાઓ" એ રીતી મુજબ જ્યારે

જ્ઞાતિમાં અવિદ્યારૂપી અંધકાર ફેલાઇ રહ્યો; ત્યારે કેટલાક સ્વાર્થી ભૂદેવો બેચાર સજ્જડ આગેવાનો પાસે જઇ મીઠાં વચનથી દયા–મહેરબાની મેળવી એક બે ઠેકાણે એમ ચાલુ કર્યું એટલે પછી લાકડું પેસી ગયું અને રૂઢી પ્રચલીત થઇ ગઇ. આ વાતતો સાદી બુદ્ધિથી સમજાય તેવી છે તો-પણ આપણા ભાઇઓને સમજવી કઠણ થઇ પડી છે એથી બીજું શોચ-નિય શું હોય ?

વળી જે **ખીરચોરી** વિગેરેનો એ ભૂદેવો (**સારસ્વતો**)નો ટેકસ–લાગો હાલમાં યજમાન પુત્રી ઉપર છે તે દેખત અમાનુષિજછે; કારણ કે ગોર–ગુરૂ એટલે પિતા, તો યજમાન પુત્રી. તેતો ગોરની પુત્રી. પિતા પુત્રીનો પૈસો લે તે તો **કન્યા વિક્રય** કહેવાય છે ત્યારે ધર્મ પિતા યજમાન પુત્રીનો પૈસા લે તે શું કન્યા વિક્રય ન કહેવાય ? આટલેથીજ ન અચકાતાં પુનર્લગ્ન પ્રસંગે પણ કેટલાક ભૂદેવો વર અને કન્યા બન્ને તરફથી પોતાનાં મનમા-નતાં ખીસાં તર કરે છે ત્યારેજ તેઓ આગળ ડગલું ભરે છે. ખીરચોરીના કૃત્તિમ ટેકસની પતાવટમાં વિના ફોકટનો કલેશ કરી આખીરાત વિતાડી દેછે અને પછી એકાદ કલાકમાં અગડં બગડં કરી એકાદ શ્લોક બોલ્યા ન બોલ્યા ને ફેરાફેરવી દેછે શું વિચિત્ર જમાનો ! આવાં લગ્ન તે વિધિસર થયેલાં લગ્ન ગણાય કે ? અને વળી તે શું શ્લોક બોલે છે તેમાં પણ કોઇ તેને પૂછનાર છે કે ગોરમહારાજ ! આ શ્લોકનો અર્થ શો ? મારા ધારવા પ્રમાણે તેઓમાં આજે ઘણો ખરો ભાગ એવો છે કે અર્થ તો એકબાજુએ રહ્યો પણ શ્લોક બોલતાંજ આવડતું નથી. જો કોઇ પૂછતો હોય તો ખબર પડે કે ગોરમહારાજ આવા વિદ્વાન છે ! પણ આતો 'બ્રાહ્મણને વચને ને સૂરજની સાખે' એટલે પછી થઇ રહ્યું.

બન્ધુઓ ! હવે હદ થઇ ! કુંભકરણની નિંદ્રામાંથી જાગો અને જાગ્યા ત્યાંથી સવાર ગણી આપણામાં આગળ કોઇ એવા એક બે આસામીઓએ ધર્મના થાંભલા બનવા અને મોટાઇ મેળવવા જે કૃત્તિમ લાકડાં આપણા શીરપર ઠોકી બેસાડયાં હોય તો તેને હવે કેમ કાઢી નાખવાં ? તે બાબ-તનો વિચાર કરો.

પ્રાચીનકાળના ગુરૂઓ પોતાના શિષ્યોને વિદ્યાદાન આપી સંસારમાં શ્રેષ્ઠ બનાવતા પણ આજકાલના આ નામનાજ ગુરૂઓ ! પોતેજ અધો-ગતિમાં સબડે છે તે તમારૂં શું કલ્યાણ કરી શકશે ? પોતે કાળા અક્ષરને કુટી મારનારા ઘણે ભાગે હોય છે કે જેને બ્રાહ્મણ શબ્દ પણ પૂરેપુરો બોલતાં આવડતો નથી તે તમને શું વિદ્યાદાન આપી શ્રેષ્ઠ બનાવવાના

હતા? બન્ધુઓ ! વિચાર કરોકે પ્રાચીન સમયના ગુરૂઓની નીતિ રીતિ કૃત્તિ કેવાં હતાં અને આજના આપણા પૂજ્યશ્રી સારસ્વતોએ નીતિને ક્યાં ચડાવી મૂકી છે? કર્મ શું છે તેતો કોકજ જાણતા હશે, રીતતો બસ યજમાન ઉપર ધમાલ ! છેકાંઈ એ સિવાય બીજું હાલના સમયમાં ! કૃત્તિનો દાખલો જોવો હોય તો થોડાજ વખત પહેલાં અમરેલી પરગણામાં બનેલો મોજુદ છે. બીજો ખંભાળીયા તરફ બાઇ સુંદર બાઇનો દાખલો મોજુદ છે! સારાંશ એજ કે એ ભૂદેવો હેતુ સિદ્ધ કરવામાં કોઇ પણ પ્રકારના પ્રમાણિક કે અપ્રમાણિક પ્રયોગ કરવાને સંકોચાતા નથી.

બન્ધુઓ! ભૂદેવો (સારસ્વતો)ના ઉપર અમોને અંગત દ્વેષ નથી તેમ વળી તેમના પ્રત્યે અમારા અંતઃકરણમાં ઘણું માન છે પરન્તુ તેમનાં અયોગ્ય વર્તનો, યજમાનોની દયાનો ગેર ઉપયોગ, તેમનાં કાર્ય, અને તેથી આવતાં પરિણામોથી અમારા ભાઇઓની હાલત જોઇ એમને માટે કંઇક સખ્ત ભાષામાં લખવું પડે છે કે કંઇ કરતાં અમારા એ ગોરમહારાજો સુધરે, વળી તેમને લીધે અમારા ભાઇઓનું ધાર્મિક, સંસારિક અને આર્થિક સ્થિતિ સુધારવાનું ભાવી ઊલટું મુસ્કેલ, દૂર, અદ્રષ્ય અસંભવિત, અને અશક્ય થઇ પડે છે જેથીજ અમારૂં દીલ બળે છે. હવે અમારા, પૂજ્યશ્રી!!! ગોર–ગુરૂ સારસ્વત મહારાજોએ પણ સમજવું જોઇએ કે **પૂજ્ય શ્રીઓ!!! " अति सर्वत्र वर्जयेत् "** તેમ કોઇ પણ વસ્તુની હદ હોય છે. હવે તમારા દાંભિક ડોળના અનહદ જુલમમાંથી મુક્ત થવા તમારી કૃત્તિમ ધુંસરી કાઢી નાખવાની તમારા યજમાનોને થોડી ઘણી સમજ શક્તિ આવી છે. લોઢું ગમે તેટલું ચળકાટ મારતું હોય પણ કટાઇજવું એ તેનો સ્વાભાવિક નિયમ છે. તેમ તમારો કૃત્તિમ ચળકાટ પણ દૂર થવા વખત આવ્યો છે. કસોટીપર ચઢાવ્યા વિના સત્યાસત્યની પરિક્ષા નથી થઇ શકતી, તેમ તમો જો યોગ્ય સુધારો દાખલ નહિ કરો તો તમારી પણ કસોટી થઇ જશે એ નિઃસંદેહ છે; પણ એટલું તો યાદ રાખજો કે હવે ખોટો આડંબર વધારે વખત ટકી શકે તેમ નથી

" બુઝાતો દીવો બહુ પ્રકાશે " એ મુજબ જ્યારે સ્વાર્થી લોકોના પેટપર પાટુ પડે છે ત્યારે તેઓ પેટના બળ્યા ગામ બાળવા તૈયાર થઇ જાય છે. તેમ આ ભૂદેવો પણ " પડાને વાંકે પખાલીને ડામ " દેવા નીકળ્યા છે. પણ બ્રાહ્મ પુત્રો!!! જાળવજો! 'લોહાણા મિત્ર'ને બોયકોટ કરાવતાં ક્યાંક લોહાણા જ્ઞાતિ આખી તમને બોયકોટ કરી દે નહિ!! તો પછી " લેને ગઇ પૂત ને ખો આઇ ખસમ " જેવું થશે માટે હાલતો " કાયળે વીંટી

પાંચશેરી " કોણ પૂછે છે ભાવ કે છે શું? માટે એમજ સમજોને કે "જબલગ ચલે તબલગ સહી"

સુજ્ઞ બન્ધુઓ! આ ધોળે દહાડે લૂંટાતા આપણા ભાઇઓને બચાવવાની શ્રીમંતો અગ્રેસરોની પહેલી ફરજ છે; પણ નગારખાનામાં તૂતીનો અવાજ સંભળાઇ શકતો નથી. ઘણીવાર આપણા જોવામાં આવે છે કે, તે મહાનશ્રીઓજ આવા દંભડોળને ઉત્તેજન આપે છે અને તેથી તેને ડબ્બલ પુષ્ટી મળે છે. "પ્રસૂતિની પીડા વંઝા શું જાણે?" તેમ ગાદી તકીએ એશ આરામ કરનારા, મશરૂની સેજમાં સુનારા, શ્રીમંતો શું જાણે કે આપણા ગરીબ જ્ઞાતિ ભાઇઓની કેવી અવસ્થા થાય છે?

બન્ધુઓ! આપણી જ્ઞાતિને ખરાબ હાલતમાં મૂકનાર મુખ્ય બાબતોનો જ્યાં સુધી નાશ કરવામાં નહી આવે ત્યાં સુધી તો ગમે તેટલું આપણે કરીશું તોપણ "કાશી કરવત પાયા ફીર મોચીકા મોચી" સિવાય વિશેષ કંઇ થવાનું નથી ....માટે સુજ્ઞ બન્ધુઓ! હવે પારકી આશા છોડી સ્વાત્મબળથી યુક્તિ, પ્રયુક્તિ ઢોંગ સોંગ વિગેરેને ઝાટકી નાંખી, દૂર કરી, કોઇની સ્તુતિ, નિન્દાની દરકાર નકરતાં સત્ય ન્યાયના રસ્તે વિચરી પૂર્ણ પુરૂષાર્થ કરવાને કટીબદ્ધ થાઓ.

લોહાણામિત્ર
અંક, ૬–૭, ૧૯૬૫ } **નારાયણજી ગોકળદાસ ડોસાણી.**

*** *** ***

(**Ex** નં. ૯)

"સડતો પગ કિંવા દાઝતી રોટલી!!"

આ લખનારને પૂજ્યશ્રી સારસ્વતો પ્રત્યે દ્વેષાનુરાગ નથી તેમ તેઓની આજીવિકા ઉપર દરોડો પાડવાની ઇચ્છા પણ નથી. પરન્તુ ઉંચા માન ભરી લાગણી છે તથાપિ ઇન્સાફના તબ્બકા પર પાયો ચણતાં હું ફકત ૩ દલીલો લાવું છું તે એ કેઃ—

ધારો કે આપણા એકાદ પગના અંગુઠામાં એક પ્રકારનો સળો પેઠો અને તે બહુધા દુઃખદ નીવડયો. તેને રૂઝવવાર્થે મલમપટ્ટી કિંવા ઔષધોપચારો કીધા છતાં તે જીદી સળાએ ફરજીયાત તરીકે જડ ઘાલી દિન પ્રતિદિન ગાઢ થતા જઇ પગની પાની કોતરવાને પ્રયાણ આદર્યું, ત્યારે શું પછી ફરજ નથી કે તે સળાને નાબુદ કરવા તત્કાળ તે અંગુઠા પર વહાડકાપ કરાવવું? બેશક! વહાડકાપનું યંત્ર ગોઠવવું ને? જો કે હા! આપણે

થોડો કાળ વેદના તો પ્રવર્ત્તશેજ. તથાપિ વ્યાધિગ્રસ્ત થતાં તો આયંદે આપણી કાયામાં, નીતિમાં, રીતિમાં નતન ચૈતન્ય આપશે! કિંવા ચાલતા હાલતા થઇશું!!

આપણા પૂજ્ય સારસ્વતો કચરાની સળારૂપી જીદ્દને પોષી, સમય પરત્વે ત્રાગા સમી ત્રાસદાયક કૃત્તિ પ્રતિ ઉગ્ર વેશે અંગુઠા દ્વારા પાની કોતરવા સરખી ઉચ્છૃંખલ પદ્ધતિ અખત્યાર કરે છે, એ શું આપણી ભવિષ્યની જીંદગીના કિન્તુ વંશના ભલાર્થે આવશ્યકીય છે? ના નથી! તો પછી વહાડકાપ રૂપી યંત્ર કોઇ બાહોશ ડૉકટરના હાથે શા માટે ન ગોઠવાવું જોઇએ?

"અતિશયોક્તિ રહિત કહીશકે સાપ જોકે કાળ છે છતાં તેને નહિ મારતાં હાંડીમાં ભરી યા સાણુસા વડે પકડી જંગલમાં છોડી આવીએ છીએ તેમ સારસ્વતો તો આપણા પૂજ્યશ્રીઓ છે તો તેમને નિર્મળ ન્યાય આપવોજ જોઇએ."

દ્રષ્ટાન્ત તરીકે આપણે એક રોટલી તાવડીમાં નાખીને તે નજરચૂકથી દાઝી! ઉત્તરાર્ધ તાવડીમાં તેનો ડાઘ બાઝયો અને તે ડાઘ આપણા આળસના ભોગે એમજ રહી જવા પામ્યો. જ્યારે ગફલતીથી બીજી પણ રોટલી નાંખી. ત્યારે પૂર્વની બાઝેલ દાઝે કુદરતી નિયમાનુસાર બીજીને પણ દઝવી તેજ ક્ષણે આપણને ભાન થયું કે આતો '**શીરજોરી**' નીચેના ડાઘનીજ છે. હવે જો આપણે તે દાઝને એમજ રહેવા દઇશું તો એક પછી એક તમામ રોટલીઓ આપણાજ હસ્તે દેખતા ડોળે દઝાવીશું! કિન્તુ "ચોરની મા કોઠીમાં મોં ઘાલીને રડે!" આમ છે કાળનું ચક્ર તો પછી સદરહુ '**શીર**જોરી' દાઝને ઘસી નાંખી (તાવડી સ્વચ્છ રાખતાં સાચવજો ફૂટી ન જાય!) સ્થાન સ્વચ્છ શા માટે બનાવવું ન જોઇએ?

તેમ આપણા પૂજ્ય સારસ્વતોની કૃત્રિમ-અજ્ઞાનતા રૂપી દાઝને નહિ ઘસી કાઢીએ તો ઉત્તરાર્ધ સદરહુ અનુકરણ સાધવાની કિંવા તે પ્રકરણમાં ખેલવાને તેઓશ્રીને એવડી ખુશાલી કિન્તુ એક જાતની મોઝ મળશે!!

• વસ્તુ સ્થિતિ આમ છે તો આપણે આપણા પૂજ્ય સારસ્વતોનાં દાંભિક ત્રાગા સમી નિષ્ઠુર ગતિ પ્રત્યે (નિષ્પક્ષપાતપણે) દ્રષ્ટિ દોડાવવી તે શું આવશ્યકીય નથી? તેઓશ્રીનાં 'અજ્ઞાનશાસ્ત્ર'માંના ભોરીંગણા રૂપી બાહુથી ભડકી જઇ લઘ ચલાવવું એ શું ક્ષત્રિયપણાને લાયક છે? આપણે શારે કોઇ ઠુંબા મારશે તો શું આપણે મુંગે મોઢે સહન કરીશું? નહિ કદી કલ્પે નહિ!! આ પરથી આપણા સારસ્વતો યા પૂજ્યશ્રીએ ધડો લેવો

જોઇએ કે "લોહાણા પણ હવે કાળના ચક્રે કરી મનુષ્યત્વપણું ધરાવે છે" અમો લોહાણા તમારી અન્યાયી લૂંટને ન્યાય છણવાની પંક્તિએ અટકાવીશું જ! ભલે પછી તમે રાતાપીળા કાં ન થઇ જાઓ!!

લોહાણામિત્ર. અંક ૧૦; ૧૯૬૫.

(પોપટલાલ દામોદર પુજારા)

* * * * *

("રા. રા. રણછોડભાઇ કાશીરામે 'ખીરચોરી' શબ્દનું પ્રતિપાદન કોઈ એક **બૃહતજયોતિ** નામના આધુનિક ગ્રંથને આધારે પ્રયત્ન કરેલ તેના પર પૂછાએલી શંકાઓ.")

*** *** ***

(Ex નં. ૧૦)

"શંકા પ્રશ્નો !!"+

૧ કેટલાક સ્વાર્થ **સાધુઓએ** મનુષ્યની બુદ્ધિને ભ્રષ્ટ કરે તેવા કાલ્પનિક ગ્રંથો રચેલા છે. જેનાં પોલ હવે ખોલાવા માંડયાં છે. તો આ '**બૃહત્ જયોતિ**" નામના ગ્રંથને કઇ કક્ષામાં મૂકવો? સદરહુ ગ્રંથનો **કર્ત્તા** કોણ? **કર્ત્તાનો** આશય શું હતો? **તથા** કેટલાક સમય પર બનેલો છે તે રા. રા. **રણછોડભાઇએ** જણવવા કૃપા કરવી.

૨ રામચંદ્રના પુત્ર **લવથી** તે કનોજના રાજા **જયચંદ્ર** સુધી એકજ વંશ છે તો તેની વંશાવળી (તથા તે પછીની આજ દિવસ સુધીની) આ માસિકમાં આપવાની આવશ્યકતા છે.

૩ જયચંદ્ર રાજાના રાજ્યમાં **૮૪ સરદારો** હતા કે **ભાયાતો** હતા? તે કનોજમાં રહેતા કે ભિન્ન ભિન્ન સ્થળે?

૪ અમારા એમ પણ વાંચવામાં આવ્યું છે કે **જયચંદ્રે** યજ્ઞ કર્યો, **બ્રાહ્મણનો** ટોટો પડવાથી આ તેના **ભાયાતોને** દક્ષિણા લેવા **આજ્ઞા** કરી પણ **ક્ષત્રિય** પુત્રને દાન લેવું લાંછન રૂપ **હોવાથી** તે આજ્ઞાનો અસ્વિકાર કીધો. તેથી **જયચંદ્ર** ક્રોધે ભરાયો અને લડાઇ કરવા તૈયાર થયો, ત્યારે આજુબાજુની સહાયતાના અભાવે સદરહુ **ભાયાતો**

+ આ શંકાઓનું યથાર્થ સમાધાન ન કરતાં રા રા. રણછોડભાઇએ "એવાઓને સમજાવવા બ્રહ્માજી પણ અશક્ત" તેમ કહીને સંતોષ માન્યો હતો. **કર્ત્તા.**

નાસી છૂટયા અને જયચંદ્ર પછવાડે થયો. ત્યારે રા. રા રણછોડભાઇનું કહેવું એમ છે કે જયચંદ્રના રાજ્યમાં ચોરી કરવાથી ઉક્ત સરદારો સાથે વિરોધ થયો. એ બેમાંથી ખરૂં કયું ? તેનો સપ્રમાણ નિર્ણય થવાની જરૂર છે. હવે ચોરી કરી તો તે સર્વેએ સાથે ચોરી કરી એ પણ અસંભવિત જેવું છે અને શું ચોરી કરી હતી તે પણ જણાવ્યું નથી.

૫ અમારા ધારવા મુજબ આગળના વખતમાં ભાટને દસોંદી કહેતા હતા. પણ આ જયચંદ્ર રાજા પાસે તો (રાજ્યની ઉપજનો દશમો હિસ્સો લેનાર) દસોંદી સારસ્વત દુર્ગાદત્ત નામે હતા એમ રા. રા. રણછોડભાઇનું કહેવું છે. ઘડીભર એમ માની પણ લઇએ તો સારસ્વતનું અસ્તિત્વ તેની પહેલાંથી હોવું સિદ્ધ થાય છે. ત્યારે સારસ્વત નામ શાથી પડયું ? તેની પહેલાં શુ નામે ઓળખાતા હતા ?

૬ તેમ હોય તો દુર્ગાદત્ત મહારાજની પહેલાં તથા ત્યાર પછીની સારસ્વતની વંશાવળી લખી શા માટે પ્રસિદ્ધ ન થવી જોઇએ ?

૭ વળી ગોર દુર્ગાદત્તે જયચંદ્ર રાજાનો ક્રોધ સમાવ્યો અને તેથી ચોરી કરનારા સર્વે સરદારોને પદભ્રષ્ટ કીધા. તેજ શિક્ષા તેને માટે બસ હતી. પણ આતો મારીશ તો ખરો પણ છ માસ પછી મારવાનું કહ્યું તેમાં ગોર દુર્ગાદત્તનું માન શું રહ્યું ? અને સરદારો કે જે રાજ્યના સ્થંભ રૂપ ક્ષત્રિઓને છેડી છ માસ સુધીની મુદત આપે અને વળી ૬ માસ પછી તો આપણને મારશે એમ જાણવા છતાં સ્વબચાવની કાંઇ પણ હીલચાલ કર્યા વગર ક્ષત્રિઓ બાયલા બની બેસી રહે એ કેટલું અજાયબી ભરેલું કહેવાય ?

૮ પ્રાચીન સમયમાં બ્રાહ્મણોનું રક્ષણ ક્ષત્રિઓ કરતા પણ આ તો તેથી ઉલટું ક્ષત્રિઓ ભયભીત થયા ત્યારે દુર્ગાદત્ત મહારાજને પોતાનું રક્ષણ કરવા વિનંતી કરી એ પણ કેવળ હાસ્યજનક લાગે છે અને તેમ કહી ‘ બૃહત્ જ્યોતિ ’ ના કર્ત્તાએ ક્ષત્રિયોના શિર પર એક કલંક લગાડયું છે. અને જો તેમ બન્યું હોય તો તે સરદારોને ક્ષત્રિય કહી શકાય કે નહિ. તે વાંચનાર ભ્રાત્તાઓની મુનસફી ઉપર છોડું છું.

૯ વળી દુર્ગાદત્ત મહારાજને રાજ્યની ઉપજમાંથી દશમો હિસ્સો મળતો હતો તેવા લાભને પણ છોડી દઈ પદભ્રષ્ટ થયેલા સરદારોની સાથે ચાલી નીકળે એ પણ વૃથાજ જણાય છે. ‘ બૃહતજ્યોતિ ’ ના કર્ત્તાએ એમ કહ્યું હોત તો હજી ઠીક ગણાત કે—“ કાકૂતાલિય ન્યા-

યાનુસાર કોઇ કાર્ય પ્રસંગે દુર્ગાદત્ત ત્યાં હાજર હતા."

૧૦ સાગરદેવે પ્રત્યક્ષ થઇ વરદાન આપ્યું, તેશું વરદાન આપ્યું? તથા જયચંદ્ર કેમ પરાજય પામી પાછો ગયો તે પણ જણાવ્યું નથી.

૧૧ સાગરદેવ કેમ પ્રત્યક્ષ થયા? શું હમણા થોડા વખત પહેલાં ઇટાલીના મેસીના શહેરમાં પ્રત્યક્ષ થઈ બે લાખ મનુષ્યોનો ઘાણ કાઢી નાખ્યો હતો તેમ પ્રત્યક્ષ થઇ જયચંદ્રના માણસોને ઠાર કર્યાં કે કોઇ બીજી રીતે? અગર "લેખકની માન્યતા એમ હોય કે પ્રત્યક્ષ મનુષ્યના આકારમાં થઇ વરદાન આપ્યું તો તો તે કેવળ અસત્ય બલકે શ્રૃષ્ટિ નિયમથી પ્રતિકુળ છે. આતો એક અમારા ગામમાં લાડુભટ્ટે અજ્ઞાન બૈરાં તથા મરદોના સમૂહમાં કથા વાંચતાં સંસ્કૃત ગુજરાતીનો શંભુમેળો કરી કહ્યું કેઃ—"મમ્ પિતા એક હસ્તે પૃથ્વીને ઉપાડી લેતા હતા" તો પ્રત્યુત્તર મળતો કે "હરે હરે." તેવું મનુષ્યના આકારના પશુને સમજાવવાનુંજ કહેવાય. અમને સશોક કહેવું પડે છે કે આવો કંઇ પણ વિચાર 'બૃહતજ્યોતિ' ના કર્ત્તાને કેમ નહિ થયો હોય?

૧૨ અમુક રકમ બાંધી આપી તે બીજા કોઇ ઉપર નહિ ને કન્યાના શીર ઉપર શા માટે ઠોકી બેસાડી તેનું કાંઇ કારણ સમજાવશે?

લોહાણામિત્ર અંક ૧૧; ૧૯૬૫.

(નારાયણજી ગોકળદાસ ડોસાણી.)

*** *** ***

(Ex નં. ૧૧)

" સારસ્વત બ્રાહ્મણો. "

સિન્ધુ નદીના કિનારા ઉપર આપણા પૂર્વજો જ્યારે ઉતર્યા ત્યારે વર્ણવ્યવસ્થા જેવો કંઇ પ્રબંધ હતો નહિ; તે પછીના વખતમાં જ્યારે લડાઇ ઝઘડાઓ ચાલી રહ્યા. દેશમાં રાજ્યક્રાન્તિ થવા લાગી અને જ્યારે અમુક અમુક માણસો અમુક અમુક કામમાં રોકાઇ રહ્યા ત્યારથી વર્ણવ્યવસ્થા બંધાવી શરૂ થઈ.

પ્રજાનો જે ભાગ દેશમાં શાન્તિ પાથરવાના અને નવા દેશો જીતી તેની વ્યવસ્થા કરવામાં રોકાયો તે ભાગ 'ક્ષત્રિય' ના નામથી ઓળખાયો. વ્હેપાર અને ખેતીનું કામ કરનાર વર્ગ 'વૈશ્ય' ના નામથી જાણીતો થયો

અને તદનુસાર ચાર વર્ણનું નિરૂપણ થયું. આ ચાર જાતિમાંથી આજે હજારો પેટાજાતિ ઉભરાઇ આવી છે; અને આપણા દેશની અવનતિનાં કેટલાંક કારણોમાંનું આ પણ એક સબળ કારણ છે. અગાઉ જેમ જૂદા જૂદા રોજગારો અને કર્ત્તવ્યોથી ચાર જાતિ નિરૂપણ થઇ હતી તેમ આ હજારો જાતો ફક્ત એક બીજાથી સરસ ગણાવાની સર્વનાશક અભિલાષાથી ઉત્પન્ન થઇ છે. અને પ્રભુ જાણે આ દંભ અને ખોટા અભિમાનથી તણાતી આપણી પ્રજા ક્યાં જઇને અટકશે ?

કોઇ કોઇ માણસોની એ સમજ છે કે જાતિ જન્મથીજ નિર્મિત થયેલી છે પણ તેઓની તે સમજ ભૂલ ભરેલી છે. **जन्मना जायते शूद्रः** આ શ્રુતિ અનુસાર જન્મથી દરેક માણસ શૂદ્રજ છે; સંસ્કારથી દ્વિજ કહેવાય છે.

ઋગવેદના ૧૦ મા મંડળમાં એક શ્લોક છે જે બ્રાહ્મણો મુખમાંથી ક્ષત્રિયો બાહુમાંથી, તદનુસાર વૈશ્ય, શૂદ્રની ઉત્પત્તિ બતાવી છે; પરન્તુ આ તો એક રૂપક છે. એ ભૂલવું જોઇતું નથી. નિરાકાર પરમાત્માના હાથ પગ કે મોઢું હોતું નથી અને તેથીજ તે અલંકારી ભાષામાં સત્ય મૂકેલું છે એમ સમજવું જરૂરનું છે.

આપણાં કેટલાંક શાસ્ત્રોમાં રહેલા અલંકારોનો કેટલાક માણસોએ એવો અનર્થ કીધો છે કે તેથી લખનારનો મૂળ હેતુ સ્પષ્ટ થતો નથી. ઉલટું તેના પર અતિશયોક્તિનાં પડ ચઢી જવાથી સત્ય વાત ઉલટા રૂપમાંજ બહાર આવે છે.

ઉપર બતાવ્યા પ્રમાણે જ્યારે ક્ષત્રિઓએ પોતાનું બધું ધ્યાન દેશની વ્યવસ્થા થવા પાછળ રોક્યું ત્યારે એક વર્ગ જે અધ્યાત્મ વિદ્યા અને આંતરિક શક્તિઓનો અભ્યાસ કરવામાં રોકાયો, તે બ્રાહ્મણોના નામથી ઓળખાયો.

ब्रह्म+अण=બ્રહ્મને જાણનાર. ઇશ્વરને જાણનાર માણસ બ્રાહ્મણ કહેવાય. આ બ્રાહ્મણ શબ્દની વ્યાખ્યા છે. જે કોઈ બ્રહ્મને જાણે છે તે બ્રાહ્મણ કહેવાય છે એ ધ્યાનમાં લેવાનું છે. ઇશ્વરને જાણવા ઉપરાંત બ્રાહ્મણોની ફરજ વિદ્યા ભણવાની, ભણાવવાની, ઇશ્વરી સત્યો સમજાવવાની અને અન્ય કોમોના માર્ગદર્શક સલાહકાર બની પરમ સાત્વિક જીવન ગાળવાની હતી. આના બદલામાં તેઓના ભરણ પોષણની જવાબદારી અને રક્ષાનો ભાર ક્ષત્રિય-વૈશ્યો પર મૂકાયેલો હતો. 'લે અને આપ.' આ સિદ્ધાન્ત હજારો વર્ષ ઉપર આપણા વડીલોથી જાણીતો હતો.

એ ધ્યાનમાં રાખવાનું છે જે. આપણા પૂર્વજો બ્રાહ્મણોના હાથમાં અધ્યાત્મવિદ્યા, અને માનસિક શક્તિઓના અભ્યાસનો તમામ ઇજારો આપી દઇ પોતે નિરક્ષર ક્ષુદ્ર જીંદગી ગાળવાને નિર્માએલા નહિ હતા.

આગલી વર્ણ વ્યવસ્થાના બંધારણ મુજબ દરેક માણસ પોતાના કર્ત્તવ્યથી બ્રાહ્મણ થઇ શકતો હતો. આજની માફક આગળ એમ ન હતું જે બ્રાહ્મણીના પેટે અવતરેલોજ બ્રાહ્મણ હોઇ શકે.

ક્ષત્રિય, વૈશ્યોને આગળ નહિ વધવા દેતાં તમામ સત્યો શીખવા સમજવાનો એકલા બ્રાહ્મણોનોજ અધિકાર છે એ વાત પાછળના જમાનામાં ગોઠવાઇ ગઇ છે; અને આમ થવાનું કારણ—જો કે ક્ષત્રિઓ અને વૈશ્યોએ પોતાને વાસ્તે ઉંચી સ્થિતિમાં જવાનો દરવાજો ખુલ્લો રાખ્યો હતો. પરન્તુ તેઓનો ધંધો દેશની રક્ષા કરવાનો અને રાજ્ય કારોબાર કામમાં તેઓ ગુંથાયેલા હોવાથી ઇતર વિદ્યા તરફ તેઆથી વિશેષ લક્ષ આપી શકાયું નહિ, અને તેઓએ આવી રીતે બીજાની રક્ષા કરવા જતાં પોતાનું સર્વસ્વ ગુમાવી દીધું. પરોપકારનો આ તેઓને બદલો મળ્યો! ઇતિહાસ ઉપરથી અને આપણી રાજકર્તા પ્રજાના જીવન ઉપરથી એ સમજવાનું મળે છે જે, **જે માણસમાં, જે પ્રજામાં, માનસિક અને શારિરિક બન્ને સંપત્તિ સંયુક્ત નથી તે પ્રજા કોઇ દહાડો ઉન્નત થવા પામતી નથી.**

અધ્યાત્મ બળ અને માનસિક શક્તિઓ બ્રાહ્મણોમાં જેમ જેમ વિશેષ પ્રબળ થતાં ગયાં તેમ તેમ વિદ્યાના મદમાં તેઓ તણાઇ જવા લાગ્યા અને પોતાની ફરજ ચૂકી **साक्षरा विपरन्ता भवंति राक्षसाः** એ નિયમ અનુસાર અઘટીત માર્ગ તરફ દોરવાઇ ગયા.

અનેક નવી શ્રુતિ-સ્મૃતિઓ ઊભી કીધી અને જેમાં તમામ પક્ષપાત કર્યો.

આગળનો 'મનુ' નો જે કોડ છે તેમાં બ્રાહ્મણોને વાસ્તે જે નિયમો બાંધવામાં આવ્યા હતા તે બાજુએ મૂકવા લાગ્યા. મનુના એ ચાર નમુના નીચે આપીએ છીએ:—

"માગવાનો ધંધો કરનાર બ્રાહ્મણને જે કાંઇ પૈસો વિગેરે આપવામાં આવે તે ફોકટ ગયો સમજવો."

"માગવાનો ધંધો હલકામાં હલકો છે અને માગનારને મુઆ પછી પણ દુઃખ આપે છે.

"બ્રાહ્મણોએ માનને ઝેર માફક સમજવું."

આવા ઉમદા નિયમોનું પાલન કરવામાં હાલના બ્રાહ્મણો ક્યાં સુધી લાયક છે તે વાંચકોએ સમજવાનું છે.

હિન્દુસ્તાનની વસ્તીનુ પત્રક જોતાં પચાસ લાખ ભિક્ષુકોની સંખ્યા જણાય છે. આપણા સારસ્વતો પણ તે વર્ગમાંજ છે; કારણકે સારસ્વત બ્રાહ્મણોનો મોટો ભાગ યજમાનવૃત્તિ પરજ આધાર રાખી રહ્યો છે.

બ્રાહ્મણોનું કર્ત્તવ્ય તો એક બાજુએ રહ્યું, પણ શુદ્રો જે મહેનત, મજુરી કરી નિર્વાહ ચલાવે છે, તેથી પણ હલકું કામ જે માગવાનું-જેને ડાહ્યા માણસો મોતથી પણ ખરાબ કહે છે તેવું હલકું કામ કરવાની આપણા ગુરૂઓની પ્રથા પડી ગઇ છે.

ફેર એટલો છે જે-આપણા સારસ્વતો યજમાનને રિઝાવી તેઓની નોકરી કરીને નહિ પણ તેઓ ઉપર સરદારી કરી, કજીયા, ટંટા, અને માથાફોડ કરી, પોતાનો બાપદાદાનો-વંશ પરંપરાથી ઉતરી આવેલો 'હક્ક' છે, એમ માની લઇ ગરીબ બન્ધુઓને રંજાડી 'ધોળે દહાડે લૂંટ' ચલાવ્યે જાય છે. અમોને તો સમજ પડતી નથી જે, તેઓનો આપણા ઉપર કેવી રીતે વંશપરંપરાનો હક્ક છે ?

અમારા વડીલોએ બ્રાહ્મણોને જે હક્ક આપ્યો હતો તે અમારા ભલા સારૂ હતો. તેઓની ફરજ ઉપર જણાવ્યું તેમ ઈશ્વરને ઓળખવાની અને વિદ્યા ફેલાવવાની હતી. આમાંનું સારસ્વતોમાં કાંઇ દૈવત્ રહ્યું છે ?

કોઇ સારસ્વત એમ સ્વાલ કરશે જે તમારામાં ક્ષત્રિયપણું રહ્યું છે? તો તેના જવાબમાં એટલુંજ કહેવાનું કે જ્યારે અમારામાં ક્ષત્રિયત્વ નથી અને તમારામાં બ્રહ્મત્વ નથી તો પછી ખાતું સરભર થઇ રહ્યું. તમે જાઓ તમારે, અમે અમારે ઘેર. બધા સરખા લેવલ ઉપર થયા.

એ ધ્યાનમાં રાખવાનું છે જે, કાળના બદલાતાં વિદ્યાભ્યાસની પ્રથા બદલાઇ ગઇ છે. આજે બ્રાહ્મણોનું કર્ત્તવ્ય કેટલેક અંશે હાઇસ્કૂલો અને કોલેજોના અધ્યાપકો કરે છે. જો કાંઇ હિન્દુસ્તાનમાં બ્રાહ્મણોનું માન રહ્યું હોય તો જેનામાં થોડું ઘણું ધાર્મિક શિક્ષણ આપવાની શકિત છે અથવા અમારા અંધશ્રદ્ધાળુ ભોળા ભાઇઓને કર્મકાંડની કેટલીક જાળમાં ફસાવવાની જેનામાં આવડત છે, તેઓનું કંઇક સન્માન થાય છે; પરન્તુ આપણા સારસ્વતોના મોટા ભાગમાં ઉપરની બન્ને શક્તિમાંની એક પણ નથી તો પછી તેઓની યોગ્યતા ઉપર સ્વાલ થાય તો તેઓએ બીજાને દોષ આપવો છોડી દઇ પોતાનાંજ કર્તવ્યને સુધારવાની જરૂર છે.

સારસ્વતોએ એ સમજવું જરૂરનું છે જે, આ દુનિયા અર્થ શાસ્ત્રના

નિયમ ઉપરજ ચાલી રહી છે. જેનામાં જેટલી કિંમત હોય છે તેટલીજ તેને મળે છે 'ચમત્કાર વિના નમસ્કાર' થતા નથી.

અને એ દાવો પણ છોડી દેવો જે, "**તમારા બાપદાદા સાથે અમે વટલ્યા છીએ.** ઇતિહાસના જાણનારાઓ આગળ એ ધતીંગ ચાલી શકે તેમ નથી. એ સૌ કોઇને વિદીતજ છે કે દ્વિજ શબ્દમાં બ્રાહ્મણ, વૈશ્ય, અને ક્ષત્રિયનો સમાવેશ થાય છે. અને આ ત્રણે વર્ણોમાં અરસપરસ ખાવાપીવાનો વ્હેવાર હતો એટલુંજ નહિ પણ **છોકરા છોકરી પરણાવવાનો પણ રિવાજ ઘણા લાંબા વખત સુધી પ્રચલિત હતો.**

Yayati, a Kshatriya King, marrying Devyani, a Brahamin daughter of Shukracharya and also Sharmista, the mother of Yodus.

We find Arjun marrying Ulpi, a Naga princess, while Kasyap marries a Devhuti, the daughter of **પ્રજાપતિ.**

And the sage Chayavan married Sukanya, a Kshatri princess.

Sharagati Jamdagni Brahmin, and Shastrarjun were the sons-in law-of the same king Rewak.

ક્ષત્રિય રાજા **યયાતિ** બ્રાહ્મણ ઋષિ શુક્રાચાર્યની પુત્રી દેવયાનીને તથા યોડસની માતા શર્મિષ્ઠાને પરણ્યા હતા.

અર્જુન નાગ ક્ષત્રિય જાતિના રાજાની પુત્રી ઉલપીને પરણ્યા હતા. પ્રજાપતિની પુત્રી દેવહુતિને ઋષિ કસ્યપ પરણ્યા હતા.

ચ્યવન ઋષિ ક્ષત્રિય મહારાજાની પુત્રી સુકન્યાને પરણ્યા હતા.

ઋષિ જમદગ્નિ અને ક્ષત્રિય સહસ્રાર્જુન રેવક રાજાના જમાઇઓ થતા હતા.

ઇતિહાસના આવા ખુલ્લા પુરાવાનું અસ્તિત્વ હોવા છતાં સારસ્વતો આપણા સારૂ વટલ્યા છે એ કહેવું સમજશક્તિથી બહાર છે.

કોઇ એમ પણ સ્વાલ કરશે કે "ફક્ત સારસ્વતોએજ તમારી સાથે ખાવાપીવાનો વ્યવહાર ત્યારે કેમ રાખ્યો ? અને અન્ય બ્રાહ્મણ કોમો કેમ તમારાથી જૂદી રહે છે." ? તેનો જવાબ એટલોજ છે કે લોહાણાઓ અને સારસ્વતો બન્ને સરખીજ સ્થિતિમાં બધી બાબતોમાં છે. અન્ય બ્રાહ્મણની કોમો લોહાણા કરતાં આચાર વિચારમાં શ્રેષ્ઠ થતી ચાલી. જેઓ

આચારવિચારમાં શ્રેષ્ઠ થયા તેઓની માન્યતા એવી થતી ગઇ કે, તેઓથી ઉતરતી જાતિના આચારની કોમ સાથે ખાવાપીવાનો વ્હેવાર રાખવો નહિ. આ તેઓની માન્યતા સારી છે કે નઠારી તે તપાસવાનું આ સ્થાન નથી પણ તેઓએ તેમ માની આપણને છોડયા છે, એટલુંજ નહિ પણ અન્ય બ્રાહ્મણની કોમો એક બીજાનું પણ અરસ્પરસ ખાતી નથી. નોબત એટલે સુધી બજી રહી છે કે, એક ભાઇ બીજા ભાઇના હાથનું રાંધેલ ખાતો નથી; એવી પણ આ દુર્ભાગ્ય વશ દેશમાં બ્રાહ્મણોની કોમો છે તો પછી સારસ્વતોનો તે દાવો ચાલી શકતો નથી બલકે સારસ્વતોના પૂર્વજો બુદ્ધિશાળી હતા કે જેઓએ લોહાણાનો સંગ રાખ્યો; કારણકે તેઓની તે દુરઅંદેશીથી તેનાં કોઇ પણ ફરજંદોને મહેનત કરવી પડતી નથી.

“સમાચાર અને મિત્ર-હિત્તવર્ધકમાં આપણી અને સારસ્વતો વચ્ચેની અથડામણ કેટલાક વખત થયા શરૂ થઇ છે. કેળવણી વધવા સાથે તેમ થવું સંભવિતજ હતું. કેટલાક લેખકો હસવા સરખી દલીલ સારસ્વતોની તરફેણમાં લાવે છે જે લોહાણાઓ સારસ્વતોને કેળવણી આપવા સારૂ કેમ બંદોબસ્ત કરતા નથી ? આ દલીલ વજુદ વગરની છે. જ્યારે લોહાણાઓ ખુદ અજ્ઞાન છે; તો પછી સારસ્વતોને સારૂ મહેનત કરવાની વાતજ કયાં રહી ?

આવી દલીલો લાવનાર ગૃહસ્થોને અમે પૂછીએ છીએ જે કોઇપણ ધનાઢય સારસ્વતને ગરીબ વિધવા અને મજુરી કરી પેટ ભરતી લોહાણીને મદદ કરવાની ઇચ્છા કોઈ દહાડો થઇ સાંભળી છે? ઉલટું તેવી સ્ત્રીઓને ત્યાં પણ વખત આવે રંજાડ કરવા ચૂકતા નથી !

એવા ઘણા દાખલા જોવામાં આવે છે જે, ગરીબ સારસ્વત વા તેના કુટુંબમાં ગમે તેવું દુઃખ પડે તોપણ તેઓને ધંધો મજુરી કરી પેટ ભરવાનું સૂઝતું નથી અને લોહાણા ઉપર બોજા સમાન થઇ પડે છે.

આપણે હવે પ્રેકટીકલ બાજુ તરફ વળીએ. વિચારવાનો સ્વાલ એ છે જે સારસ્વતોની જરૂર છે કે કેમ ? અને છે તો કેટલે દરજ્જે ?

આપણા સંસારના બંધારણ એવાં છે જે, આપણી ચાલુ સ્થિતિ જોતાં જન્મથી તે મરણ પર્યંત બ્રાહ્મણ શિવાય ચાલે તેમ નથી; કારણ આપણે તમામ કામ ભાડુતી માણસોથી કરાવીએ છીએ. જ્યાં ભાડુતી કામની જરૂર હોય ત્યાં તો ઠીક પણ જ્યાં ધાર્મિક ક્રિયાઓ આપણે હાથે કરવી હોય છે ત્યાં પણ નોકરીદાર બ્રાહ્મણો રાખી કામ લઇએ છીએ જેવાં કે લગ્નાદિક પ્રસંગપરનાં કામો; મંત્રો જપાવાનાં અને કર્મકાંડનાં

ઘણાં ખરાં કામો **સમપદિના શ્લોકો*** **પણ બ્રાહ્મણોજ ભણી જાય છે !!**

આપણે **બ્રાહ્મણોની** તો જરૂર છે, તો પછી **સારસ્વતો** કામ આવે કે નહિ ? જો ખરી રીતે કહીએ તો **સારસ્વત બ્રાહ્મણો હમણા** જે પદ્ધતિથી કામ કરે છે તે તો એક બીજી કોમનો પણ માણસ કરી શકે તેમ છે; કારણકે જ્યાં વિદ્યાનો ખપ પડે છે ત્યાં તે કામ આવતા નથી.

* * * *

દરેક **બન્ધુએ** પોતે અને પોતાનાં કુટુંબમાં ઉચી કેળવણી આપવા તજવીજ કરવી. ખેડાયલી બુદ્ધિ અને ઉચ્ચ ભાવો સિવાય સમાધાન થવાનું નથી; અને જ્યાં સુધી બુદ્ધિશાળી પ્રજા આપણામાં થઇ નથી ત્યાં સુધી **યાદ્દશી શીતલાદેવી તાદ્દશો વાહનઃ ખરઃ ॥** જેવી શીતળાદેવી તેવું તેનું વાહન ગધેડો રહેવાનોજ.

* * * *

અમારા અને સારસ્વતો વચ્ચે જે આ સ્વાલ ઉભા થયા છે તેનું મૂળ ગરીબાઇને વિદ્યામાં છે **'अति सर्वत्र वर्जयेत्'** આ નિયમ **સારસ્વતોએ** લક્ષમાં લેવો જરૂરનો છે; તેમ **લોહાણાએ** ગરિબાઇથી ચગદાઇ ગયા છે. બ્રાહ્મણોનો સ્વાલ સારસ્વતોથીજ અટક્યો નથી. હિંદુસ્તાનની તમામ કોમના બ્રાહ્મણો સાથે યુદ્ધ ચાલી રહ્યું છે; કારણ પ્રગતિના જમાનામાં જે

---

*નિરક્ષર ભૂદેવોને **'સમપદી'**ના શ્લોકો તો શું પણ સંસ્કૃતનો અક્ષર પણ આવડતો નથી. એક વખતે અમારા મિત્રને મળવા નિમિત્તે અમે એક ગામડામાં ગયા હતા. ત્યાં એક કન્યાના લગ્ન થતાં હતાં, કુતુહળ દાખલ જોવાનું મન થયું. ત્યાં ગોર મહારાજ સંસ્કૃત શ્લોકોને બદલે "અગીયારી અગીયારી એકવીસાંસો' 'ની પાટ ભણી કામ ઉકેલતા હતા અને તે પાટ પણ એવી ફાંકડી રીતે બોલતા હતા કે ભાગ્યેજ બિચારા અજ્ઞાન યજમાનો સમજી શકે. શ્લોકોના સુરમાં છેલ્લો અક્ષર જરા ભાર દઇને બોલે અને વચ્ચમાં આંખે પાણી અડાડવાના ને બાપનું નામ બોળવાના સંકલ્પ—ઢોંગો કરાવે. એમ વિવાહ સંસ્કાર પતાવી દીધો. ગોરના કમનશીબે વરકન્યાને મીંઢોળ બાંધતાં ભૂલી ગયા. યજમાન બાપુજીને શંકા થઇ કે ગોરે મીંઢોળ કેમ ન બાંધ્યું. ગોર પાસે ગયા તો ગોરે સમયસૂચકતા વાપરી જવાબ દીધો કે "અરે એ મ્હારા ધ્યાનમાં છે તમોને શું ખબર પડે ! 'મીંઢળીયો તારો' ઊગે ત્યારે મીંઢોળ બંધાય કે નહિ ? સાંજે ચાંદરણા દેખાયે મીંઢોળ બાંધ્યું ને ચાર આઠ આના વધુ પડાવ્યા. હરેહરે !! લોકો આ ગોરને મૂળજી કાકો કહેતા. **કર્તા.**

સારૂં છે તેને જગ્યા મળે છે. આ નિયમ અમારા સારસ્વતો ધ્યાનમાં લઇ પોતાની રહેણી કરણી સુધારે અને લોહાણાઓને ઉપયોગી થાય એમ અમે ચાહીએ છીએ.

લોહાણા મિત્ર અને હિ. અંક ૫ ૧૯૬૬. } ચતુર્ભુજ નારાયણજી ગણાત્રા.

* * *

(Ex. નં. ૧૨)

" લોહાણા અને તેમના પુરોહિતોના આધુનિક સમયનું દીગદર્શન. "

આપણી લોહાણા જ્ઞાતિને અને સારસ્વતોને કેટલાક સમયથી નિકટનો સંબંધ ચાલે છે તે સર્વના જાણવામાં છેજ. આપણા દરેક સારા યા નરસા પ્રસંગમાં સારસ્વતો હોય છેજ. કોઇ પણ અવસર કરનારનો સગો જેટલો હક્ક ધરાવતો નથી તેના કરતાં હજારગણો હક્ક ભૂદેવો ધરાવે છે. કોઇ જ્ઞાતિબન્ધુને ત્યાં કોઈ પણ અવસર હોય છે તો ત્યાં આપણા ગોર મહારાજ પધારી પૂછે છે કે "હમારો મુકામ ક્યાં આગળ આપેલો છે?" મુકામમાં પાણી, દિવા, દીવેટ અને ખાટલા ગોદડાંની સવડ છે કે નહિ? અવસર કરનારનું મગજ કેટલાંએક કામોમાં ગુંથાયેલું હોય છે છતાં પણ તે પોતાના ગજા અનુસાર પોતાથી બનતી દરેક જાતની તજવીજ તે કરી રાખે છે; પરંતુ જો તેમાં કંઇ ઉણપ પડે તો સામા ધણીની વીટંબણાનો વિચાર ન કરતાં મધ્ય રાત્રે પણ તેઓ બૂમ પાડવાને ચૂકતા નથી. અવસર કરનાર અને તેને મદદ કરવા આવનાર તેના સગાઓ કોઇ પણ જાતનું સુખ નહિ ભોગવતાં, ખાધા પીધાની દરકાર ન કરતાં, પોતાનાં વ્હાલાં બાળ બચ્ચાં કયાં પડયાં છે તેની ચિન્તા કરવાનું ભાન પણ ન રહેતાં પોતાને સૂવાને માટે બિછાનું અરે! એક પાથરણું પણ છે કે નહિ તેનો વિચાર કર્યા વગર જ્યાં ફાવે ત્યાં વિસામો લે છે ત્યારે તેનુંજ હિત ચહાનાર આપણા ગોર મહારાજો પોતાને બધી જાતનાં સુખની સગવડ કરી આપ્યા છતાં પણ સહેજ કારણે તેની થોડીવારની વિશ્રાંતીમાં પણ ભંગ પડાવવાને ચૂકતા નથી.

લગ્નના પ્રસંગમાં વર માંડવે (તોરણે) આવે છે ત્યાંથીજ આપણા માનીતા ભૂદેવો પૈકીના કેટલાક વિચાર કરે છે કે લાગ ઠીક આવ્યો છે.

આમ ધારી શરૂઆતમાંજ પોતાની હઠનું મંગળાચરણ કરાવે છે. આ વખતે કન્યાનો પિતા પણ "પારકે પુત્રે સુપુત્રા"ની માફક ઉદાર બની જઇ વરના પિતા પાસેથી અરે! કહો કે પોતાની દીકરી જમાઇના ઘરમાંથી જેમ વધુ નાણાં ગોર મહારાજના ઘરમાં પેસે તેમ કરાવે છે. અને પોતાના જમાઇ વ્હેવાઇ દુભાય તેની દરકાર ન કરતાં ગોરને રાજી રાખે છે' (આ બાબત કાઠીઆવાડમાં બાબરા મહાજન તરફથી અને તેમનાજ સ્તુત્ય પ્રયાસને લીધે બીજે કેટલેક ઠેકાણે બંદોબસ્ત થયાનું જાણવામાં આવ્યું છે પણ તે ગુજરાતના લોહાણાઓને "આંધળા સામી આરસી" દેખાડવા જેવું છે)

આપણે વિવાહ લગ્ન ઉત્સાહ પૂર્વક કરીએ છીએ. તે વખતે ફક્ત નાણાંને માટે આપણા ઉત્સાહનો ભંગ કરી આપણી સ્થિતિ શોચનીય કરાવવા માટેજ આપણા ભૂદેવો તૈયાર હોય છે. " અતિ કંકાસે ગોળીમાંનું પાણી પણ નાશ પામે" તે કહેવત અનુસાર આપણને કંગાળ સ્થિતિ પ્રાપ્ત થવાનાં કારણો પૈકી આ પણ એક સબળ કારણ છે. કર્મ ધર્મથી ભ્રષ્ટ થયા છતાં ફક્ત આપણનેજ લૂંટવામાંજ પોતાનું શ્રેય સમજે છે. જેમ બને તેમ પોતાનો સ્વાર્થ સિદ્ધ કરવામાંજ પોતે મંડયા રહે છે; કેટલેક પ્રસંગે તો જાણે પોતાની મરજી ઉપરજ વરકન્યા પરણાવવાનાં હોય તેમ "અમુક રકમ આપો નહિતો કન્યાને નહિ પરણાવું" !!! આતે સત્ય થાય છે કે અસત્ય તેની પણ દરકાર રાખતા નથી. બીજાઓનું ફાવે તે થાય પણ પોતાનું શ્રેય કેમ થાય તેટલીજ વાત તેઓ સમજે છે.

આપણે એક જૂની કહેવત સાંભળીએ છીએ કે "વરમરો કન્યામરો પણ ગોરનું ત્રભાણું ભરો" આ કહેવતને હું આટલા દિવસ સાચી જાણતો નહોતો પણ હાલમાં ખાસ કરી આપણીજ જ્ઞાતિનાં વાજીંત્રો 'લોહાણામિત્ર' અને 'લોહાણા સમચાર'માં આ કહેવત સિદ્ધ કરી આપનારા અવાજો આવે છે તેમ મારા જાતિ અનુભવમાં પણ કેટલાક દાખલા આવ્યા છે તે ઉપરથી અનુમાન થાય છે કે, આ પ્રમાણે ઘણે સ્થળે બનતું હશે. દ્રષ્ટાન્ત તરીકે થોડીક હકીકત નીચે આપીશ.

(૧) ગયા વર્ષના વૈશાખ માસના લોહાણા મિત્રમાં નવાગામ નાયકાના ઠા. લવજીને ત્યાં 'ખીર ગુજટના' રૂપીયા માટે ચાર દિવસનો વાયદો કરતાં કેવો જુલમ ગુજાર્યો છે ?

(૨) જામ ખંભાળીઆમાં કોઇ ગરીબ જ્ઞાતિ બન્ધુ મરણને શરણ થતાં તેની દહનક્રિયાનો ખરચ ત્યાંના આપણા મહાજને કરેલો; તે પ્રસ-

મના બારમાને દિવસ "**મહાજન ભીખ માગીને પણ આપે**" એ આપણા પૂજ્ય ભૂદેવોનાં વચન શું આપણે વિસરી જઇશું ?

(૩) વળી હાલમાં ગુજરાતમાં તેમાં ખાસ કરી મહીરેવાની લોહાણા જ્ઞાતિમાં પણ આવાજ જુલમનો બનાવ બન્યો છે જે વાંચકવર્ગની સમીપ મૂકું છું; તે ઉપર લાગતાવળગતા જ્ઞાતિબન્ધુઓ વિચાર કરશે એવી આશા રાખું છું.

મહી રેવા પ્રદેશના એક ગામડાની અંદર એક લોહાણા બન્ધુએ પોતાની દસ માસની બાળાની સગાઇનું સાંધણુ જ્ઞાતિ રિવાજ પ્રમાણે કોઇ જ્ઞાતિબન્ધુને ત્યાં કરેલું છે. આપણી જ્ઞાતિમાં ચાલતી (કુ) રૂઢી પ્રમાણે કન્યાનો બાપ પોતાના ગોરને 'ખીર'ના પૈસા સગપણ થયા પછી મરજીમાં આવે ત્યારે અપાવે છે. હવે આ થયેલા સગપણને લીધે ગોર મહારાજ ખીરનો કાગળ લેવા માટે કન્યાના પિતા પાસે આવ્યા. કન્યાના પિતાએ કહ્યું કે હાલમાં બાળા બિમાર છે માટે પંદર દિવસ પછી પધારશો. એમ વિનંતી કરી પણ ગોર મહારાજે તે ન માનતાં કન્યાના પિતાને ત્યાં લાંબી ઉમરા વચ્ચમાં આસન નાખી, હસ્તમાં ગૌમુખી લઇ, ભવાં ચડાવી, શ્રાપ દેતા જપ કરવા બેઠા. વિશેષમાં કહ્યું કે "કાગળ લખી આપો, નહિ તો બ્રહ્મહત્યા આપીશ. આ વખતે બાળાના પિતાએ પોતાના ગામના જ્ઞાતિ બન્ધુઓને અને બીજા કેટલાક પરજ્ઞાતિના ગૃહસ્થોને બોલાવી ભૂદેવોની આ ભવાઇ બતાવી. આવેલા માણસોએ ગોર મહારાજને સમજાવ્યા કે બાળા બિમાર છે તો પછી પંદર દીવસ પછી આવજો. પણ મહારાજે તરત ઉત્તર આપ્યો કેઃ—"**કાલે ઉઠીને બાળા મરણને શરણ થાય તો મારા ખીરના પૈસા ખોટા થાય.**" માટે કાગળ તો આજને આજ લખી આપો. ગોર મહારાજનું આવું ઉત્તમ !!! ભાષણ સાંભળી ત્યાં બેસનારાઓ તો ચકિતજ થઇ ગયા. અહો હો ! આપણે જેમને પૂજ્ય તરીકે માનીએ છીએ તેજ આપણી જ્ઞાતિની વૃદ્ધિ !!! થવાને માટે પરમપિતા પરમાત્માની પાસે કેવી માગણી કરે છે ! કેવી આશ્ચર્ય અને ખેદજનક લાગણી ધરાવે છે ?

આપણે માટે આવી હૃદયભેદક લાગણી ધરાવનાર માટે ત્રાસજનક દાખલાઓ ઘણાએ બનતા હશે; પણ સુજ્ઞ જ્ઞાતિબન્ધુઓ આંખ આડાકાન કરી પોતાના ખુલ્લા વિચારો કોઇને જણાવતા નથી. આ સિવાય ખોટા બનાવટી કાગળ તૈયાર કરી તે આધારે ખીરના પૈસા વસુલ લીધાના તેમજ કોઇ અમુક કારણને લઇ કોઇ લોહાણા બન્ધુને ડરાવવા પોતે શિવના દહેરામાં જઇ જાપ કરવા બેઠાના દાખલા જાણવામાં આવ્યા છે. પણ

વિસ્તાર ભયથી તે અહીં આપવામાં આવ્યા નથી. વળી કોઈ બીજે પ્રસંગે તે આપવામાં આવશે. પણ હાલ તો પોતાની જ્ઞાતિમાંથી કુધારા કહાડી સુધારા દાખલ કરવા એ દરેક બન્ધુની ફરજ છે. તેમાં જ્ઞાતિના ગણાતા અગ્રેસરોની સૌથી પહેલી ફરજ છે. પણ અગ્રેસરોને સારસ્વતો કનડતા ન હોવાથી અગર બીજા કોઇ પણ કારણે તેઓ આવી બાબતોને જાણી જોઇને જતી કરે છે. પણ શુક્રનિતિમાં કહ્યું છે કેઃ—

प्रजास्ताः साधू श्रुतेन व्यवहारं विचिन्तयेत् ।
न भृत्यप [illegible]पास्तिस्यात्प्रजापक्षं समाश्रयेत् ॥

અર્થઃ—તપાસ કરી યથાર્થપણાથી કાર્યનો નિશ્ચય કરવો. તે ઘણું કરીને અધિકારીને રાજી ન રાખતાં પ્રજા સર્વને રાજી રાખવી.

આપણામાં અજ્ઞાન સત્તા પ્રબળ હોવાથી સઘળા હાજી હા ઠોકી મારે છે પણ હવે હાજી હાનો વખત રહ્યો નથી. બીજી જ્ઞાતિઓએ પોતે આગળ વધવા કેટલા પ્રયત્ન કર્યા છે. અને હજી કરે છે તે તરફ નજર કરો; અને આપણામાં આપણને જે મિથ્યા, દાંભિક, અને હમ્બગ જેવી રૂઢીઓ લાગતી હોય તેને હિંમત, ખંત, અને નિશ્ચય બળથી ખસેડી નાંખવા પ્રયત્ન કરો. આપણા બન્ધુઓ કેટલાક જાણે છે, જુએ છે, અને સમજે છે પણ આપણા પૂજ્ય સારસ્વતોને કંઇ કહી શકાય નહિ એમ તેઓ માને છે પરન્તુ તેમાં તેઓ ભૂલ કરે છે.

રામાયણના અયોધ્યા કાંડના ૨૧ માં સર્ગમાં લક્ષ્મણે શ્રી રામચંદ્રજીને કહ્યું છે કેઃ—

[illegible]रोरप्यवाल[illegible]स्य कार्या[illegible]र्यम जानतः ।
[illegible]तिमन्नस्य कार्यभवति शासनम् ॥

"ઉદ્ધત થઇ ગએલા કાર્યાકાર્યને નહિ જાણનારા, તથા અવળે માર્ગે ચાલનારા ગુરૂને પણ શિક્ષા કરવી."

લોહાણા મિ. હિ. અંક ૬, ૧૯૬૬. } અલ્પજ્ઞ જ્ઞાતિ સેવક.

* * * *

(Ex. નં. ૧૩.)

"જનોઈનું ફારસ."

("આતે લગ્ન કે હમેશની અગનમાંથી ચાલુ ફકરો.")

શોકાગ્નિનો ભડકો એ ઉઠે છે કે, ગોરભા ઉપવિત ધારણ કર્ત્તાના કર્ણ પ્રદેશમાં શુભ મંત્રની ધ્વનીનો ધુમાડો એટલો બધો ભરી મૂકે છે કે તૃણનો મેરૂ જેમ થાય તેમ સદર ધુમાડો ગુંગળાઇ રૂંધાઈ, ચોમેર છવાઈ રહે છે. જાણે કે ગુરૂમંત્ર અને ! ગોર મંત્ર, છટછટ "ગોરમંત્ર" એ બે શબ્દનું વાકય બોલતાંજ ભોંય ખોતરવા જેવું થાય છે: જ્યારે "ગુરૂમંત્ર" (વાહ ! આહા ! ઓહો ! !) એટલું બોલતાંજ જીભ કેવી ઉંચીનીચી થાય છે ! અને રસજ્ઞતાનું નિર્મળ જળ મુખમાં કેવી રીતે વહે છે તેનો ખ્યાલ તો પાઠકજ જાણે ! શું પુરાણમાં કયે આમ નથી લખ્યું કે ઉપવિત ક્રિયા ગુરૂ હસ્તે થાય ? " ગુરૂમંત્ર " સાથે " ગોરમંત્ર " બોલવાની સરખામણીમાંજ 'ગોરમંત્ર" લુખ્ખો, રસકત રહિત, અને અજુગતો હોઇ પટ લઈ પકડાઇ જાય છે. ત્યારે તે કોમકોમ વચ્ચે વૈમનસ્યની લાગણી ઉત્પન્ન કરાવે છે. તો ૧૨૪ A કલમ શા માટે લાગુ પાડવી ન જોઇએ ? મારે કંઇ કોર્ટ કચેરીનો આશ્રય લઇ કામ ચલાવી 'વોરંટ'થી પકડાવવાની અણું માત્ર આવશ્યકતા નથી. જ્ઞાતિરૂપી વાડી એજ મારી કોર્ટ કચેરી અને આપ સમા સજ્જન તેમ દિર્ઘદર્શિયાને નિષ્પક્ષપાતિ પુરૂષોજ મારા ન્યાયાધીશ સાહેબ ! મારે વકીલ, બેરીસ્ટર, કે એડવોકેટ જનરલ રોકવાની શી જરૂર છે ? ઇનવિરારીટી, બ્રાન્સન, સ્ટ્રોંગમેન, બેપટીસ્ટા, સર પી. મહેતા, દાવર, ઝીણા, સેતલવાડ, અને કોલ્હાટકરાદિ પ્રખ્યાત બેરીસ્ટરો ગણું તો પણ તમે ! મારો મુકદમો ડીસમીસ થાય એમ કદાચ કલ્પિએ તો ભલે ઇજ્જતનો દાવો નોંધાવે અને આન્ડામાન ધકેલી કાઢે પણ સત્યની માળા નહિ તજું રે ગોર મહારાજની અગડમ્ બગડંમ્, ગોળીથી તો પેટમાં ગડગડાટ અને કોલાહલ મચી રહ્યો છે. તેનું જુજ અંશે પૃથ્થકરણ અત્રે કરવું અસ્થાને નહિ ગણાય, ધારી ચાલો વાંચકવૃંદ ! આપણે ગોરભા ગડબડાધ્યાય ગાડું વગર ચીલે કેટલે સુધી ગબડાવ્યે જાય છે તે રહસ્ય પેખીએ:-

ફુડી બ્હેન ! આજ તો તમારો ખસાલીઓ ! અરે ભૂલ્યા ! ખલાસીઓ ! કાશીએ સીધારવાનો છે; વાસ્તે ભાથાનાં બે કોડી લાડવા સાથે ૧ શ્રીફળ બંધાવો; અને જગાભાઇ ! તમે ચીકા (વર) ની કોથળીમાં ભાડાના રૂ. ૧પા ઝીંકો. આ મધરાસીની કોથળી રહી ! તેના નાકે

કંપીલાની નાડી બાંધી છે કે નહિ? તે સાથે જગાભાઈ! તમારી બગલમાં પેલો લાકડાનો ડોયો (વાટવો પણ કહે છે) પડેલો છે તે બાંધો! આ! આમાં લાડવા નાખો ને ભાઇ આમાં રૂપીયા નાખો! બસ, આવી વાહીઆત ગોરપણુ ફેંકી અંધ શ્રદ્ધાળુ યજમાનોને ભોળવી ગોરભા નિજ ગજવાનું તળીઉં તર કરે છે. એમ વ્યક્તિઓની ફરિયાદ થાય છે એ શું ખરૂં હશે? બાકી ગોરને તો હીર ખીર ને દિવાળી. કોણ કાશીએ જાય છે અને વાત શી? મજેથી પ્રેક્ષકોની ઠઠ્ઠ વચ્ચે ખુશાલભાઈ ૪૦–૫૦ કદમ દોડી લોકોને આવી બેહુદી નીતિ રીતિનું ભાન કરાવી બે ઘડી ગમ્મતના ઘુંટડા ઉતરાવે છે પણ તે ગોરદાદાની દોરવણીથી કે ના? ભાણો દોડતોકને કદી કાશીએ પહોંચી ન જાય! જાણી મામો વારે છે અને ઉંચકી ગોદમાં ચાંપે છે કે બસ કાશીયાત્રાની આટલેથીજ સમાપ્તિ. બન્ધુઓ! જોયું!! ઘેરબેઠે કાશી યાત્રાનું ફળ!!!

ગોરભાની હાયે હા થી ઘર બેઠે ગંગા શું ન મળે? પણ ગોરબાપા ગુસ્સો ન કરશો. જરી તમારા યજમાનને સંશય પેદા થયો છે કે ખુશાલભાઇ દોડી દોડીને રેલ્વે સ્ટેશન સુધી તો પહોંચ્યા નથી. નથી પગ મૂક્યો ડબ્બામાં, નથી લીધી ટીકીટ. ત્યારે આમ રેઇલ ભાડાના નામે પૈસા લઈ ગરક કાં કરો?! અરે ખુશાલભાઈ દોડતા દોડતા હાંફી ગયા તેને નાસ્તા જોગી તો એકાદ લાડુડી કાઢી આપો! આમ ઉભય ગેપ કાં થાય?

લોહાણા હિતવર્ધક, અંક ૭; ૧૯૬૬. } પોપટલાલ દામોદર પુજારા.

*** *** ***

Ex. નં. ૧૪.

ગુજરાત, કાઠીયાવાડમાં કેટલા વિદ્વાન સારસ્વત બ્રાહ્મણો છે તે બતાવો? ત્યાં તો કેવળ મૂર્ખ, અવિદ્યા અંધકારમાં ડુબેલા, ઉંધાં ચત્તાં કરી અને કાળાં ધોળાં કરનારા યજમાનોને આડું અવળું સમજાવી ધૂતી ખાનારા અને તે છતાં યજમાનોને ન ગાંઠે તો ન્યાત બહાર, લાંઘણો, ત્રાગાં વિગેરે કરવાની ધમકી આપી ભોળાને છેતરનારા અફીણ, ભાંગ, ગાંજો વિગેરે પીને મસ્ત રહેનારા ગરજ વખતે ગાય અને પાછળથી ગોધા જેવા શીંગડાં ભોંકનારા, અને એવા અધમ પ્રકૃતિનાજ સારસ્વત બ્રાહ્મણો છે તો તેમનાથી શું ખુલાસા મળશે?

લોહાણા સમાચાર, તા. ૧૬–૧૨–૧૯૦૯. } સારસ્વત બ્રાહ્મણોનો ચર્ણરજ સેવક.

*** *** ***

Ex. નં. ૧૫.

ભૂદેવોના નનામા પત્રોનો જવાબ.

ઉક્ત પત્ર લખનાર બન્ને **મહાશયોએ** વાત તો બહુ વિચારીનેજ કરેલી છે. વળી નંબર **૧** લાના પત્ર લખનાર તો મને ઓળખતા હોય તેવું જણાય છે. ત્યારે ખરા નામથી બહાર ન આવતાં ઘુંઘટો તાણીને નાચવાનું તે **ભૂદેવોને** કેમ સૂઝયું હશે? વાસ્તવિક કલ્પના તો એજ થઇ શકે કે તેની માનસિક નિર્બળતા અન્ય કાંઇ નહિ! અસ્તુ. **હવે** તે કાગળ પર થોડી નજર કરીશું.

પહેલાં તો તે **મહાશય** દ્રઢતાથી લખે છે કે તમારી એવી ચર્ચાથી અમારો **હુક્ક-લાગો** ઊડી જાય એમ **સમજવું** નહિ. અને વળી છેલ્લે **હિતેચ્છુનો** દાવો કરી તેવી ચર્ચા બંધ રાખવાનું ફરમાવે છે. આ વદતોવ્યાઘાત્ નહિ તો બીજું શું? અરે! **ભૂદેવ** મહારાજો તેથી તો એમ સાબીત થાય છે કે તમે દીલથી તો બરાબર સમજો છો કે આપણી "ગાજરની પીપુડી" છે. પણ બહાર દ્રઢતા દેખાડો છો. કદાચ તમારી માન્યતા સત્ય હોય અને તમારા યજમાનો (લોહાણા જ્ઞાતિ) ઉપર ધમાલ મચાવવાને તમે ધર્મરાજાના દરબારમાંથી યમ સરજાએલા હો તો પછી મારા જેવા લખે અને "લોહાણા મિત્ર" માસિક જેવાં પ્રકટ કરે છાપી મારે તેમાં તમારે બીવાનું શું છે?

ઉક્ત '**ધોળે દહાડે લૂંટ**" નો વિષય મારા નવરા મગજમાંથી નીપજેલો તેમ લખો છો પણ તેમાં શું અસત્ય બાબત છે તે તો જણાવવું હતું? ખરેખર તમારી મોબાગ્ર બુદ્ધિની બલિહારીજ છે!

મારા **હિતેચ્છુ** હોવાનો દાવો કરનાર પૂજ્યશ્રીએ થોડો વખત પોતાની સ્વાર્થ પરાયણતા વૃત્તિને બાજુએ મૂકી પોતાના હૃદય મંદિરમાં વિચારને સ્થાન આપ્યું હતે તો આવા ગર્ભિત રીતે **ચેલેન્જ** વાળા પત્ર લખવાની જરૂર ધારતજ નહિ. પણ **स्वार्थीदोषो न पश्यति** પરન્તુ યાદ રાખવું કે કમાનને જોરથી દાબવાથી વધારે ઉછળે છે. એક તો કાચના ઘરમાં રહેવું અને બીજાના ઘર પર પથ્થરા ફેંકવાની ચેષ્ટા કરવી તે તમારા જેવાનેજ શોભતું હશે.

સારસ્વત જ્ઞાતિમાં જે **વિદ્વાન** છે તેને માટે અમને સંપૂર્ણ પૂજ્ય બુદ્ધિ છે અને તેવા **વિદ્વાનોથી** અમે મગરૂર છીએ. પણ હાલમાં એક **સારસ્વત** પંડિતે **ધર્માદાને** નામે ફંડ **ઉઘાડી એક** બાળાપર અત્યા-

ચાર કરવામાં પંડિતાઇ બધી ખર્ચી નાખી હતી." તેવાને તો અમારા નવ ગજના નમસ્કારજ છે. અને જેઓ વિદ્વાન હશે તેને ઘેરઘેર ભિક્ષા માગવા ભટકવું પડશેજ નહિ.

વળી નિન્દા કોને કહેવાય તે પણ પત્ર લખનાર ભૂદેવો થોડુંજ સમજતા જણાય છે. એક અસત્ય વસ્તુને અસત્ય કહેવી તેમાં નિન્દા જેવું કશું છેજ નહિ.

સાબીતિ તો બહુ સારી દેખાડી કે પરમ્પરાથી બસ **લોહાણા** કોમ પર **"અમારો ટેકસ" અમારો લાગો! અમારો (કૃત્રિમ) કર"** લઇએ છીએ અને લેઇશું.

અરે **ભૂદેવો** આ જમાનો બીજો છે એથી 'પરમ્પરા પરમ્પરા' બોલવાથી હવે તમારૂં કાંઇ વળવાનું નથી.

માટે પૂજ્યશ્રીઓ! ચેતો હવે **"ડે નકાં લોહી છંડનોસ"** એમ કહી બિચારા ભોળા ભટાકને ભમાવી પૈસા પડાવવાના વખત ચાલ્યા ગયા છે આજ દિવસ સુધી તમે લોહાણા કોમનું સત્વ ચૂસી પાયમાલી કરવામાં કાંઈ બાકી રાખી નથી. તેટલેથીજ સંતોષ મનાય તો તેમાં તમારૂં પણ માન જળવાઈ રહેશે. અમે કહીએ છીએ કે—**તમે દાન લેવાને યોગ્ય થાઓ.** જન્મથી નહિ પણ ગુણ કર્મ સ્વભાવથી બ્રાહ્મણ બનો ત્યારે તમોને આપીશું અને તે વખતે તમે **આફ્રિકાના** અરણ્યમાં કે **હિમા**લયની તળેટીમાં જ્યાં હશો ત્યાંથી તમોને શોધી કહાડીશું.

સત્યરૂપી અગ્નિની પ્રચંડ શિખા ઉપર તમે તમારી અંધાર પિછોડી ઓઢાડો તો તે ક્યાં સુધી સલામત રહે?

લોહાણા સમાચાર,
તા. ૧૬–૧૨ ૧૯૦૯. } **નારાયણજી ગોકળદાસ ડોસાણી.**

*** *** ***

Ex. નં. ૧૬.

સારસ્વતોની લોહાણા પ્રત્યે ફરજ.

હાલના જમાનામાં સારસ્વતોની લોહાણા પ્રત્યે શું ફરજ છે એવો જો પ્રશ્ન પણ પૂછવામાં આવે તો તે પ્રશ્ન ઉલટી રીતે પુછેલો છે એમ ઘણા ખરા ગણી કાઢશે. ખરી રીતે રૂચતો પ્રશ્ન એ મનાશે કે **લોહાણા**ઓની સારસ્વતો પ્રત્યે શું ફરજ છે.

આવા પ્રકારની સમજણુ લોકોના મનમાં ઠસી ગયેલી છે એમ કહેવામાં અતિશયોક્તિ ગણાશે નહિ. પણ જો આ બાબતનો ઉંડો વિચાર કરવામાં આવે તો સમજાયા વગર રહેશે નહિ કે સારસ્વતોની લોહાણા પ્રત્યે જે ફરજ છે તે બજાવવાને પરિણામે લોહાણાઓની સારસ્વતો પ્રત્યેની ફરજ ઉદ્ભવે છે. સ્વાર્થ બુદ્ધિનો ત્યાગ કરી ફક્ત સાફ દીલથી વિચાર કરવામાં આવે તો આ સમજવું જરા પણ મુશ્કેલ નથી. ખરી રીતે તો સારસ્વતોને માથે જેટલી ફરજ છે તેના પ્રમાણમાં લોહાણાઓની સારસ્વતો પ્રત્યેની ફરજ તો નામનીજ લેખાશે. જેવી રીતે એક સંપ્રદાયના આચાર્યની તેના ધર્માવલંબી દરેક સ્ત્રી પુરૂષની, સંસારિક તેમજ અધ્યાત્મિક ઉન્નતિ કરવા પછવાડે ખંતથી મહેનત લેવાની મોટામાં મોટી ફરજ છે તે ફરજ પ્રત્યે જેટલા પ્રમાણમાં તેઓ બેદરકાર રહે તેટલા પ્રમાણમાં તેમના સાચા અનુયાયીઓનો ભાવ તેમના ઉપરથી ઓછો થાય છે; તેવુંજ સારસ્વતોની લોહાણા તરફની બાબતોમાં પણ સમજવું. લોહાણાઓની લૌકીક અને પરલૌકિક ઉન્નતિ કરવાને અર્થે જો કોઇ તેમને બોધ આપનાર હોય તો તે સારસ્વતોજ છે. સંસાર વ્યવહારમાં લોહાણાઓને સીધે માર્ગે દોરનારૂં કાંઇ પણ સાધન હોય તો તે સારસ્વતોજ છે. સારા નરસા પ્રસંગે શાસ્ત્ર નિર્દિષ્ટ પદ્ધતિએ ક્રિયા કરાવનારા કોઇ પણ આચાર્યો હોય તો તે સારસ્વતોજ છે. આવા પ્રકારે લોહાણાઓનો ઉદ્ધાર કરવાની ફરજ જો સારસ્વતો ગણે તો બિલકુલ નિઃસ્વાર્થપણે બજાવવાની તેમને માથે નિર્માણ થયેલી છે. આ ફરજ પૂર્ણપણે બજાવવામાં જો તેઓ કુશળ રહે તો તેમને પોતાના ઉદર નિર્વાહની જરા પણ ફીકર રાખવાનું કારણ રહે નહિ. અસલ્ આવા પ્રકારનો વ્યવહાર હતો એવું આપણે અનુમાનથી અને અસલના પુસ્તકો પરથી સમજી શકીએ છીએ.

ત્યારે આ ઉપરથી શું સાર નીકળે છે એ તપાસવું જરૂરનું છે. સારસ્વતો પોતાની લોહાણા પ્રત્યેની ફરજ બજાવવામાં બેદરકાર રહ્યા છે કે લોહાણાઓ સારસ્વત પ્રત્યેની ફરજમાં બેદરકાર રહ્યા છે? એ વાતનો નિર્ણય કરવો એમાં અરસ્પરસ વ્યાપી રહેલી અસંતોષની લાગણીનું મૂળ મળી આવશે. છેલ્લાં થોડાક વરસમાં સુધારાનો પવન ફુંકાવા લાગ્યો છે. લોકો ખરૂં શું અને ખોટું શું એ કાંઇક સમજવા લાગ્યા છે, તેની વાત બાજુએ મેલી તે અગાઉના સમયમાં જ્યારે લોકોનું વિદ્યા તરફ લક્ષ ઓછું હતું અને લોકોની આર્થિક સ્થિતિ હાલના કરતાં કંઇક સારી હતી તે સમયનો વિચાર કરીએ તો કોઇ પણ નાકબુલ નહિ થાય કે સારસ્વતોને

લોહાણાઓ જે મોટી મોટી રકમોનાં દાન કરતા હતા અને તેમના પ્રત્યે જે વિશુદ્ધ ભાવ રાખતા હતા તે લોહાણાઓ સારસ્વતો પ્રત્યે પોતાની ફરજ બજાવતા હોય એમ સૌ કોઇ માની શકશે. પણ બિચારા અજ્ઞાન લોકોને એ વાતની સમજણ નહોતી કે પોતે જે દાન સારસ્વતોને આપે છે તેના બદલામાં તેમની પાસેથી શું લેવાને તેઓ હકદાર છે. આવી તેમની અજ્ઞાનતાનો લાભ લઇ સારસ્વતો પોતાના કર્ત્તવ્યોથી હીન બનવા લાગ્યા. અને શાસ્ત્ર અભ્યાસ કરી તેનો લાભ લોહાણાઓને આપવાની જે ખાસ ફરજ તેમના માથે હતી તે તરફ બેદરકાર રહેવા લાગ્યા અને પોતાના નિર્વાહની દોરી તૂટે નહિ એટલા સારૂ અજ્ઞાન લોહાણાઓને ઉલટી સમજણ આપવા લાગ્યા કે પુરાતન કાળમાં સારસ્વતોના પૂર્વજોએ ક્ષત્રિઓને મોટી મોટી આફતોમાંથી બચાવેલા છે. અને તેના બદલામાં ક્ષત્રિઓ તથા તેમના વારસોએ યાવત્ચંદ્રદિવાકરૌ. સારસ્વતોનું અને તેમના વંશજોનું પાલન કરવું એવું વચન આપેલું છે. આવી વાતોને કોઇ પણ જાતનો આધાર મળતો નથી. પણ જો ઉંડો વિચાર કરીએ તો તે જમાનામાં સારસ્વતોને પોતાના ભરણપોષણની જરા પણ ફીકર નહોતી. અને ક્ષત્રિયો તરફના દાનની પણ સ્પૃહા નહોતી. તો તેઓ પોતાના ઉદર નિર્વાહ માટે ક્ષત્રિઓના વચનનો અંગીકાર કરે એમ માનવું પણ સાદી સમજથી વેગળું છે ક્ષત્રિઓ તેમને એમ કહેવા જાય કે તમોએ કરેલા ઉપકારના બદલામાં અમો તમારૂં ને તમારા વંશજોનું પાલન પોષણ હમેશાં કરીશું. તો તે વાતને તેઓ હસી કહાડે. કારણ તેઓ પોતાનું તો શું પણ ક્ષત્રિઓનું પાલન કરવા જેટલું સામર્થ્ય ધરાવતા હતા. તો તે જમાનામાં આવું કાંઇ પણ બનવા પામ્યું હોય એ નહિ માની શકાય તેવું છે. માનવા લાયક તો એ ગણાશે કે સારસ્વતો પોતાની વિદ્યાબળે મહાન પ્રભાવશાળી બનતા. અને તેમને કોઇ પણ પ્રકારની સ્પૃહા રહેતી નહિ પણ જેમ જેમ તેઓ વિદ્યામાં મંદ થતા ગયા તેમ તેમ પોતાના નિર્વાહની ફિકર વધતી ગઇ. અને તે વધતાં એવી સ્થિતિએ આવી પહોંચેલી છે કે આજ લોહાણાઓનાં ખોટાં વખાણ કરી, તેમના વડવાઓની મોટાઇનાં તેમની પાસે ગાન ગાઇ ભાટ ચારણોને છાજતી પદ્ધતિએ પોતાનો ચરિતાર્થ ચલાવવાની ફરજ પડી. આવા પ્રકારનો વ્યવહાર અંધકાર દશામાં ઘણા વરસ સુધી ચાલ્યો. પણ જેમ જેમ સત્ય વિદ્યાનો પ્રકાશ થવા માંડયો તેમ તેમ લોકોની સમજણ વધતી ગઇ અને તેઓ ખરૂં ખોટું પારખવા લાગ્યા.

જેના પરિણામે ધીમે ધીમે એવી સમજણ આવવા લાગી કે સારસ્વતોને અપાતી દક્ષિણા નકામી જાય છે કારણ કે તે દક્ષિણાના બદલામાં જે કંઇ આશા રાખી શકાય તે મળતું નથી અને તે સ્વાભાવિકજ છે. કારણ હાલના સમયમાં વિશેષ્ય નહિ તો ફક્ત સારા નરસા પ્રસંગે કરાવવામાં આવતાં **ક્રિયાકર્મ પણ શાસ્ત્ર વિધિ અનુસાર નહિ ચલાવતાં જેમ આવે તેમ ગપાટા હાંકી લોકોની જે બાબતમાં પૂર્ણ શ્રદ્ધા તેમાં પણ તેમને ખોટું ખોટું બતાવી તેમની સાથે એક પ્રકારની ઠગાઇ ચલાવવા માંડયા.** આ વાતનું જ્યારે તેઓને ભાન થાય ત્યારે તેઓનો ભાવ **સારસ્વતો** પરથી ઉતરી જાય તેમાં શું નવાઇ? અને હાલના વખતમાં બનેલું પણ તેમજ છે. **લોહાણાઓ**ની સ્થિતિ પણ દેશકાળ પ્રમાણે નબળી થઇ ગયેલી છે અને તેમાં **સારસ્વતો** તરફથી **અશાસ્ત્રિય ક્રિયાઓ કરાવવામાં આવે છે** એવું જણાવા માંડયું ત્યારે તેની અસર સ્વાભાવિક રીતે **સારસ્વતોને** અપાતી દક્ષિણા ઉપર થઇ છે અને તેમાં જો **સારસ્વતો** પોતાના સિવાય અન્ય કોઇનો દોષ કાઢે તો તેમની મોટી ભૂલ છે.

લોહાણા સમાચાર, તા. ૬–૧–૧૦. **અધીપતિ.**

*** *** ***

(**Ex. નં. ૧૭**)

હાલ લોહાણા જ્ઞાતિનાં ગરીબ કુટુંબોની એવી સ્થિતિ છે કે **મોટી મોટી રકમોના બ્રાહ્મણોને દાન આપવા તે ભુખમરો વ્હોરી લેવા બરોબર** છે. અત્યારે જે મોટી મુસ્કેલી વચ્ચે ઘણાં કુટુંબો પોતાનો નિર્વાહ ચલાવે છે. તેમ તેમને ફરજીયાત દાન આપવાનું ધોરણ પોતાનાં બચ્ચાંઓના મોઢામાંનો ટુકડો ખુંચાવી અન્યની ક્ષુધા તૃપ્ત કરવા સરખું સૌ કોઇ ગણી શકશે. તો તેવા દાનથી શું ફળ? બીજું દાન આપવામાં દાન લેનારની **પાત્રતાનો વિચાર કરવો** એ શાસ્ત્રસિદ્ધ પહેલી જરૂર છે; અને **પા**ત્રતાનો વિચાર કર્યા વગર અંધશ્રદ્ધાથી દાન આપવાનું યોગ્ય ગણવામાં આવે તો આર્ય ધર્મશાસ્ત્રોની આજ્ઞાનું ઉલ્લંઘન થાય છે એમ નિષ્પક્ષપાત બુદ્ધિવાળો દરેક મનુષ્ય કહી શકશે. આ ઉપરથી **સારસ્વતો** લોહાણા તરફની મોટી મોટી દક્ષિણાઓને લાયક ઠરે છે કે નહિ તે **સારસ્વતો** પોતેજ અને જુના વિચારના **જ્ઞાતિબન્ધુઓ** વિચારી લેશે.

* * *

જેઓને સારસ્વતોના વિરોધીઓ લેખવામાં આવે છે તેમની અંતરેચ્છા જાણીશું તો તે પણ એવીજ છે કે અન્ય સારસ્વતો કોઇ પણ પ્રકારે સુધરી પોતાના પદને દીપાવે. સારસ્વતોએ જ્યારે છેકજ વિદ્યાભ્યાસ તજી દીધો અને લોહાણાઓને ફક્ત બોજા રૂપજ બનવા લાગ્યા ત્યારે તેમના સાથે કડકાઇથી કામ લેવાની કેટલાકોની વૃત્તિ થયેલી છે પણ તેથી એમ નહિ કહેવાશે કે તેઓ તેમની પાયમાલીમાં રાજી છે. ખરૂં પૂછો તો સારસ્વતો સુધરે એમ તેઓ વધારે ઇચ્છે છે. અને તેમ થવા માટેજ તેઓ કડક બનેલા છે જે નિષ્પક્ષપાત બુદ્ધિવાળાને સ્પષ્ટ સમજાઇ આવે તેવું છે.

લોહાણા સમાચાર, }
તા. ૨૭-૧-૧૯૧૦. }

અધીપતિ.

*** *** ***

(Ex. નં. ૧૮)

" જ્ઞાતિહિતનું ગાન. "

સવૈયા.

ધિઃકાર છે મહાજન જન તમને, જમદૂત જેવાં કીધાં કામ;
શુ છાજે છે કર અબળા પર, જેના ઘરનું પાણી હરામ.
પાપ માર્ગમાં પ્રેર્યા સહુને, બની જ્ઞાતિના આગેવાન;
યોગ્યાયોગ્ય વિચાર કરી વીર, આપોને શુદ્ધ કન્યાદાન.
ગરીબ ગાયો જેવી બાળા, જ્યાં દોરી આપે ત્યાં જાય;
એ અબળા પર લૂંટ ચલાવે, દયાહીન જે હોય કસાય.
પાપી દારૂનો સ્વાદ ચાખતાં, લેશ રહ્યું નહિ ધર્મે ધ્યાન;
યોગ્યાયોગ્ય વિચાર કરી વીર, આપોને શુદ્ધ કન્યાદાન.
ગુણહીન ગુરૂજનને શું કહેવું, શાસ્ત્રતણો સમજે નહિ સાર;
આજીવિકા અબળા પર બાંધી, દાદ તણો રાખ્યો નહિ પાર.
વિદ્યાહીણુ થઇ કરે કદી પણ, ઉત્તેજન આપે નાદાન;
યોગ્યાયોગ્ય વિચાર કરી વીર, આપોને શુદ્ધ કન્યાદાન.
હાલ લગ્નની રીત તપાસો; બાળાઓનું ઘર લૂંટાય;
લાગા અનેક પ્રકારે લાગે, કહો લગ્ન કેમ શુદ્ધ ગણાય.

પિતાઓ પડખે રહી લૂંટાવે, છેવટ જાતાં સુધી જાન;
યોગ્યાયોગ્ય વિચાર કરી વીર, આપોને શુદ્ધ કન્યાદાન.
પિતા લૂંટે પડોશી લૂંટે, ગામ ગામોટી ને કુંભાર;
સુતાર, દરજી, સર્વે લૂંટે, લૂંટે ચંપીનો કરનાર;
મંદિરના મહારાજો લૂંટે, લૂંટે ચોરાના ભગવાન.
યોગ્યાયોગ્ય વિચાર કરી વીર, આપોને શુદ્ધ કન્યાદાન.
પાપી પિતાને પડી પનારે, તેના દુઃખનો નાવે પાર;
વેચી બાળા ભરે થેલીઓ, કરે કર્મ થઇ નીચ ગમાર.
એ પૈસાનું સુખ તપાસો, દાંત થકી દૂર રાખે ધાન;
યોગ્યાયોગ્ય વિચાર કરી વીર, આપોને શુદ્ધ કન્યાદાન.

લોહાણા સમાચાર, તા ૩-૨-૧૯૧૩. } નારાયણજી ગોપાલજી વસંત.

*** *** ***

(Ex. નં. ૧૯)

ડર્બુના લોહાણા બંધુઓને હૃદયભેદક અપીલ.

બન્ધુઓ ! આપણે સારસ્વતોને ગોર તરીકે માનીએ છીએ અને સારસ્વતો આપણને યજમાન માને છે. હવે તેજ સારસ્વતો લોહાણાઓની દીકરીનું સગપણ કરતી વખતે વરવાળા પક્ષ પાસેથી કાંઇ રૂપીઆની રકમ લે તો તેને શું લેખીએ ? તેનું સ્પષ્ટીકરણ આ રીતે છે કે; અમારામાં જ્યારે સગપણ થાય છે ત્યારે કન્યાપક્ષ વાળાઓ બ્રાહ્મણને જન્મકુંડળી દેખાડે છે ત્યારે તે બ્રાહ્મણને જો કોઇ સાહુકાર નજર આવે તો તેના લાગતા વળગતાને કહે છે કે મને અમુક રૂપીઆની રકમ આપો તો તમારા ગ્રહ મેળવી આપીએ. હવે વાંચક ! ધ્યાન દેશે કે મહારાજને ગ્રહો મેળવવાની દરકાર હોતી નથી. કન્યા પક્ષવાળા ભલેને કૂવે ઉતરે પણ તેને તો રૂપીઆનીજ દરકાર હોય છે; પછી જેના પાસેથી વધુ મળે તેના ગ્રહો મેળવી આપે છે. પછી કન્યાનું સગપણ થાય છે. તેથી અમારા બન્ધુઓ પ્રત્યે અમારી નમ્ર પ્રાર્થના છે જે આ વિષય પર બરાબર લક્ષ આપી સત્વર તેનો પુખ્ત બંદોબસ્ત કરવો જોઇએ. તે એવા પ્રકારનો કોઇ બ્રાહ્મણ જુઠ્ઠ ખાઇને કન્યાનું સગપણ કરાવે તેને એકદમ 'બોયકોટ' આપી જ્ઞા-

તિએ કરવો અને જે કોઈ ધણી 'જુક' આપી પોતાના છોકરાનું સગપણ કરે તેના ઉપર ન્યાતનો દંડ જબરો રાખવો જોઇએ. જેથી આ હીણુકામ થતું અટકે અને ગરીબો પણ પોતાનો લાભ લઈ શકે. માટે આ વિષય પર સત્વર લક્ષ આપવા હું જ્ઞાતિ અગ્રેસરો અને શ્રીમંતોને ભલામણ કરૂં છું.

લોહાણા સમાચાર, તા. ૧૦-૧-૧૯૧૦. — સેવક.

*** *** ***

(Ex. નં. ૨૦)

ગાય ઉપર ઘોસરૂં કદી પડેજ નહિ. પણ આજ દિવસ સુધી જે ગાડરીયા પ્રવાહ માફક ચલાવી લેવામાં આવ્યું છે તે અત્યંત ખેદકારક છે"

લોહાણા સમાચાર તા. ૧૧-૯-૧૯૧૦ — ભગવાનજી દેવકરણ રાચ્છ.

*** *** ***

(Ex. નં. ૨૧)

આપ કહેશો કે ભલે તેઓ (સારસ્વતો) કાંઇ અભ્યાસ ન કરે તેઓના બાપદાદાએ તો અભ્યાસ કર્યો હતો કે નહિ ? અમે કબુલ કરશું કે તેમ તો હશે. પણ આપ વિચાર કરશો કે 'ડીગ્રી'નો વારસો ઉત્તરોત્તર ચાલ્યો આવે છે ખરો ? જો તેમ બનતું હોય તો આપ બતાવી શકશો કે તેના કોઇ વકીલ છે કે જેના બાપદાદાની સનંદથી હાલ વકીલાત કરે છે. મને જણાય છે કે આપ બીલકુલ નહિજ બતાવી શકો. આપ કહેશો કે ઓર મહેનત તો કરે છે તો અમોને સમજાવશો કે મહેનત એટલે શું ? અને કેવા પ્રકારની ? લગ્ન વખતે કોઇ બોજા ઉપાડ મેલ કરતા હોય તો તેવી મહેનતનું તેને શું મળે ? આપ કહેશો કે કારીગરો કેમ તેની મહેનતનો મનમાનતો બદલો મેળવે છે ? તો મારી વિનંતી છે કે બેશક ! બરાબર, પણ આપણે કારીગરોની કારીગરીપર ધ્યાન આપવું જોઇએ કે નહિ ? પ્રાચીન વેદોક્ત લગ્નવિધિ તપાસો અને જુઓ હાલ તે માંહેનું આપણા ગુરૂ દેવો એક સહસ્રાંશ જેટલું પણ કંઇ કરે છે ? ક્યાંથીજ કરે ? જાણતા હોય તો કે નહિ ! હાલ તો લગ્ન વખતે 'સતપિતાના સાતને મૂકો અહીં ફલાણા દેવના પૈસા" વિગેરે બાબત દેવના નામે લાંચ મેળવવા જેવો ધંધો ચાલતો હોય તેવું જણાય છે. અને અગડમ્ બગડમ્ કરી ચાર ફેરા ફેરવી આપે છે તેમાં તેઓ શું મહેનત કરે છે ?

મિત્રો ! લગ્નનું કામ ઘણુંજ મહત્વતાવાળું છે....તે કંઈ ન સમજતાં તેઓના તરફથી તેવા લગ્ન વખતે પૈસા મેળવવાની યોજના અને તેનાજ મંત્રો ભણાતા હોય તો જે કંઈ આપવું તે તેની અજ્ઞાનતાને ઉત્તેજન આપવા બરાબરજ છે.

કદાચ આપણા ભ્રાતા ! વખાણુ વિલાસી હોય તો તેવી ઈચ્છાને વશ તેમ લખે એ સ્વાભાવિક છે, જીવનો ધર્મ છે કે અનેક પ્રકારની ઈચ્છા કરે. જો તેમ હોય તો હું આપણા ભ્રાતાને પ્રાર્થના કરૂં છું કે તેવા માનસિક આનંદને ખાતર સારસ્વત જેવી એક મોટી કોમને ભિક્ષાવૃત્તિ જેવા રોગમાં સબડવા દેવી એ ખરેખર ન્યાય વિરૂદ્ધ છે.

વ્યાપારે લક્ષ્મીનો વાસ, કાંતો પૃથ્વી પતિની આશ.
કદી ખેતીમાં પામે કોય, નિશ્ચય ભીખ વિષે નહિ હોય.

ઉપર મુજબ ભિક્ષાવૃત્તિથી કદી પણ લક્ષ્મી પ્રાપ્ત થતી નથી. અને ધન વિના ગૃહસ્થાશ્રમ કે દુનિયાનો કોઇ વ્યવહાર ચલાવી શકાતો નથી અને તેથીજ ભિક્ષાવૃત્તિપર આધાર રાખનાર સારસ્વતો હાલ ધનહીન બન્યા છે. અને દરેક પ્રકારે દુઃખી છે એવું સુધારકો જોઇ જાણી શકયા છે. વળી કુદરતે એવી કોઈ કોમ દુનિયાપર ઉત્પન્ન નથી કરી કે તેઓનો ઉદર નિર્વાહનો આધાર બીજાપરજ હોય. હાલ તેવું જે ધોરણ ચાલેલું છે તે જનસમાજની ભૂલ અને તેનીજ અજ્ઞાનતાથી ઉદ્દભવેલું છે. અને જ્યાં સુધી ઉત્તેજન મળશે ત્યાં સુધી તેવા ધોરણોનો નાશ થવાનોજ નથી. પુરૂષાર્થ પરમ સુખને આપનાર છે. પુરૂષાર્થથી મનુષ્યો પરમ સુખને મેળવી શકે છે. આવો પુરૂષાર્થ દરેક મનુષ્ય જરૂરીઆતના અંગે કરે છે. વિના જરૂર કોઇ પુરૂષાર્થ કરતું નથી. માટે ગુરૂદેવોને પુરૂષાર્થ કરવાની ફરજ પાડવી એજ સુધારકોનો મુખ્ય ઉદ્દેશ છે. હાલ આપણા ભ્રાતા જેવા તેના અનુયાયીઓને ચર્મચક્ષુથી દુઃખરૂપ જણાતો હશે, પણ તેઓ જ્ઞાનચક્ષુ ખોલીને જોશે તો સુધારકો તેઓના શ્રેયસાધક છે. અને પોતેજ હિત શત્રુ છે, તેવું સમજાયા વિના કદી પણ રહેશે નહિ. દલપતરામ જેવા કવિશ્વર કહી ગયા છે કેઃ—

બાળી ભિખારી દયા ભરી ભાખો, રોટલી નાખી ભિખારી ન રાખો.
હોય ઉઠાવ ઉદ્યોગ હજારો, એ ધનના ધણી ધર્મ તમારો.

લોહાણા સમાચાર
તા. ૧૦-૩-૧૯૧૦. — નારાયણજી ગોપાળજી વસંત.

(Ex. નં. ૨૨)

આ તો નિર્વિવાદ છે કે ગોર એટલે ગુરૂ અને યજમાનની દીકરી તે ગોર કહેતાં ગુરૂની દીકરી ગણાય તો પિતા પુત્રીનો પૈસો લે તે તો કન્યા-વિક્રયજ કહેવાય. ત્યારે પિતા તરીકે થઈ પુત્રીના શ્વસુરગૃહેથી એટલે પુત્રીનાજ પલ્લેથી ખીરચોરી ધુપ, ધુમાડા દ્વારે અષ્ટં પષ્ટં બ્હાને પૈસા ખંખેરાવે એ તો અધર્માચરણજ.

પણ માથુ ફોડતાંય ક્યાં માને છે !!! સમજતાં શીખે તો શું જોઇએ? હવે તો પેટ ચીરીને સાબિત કરી આપીએ તો છે ! બસ ! મારો લાગો! બીજી વાત નહિ ! વાકુંચૂકું થાય તો વ્હેંત એક જીભ બહાર નીકળી-કાઢી જુગતું-અજુગતું બકવા માંડે, જાણે કે બ્રહ્માનો લેખ પ્રીવિકાઉન્સીલનો ચુકાદો મેળવી વોરંટ-જપ્તી કેમ ન બજાવતા હોય ! ? આ તો ઇશ્વર રજ્જુ છે કે કાચબાની ઢાલરૂપી રક્ષણ યાને પૂર્વજોનો લેખિત પટો બચાવ તરીકે નથી; છતાં આટઆટલા તલપાપડ થાય છે. ત્યારે કદાચને હોત તો કોણ જાણે શું એ ન કરવાનું કરત. ન્યાયની દેવડીએ પણ ચડત અને કંઇકને જેલ જાત્રાએ પણ ધકેલી કાઢત. આટલેથીજ બચી ગયા છીએ તે પ્રભુનો પાડ માનોને !

લોહાણા સમાચાર
તા. ૧૨-૫-૧૯૧૦. } પોપટલાલ દામોદર પુજારા.

* * * *

(Ex. નં. ૨૩)

" કોન્ફરન્સના કાર્યમાં સારસ્વતોએ કેટલે દરજ્જે માથું મારવું તેમને શોભારૂપ છે? "

મી. લીલાધર શર્મા અને તેના જેવો મત ધરાવનારા બીજાઓના સંબંધમાં બે બોલ લખવાની અમોને આ તકે ફરજ પડે છે. ખાસ કરીને મી. લીલાધર શર્માએ કોન્ફરન્સની વિરૂદ્ધ જવાનો જે માર્ગ ગ્રહણ કરેલો છે તે અમને એક તરફથી શોચ કરાવે છે અને બીજી તરફથી મો. લીલાધર શર્માની નહિ ગ્રહણ કરવા લાયક પદ્ધતિ માટે તેમના સંબંધમાં ઘણો હલકો વિચાર ઉત્પન્ન કરાવે છે. અને તે સારસ્વતો માંહેલા એક હોવાથી સારસ્વતોને હૈડે લોહાણા જ્ઞાતિનું કેટલું હિત વસેલું છે તેનો એક નવો ખ્યાલ આપે છે. લીલાધર શર્મા જો સમજે તો લોહાણા જ્ઞાતિના વ્યવ-

હાર માર્ગમાં જે પ્રકારની દરમ્યાનગીરી કરવાની તેમણે હિંમત કરી છે. તે તદ્દન અજુગતિ અને મુદ્દા વગરની છે. સારસ્વત તરીકે લીલાધર શર્માએ લોહાણા જ્ઞાતિના વ્યવહારિક કાર્યમાં માથું મારવું તે એક પ્રકારના ઇર્ષ્યાના રૂપમાં બળાપોજ ગણાઇ શકે, કોન્ફરન્સથી લોહાણા જ્ઞાતિને ફાયદો થશે કે નુકસાન થશે એવી ઉંડી પંચાતમાં પડવાની તેમને જરૂર શું છે અને સત્તા પણ શું છે? સારસ્વત તરિકે તમે તમારી જ્ઞાતિનેજ સંભાળો. લોહાણાઓમાં પોતે પોતાનું સંભાળી શકવાની સત્તા છે; તેમને સારસ્વતોનો આશરો લેવાનો કદિ પણ વખત આવ્યો નથી અને આવશે પણ નહિ. તો વગર કારણનો બળાપો કરવાનું કારણ શું? સારસ્વતોનો ફક્ત લોહાણા જ્ઞાતિમાં કોઇ પણ પ્રકારની ક્રિયા ટાંકણે જો બોલાવે તો હાજર થવાનો હક્ક છે; તેવીજ રીતે આવા કામમાં પણ કોઇ સલાહ પૂછવા આવે તેવે પ્રસંગેજ પોતાના આંતરિક વિચાર જણાવવા ઉચિત્ત છે.

જે કાર્યને લોહાણા જ્ઞાતિના સઘળા કદાચ ન કહી શકાય તો ઘણાજ મોટા ભાગે પસંદ કરી આવકારદાયક ગણેલું છે તેના સંબંધમાં બળાપો કરવામાં પોતાને કોઇ જાતનું અંગત નુકસાન થતું હોવાથી, તેને અટકાવવાની કોશેશના રૂપમાં તે સઘળો બળાપો ગણાઇ જશે, વાસ્તે વગર સંબંધની બાબતોથી સારસ્વતોએ અલગ રહેવું એ તેઓના હિતની વાત છે.

લોહાણા સમાચાર, } અધીપતિ.
તા. ૨૧–૭–૧૯૧૦. }

* * * * * * * * *

(Ex. નં. ૨૪)

મને તો લાગે છે કે અવિદ્યારૂપી પહાડો એટલે મહિનામાં ૨(૦) દિવસ મારસ્તાન જમાડવુંને ચાંદીની લોટી, હાંડા, ગાગર, ટોપ, કરવા, કળશીયા વિગેરેનું મારસ્તાનને લ્હાણું આપવું, એ અવિદ્યારૂપી પહાડો રખેને કોન્ફરન્સરૂપી સુરંગથી ઉડાડી નાંખવામાં આવે!! તેનો ભય લાગવાથી શરમાભાઇને શ્રમ લઈ ને પોતાના બખાડા બહાર કાઢવા પડયા છે. અરે! એમ હોય તો ખુલ્લું કાં કહેતા નથી? " દુઃખે પેટમાં ને કૂટે કપાળમાં " એમ કાં કરો?! અને સત્યોપદેશનો ડોળ કાં (ઘાલો) ડોળો!!

કોન્ફરન્સ તમને નથી ગમતી એનાં કારણો તો તમે પોતે બહુ સારી રીતે જાણો છોઃ—

લોહાણા સમાચાર, } લોહાણો.
તા. ૨૧–૬–૧૯૧૦. }

*** *** ***

(Ex. નં. ૨૫)

જ્યારે અમારા પૂજનીય વેદોમાં સ્પષ્ટ આજ્ઞા છે કે **સ્ત્રી પુરૂષ પરસ્પર એક બીજાના ગુણો જાણીને વિવાહ** કરે. તો તે વેદ વચનને તોડીને ભાટ, બ્રાહ્મણ, નાઇ, વા સગાં સંબંધી કે જે મૂર્ખ, લાલચુ, સ્વાર્થીના હાથમાં સંબંધ જોડવાની વાત રાખવી તે મોટામાં મોટું પાપ છે. સ્ત્રીપુરૂષ બેઉ વિચાર કરે કે જે બેઉને મરણ પર્યન્ત સાથે રહીને પરસ્પર એક બીજાના સહાયક બનવાનું છે. અગર તેઓનું જોડું વગર વિચારે બનાવી દેવામાં આવે યા તેવા મૂર્ખ, લાલચી, અને સ્વાર્થી બ્રાહ્મણો અને ભાટ આદિના કહેવા પર કરવામાં આવે તો તે કયું ડહાપણ ભરેલું ગણાય? એ તે કન્યાદાન ગણાય કે સ્ત્રી હત્યા વા કન્યાહત્યા ગણાય?

લોહાણા સમાચાર, તા. ૧-૯-૧૯૧૦. } **લીલાધર ત્રીકમજી કક્કડ.**

*** *** ***

(Ex. નં. ૨૬)

બારોટ પ્રાગજીને તેના કોઇ **મિત્રે** કહ્યું કે તમે દેખાવમાં તો સુધારાનો ડોળ રાખો છો પણ આવી રીતે બોર્ડિંગ થવામાં ને સ્કૂલ ખોલવામાં અને ધર્મનો સડો નીકળે એવાં ભાષણોમાં વિરૂદ્ધ કેમ જાઓ છો? તેનો જવાબ આપ્યો કે "હું બધું જાણું છું, પણ મ્હારા કુટુંબનો અને હવે પછીની પ્રજાનો રોટલો લોહાણાઓને મૂર્ખ રાખવામાં છે જો તેઓ સુધરી જાય તો અમને સાતમના લોલા અને અખાત્રીજની કણીક સુદ્ધાંત કોઇ આપે નહિ. ભૂજ, અંજાર, માંડવી અને મુંદ્રા એ ચાર શહેરના લોહાણાઓ તો અમને કંઇ ગણતા નથી. મરણે પરણે જઇને બહુ નડીએ. ત્યારે માંડ માંડ કોઇક બે ચાર કોરી સામી કરે છે. ગામડામાં અમારા પિતાએ થોડોક જમાવ કીધો છે. તે લોકો નાતવરો કે લ્હાણું કરે તો અમારો હિસ્સો રાખી મૂકે. તે અમે જઇએ ત્યારે લઇ આવીએ છીએ તે ગામડાના છોકરા પણ બોર્ડિંગ થાય ને સુધરે તો શહેરી જેવા બની જઇ અમને માને નહિ. હમણાં કચ્છ આખામાં પારપીઆ પ્રધાનની લ્હાણી થાય તો દરેક ગામડાવાળા પોતાની લ્હાણી સાથે અમારી પણ એક લ્હાણી લીએ એટલે એકંદરે અમને ૫૦-૭૫ લ્હાણી મળે. કહો હવે અમને ફાયદો લ્હાણીમાં કે બોર્ડિંગમાં?" બારોટના **મિત્રે** કહ્યું:-ધિક્કાર છે તમને કે તમારા સ્વાર્થ સારૂ આખી કોમની ઉન્નતિને આડે આવો છો.

મુંબઈમાં કોન્ફરન્સ મળવાની છે તે સંબંધમાં કાર્તાતિક તથા પ્રાગજી બારોટ તોડવાની ત્રેવડમાં છે. અને અહીંના અજ્ઞાન લોહાણાઓને બહુ બ્હેકાવે છે. પરિણામ તો અંતે સત્ય હશે તે તરી આવશે, પણ પ્રેતાન્ન ખાનારા સારસ્વતો લોહાણાની ઉન્નતિ માટે કેટલા આડા આવે છે ?

લોહાણા સમાચાર, તા. ૧૦–૧૧–૧૯૧૦. — વીસનજી પ્રાગજી.

*** *** ***

(Ex. નં. ૨૭.)

અખો શું કહે છે ?

(પ્રથમ લોહાણા કોન્ફરન્સની સન્માનકારિણી કમીટીના પ્રમુખના ભાષણમાંથી.)

અખા ભગતના કહેવા પ્રમાણે "ગુરૂ કીધા મેં ગોકુળનાથ, બુઢ્ઢા બળદને ઘાલી નાથ; ધન હરે ધોખો નવ હરે તે ગુરૂ કૃતાર્થ શું કરે ?" એવા જે અભણ ગુરૂઓનો સારે માઠે પ્રસંગે મોટા મોટા લાગાઓ આપી આપણે જે બોધ લેતા હોઇએ તો તેમાંથી આપણું શું તારણ થવાનું છે ?

આપણા પુરોહિતની સ્થિતિ અને જ્ઞાન કેવું છે ?

આપણા ગુરૂઓની જેમ એવી સ્થિતિ છે તેમ આપણી જ્ઞાતિના પુરોહિતોની પણ સ્થિતિ કંઈ તેમનાથી સારી નથી. લગ્નાદિક પ્રસંગો જેવી પવિત્ર ગાંઠ બધાવવા તથા જેઓ શ્રાદ્ધ તર્પણને માનનારા છે, તેઓ આવે પ્રસંગે દર વર્ષે પોતાના પુરોહિતોને લગ્ન, મરણનાં જમણો, દક્ષિણા, પહેરામણી, લાગા વિગેરેમાં લાખો રૂપીઆ આપે છે. તે છતાં જો આપણને તેઓમાંથી પવિત્ર ક્રિયાઓ, વેદાદિક શાસ્ત્રની વિધિ અનુસાર કરાવી શકનાર ન મળી શકે તો તમે તેને શું થોડી દીલગીરી ભરેલી બીના ગણશો ? આપણે તેવી જાતનો મામલો કેટલા વખત સુધી ચલાવી લઈશું ?

* * * * *

"પૂજ્યનીય શાને ગણશો ?"

હું તમોને જે ભલામણ કરૂં છું તે એટલીજ કે તમારે તમારા ધર્મ ગુરૂઓ અને પુરોહિતોને જણાવી દેવું જોઇએ, કે તેઓની અંદર જે સદ્‌ગુણોને વિદ્યા હશે તેને માટેજ તમો તેઓને પૂજ્ય ગણશો પણ "સૂર્યની સાખે અને બ્રાહ્મણનું વચન," તમો ચલાવી લેવાના નથી માટે જો તેઓ પોતાનો સંબંધ તમારી સાથે આપણા વડીલોનાજ વખતમો કાયમ રાખવા માગતા હોય તો તેઓએ પોતાને કેળવવા જોઇએ, એટલુંજ નહિ પણ પોતે ઉંચ્ચ વિદ્યા સંપાદન કરી તેનો લાભ આપણને આપવો જોઇએ. તેઓની ફરજ આપણને શુદ્ધ અને પવિત્ર ધાર્મિક જ્ઞાન આપવાની છે, અને તેઓના પૂર્વજોને આપણે પૂજ્ય ગણ્યા છે તેની પણ તેજ મતલબ છે.

સ્વર્ગસ્થ શેઠ દામોદરદાસ ગોવર્ધનદાસ સુખડવાળા.

* * * *

(Ex નં. ૨૮.)

(પ્રાર્થના.)

આજકાલ ચોપટીઆ જ્ઞાન ધરાવનાર અર્થાન્ત બ્રાહ્મણના દીકરો રામ રક્ષા, ભાદરવામાં સરામણ, શ્રાદ્ધાદિની ક્રિયા શીખ્યો. વિશેષમાં ભાગવત માતાસચુર્ણિક સપાટામાં ગડગડાવતાં આવડી તો ગાડું ગબડ્યું. હ્યો હવે શું જોઇએ ? હજી વધારામાં કહીશું તો પાઠ કરવા યજમાનને ઘેર જનાર વ્યાસજીઓ !!! (**ब्राह्मणे ब्राह्मण दृष्ट्वा श्वानवत् गुरगुरायते**) પોતામાં પણ લડશે. "હું કચરા શેઠને ત્યાં પાઠ કરતો વળી તું ત્યાં જઇ ઘુસ્યો." વળી યજમાનને ઘેર જશે તો પ્રથમ બચ્ચાંઓની (આ કળજુગી ! વ્યાસજીઓ !!! ખુશામત કરવા માંડશે. "કેમ કાકુ ઠીક છેનાં ? "આજ તો કાકુનો મિજાજ નરમ લાગે છે." માજી જરા ચટાઇ બિછાનું તો લાવજો. બિછાવી પાઠ કરીએ. (એમજ બ્રાહ્મણ બેસે તો બ્રાહ્મણના આસન નીચે દરિદ્રતા હોય તે મૂકી જાય ! માટે) આહા ! ભારત ! તારી આ દશા ! ઋષિ સંતાનો ! આવી સ્થિતિએ આવી પુગા! અત્યંત શોકજનક વાત છે ! મહર્ષિઓ જાગ્રત થાઓ ! પુરૂષાર્થ કરો ! પુનઃ પ્રાચિન સ્થિતિના વારસ થાઓ ! ને તેઓની માફક સદ્‌વર્તન કરો. ગુરૂકુળો, બોર્ડિંગાદિ ખોલો ખોલાવો, અનાચારનો ત્યાગ કરો, પક્ષપાત મૂકો, સધર્મ યથાન્યાય અનુવર્ત્તો હુક્કાઓના હોકારામાં હળહળતા અરીણના ઝેરમાંથી બચો. કેવળ:—

સસા ચાલ્યા સ્વર્ગમાં, બેઠા વિમાન માંહિ;
અધવચથી પાછા વળ્યા, હુક્કા તમાકુ નાંહિ.

આ પરિપાટીને તિલાંજલી આપો તોજ આપણી શ્રેયસિદ્ધિ થવાની આશા બંધાશે ને આપણા સૂર્યકુળોદ્‌ભવ યજમાનો પણ સ્વતઃ આપણી સેવા બજાવશેજ તે કાંઇ સંશયાત્મા નથી.

લોહાણા સમાચાર,
તા. ૪—૫—૧૯૧૧.

T. V. S. (**સારસ્વત**)

*** *** ***

(Ex. નં. ૨૮)

હજી તો અમોએ **લોહાણા** કોમના શીરપર બોજારૂપ થઇ પડેલા **ભૂદેવો—સારસ્વતો**ના બારામાં લખવાને થોડોજ વખત થયો છે. ત્યાં વળી તા. ૧૬—૧૧—૧૧ ના "**સમાચાર**" ના અંકમાં તે **સ્વાર્થ** સાધુઓનાં અમાનુષી, નહિ ચલાવી લેવા યોગ્ય અને ધિઃકારવા લાયક કર્ત્તવ્યનો કાળો કેર વરસાવેલો **ખંભાળીયાની ખબરો**" માં વાંચી અમારી કલમને પુનઃ ઉઠાવવાનો પ્રસંગ પ્રાપ્ત થયો છે. પ્રિય ભ્રાતાઓ ! વિચાર તો કરો કે એ બુઢ્ઢી ડોસીના યુવાન પુત્ર કાનજી કરશનનો સ્વર્ગવાસ થતાં તેના હૃદયને કેવો કારમી ઘા લાગ્યો હશે ? અને વળી તે ડોસી પણ ખંભાળીઆના મહાજનના આશ્રય તળે જીવન વ્યતિત કરનારી. ગમે તેવા ક્રૂર, દુષ્ટમાં દુષ્ટ મનુષ્યના હ્રદયમાં પણ આવી દશા નીહાળતાં દયાની લાગણીનો અંશ પ્રગટ થાયજ. પણ અમારા આ મહાન ! ! ! ભૂદેવો તો તેવી ક્રૂરતાથી પણ ચડી ગયા. તો હવે અમારે તેને શું કહેવું ? કે જેણે તે ડોસીના જમાઇ ઠા. હરી જેઠા, જેની પણ ગરીબ સ્થિતિ છે અને જે બિચારો એક સગા પ્રત્યેની પોતાની ફરજ બજાવવા તે મરહુમ ઠા. કાનજીની ઉત્તર ક્રિયા કરાવતો હતો તે વખતે "**ભીખ માગીને પણ અમારો લાગો આપ.**" આવા શબ્દો ઉચ્ચાર્યા બિચારા હરીભાઇને તો દુષ્કાળમાં અધિક માસનો અનુભવ થયો. અરેરે ! શું આ ભૂદેવોનું અંતઃકરણ તે વખતે આવા શબ્દોને ઉચ્ચારતાં જરા પણ સંકોચાયું નહિ ? ખરેખર આ પ્રકારની તે **મહાત્માઓની** નિર્દય અને દયાની લાગણીથી દૂર વર્તણૂંક તરફ વિચાર કરતાં અમારી આંખમાં પાણી ભરાઇ આવે છે. અમે તેઓની દુષ્ટતા કયાંક સુધી દર્શાવીએ ? જે બિચારા કાનજી કરસનના અગ્નિદાહ માટે કાષ્ટ ખાપણનો જોગ પણ મહાજન તરફથી કરવામાં આવેલ હતો અને તે સમયે

તેની માતુશ્રી ડોસીની દશાપર કયો પુરૂષ દયાથી દ્રવિત થયો નહિ હોય ? અમારા આ લાગા ટેક્સના નામપર જીવનારા ભૂદેવોના હૃદયમાં સ્વાર્થાન્ધતાના પ્રતાપે દયાનો છાંટો પણ નહિ તો પછી અમારે તેને શું નામથી સંબોધવા ? તે શબ્દ અમોને શોધ્યો મળતો નથી. આખરે તે સ્વાર્થીઓએ તે રાક્ષસીકર રૂા. ૧–૫–૦ વસુલ કીધો. ખંભાલીઆના મહાજનનું પણ એક અઘટીત રીતે અપમાન કરવા તે મહાત્માઓ ચૂકયા નહિ; એટલુંજ નહિ પણ પછીથી તે યુવાન પુત્ર કાનજીના દેહાન્તના અસહ્ય શોકથી તે બિચારી ડોસી પણ સ્વર્ગવાસી થતાં જેમ એક લૂંટારાનું ટોળું કોઇના ઘરપર અચાનક હુમલો–હલ્લો કરી ચડી આવે છે તેવીજ રીતે કૃત્તિમ સ્વાર્થતામાં લચીપચી રહેલા સારસ્વતો કે જેનાં નામો લખતાં આ કૃષ્ણવર્ણની કલમને શ્યામવર્ણની શાહીમાં બોળતાં કમકમાટી છૂટે છે; તેઓએ ફરી વખત તે ડોસીની ઉત્તરક્રિયામાં ભંગ પાડયો. ફક્ત રૂા. ૧–૫ ૦ નો પ્રેત લાગો વસુલ કરવાને ! અરે ! પ્યારા બન્ધુઓ ! કયું હૃદય પથ્થરનું છે ? કયું હૃદય લોહનું છે કે તે ડોસીમા તથા ઠા. હરી જેઠાના પર દયાની લાગણીથી દ્રવીભુત નહિ થતુ હોય ? અને કયો લોહાણો કે જેની નસમાં મહાત્મા રામચંદ્રજીનાં વંશજો હોવાનું અભિમાન ભરેલું છે તેવા ક્ષત્રિય પુત્રનું હૃદય સારસ્વતોના આ અમાનુષિ અક્ષમ્ય કર્ત્તવ્યથી ક્રોધાગ્નિથી ઉશ્કેરાઇ ન જાય ?

અરેરે ! પ્યારા! ભાઇઓ ! આ એક ડોસીનુંજ નહિ, તેના જમાઇનુંજ નહિ; તેમ ખંભાળીઆ મહાજનને નહિ, પણ તે ભૂદેવોએ તેનાં આવાં નિન્દીત કર્મથી આખી લોહાણા કોમને જો સમજાય તો એક સજ્જડ ફટકો માર્યો છે. **અતિ સર્વત્ર વર્જયેત્**, તેમ આ ખંભાળીયાની હૃદય પીગળાવનારી બાબતપર જ્યારે એ ભૂદેવોના લાગા–ટેકસોનાં કપોળ કલ્પિતપણાંપર વિચાર કરીએ છીએ ત્યારે અમને અમારી એક **કાઠીયાવાડી કહેવત** યાદ આવે છે કેઃ—

આણંદ પૂછે પરમાણંદને, ભેદ કહ્યું ભૂલંત;
દીન ઉઠે ને દશા ફરે ત્યારે, અવળા ખોપ કરંત.

તેમ આ ભૂદેવોએ પણ ઘણા દિવસો લોહાણા જ્ઞાતિ ઉપર ઘાતકી રીતે જુલમ ગુજારી કપોળ કલ્પિત લાગાઓથી મફતના માલમલીદામાં કાઢયા છે પણ હવે તેઓનો છેડો આવી રહેલો હોય તેવું ભવિષ્ય સૂચવે છે.

પ્રિય ભ્રાતાઓ ! આપ જરા વિચારને સ્થાન આપો કે આવી નિરાધાર ડોશીપર પણ તેઓ સ્વાર્થાન્ધ સારસ્વતોએ આટલો જુલમ કીધો ત્યારે

એક ગરીબ પણ સ્વકમાઇથી માંડમાંડ પોતાનું ગુજરાન ચલાવનાર હોય તેના પર તેઓ પોતાના અસત્ય કલ્પિત લાગાઓ (માની લીધેલા) વસુલ કરવાને શું શું નહિ કરતા હશે! ઉપરોક્ત ભૂદેવોનું વર્ત્તન લોહાણા કોમને થોડું હિનસ્પતિ ભરેલું નથી. માટે પ્રથમ તો અમે વિનયભાવથી હિકર જોડી લોહાણા કોમના અગ્રેસરો, મુખાણીઓ, દરેક જીલ્લાના, દરેક પ્રાન્તના લાગવગ ધરાવતા પૂજ્યશ્રીઓને પ્રાર્થના કરીએ છીએ કે આવી રીતે તમારા ભાઇઓ ઉપર આ ભૂદેવોના થતા અસહ્ય જુલમ અટકાવવાને તમારામાં પૂરતું સામર્થ્ય છે. અને કોઇ પણ રંક બન્ધુઓ તમારા તરફથીજ પોતાનો બચાવ થશે તેમ વગર શકે માને પણ છે, અને તમે તેટલી સામર્થ્યવાળા હોવા છતાં પણ તમે તમારાજ પેટ પર હાથ ફેરવવાવાળા હોતો શા માટે શરમાઇને કોમને પરાધીનતામાંથી બચાવવા ચોખ્ખું નથી કહી દેતા કે અમે કાંઇ કરી શકતા નથી.

આવી બાબતો પર આંખ મિંચામણાં કરી બેસી રહેવાય તો આવી રીતે તમારા ગરીબ ભાઇઓનાપર કૃત્તિમ લાગા–ટેક્સ વસુલ કરવાને થતા જુલમથી તેઓનાં અંતઃકરણ જે ઉંડી હાય મારશે તેના પાપભાગી તમેજ થશો; અને લોહાણા કોમમાં ગરીબ બન્ધુઓને સત્યાનાશનાં સાધનો કરી આપનાર તમેજ લેખાશો. માટે આ ભૂદેવોનાં અપકૃત્યનો બદલો લેવાને આપણી પાસે બહોળા ઇલાજો હોવા છતાં એક સૌથી સરસ ઇલાજ એ છે કે બસ નિરક્ષર ભૂદેવો કે જે લોહાણા કોમપર પોતાના ફરજીયાત હક્ક-લાગા છે તેમ માની મર જાઓ, જલ જાઓ, એવા વિચારને સેવનારાઓ, તદ્દન લોહાણા કોમપર પોતાનું જીવન વ્યતિત કરનારા સ્વાર્થી, બુદ્ધિના બારદાનોને હક્ક–લાગા તરીકે લોહાણા કોમમાંથી એક પાઇ પણ કોઇએ ન આપવાની દ્દઢ પ્રતિજ્ઞા કરવી અને પછી જુઓ કે તે સ્વાર્થ સાધુઓના ચડેલા થરમામેટરના પારાને ઉતારતાં કેટલો લખત લાગે છે?

પ્રિય બન્ધુઓ! મહાત્મા મનુ ભગવાન શુ કહે છે તે જુઓ.

यथा प्लवेनोपलैन निमज्जंत्युदके तरन।
तथा निमज्जतोधस्ताद सौदात प्रातिच्छको॥

‘જેમ પથ્થરની નૌકામાં બેસીને પાણીમાં તરનાર ડુબી જાય છે તેમજ અજ્ઞાની દાતા, અને ગ્રહિતા બેઉ અધોગતિને પ્રાપ્ત થાય છે અર્થાન્ત દુઃખને પ્રાપ્ત થાય છે.” આ મનુ ભગવાનના વાક્યથી અનુભવ સિદ્ધ સમજાય છે કે ધર્મ તરીકે ફરજીયાત કર–લાગા આવા અપાત્ર ભૂદેવોને

આપવાથી આપણી અધોગતિ થઇ છે અને તેથી કોઇ પણ બન્ધુ કે જે પોતાની, પોતાના કુટુંબની, જ્ઞાતિની ઉન્નતિની ઇચ્છા રાખનાર હશે તેણે કોઇ પણ પ્રકારે લાગા-કર, તે સ્વાર્થ સાધુઓને આપવાનો પ્રતિબંધ કરવો જોઇએ.

આવા નિર્દય-ઘાતકી, પાષાણુ હ્રદયને પીગળાવી નાખે તેવા અસહ્ય જુલમો, નીરો અને નાદીરનાં નિષ્ઠુર કર્તવ્યોને પણ શરમાવી નાખે તેવા આળસુ સ્વાર્થી સારસ્વતો તરફથી લોહાણા સમાજ પર દીન ઊગે કેટલાક થતા હશે? તેનો અંદાજ કાઢવો અશક્ય છે.

* * * *

અમને કેટલાક ભાઇઓ વારંવાર એવી સુચના કરે છે કે સારસ્વતોને તમારે સામાન્ય બોધથી સુધારવા જોઇએ. તેમને પણ આ તકે જણાવવું જોઇએ કે તે ભૂદેવો સામાન્ય બોધથી સુધરી પોતાના પેટમાં હરામનાં હજમ કરેલાં છે તે છોડે તેમ નથી. લાંબા વખતના રોગીને સાકર ખવરાવનાર દુસ્મન છે, તેને તો લીમડોજ પાવો જોઇએ.

ખરી રીતે સાધુ પુરૂષો-સાત્વિક પુરૂષો પોતાનો દોષ હોય અને તે કોઇ જણાવે તો તેના પર ગુસ્સે થવાને બદલે પ્રસન્ન થઇ પોતાના દોષો દૂર કરવા પ્રયત્ન કરે છે. પણ આ તુચ્છ બુદ્ધિના અને લોહાણા કોમને લાગા-ટેક્સને નામે ઠગનારા ભૂદેવો તો ઉલટું સુધરવાને બદલે કંઇક ધોળાં કરવા લાગી જાય છે અને સત્ય શીખામણ દેનારને પણ હલકા પાડવા પ્રયત્ન કરે છે.

અંતમાં હું મ્હારા સર્વ બાળ વૃદ્ધ, ભ્રાતાઓ! વડીલોને વિનય પૂર્વક પ્રાર્થના કરૂં છું કે હે પ્યારા ભાઇઓ! જો મહાત્મા રામચંદ્રજીના વંશ તરીકેનું એક જરા પણ અભિમાન તમારી નસમાં અંશરૂપે હોય! જો તમને તમારી કોમનું અભિમાન હોય! તમને તમારી આબરૂ વ્હાલી હોય! તમને તમારાં રંક ભાઇઓ પર જરા પણ દયાની લાગણી હોય! તમને તમારાં વ્હાલાં સંતાનો પર જરા પણ પ્રીતિ હોય, તો વ્હાલા બન્ધુઓ! આ ખરો કસોટીનો સમય છે. દ્રઢ બનો, અડગ થાઓ, સત્યના સુદ્રઢ ખડક પર તમારા પગને હિંમતથી ટેકવી રાખો. નિરક્ષરોના ગમે તેવા વાક્પ્રહાર સહન કરો અને દુખો પણ કદાચ આવી પડે તો પ્રેમપૂર્વક પ્રતિજ્ઞા કરો કે "**આજથી અમારે ધર્મને નામે લાગા-હક તરીકે કોઈ પણ શુભાશુભ પ્રસંગે સ્વાર્થી સારસ્વતોને એક પાઇ પણ**

આપવી નથી." આવી પ્રતિજ્ઞા કરી અંતની ઘડી સુધી પાળી તમારી **ક્ષત્રિય** તરીકેની કીર્તિને અન્ય કોમની સપાટીપર ઝળકતી કરી, તમારા રંક ભાઇઓ, કે જે સ્વાર્થીઓના જુલમોથી સબડયા કરે છે, તેઓની અંતઃ-કરણની આશીશ મેળવો. તમે જો દ્રઢ હિંમતવાન અને સ્વાત્માર્પણ વૃત્તિ-વાળા થશો તો નક્કી માનજો કે અંતમાં **સત્ય મેવ જયતે નાનૃતમ.**

લોહાણા સમાચાર,
તા. ૨૮-૧૧-૧૯૧૧

N. G. DOSSANI.

*** *** ***

(Ex. નં. ૨૯)

"ગોરોના લાગા અને જ્ઞાતિની દૂર્દશા."

"કાગનો વાઘ" કરનારા કેટલાક નિરક્ષર ભૂદેવો આ લેખ વાંચતાંજ એકાએક ભડકી જશે, ચમકી ઉઠશે અને છંછેડાઇ પડશે અને વખતે આ-કરી રીતે પ્રહાર કરવા પણ નીકળી પડશે. અને વળી કોઇ સ્વાર્થી **સાક્ષર**-વર્ગના **હાથમાં** આ લેખ ગયો તો તો વળી '**साक्षरा विपरीता भवंति राक्षसा**" ની માફક ઉગ્ર સ્વરૂપ ધારણ કરશે તો તો અમારે વનમાંજ નિવાસ કરવો પડશે, બદલાતી સ્થિતિના આ જુલમી જમાનામાં આવી અનેક ભયભિત કલ્પનાઓ થાય તે સ્વાભાવિક છે. પણ આવી મિથ્યા વાતો કરી લેખ વખવો માંડી નહિ વાળતાં **મહાત્મા ભર્તૃહરીએ** કહ્યું છે "તેમ દુશ્મનો પણ નિન્દા કરીને દોષ દૂર કરવામાં મહાન મિત્ર જેવીજ ફરજ બજાવે છે," તેથી હવે આપણે પણ આજના પ્રસ્તુત વિષય પર આવીશું.

પ્યારા ભાઇઓ! આ તેજ **આર્યાવર્ત્ત** છે કે જ્યાં પ્રાચીન કાળમાં વેદિક સમયમાં **આજકાલના** જેવા નાયા ધોયા વગરના, કપાળમાં ટીલાં તાણી **હાથમાં તામડીને વાટકો** લઇ "વાટકો ભામણોને વવર્જ્યો છે" એવું બો-લના "**નારાયણ પ્રસન્ન**" કરતા, વિરૂદ્ધ બોલનારને, નાસ્તિક—ચંડાલ, વિગેરે શબ્દોનો પ્રહાર કરી "**બ્રહ્મદ્રોહી વિનસતી**" ભરમ દ્વેષ કુલખે વિગેરે **ધમકીઓથી ધમકાવતા**, પોતાના પાપી પેટને ખાતર (**યજમાનની**) **દી-કરીના નામપર—લાગા ટેકસના** નામે પૈસા પડાવતા, સેવાદાન અને ખાસ-ડાદાન **આદિક પ્રતિગ્રહ કરતાં અરે** ! કમકમાટ ઉપજે એવા મરણ પાછળ અને છેવટમાં નાની વયનાં કુમળાં બચ્ચાંની પાછળ પણ ચોથાઉ અને

નવમા વિગેરેનાં પ્રેત ભોજન કરી, ફાંદા પરહાથ ફેરવી 'હોઇઆં' કરતા તળાવ કે નદીને કીનારે જઇ, વેળુમાં આળોટતા, પારકી નિન્દા કરતા, જેનું ખાધું હોય તેનુંજ ખોદતા, બજરના ચપટા ભરી, નાકથી કપાળ સુધી બહુન ચડાવતા, હોક્કા પછવાડે હડીયુ કાઢતા, અને ઉપરાંત યજમાનના કલ્પિત કલ્યાણ કરવાને બ્હાને કેટલાંક કૂકર્મો કરતા, નરાધમ પિશાચ–ભૂદેવો તે સમયમાં નહોતા. પણ શુદ્ધ આર્યધર્મ પાળનારા કાચું અનાજ ચાવીને પણ રાત દિવસ પુરૂષાર્થ કરી કણાદ મુનિ જેવા ઉત્તમ વિદ્યાઓનું શોધન કરનારા, અહર્નિષ દેશોન્નતિનો પાયો નાંખનારા ગમે તેવા મૂર્ખ માણસની વાત પણ ઉછાંછળાપણું પ્રદર્શિત કર્યા સિવાય તદન શાન્ત ચિત્તથી સાંભળીને તેની શંકાનો યોગ્ય ખુલાસો કરી સામાના મનનું સમાધાન કરનારા, દરેક વિદ્યાકળામાં અનેક સદ્ગુણો અને સદાચારરૂપી આભુષણોથી વિભુષીત મહાન ઋષિ મુનીઓ આ પવિત્ર આર્યભૂમિની ઉજ્જવળ કીર્ત્તિને શોભાવી રહ્યા હતા

અહાહા ! જે ક્ષત્રિય પુત્રો ! રણ ગર્જના કરી શત્રુઓનાં હાંજા ગગડાવી દેતા તેજ ક્ષત્રિઓના વંશજો આજે ભરયુવાનીમાં પણ એક હાથમાં લાકડી લઇ બીજા હાથમાં દવાનો બાટલો ઝાલી વાંકા વળેલા, ખોંખારતા, હોસ્પીટાલમાં જઇ ડૉકટરો પાસે પોતાના દુઃખનાં રોદણાં રડયા કરે છે. શું મહાત્મા રામચંદ્રજી જેવા વિરપુરૂષની ઓલાદ આજે આનંદનો નાશ કરે તેવો અધમ દેખાવ દેખાડી રહી છે ! !

જે ક્ષત્રિઓ ! પોતાનું ક્ષત્રિયત્વ જાળવવા તન મન ધન અર્પણ કરતા અને છેવટે પ્રાણ સુદ્ધાં પણ અર્પણ કરવામાં પાછી પાની નહિ કરતાં અડગપણે વિરતાથી પોતાના ધડથી જુદા પડેલા મસ્તકને લોહીની નદીમાં તણાવા દેતા. તેજ સૂરવીર ! પવિત્ર આર્યભૂમીમાં આજે કુતરાના ભસવાથી અને બિલાડીઓના લડવાથી પણ ડરી જઇ ડેલીઓ બંધ કરી સોડમાં સંતાઇ જતાં જ્ઞાતિહીત શું ? દેશહિત શું ? તેનો ખ્યાલ પણ નહિ કરતાં દુઃખ, દરિદ્ર અને દૂર્દશા વધારનારા કાર્યોમાં (લાગા-ટેકસો વિગેરે દેવામાં) લાખો અને કરોડો પૈસાની ધૂળધાણી કરી અજ્ઞાનતાના અંધકારમાં સબડયા કરે છે ! સડયા કરે છે ! તેજ ક્ષત્રિઓ આજે વિદ્યાહીનતાના કારણે એક નાનામાં નાની વાત પણ ઇતર સ્વાર્થી મનુષ્યોના મોઢાંમાંથી સાંભળતાં સત્વચન મહારાજ કહી તરતજ અનુકરણ કરવા તૈયાર થઈ જાય છે. અફસોસ ! સહૃહજાર અફસોસ ! !

હરકોઈ વસ્તુ સત્ય છે અગર અસત્ય છે, વ્યાજબી છે યા ગેરવ્યાજબી છે, જરૂરની છે યા વગર જરૂરની છે, તેનો નિર્ણય કરવા માટે પંથે પાડનાર માર્ગદર્શક Guide તરીકે આપણે સહીસલામત રીતે જો કોઈ પણ ચીજનો આધાર રાખી શકીએ તેમ હોઇએ તો તે કુદરતનો મહાન અચળ કાયદો તેજ છે. કુદરતના અનેક કાયદાઓ છે. છતાં પણ દરેક કાયદાને આધીન રહી વર્ત્તવાથી જો કાંઇ ફળ મળતું હોય તો તે એકજ છે, અને તે ફળ તે સુખજ છે.

મહાત્મા રામચંદ્રજીના ગુણાનુવાદ આજે ઘેર ઘેર રામાયણ દ્વારા ગવાય છે. તેઓના વંશજો આપણે આજે કેવી પંક્તિએ પહોંચી ગયા છીએ તેનો વિચાર કરતાં અમારો અંતરાત્મા એક હાય ! માર્યા સિવાય રહી શકતો નથી. તો બસ એથી નક્કીજ થાય છે કે આપણે કુદરતના નિયમથી વિરૂદ્ધ વર્તીએ છીએ.

આજે અમે એટલા તો અજ્ઞાન થઇ ગયા છીએ કે અમારા આચાર્ય કોણ છે ! આચાર્ય એટલે શું ? તેઓ અમને કયે રસ્તે દોરવા માગે છે તે પર વિચાર પણ બિલકુલ કરતા નથી. કયા પુરાણમાં ! કઈ સ્મૃતિમાં અને કયા શાસ્ત્રમાં લખ્યું છે કે પોતાની ગાય જેવી ગરીબ બાળાના લગ્ન વખતે દીકરીના ઘરમાંથી પહેલેજ પગથીએ પૈસા કઢાવી ગોરબાપાનો ઇન્કમટેક્સ ચૂકવવો ? પોતાની મગજ ભ્રમણાથી એવા કલ્પિત લાગા—હક્કનો જે સારસ્વતો—ભૂદેવો દાવો કરે છે. તેને જરા પૂછો કે તમે તમારા લોહાણા શિષ્યોને શું શિક્ષણ આપી આજ દીન સુધીમાં દુનિયાની સપાટીપર ઝળકતા કર્યા ?

પ્રાચીન સમયમાં ઋષિ મુનીઓ સંસારના હરેક વૈભવને તૃણવત્ લેખી બ્રાહ્મણ કર્મ ખરેખરૂં બજાવવાને જંગલમાં પર્ણકૂટીવાળી ગૃહસ્થના પુત્રોને ઉત્તમ વિદ્યાદાન દેતા હતા. એજ તેનો મુખ્ય મોહન મંત્ર હતો. અને તેવા પરોપકારને બદલે તેઓના ઉદર પોષણાર્થે ગૃહસ્થ લોકો તેમને દાન દેતા હતા. વળી તે પણ તે મહર્ષિઓ આજની માફક ગરીબોનાં ગળાં રેસી તીજોરી તર ન કરતા, પણ તેને માટે તો ખાસ એવો અડગ નિયમ હતો કે વધુમાં વધુ આટલા દહાડાનુંજ અનાજ બાલાસ રાખી શકે. તેનાથી વધારે સ્વિકારતાજ નહિ. તેવા સૂર્ય જેવા પ્રકાશને પોતાની અંધારપછેડી આડી ધરી "અમારો ટેકસ ! અમારો લાગો ! અમારો દાદ ! અમનેજ આપવું !" એવા ઇજારાના અધિકારી કહેવરાવનારા ભૂદેવો સારસ્વતો કેટલે સુધી દાનને પાત્ર છે ? દાન કોને દેવું ? દાન એટલે શું ? તે તથા

અમોને એ ગોરોનો મળેલો અનુભવ તે આ સ્થળે યથાસમય ક્રમશઃ પ્રગટ કરતા જશું. પણ એ તો હવે અરીસા જેવું પારદર્શક થઇ ગયું છે કે પોતાની હલકી મુરાદો બર લાવવા અને ઉતરતા પ્રકારની મોજશોખ પુરી પાડવા લોહીની ટીપે મેળવેલા લોહાણા કોમના પૈસાને ગેરવ્યાજબી રીતે નિર્દયપણે ભક્ષણ કરનારા ભૂદેવો—સારસ્વતો લોહાણા સમાજ હિતના અને સ્વતંત્રતાના પ્રતિબંધક છે. અદ્યાપિ સુધી જેટલા થયા છે તેઓમાંના ઘણા ખરા પોતાના અનુયાયીઓના ભોક્તા થયા છે અને અત્યારે પણ તેવા છે. આ પદ્ધતિ અનુસરવામાં અજ્ઞાન મંડળનો દોષ નથી તેટલો બલકે તેથી પણ વધારે તે દુષણને જાણનાર પૂજાવનારાઓનો છે.

મજકુર પદ્ધતિ અને તેનો અભ્યાસ, રૂઢી, સંસ્કાર એ લોહાણા કોમની બુદ્ધિ ન ખીલવા—સ્વતંત્ર વિચાર ન કરવા—નવી શોધમાં પ્રવૃત્ત થવા ન દેવા, દાસત્વ સેવવા; તથા તેનું લક્ષ્મીરૂપી રક્ત ચૂસવા તથા લોહાણા સંતાનોને ખુવાર કરવાનું એક મોટું કારણ છે. આવા નઠારા પ્રકારના સ્વાર્થનીજ લૂંટમાં લચીપચી રહેલા ભૂદેવો-ગોરોએ લોહાણા કોમની શ્રેષ્ઠતા અને ઉંચ્ચતાનો નાશ કીધો છે.

એ તો સૌ કોઇ સમજે છે કે જગત્ સ્વાર્થપર છે. તપાસ્યા વિના કોઇની વાત ન માનવી. આજ દિવસ સુધી લોહાણા કોમનાપર ફરજીઆત પૈસા પડાવનાર સારસ્વતોએ જે કંઇ બતાવ્યું છે તે એજ છે કે અમોને જીંદગી પર્યન્ત પાળો.

એ ભૂદેવો—સારસ્વતો લોહાણા કોમના વડવાઓની કીર્ત્તિને ઝાંખ લગાડવા પોતાના રેતીના પાયાપર ચણેલી કલ્પિત લાગાની ઇમારત પડી ન ભાગે તેના બચાવમાં એક એવી કઢંગી દલીલ રજુ કરે છે કે—અમારા પ્રાચીન પુરૂષોએ લોહાણાઓને મહાન મદદ કરી બચાવ્યા છે. તેના બદલામાં અમોને તેમના વડવાઓએ તેમના પર અમારા લાગા—ટેકસ બાંધી આપેલા છે. આ લુલો બચાવ પાખંડ ભરેલો અને ભોળા લોકોને ઠગવાનો ધંધોજ છે. પણ આ સંબંધમાં અમારૂં એટલુંજ કહેવું તેમને બસ થશે કે મહાન ભમદેવો ! જરા ચક્ષુ ખોલો કે માયાળુ બ્રીટિશ સરકાર પણ પોતાના નોકરને વીસ વર્ષ પૂરી નોકરી કર્યા પછી તેના બદલામાં તેની જીંદગીની હૈયાતિ સુધીજ તેને પેન્શન (તે સંતોષકારક નોકરીના બદલામાં) આપે છે. તો ઘડીભર તમારા ઉપરની નાપાયાદાર દલીલ માન્ય પણ કરી લઇએ. (જો કે ઇતિહાસમાં તો ક્યાંય ગંધ પણ નથી) તો તમારામાં જે મહાત્માઓએ અમારાપર ઉપકાર કીધો અને તે તેવી યોગ્યતા પણ ધરાવતા

હશે. તોપણ તેમને તેમની હૈયાતિ સુધીજ અમુક હક્ક તરીકે મલવું જોઇતું હતું. તેને બદલે આજ દીવસ સુધી અમારી દયાના પરિણામે તમે અમારૂં રક્ત ચૂસી અમોને રંક બનાવી દીધા છે તો હવે અમારી કૃપા અને સહનશક્તિનો ગેરઉપયોગ તમારે ન કરવો જોઇએ. તમે યોગ્ય બનો ત્યારે તમોને આમંત્રણ કરી બોલાવી આપીશું. તમારામાં હાલ પણ જે વિદ્વાનો છે તેઓના તરફ અમારી પૂજ્ય બુદ્ધિ છે. તેઓને અમો શુદ્ધાન્તકરણથી ચાહનારા છીએ. બાકી લોહાણા કોમને હજી પણ દેખતી આંખે પાટા બાંધી તેમને આંધળા બનાવવા અને તેઓની આંખમાં ધુળ નાંખીને ધર્મને બ્હાને ને ધર્મના નામે નિર્મૂળ-પોકળ લાગા-ટેકસના નામથી ખરી કમાઇના પૈસા કઢાવી રાજી થવું એ કાંઈ જેવી તેવી ધૃષ્ટતા છે ?

અમો જ્યારે તેઓના સંબંધમાં અમારી કલમ ચલાવીએ છીએ ત્યારે અમારા કેટલાંક ગાંઠના પૂરા અને અકકલના અધુરા, અને કંઇક જેઓનું તે ભૂદેવો સાથે લાગતુંવળગતું હોય છે, તેવાઓને ગુસ્સો ઉપજે છે. પણ જ્યારે અમારા નિર્ધનભાઇઓને એ ભમદેવો-ભૂદેવો (સારસ્વતો)ના જુલમથી રોતા હાય ! હાય ! ની પુકાર મારતા જોઇએ છીએ ત્યારે અમારા પેટમાં ભડકા ઉઠે છે ! અમારી કલમ તપીને ગરમ થઈ જાય છે. અને તેમની નિર્બળતાપર અફસોસ કરવો પડે છે.

અમને નથી ખબર પડતી કે અમારા ભાઇઓનું એક વ્હાલું નાનું બચ્ચું લાડ કરતું કરતું તેમના કરૂણારસિક કાલાઘેલા બોલોથી તેની પાસે પૈસા માગે છે તે વખતે એક પૈસો કાઢતાં કેટલું તેના દીલને સંકોચાવું પડે છે, તે અમે નજરે જોએલું છે; પણ આવા અનીતિના આદર્શરૂપ, ખાય તેનુંજ ખોદનારા, અમોનેજ મૂર્ખ બનાવનારા નિરક્ષર ઇજારદાર ભૂદેવોને પોતાની ખરી કમાઇના ખરા પરસેવાથી મેળવેલા પૈસા કેમ આપી દે છે ? રે ! કરે પણ શું ? જ્યાં બહુ મતિ કાળી બાજુ તરફજ છે ત્યાંથોડી 'મેજોરિટિ' નિર્બળાત્માઓ કરી પણ શું શકે ?

***   ***   ***

ખરી રીતે તપાસતાં તો હવે બુદ્ધિમાન સારસ્વતોએ આટલેથીજ સંતોષ માની લોહાણા સાથે પોતાનો સ્વાર્થ સાધક લાગા-હકકોનો દાવો છોડી દેવો જોઇએ. તેમ કરવામાંજ તેઓનું માન સમાયેલું છે. કારણકે હવે એ તો જમાનો રહ્યો નથી કે લોહાણા બન્ધુઓ "કાળા એટલા જુતના સાળા "માફક સારસ્વત તે અમારા ગોર ! ને તે તો લીએજ. પછી ભલે બેંસાસુરના ભાઇ યા મોબાગ્ર બુદ્ધિના હોય ! ! !

અરે ! પૂજ્યશ્રીઓ ! ! ભૂદેવો ! જરા શરમિંદા થાઓ ! એક સર્વમાન્ય સન્યાસી મહાત્મા શું કહે છે ? તેનાં વચનો હૃદયમાં કોતરી રાખો ! મનન કરો.

"ભીખ માગીને ખાવું તે પોતાની જનની-માતાને દુષ્ટ કર્મમાં દોરી તેની દલાલી કરીને ખાવા બરાબર છે."

શું હજી પણ તમે તમારા કૃત્તિમ સ્વાર્થને અળગો નહિ કરો ? અને શું હજી પણ તમે **લોહાણા** કોમની બાળાઓને લૂંટશો !

વળી હજી પણ તમારે **લોહાણા** યજમાનો સાથે નિદાન સંબંધ રાખવો હોય તો મહાન નર **નેપોલિયન બોનાપાર્ટ**ના નિમ્ન લિખિત વાક્યોને હૃદયમાં ધારી તે પ્રમાણે યોગ્યતા પ્રાપ્ત કરો.

Learn from this, my brother, how indispensable it is that there should posses knowledge who aspire to assume the command of others.

"હે ભાઇ ! જો અને આ ઉપરથી શીખ કે જેઓને બીજાના ઉપર હુકમ ચલાવવાની દ્રઢ ઇચ્છા થતી હોય તેઓએ જ્ઞાન મેળવવું આવશ્યકીય છે."

અંતમાં અમારા સુજ્ઞ **ભાઇ**ઓને પ્રાર્થના કરીશકે બન્ધુઓ મ્હેં ઘણાના મ્હોંથી આવા લાગા-ટેકસોના નામે પૈસા ઓકાવતા ભૂદેવોના બારામાં સંભાષણ થતાં એવા શબ્દો સાંભળ્યા છે કે:—"**ભાઇ** ઘણું સમજીએ છીએ પણ **શેઠીયા**ઓ કાંઇક કરે ત્યેં થાયનાં !" બસ આ શબ્દોજ આપણે પરાધીનતામાં ઘસડી જનારા છે ! અરે વડીલશ્રીઓ ! ચાલુ જમાનો સ્વાલંબનનો છે આપણે પોતે પોતાનાં સુખનાં સાધનો શોધી લેવા તૈયાર થવું જોઇએ. **શેઠીયા**ઓ કાંઇપણ કરે ત્યારેજ તેનો લાભ લેવો એ કલ્પના માત્ર આપણી જ્ઞાતિને આડે આવનારી છે.

લોહાણા હિતેચ્છુ,
અંક ૧૦; ૧૯૧૧. N. G. DOSSANI.

* * * *

(Ex. નં. ૩૦)

સારસ્વત શબ્દથી કોઇએ એમ સમજવાનું નથી કે સઘળા **સારસ્વ**તોને હું અપૂજ્ય સમજું છું. તેઓમાં જે સદાચારી, વિદ્વાનો, સ્વશક્તિથી કમાઇ પોતાનું ગુજરાન ચલાવે છે. તેમને સંપૂર્ણ રીતે અમે ચાહનારાછીએ હજારો વખત તેઓના ચરણમાં શીશ નમાવાને તૈયાર છીએ, તેઓના માટે

અમને શિક્ષિત દેશ ભ્રાતા સમાન માન છે. વળી એ સિવાય નિરક્ષરો, વિદ્યાથી વિહીન ભૂદેવો પણ જેઓ અન્યને બોજારૂપ ન થતાં પોતાનાજ પુરૂષાર્થથી નીતિને રસ્તે પૈસો મેળવી સ્વતંત્ર જીવન ગુજારેછે તેમને પણ અમે એક અવાજે વખાણનારા છીએ, પરંતુ ત્રીજો વર્ગ કે જે સાઠમારીમાં મોકલવા લાયક થયેલા હરામનું અન્ન ખાઈ આળસુ, યજ્ઞોપવિતના ભારરૂપ ભૂદેવો, કે જેઓ રાતને દિવસ લોહાણા કોમની ગાય જેવી રંક બાળા-ઓનાં–રક્ત પાન કરવા કોઈ ખુદાના ફિરસ્તા તરીકે આ સંસારમાં ઉતરી આવેલા પોતાને માને છે; તેવા નામધારી ભૂદેવો સારસ્વતોના નામને લજા-વનાઓ પ્રત્યે પણ અમારી અંગતા દ્વેષતા નથી, પરન્તુ તેઓના ભ્રમિત મ-ગજથી કલ્પાએલા નિર્મૂળ અને કૃત્તિમ લાગા–ટેકસો સામે અમારી કટ્ટી વિરૂદ્ધતા છે. " **અસાંજો લાગો, અસાંજો હક્ક, અમારોદાદ** " એવું બકતા બોકડાઓ પ્રત્યે અમને જરાપણ માન નથી. અરે! લાગો તે વળી મનુષ્ય પ્રાણી ઉપર! ઇશ્વરી નિયમથી વિરૂદ્ધ! અને તે વસુલ કરવા માટે શુભાશુભ પ્રસંગે અમારા અજ્ઞાન અને ભોળા ભાઈઓ ઉપર તેઓ કેટલી હદ સુધી અધમતા દર્શાવે છે તે તો હવે અન્ય કોમની એક ગામડામાં રહેનાર રાંડીરાંડ ડોશી પણ બરાબર સમજે છે.

લોહાણા સમાચાર
તા. ૧૨–૫–૧૯૧૦. } N. G. DOSSANI.

* * *

(Ex. નં. ૩૧)

" એ પોપજીઓ રાતને દિવસ પોતાના માની લીધેલા ગરાસો–યજ-માનોની બાળાઓને આંગળીના વેઢાથી ગણતા રહે છે.

" એક વિદ્વાને કહ્યું છે કે—

વાંદરને વિંછી ડસ્યો, વણિક શરીરે કાપ;
વિધવા વંચ્છિત વર મળ્યો, સઇના ઘરમાં સાપ.

તેમ આ ભૂદેવોનો રૂવાબ આપણા ગરીબ બન્ધુઓમાં નવાબ સુરા-જુદ્દલાથી પણ અધિક વધી જાય છે.

લલ્લા જીનકે મુખ વસે દદ્દા દીલસે દૂર,
આઠે પહોર ચોસઠ ઘડી નન્ના ખડાહજુર.

તેમ આ ભૂદેવો પૈસોલાવ, ખીર ચોરીલાવ, સૂતક લાગો લાવ, પ્રેતભોજનલાવ, ભદ્રાસણુ લાવ, લાવ, લાવને લાવ, દયાને તો તેઓએ

દૂરજ રાખી છે. રાતને દિવસ નન્નો, નામંજુર, નદેવું, ઇત્યાદિ ખાસ તેઓના હજુરિયા છે, ધન્ય ભૂદેવો તમારા જેવા તો એક તમેજ છો. તમારા યજમાનો કે જેઓની બુદ્ધિરૂપી લગામ પોતાના હાથમાંથી છૂટી ગઇ નથી તેતો હવે તમારાથી વધારે વખત ઠગાય તેમ નથી.

જ્યારે એક મનુષ્ય પોતાને મળેલા અધિકારને યોગ્ય હોતો નથી ત્યારે ઇમાનદારી એમાં છે કે તે તુરતજ પોતાના અધિકારથી અળગો થઇ જાય, પણ મફતના માલમલીદા જેઓએ ઉદરરૂપી તોપમાં ઓરી હજમ કરેલા છે, તે મહાતમાઓને આ ઉપદેશ અસર કરશે ખરો ?

લોહાણા સમાચાર, } N. G. DOSSANI.
તા ૧૯-૯-૧૯૧૩.

*** *** ***

(Ex. નં. ૩૨)

" એક વિધવાના આત્માની અશાન્તિ "

નજરે જોએલો એક ખરો ચિતાર.

" ઉક્ત વિધવાનો પુત્ર ગુજરી જતાં તેની પછવાડે આપણી જ્ઞાતિના રિવાજ પ્રમાણે સર્વ કર્મ કરવામાં આવેલું હોવાથી ગોર બાપાઓને પુષ્કળ પ્રેતભોજન અને પ્રેતલાગા મળ્યા હતા, ત્યાર પછી પંદર દિવસે તે ડોસી પણ પંચત્વને પામી તે વખતે પણ ૨૦—૨૫ ભૂદેવોને પ્રેતભોજન તો મળ્યું કિન્તુ પ્રેત લાગો આપવાની તે ડોશીના જમાઇએ આનાકાની કરવાથી ભૂદેવો છેડાયા, અને લાંઘણ કરવાની આંતરિક ઇચ્છાથી તેના દ્વાર આગળ ટોળાંબંધ એકઠા થયાં. બ્રહ્મકોપની ધાસ્તીથી આખરે તે રાંડીરાંડના જમાઇએ સવા રૂપીયો આપ્યો તો ખરો પણ પાછળથી ચાણુકના મિત્રે વર્ણવેલા નિરૂધમી ગૃહસ્થની યોગ્ય સલાહથી તેણે તે બાબતની અરજી જ્ઞાતિપાસે રજુ કરી ન્યાય માગ્યો. જ્ઞાતિએ તેનો યોગ્ય તપાસ કરવા માટે પ્રેતલાગાના પચાવનાર સાત સારસ્વત પટેલીઆઓને તે બાબતનો ખુલાસો કરવા બોલાવ્યા—યદ્યપિ અંધ શ્રદ્ધાળુઓની પોલથી અભિમાની અને અજ્ઞાન બનેલા ઉક્ત ભૂદેવો આવ્યાજ નહિ, આથી જ્ઞાતિએ એવો ઠરાવ પસાર કર્યો કે " કોઈ પણ લોહાણા બન્ધુને સારસ્વતોની ન્યાત કરવી હોય ત્યારે ઉક્ત ગોરબાપાઓને નોતરૂં આપવું નહિ, અને મહાજનવાડીમાં પ્રવેશ કરવાની અટકાયત કરવી." સારસ્વતજ્ઞાતિએ આથી એવો ઠરાવ કર્યો

કે–ઉક્ત પટેલીયા **સારસ્વતો** સિવાય કોઇએ જમવા જવું નહિ. આવો પ્રકાર લગભગ **૧૫** દિવસ ચાલ્યો.

પોતાને મિષ્ટાન્ન મળતું બંધ થયેલું જોઇ ગોરબાપાઓનો જઠરાગ્નિ ધુંધવાયો અને તેમનાં **આંતર્મસ્તિષ્ક** ધ્રુમાચ્છાદિત થયાં, તેથી **૧૦૦** **સારસ્વતો** લાંઘણુ કરવાને પોતાની **બ્રહ્મપુરીમાં** બેઠા. આ વખતનો દેખાવ દિલ્હી દરબાર વખતનાં જૂનાં મુંબઇનાં પ્રદર્શનને પણ એક બાજુ બેસાડનાર હતો. ભગવો ઝુંડો અને ભગવાં વસ્ત્ર પરિધાન કરી. **સ્વયંમૂર્વિ લિખિતં સ્વદંમ્ ન વાચયતિ** એ કહેવતને અનુભવ સિદ્ધ કરાવનાર ભૂદેવો પોતાના ઘરના ખુણાની અભરાઇઓપર જીવની પેઠે જાળવી રાખેલાં અને **ચુવા—કંસારીઓ**ની ચોકીમાં મૂકેલાં **થોથાં પોથાં** લઇ અશુદ્ધ શબ્દોચાર **ચક્રયુક્ત** ગાડી ગબડાવવા લાગ્યા. આ પ્રમાણે બે દિવસ સુધી લાગલાગટ **સારસ્વતો**એ ઉપવાસ કર્યો કહેવાય છે, તેમણે ખરેખર ઉપવાસ કર્યો એમ કહેવાને અમે તૈયાર નથી.

લોહાણા સમાચાર,
તા. ૧૯–૯–૧૯૧૩. } **વિયોગી.**

* * * *

(**Ex. નં. 33**)

આજે તો **મહાન પ્રતાપી બ્રીટિશ** સરકારનું રાજ્ય છે. કોઇનો પણ ભય નથી; સૌસૌને યોગ્ય સ્વતંત્રાઓ મળી છે તેથી સ્વઉન્નતિ સૌ કોઇ ચાહે તો કરી શકે છે તો પછી શા માટે આમ **સ્વાર્થીઓ**ના હાથમાં રમકડાં બની તમારા પોતાનાજ પગે કુહાડો મારવા તૈયાર થાઓ છો? તે સ્વાર્થ સાધક **ભૂદેવો**ની વાક્પટુતામાં તમે અંજાઇ જાઓ નહિ. ધર્મને નામે લાગા ટેકસ કદિ હોયજ નહિ. 'અમારા **લાગાઓ** અમારો હક્કો છે અને **લોહાણા** કોમ તો અમારા **બાપદાદા**એ આપેલો ગરાસ છે' એમ મનાવનારાઓ તમારા માંસના લોચા અને તમારા રક્તનું પાન કરનારા છે એમ સમજો. આ **ભૂદેવો** સારસ્વતોના ધર્મને નામે **લાગા-ટેકસો** તદ્દન પાયા વગરના અને કુદરતના નિયમથી તદન વિરૂદ્ધ છે પ્રતિકુળ છે અને અન્ય **જ્ઞાતિઓ**માં આથી કરીને આપણી હાંસી થાય છે.

ભૂદેવોના નાપાયાદાર **લાગા**—ટેકસો ચૂકવતાં આપણને બદલો મલ્યો તે એજ કે આપણે રક્ત વગરના હાડપિંજર થઇ ગયા, પરાધીન થયા, બુદ્ધિશૂન્ય થઇ ગયા **અજ્ઞાનાંધકાર**ની ખાઇમાં પડી છાને ખુણે બડબડ કરીએ

છીએ ! અરે આટલું થયું તો હદ થઇ ! હવે પ્યારા બન્ધુઓ તમારા હૃદય ચક્ષુ ખોલો !!

લોહાણા સમાચાર,
તા. ૧૭–૧૦–૧૯૧૨. } N. G. DOSSANI.

* * *

(Ex. નં. ૩૪)

આપણી લોહાણા કોમનોજ દાખલો લઇશું કે તેની અંદર આજે એક સત્તાંશ ભાગ પણ એવો નહિ હશે કે જે દેખીતી રીતે અનિષ્ઠ અને કૃત્તિમ નાપાયાદાર ભ્રમીત ભેજાંમાંથી ઉદ્દભવેલા **સારસ્વત ગોરો**નાં લાકડાં **લાગા–ટેક્સો** તરફ સખ્ત અણગમો ન ધરાવતો હોય. પરન્તુ જાહેર હિંમતની ખામી અને માખણ લગાડવાના પડી ગયેલા સંસ્કારથી બહુ મોટો ભાગ મનમાંને મનમાં વખતની રાહ જોતાં મુઝાઇ રહે છે.

લોહાણા સમાચાર,
તા. ૧૨–૬–૧૯૧૩. } N. G. DOSSANI.

* * *

(Ex. નં. ૩૫)

અરેરે ! બન્ધુઓ ! જે **પાખંડીઓ** તમારાજ ધનથી અને તમારૂંજ અન્ન ખાઇ તમારાંજ વ્હાલાં સંતાનો ! રે ! તમારીજ પુત્રીઓની જીંદગીના ક્ષુલક પૈસાના લોભે સત્યાનાશ વાળે છે, તેને તમે એક પળ પણ તમારે આંગણે શા માટે આદર આપો છો ? "**પાખંડીઓનો** વાણીથી પણ સત્કાર કરવો નહિ " એ **મનુ** ભગવાનના વાક્યને કેમ વીસરી જાઓ છો? અરેરે ! જે તમારી **આંખ્યો**માં ધોળે દિવસે ધુળ નાંખે છે તેવા **અધર્માત્માને** તમે પોતાના ગોરોના નામથી ઓળખાવતાં શરમાના કેમ નથી ? આવા દુષ્ટ અને વિશ્વાસઘાતી ધુતારાઓને તમે આશ્રય આપો એ શું દૂધ પાઇને **સર્પ** ઉછેરવા જેવું નથી શું ?

અરેરે ! **ક્ષત્રિયપુત્રો** ! તમે આવા કલ્પિત ધર્મના નામની અને લાગા–ટેક્સો વસુલ કરવાની દુકાન માંડી બેઠેલા **ગુરૂઓ–ગોરોના** નામને કલંક લગાડનારા **પાખંડીઓ**ના હાથે ધોળે દિવસે લુંટાઇ, તેનાં દુષ્ટ કર્મો ભોગવવા છતાં પણ તેવા હરામીઓને અન્ન અને ધનથી પોષી તેઓનાં પાપો ઢાંકવાનો યત્ન કરો તો એના કરતાં બાયલાપણું બીજું શું હોઇ શકે ? અરે ! બન્ધુઓ ! તમારી આ આંખ મિચામણી ! તેજ આપણી અધોગ-

તિને આમંત્રણ આપવાનું મુખ્ય કારણ છે. આવા મહા દુરાચારી અને અધમ લોકો હોય તે શું શુદ્ધ સૂર્યવંશી ક્ષત્રિય કોમના ગુરૂ થવાને યોગ્ય છે ખરા ? નહિ ! કદાપી નહિ. એ બન્ધુઓ ચેતો ! હવે આ નરાધમો એ તમારા ઘરમાં પ્રવેશ કરવા માંડયો છે.

લોહાણા સમાચાર } N. G. DOSSANI.
તા. ૫-૧૨-૧૯૧૨ }

*** *** ***

(Ex. નં. ૩૬)

આપ જાણુતા હશો કે પ્રાચીન કાળમાં આર્યાવર્ત્તની અંદર દાનની રીતિ કયા પ્રકારની હતી, અને કેવા-કોણુ પુરૂષ દાન લેવાને યોગ્ય ગણુાતા હતા ? અને તે વખતે આર્યાવર્ત્ત કેટલો સ્મૃદ્ધિવાન હતો ? ત્યારે પ્રશ્ન એ થશે કે આજે આપણે કાં તેથી વિપરીત દશા જોઇએ છીએ ? શું દાન થતું નથી ? અરે ! બન્ધુઓ ! દાન તો પ્રાચીન સમયથી પણુ અધીક થાય છે પણુ તે અંધ શ્રદ્ધાથીજ. હાલનું થતું દાન આપણી ચર્મચક્ષુની સાથે હૃદયચક્ષુ પણુ ફુટી ગઇ હોવાથી અથવા કહો કે તે ચક્ષુ પર અવિદ્યારૂપી પડળ ચડી જવાથી તે દાન માત્ર દેશમાં ભારરૂપ તત્વોનેજ પુષ્ટ કરવામાં આવે છે. અને તેથી ઉલટું ફળ ફૂલની છાબડીઓ ભરાવાને બદલે માત્ર ખેતર ખાલી થાય છે અને જાજરૂઓ ભરાય છે. બન્ધુઓ એતો એક સર્વમાન્ય સિદ્ધાંત છે કે સૌથી કલ્યાણુકારી વસ્તુ પણુ સર્વાંશે કલ્યાણુકારી નથી. જેમકે ઘી આરોગ્યવર્ધક છે, પરંતુ સર્વાંશે નહિ. તંદુરસ્ત મનુષ્યોને તે વિશેષ્ય આરોગ્ય આપે છે પણુ ક્ષુધામંદોને તો તે ઘૃત ઉલટું અપાચન અને અજીર્ણુ વધારશે. રાજા પ્રજાનું સૌથી ભલું કરી શકે છે, પરન્તુ તે અવળે માર્ગે દોરવાયો તો તેના જેટલું કોઇ ભૂંડું પણુ કરી શકતો નથી. તેવીજ રીતે વસ્તુ જેવી અસરકારક હોય તેના સ્વાભાવિક માર્ગથી ઉલટી રીતે કામ લેવામાં આવે તો તેથી પ્રમાણુમાં ઉલટી વધુ હાની કરશે. એજ રીતે દાન હમેશાં ધર્મમાં સુખનું પેદા કરનારજ નથીં હોતુ પણુ દુઃખનું પેદા કરનાર પણુ થઈ પડે છે-સારાંશ-યદિ દાન સુપાત્ર ને દેવાય તો અમૃત ધર્મ વા સુખને વધારે છે. પરન્તુ કુપાત્રને દેવાય તો દુઃખ અને પાપને વધારે છે. હવે પાત્ર કુપાત્રનું પ્રમાણુ ગાય અને સર્પના જીવનમાંથી મળે છે જેમકે ગાય (પાત્ર) ઘાસ ખાય છે અને દૂધ આપે છે અને સર્પ કુપાત્રને દૂધ પીવરાવે છે ને તે વિષ પેદા કરે છે. તેમ ગૌરૂપી સુપાત્ર પુરૂષોને દાન આપવાની પ્રાચીન પ્રણુાલિ આજે નષ્ટ પ્રાયઃ થઈ ગઇ જોવાય

છે અને ખેદ સાથે કહેવું પડે છે કે આજકાલ અમારા બન્ધુઓ સર્પરૂપી કુપાત્રને દાન કરે છે; તેથી લાભ ઉઠાવાને બદલે મહાઘોર પાપના ભાગી થાય છે.

* * *

વ્હાલા ભાઇઓ ! ઉદારતાની પણ કંઇક હદ હોય છે. આપણી હદ બહારની દયાવૃત્તિથી વચલા અંધકારના સમયમાં આપણી સંસારિક કાર્યોની લગામ સર્વથા આ સારસ્વતોને અર્પણ કરી દીધી તેનું પરિણામ આવું અશુભ આવ્યું છે આપણી દયાનો આ ભૂદેવોએ પરિપૂર્ણ રીતે ગેરઉપયોગ કીધો છે. અમને કહેતાં કંપારી છુટે છે કે આ સ્વાર્થ લંપટ, નરાધમો આપણી દીકરીઓના દલાલાં જેવાં ધિઃકારવા લાયક કર્મો પણ કરે છે. હવે તો કંઈક ચેતો ! અને આવા લેભાગુ ગોરપદાનો દાવો કરનાર ભમદેવોને પાણીચું પકડાવી યોગ્ય વિદ્વાનની કદર કરતાં શીખો; એમાંજ તમારૂં શ્રેય છે. હવે આવા સ્વર્ગના કહેવાતા તેત્રીસ કરોડ દેવતાઓમાંથી મુખ્ય દેવતાઓ પાસેથી કંટ્રાક્ટ લેનાર ભૂદેવ મહારાજો પ્રત્યે આપણી જ્ઞાતિએ કેવી રીતે વર્ત્તવું ઘટે છે તેનું એક રમુજી દ્રષ્ટાન્ત આ સ્થળે આપું છું.

એક વણિક ગંગાજીમાં ન્હાવા ગયો ત્યાંથી સ્નાન કરી નીકળવાની તૈયારીમાં હતો તેવામાં એક ભૂદેવ લંબગોળ ટીલું ટપકાવી જઇ ચડયા. પણ જોયું તો કંકુની ડાબલી (ચાંદલો કરવા માટે) ઘેર ભુલી ગયા. પણ સમય સૂચકતા વાપરી ગંગાજીની રેતીની ચપટી ભરી તે વડે આ વણિક પુત્રને **"યજમાનની જય હો"** બોલતો બોલતો ચાંદલો કીધો. આ વણિકપુત્ર હતો જરા શાણો અને વિચારવંત તેથી પૂછ્યું, "ગોર મહારાજ આ કેમ ?" ત્યારે મોટી ફાંદવાળા ભમદેવજી બોલ્યા કેઃ—"યજમાન ! આ ગંગાજીની રેતી કંકુથી પણ અધિક પવિત્ર છે." આ સાંભળી કંઇ પણ બોલ્યા વગર વણિકપુત્ર ગંગાજીમાં ડુબકી મારી એક દેડકી પકડી લાવ્યો અને મહારાજને કહ્યું—"લ્યો મહારાજ આ દક્ષિણા ! (દેડકી બતાવીને) ત્યારે ભૂદેવ બોલ્યા આ શું ?! "અરે ! મહારાજ ! જેમ ગંગાજીની રેતી કંકુ સમાન તેમ આ ગંગાજીની દેડકી પણ ગૌદાન સમાન છે. માટે લ્યો આ ગાયનું દાન હું તમને આપું છું." મહારાજ તો કંઇપણ બોલ્યા ચાલ્યા વગર સાત પાંચ ગણી ગયા.

આજ પ્રમાણે લોહાણાઓએ આ સ્વર્ગનો ઠેકો લેનાર ભૂદેવો સારસ્વતો પ્રત્યે વર્ત્તવાની જરૂર છે.

લોહાણા સમાચાર,
તા. ૧૭–૮–૧૯૧૩.

N. G. DOSSANI.

*** *** ***

(Ex. નં. ૩૭)

અંજારમાં સારસ્વતોની અનેરાઈ
અને
લોહાણાઓ સામે ચકમક.

અંજાર શહેરમાં લોહાણાનાં એક હજાર ઘર છે જેની પાછળ ૧૦૦ ઘર સારસ્વતોનાં પળે છે તેઓના મગજમાં હમણાં એક એવો પવન ભરાણો છે કે લોહાણાઓ આપણા તાબામાં રહેવા બંધાયેલા છે. માટે અત્રેના બ્રહ્મભટમાંના એક ગૃહસ્થ નામે નારણજી રામજી ઇશ્વર કૃપાથી કંઇક પૈસાપાત્ર છે તેઓ આશરે દશહજાર કોરી સારસ્વતોને આપે તો ઠીક, નહિ તો સારસ્વતોની માફક, તેમની આખી ન્યાત લોહાણાઓની ન્યાતમાં જમવા આવે છે, તે બંધ કરાવશું. આ વાત નારણજી એ કબુલ ન રાખતાં સારસ્વતોએ લોહાણાઓને કહ્યું કે "એ લોકો ન્યાતમાં:જમવા આવશે તો અમે જમવા નહિ આવીએ." સમજુ લોહાણાઓ તેમની મતલબ આગળથી સમજતા હતા માટે તે વાત તેમણે કબુલ કીધી નહિ જેથી સારસ્વતોએ પોતાની મહત્તા અને હદ્દ દેખાડવા, તથા વ્હેમથી લોહાણાઓ દબાઇ જઇ પોતાનો હુકમ માન્ય કરશે એમ ધારી, પોતાની ન્યાતમાં ઠરાવ કીધો કે હમણાં ઠા. માવજી ગણું પોતાના પિતા પાછળ ન્યાત જમાડવાના છે. તેમાં કોઇ પણ સારસ્વત જશે તો તેની પચાસ કોરી દંડ કરશું. આ ઠરાવની લોહાણાઓને ખબર થતાં તેમણે પોતાની ન્યાતમાં ઠરાવ કીધો કે સારસ્વતો એટલા બધા મગરૂર થઇ ગયા છે, અને તેઓ આપણને ખોટી રીતે પોતાના તાબામાં રાખવા ઇચ્છે છે; તો આપણે પણ ઠરાવ કરો કે "હમણાં 'શ્રાદ્ધ' ચાલે છે તેમાં કોઇ લોહાણે સારસ્વતને જમાડવો નહિ. અને દરરોજ લોટ લેવા આવે તો પણ આપવો નહિ. અને સાદી, ગમી વખતે પણ બીજો બંદોબસ્ત કરી લેવો" તે ઉપરથી પાંચ છ રોજ ઉપર સદરહુ ન્યાતનું જમણ હતું. તે વખતે સારસ્વતો જમવા ન આવતાં કનકેશ્વર મહાદેવ છે તેમાં બધા ભેળા થઇ મ. કાર્ત્તાત્તિકનો (!) મારન ઉચ્ચાર વિગેરે પ્રયોગ કરવા માંડયો એવી આશાથી કે હજાર ઘરની ન્યાત છે તેમાંથી બે ચાર રોજમાં એકાદ પણ ગમખાર બનાવ બનશે તો આપણો વિજય વાવટો ચડી જશે અને લોહાણાઓ પગે પડશે. પરન્તુ હજી તો એવું કાંઇ ન બનતાં " લેને ગઇ પુત અને ખો આઇ ખસમ " જેવું થયું છે. આગળ જતાં શું બનશે તે દેખાઇ રહેશે.

અધીપતિ ! સાહેબ ! બ્રાહ્મણોની કેટલે દરજ્જે અધોગતિ થઈ છે કે હજારો વર્ષો થયા જેનું અન્ન ખાઇ ખાઇ જીવ્યા છે, તેવા યજમાનો પોતાની જરાક પણ અયોગ્ય માગણી કબૂલ ન રાખે તો તેમનું અનિષ્ઠ કરવા પ્રયોગો કરવા બેસે છે એ કેટલે દરજ્જે ધિઃકારને પાત્ર છે......

સારસ્વતો નીચે મુજબ ચંડીપાઠનો મંત્ર ભણી હવનમાં આહુતિઓ આપતા હતા.

सर्वाबाधा मममनं त्रैलोकस्याखिलेश्वरी ।
एव मेवत्वयाकार्यं मस्मंद्वैरी विनाशनं ॥

વિમો તો બહુ મોટો ઉતાર્યો છે. જો થોડાક રોજમાં પણ એક હજાર ઘરની જ્ઞાતિમાં અનિષ્ટ બનાવ બનશે તો વ્હેમી લોહાણાઓ પગે પડવા જશે અને તેવું કંઇ ન બન્યું તો પગ દંડો છે તે પણ નીકળી જશે.

આર્યપ્રકાશ, તા. ૫-૧૦ ૧૯૧૩ } નજરે જોનાર.

" ખેદ છે કે દેશના ભૂદેવો આ દશાને પહોંચ્યા છે."

અ. આ. પ્ર.

* * *

(Ex. નં. ૩૮.)

" કહેવાતા પુરોહિતો અને તેઓના પ્રપંચો પરત્વે મી. ગીરધરલાલ ભાણજીભાઈ ભીંગરાડકરના વિચારો."

પ્રિય ક્ષત્રિયકુલોત્પન્ન ભ્રાતાઓ !

ક્ષત્રિય પુત્રો હથિયાર અગર મરણના ભયથી ડરી જઈ જંગલમાં વસ્તા ઋષિઓના રક્ષણને બદલે તેઓનું શરણ માગે એ વાત સર્વથા અસંભવિત છે. અરે ! ૬૦૦-૭૦૦ વર્ષ પહેલાં મહારાજા પૃથુરાજના સરદારોમાં લોહાણા ક્ષત્રિય સરદારની સુરવીરતા-પરાક્રમ વાંચીએ છીએ ત્યારે આપણાં રોમાંચ ખડાં થઇ જાય છે. પરન્તુ આ પોતાને ગોરો કહેવરાતા સ્વાર્થીઓએ આપણને બાયલા, બીકણ અને દુશ્મનથી પૂંઠ બતાવનારા ચીતર્યા છે.

મ. સિદ્ધરાજના સમયમાં બ્રાહ્મણો સુવર્ણ, ગામ વિગેરેનાં દાન લેતા નહોતા. ત્યારે આપણા પાખંડી પુરોહિતો પોતાના પોષકની પાળી પોષી લાડ લડાવેલી લાડકી તેને વ્હેંચાવી તેના ઉપરની ઠોકી બેસાડેલી કલ્પિત

હુંડીનાં (ખીરચોરી) નાણાં વસુલ કરે છે. શું આ બીના ક્ષત્રિય પુત્રોને થોડી શરમાવનારી છે ?

વર્ત્તમાન સમયના નિરક્ષર સારસ્વતોમાં કશું પણ દૈવત્ નથી. મને લાગે છે કે તેઓ બ્રાહ્મણ નહિ પણ ભાંડ ભવાયા માફક યાચક છે અને અદ્યાપિ પર્યન્ત તેઓમાં ભાંડ ભવાયા...ની માફક વખાણ કરવાના ને ગુણ ગાવાના સંસ્કારો જળવાઇ રહેલા છે. અને તેથી આપણને એ અનુમાન પર દોરાવું પડે છે. વચલા જમાનામાં ક્ષત્રિય રાજાઓ પાસે યાચકરૂપે આવ્યા હોવા જોઇએ. કીર્ત્તિનાં ગાન ગાયાં-વખાણ કીધાં, મહારાજા ખુશી થયા. દયા-કૃપા મેળવી અને પછી ઉત્તરોત્તર તે દયા-કૃપાને અજ્ઞાનતાના અંધકારમાં આ પાખંડી પુરોહિતોએ લાગા-ટેક્સનું રૂપ આપી દીધું હોય તે સંભવીત છે.

જંગલમાં પર્ણકુટીવાળી ગૃહસ્થોનાં સંતાનોને પોતાનાં સંતાનો સમાન ગણી મોક્ષદાયિની વિદ્યા પ્રાપ્ત કરાવી સંસારમાં શ્રેષ્ઠ બનાવનાર ઋષિ મુનીઓ યજમાનની બાળાઓ પર કર લેવા વસ્તીમાં દોડે એમ કહેવું તે તેવા પવિત્ર ભગવાનોને કલંક લગાડવા જેવું છે. આજે લોહાણામાં હજી પણ કંઇક અંશે ક્ષત્રિઓનું તેજ પ્રકાશી રહ્યું જોવામાં આવે છે પરન્તુ આ ભૂદેવોમાંતો ભાંડ ભવાયા જેવા યાચકનો ગુણ કર્મ સ્વભાવ છે. અને તે મારા ઉપરોક્ત અનુમાનને પુષ્ટી આપે છે. યજમાનના શુભાશુભ પ્રસંગે ત્રાગા-માથા ફોડવાં જેવાં નીચ કર્મ આ ભૂદેવો કરે છે. અને વ્યસનાદિ આમોદ પ્રમોદમાં લચીપચી રહેલા પાખંડીઓ ઋષિઓનાં સંતાનો કહેવરાવવાને યોગ્ય નથી.

ક્ષત્રિઓના ગુણગાન ગાઇ તેઓના આશ્રય નીચે દયાના પ્રભાવે પોષણ મેળવતાં રોટી વ્હેવાર પણ ચાલુ રાખી દીધો હોય એ પણ માનવા લાયક છે.

શાન્તિ નીકેતન
અમદાવાદ.

[આ (Exhibits) પુરાવાદર્શક પત્રો સ્વર્ગીય કોર્ટમાં દાખલ થયા પછી તહોમતદાર મ ગરૂડની અધુરી રહેલી જુબાની લેવાનું શરૂ થયું.]

મ. ગરૂડની જુબાની. (ચાલુ)

અમારી લોહાણા કોમમાં હાલ ક્વચિત્ત-કોઇ સ્થળે કન્યાવિક્રય છુપી રીતે થતો હશે તે પણ આ ગોર મહારાજો !!! નાં કર્ત્તવ્યોનેજ આભારી

છે. કન્યાના લગ્ન પ્રસંગે જાનૈયા કરતાં આ કુલ્યાણજી અને ગણપતિ આદિ દેવ દેવીઓના નામે યેનકેન્ પ્રકારે પણ પૈસા પડાવનારા ધૂર્ત્તાચાર્યો-ની સંખ્યા વિશેષ થઇ જતી. તે સર્વ આવેલાઓને જમાડવા તો કન્યા-પિતાને જોઇએજ. તે બધા ખર્ચને પહોંચી વળવા જેવી બાપડા કન્યા-પિતાની આર્થિક સ્થિતિ સારી ન હોય તો તેવી સ્થિતિ ઉદ્દભવતાં અમારી કોમમાંનો ગરીબ વર્ગ કન્યાવિક્રય કરતો થયો હોય તો તે માનવા લાયક છે. કહે છે કે એકાદ બે સૈકા પહેલાં આ ગોર મહારાજો અમારી લોહાણા કોમ પર અનહદ ત્રાસ વર્ત્તાવતા હતા. લગ્ન કરવાને જતા વર-રાજાની જાનમાં ગાડામાં જુતેલા બળદોની નાથો (બળદનાં નસકોરાંમાંથી કાઢેલ રસી-દોરડું) કાપી નાંખી પોતાનો ઘરગતુ જજીઆવેરો !!! વસુલ કરતા, એટલુંજ નહિ પણ એટલો બધો અસહ્ય ત્રાસ વર્ત્તાવતા કે જેનું વર્ણન કરતાં કંપારી છૂટે અને કહે છે કે તેજ કારણસર અમારી લોહા-ણા કોમમાં ઘણાઓને તદ્દન ગુપ્તપણે લગ્ન કરી લેવા ફરજ પડતી. આમ થવાનું કારણ કંઇ તેઓએ પોતાનાં ફરિયાદનામાની કલમ ૭-૮-૧૧ માં જણાવેલું છે. " **કબુલ કરેલા છે, શક્તિ ન હોય તો ભીખ માગીને પણ અમારો લાગો આપવો પડે છે** " તે પ્રમાણે બીલકુલ નથી પણ તે અંધકારના આવરણમાં અમારા બન્ધુઓનેતદ્દન વિદ્યાથી વિમુખ-અભણ રાખી ફક્ત '**બ્રહ્મયોનિ નમસ્તુતે**' નો પાઠ શીખાડયો. 'યજમાનો વિદેશ પર્યન્ટન કરશે અને જ્ઞાન મેળવશે તો આપણાં ભોપાળાં ખુલ્લી જશે' તેમ ન થાય તેને માટે તે લોકોએ કેટલાક ધર્મને નામે અયોગ્ય પ્રતિબંધો મૂકયા. યજમાનો અભણ રહ્યા. તે સમયે તેવા ભોળાઓને પાપનો ડર બ-તાવી, નર્કમાં ધકેલવાની ધારતી આપી, લાંઘી, ત્રાગા જેવાં નીચ કૃત્ય કરી ને નિષ્ઠુર લાગાઓ આપવાની તે ધૂર્ત્તાચાર્યો ફરજ પાડતા હતા. ફરિયા-દનામાની કલમ ૨૨ માં અમારી લોહાણા કોમના આગેવાનો મહાપુરૂષો કે જેઓ કોન્ફરન્સમાં હજારો અને લાખોનાં દાન જ્ઞાતિના કેળવણી ફંડમાં આપી બોર્ડિંગો આદિ ઉપયોગી સંસ્થાઓ સ્થાપે છે, અને વિદ્વાન વર્ગ કે જેઓ જ્ઞાતિને સન્માર્ગે દોરવાને વિદ્વતાપૂર્ણ લેખો લખી અમુલ્ય સદ્દ-બોધ આપે છે તેવા '**લક્ષ્મી દેવીના ઉપાસકો**' તથા '**સરસ્વતિના ઉપાસકો**' ને ગણ્યા ગાંઠયા " ઇંગ્રેજી ભણેલા " તથા " મોટાભા " કહી આ નિરક્ષર મહાતમાઓએ પોતાની જાડી બુદ્ધિનું પ્રદર્શન કરાવ્યું છે.

અદ્યાપિ પર્યન્ત જયાં નાનું સરખું ગામડું હોય ત્યાં એકાદ ભમદેવ (ભલેને સમરપયામિ! સમરપયામિ !! કરતાં જાણતાં હોય) રહેતા

હોય ત્યાં વસ્તા લોહાણાઓને પોતાનો 'ગરાસ' સમજી ગમે તેમ ગાડું ગબડાવે છે અને તે લોહાણાઓ ધાર્મિક સંસ્કારો કરાવવા બીજા વિદ્વાન બ્રાહ્મણને બોલાવી શકે નહિ અને બોલાવે તો આ ચંડીનો ઉપાસક યદ્દવા તદ્દવા બકી યજમાનના કાર્યમાં વિઘ્ન આણે છે અને પેલા વિદ્વાન બ્રાહ્મણને અપમાન પહોંચાડી હરેક પ્રકારે અનાર્ય-દસ્યુની માફક યજમાનના કાર્યમાં વિઘ્ન કરે છે-હરકત કરે છે. હમણાં મને સત્યનારાયણની વેદોક્ત કથા કરવાની હતી. અમારા ગામમાં એક શુક્રાચાર્ય !!! એકાક્ષી ! ભૂદેવ રહે છે. કક્કા બારાખડીનું કડથલ કાઢી નાંખવા જેટલું ગંભીર !!! જ્ઞાન ધરાવે છે. અજ્ઞાન બૈરાંઓમાં દશા-ડોસરડીના દોરા જેવા અનેક પ્રકારના વ્હેમો બેસાડી તેઓને અષ્ટમપષ્ટમ સમજાવી કામ કાઢી લેવામાં કદી કુશળતા ધરાવે છે. તે ભૂદેવ મહારાજા !!! ના એક ચીરંજીવી છે. તે વળી અજ્ઞાન બૈરાંઓને આકર્ષવા કામદેવનો અવતાર બનવાને અચ્છી રીતે કૃષ્ણવર્ણા કપાળમાં એક 'ટીલડી' કરે છે. તે બન્ને જણાને હું સત્યનારાયણની કથામાં અન્ય વિદ્વાન બ્રાહ્મણને આમંત્રણ કરૂં છું તે ખબર પડતાં છંછેડાઈ પડયા. હાય ! હાય ! હવે શુ થશે ? જાણી પેલા આમંત્રેલા બ્રાહ્મણ પાસે જઇ ધમકીઓ આપી. નિર્બળ આત્માનો ભૂદેવ ડરી ગયો. બહાર ગામથી અન્ય બ્રાહ્મણને બોલાવવા નિશ્ચય કીધો. આ નાગનાથ ને સાપનાથના પેટમાં ચૂંકા આવવા લાગી. આખા ગામમાં મારે માટે અવનવી વાતો ફેલાવવી શરૂ કીધી. કોઇ પણ પ્રકારે લોકો તે સત્યનારાયણની સત્યકથા સાંભળવા ન જાય તો ઠીક. નહિ તો લોકો સત્ય સમજતાં અમારા પોપ પુરાણનો પ્રલય થઇ જશે. આવા ઇરાદાથી રાવણની ઓલાદના તે બ્રહ્મરાક્ષસોએ બનતું કીધું... કહેવાનો ભાવાર્થ એ છે કે અદ્યાપિ પર્યન્ત આ પ્રકાશના જમાનામાં પણ આ લોભી ગુરુઓ પોતાનું પોકળ ખુલ્લું ન થવા દેવા માટે કેવા પ્રપંચો કરે છે.

ભાવનગરની બાજુના ગામમાં એક રાંડીરાંડ લોહાણીની કન્યાના લગ્નમાં નળીયાંથી આ ભમદેવોએ માથાં ફોડી લોહી કાઢયાં હતાં. સાપને દૂધ પાઇએ તેના બદલામાં તે વિષ પેદા કરે છે તેમ આ સ્વાર્થાન્ધ-સર્પોને કોઇએ મહેરબાની દાખલ આંગળી અડવા દીધી હશે તેણે હવે અમારો પોંચો કરડી ખાધો એટલુંજ નહિ પણ અમારા શરીરમાંથી રક્ત ચૂસવું શરૂ કીધું છે.

"નીલ" કે "લીલ"

અમારી લોહાણા કોમમાં જો કોઇનો પુત્ર કુંવારો અથવા તો પદ-

ણીને તુરત સ્વર્ગવાસી થાય છે તો આ ભૂદેવો સત્વર તે મરનારનાં અજ્ઞાન માતપિતાને પછવાડે લાગે છે. અને કહે છે કેઃ—"મરનારના જીવને સદ્ગતિ થઇ નથી (જાણે કેમ વૈકુંઠ, ગોલોકનાં ગોખલાંની ચાવીઓ પોતાના ખડખડી ગયેલ ખડીયામાં લઇને ભટકતા હોય !!) કારણ કે સંસાર ભોગવવાની તેની વાસના રહી ગઇ છે માટે 'નીલ' પરણાવો નહિ તો તમોને તે (મરનાર) નડશે ! બિચારાં ભોળાં માતુપિતા આવી વાતોથી અંજાઇ વ્હેમી બને. પરન્તુ સ્થિતિ જરા ઠીક ન હોવાથી વિલંબ કરે તો આ ભૂદેવો તેના કુટુંબમાં ઘરેઘર જઇ વ્હેમ પેસાડે છે. અને ભાટ ચારણની માફક જેમ ફાવે તેમ બોલે છે. અને તેમ થતાં મરનારનાં માવીત્રોને લાચારીએ **"નીલ"** પરણાવવો પડે છે. વાછડો ને વાછડી પરણાવે તેને **'નીલ'** કહે છે. એક દિકરીને પરણાવતા જેટલો કર–લાગો આ ભૂદેવોએ ઠોકી બેસાડયો છે તેના કરતાં પણ અધીક સોનાની શીંગડીયો, રૂપાની ખરીઓ, મોતીનું પૂછડું, વાછડા વરરાજા સારૂ ધોતી, જોડા, ઇત્યાદિ વાછડી સુદ્ધાન્ત ઉપાડી જાય છે. જાપ જપવાના નવ ગ્રહોના નામે પૈસા પડાવે તે અદક લ્હાણુમાં ! બસ ? અવગતિયો જીવ ! વાછડી સાથે સંસારની કામ વાસના પૂર્ણ કરી ગતે થઇ ગયો !!!

મ્હારા પ્રભુ ! ગાય કે જેનામાં ૩૩ કરોડ દેવતાઓનો વાસો છે એમ અમારા ભાઇઓ માને છે તે ગાયની પુત્રી વાછડી સાથે પોતાના સ્વર્ગસ્થ દીકરાને સંસારનો લ્હાવો લેવરાવી તેને સદ્ગતિએ પહોંચાડવાનું આ બ્રહ્મરાક્ષસોએ કેવું પાખંડ પ્રવર્તાવી પોતાના ભોળા અંધશ્રદ્ધાળુ યજમાનોને સ્વાર્થને માટે પાપ માર્ગમાં પ્રેર્યા છે ? અને આ કર્મ કેવું નિષ્ઠુર અને નિન્દીત છે કે ગાય સમાન માતાની સાથે સંસારની કામ વાસના પૂર્ણ કરવી. આપ અવસ્ય આ બાબત લક્ષમાં લઇ મૃત્યુલોકમાં આ નામમાત્રના બ્રાહ્મણો જે અધર્માચરણ કરાવે છે તે પર સખ્ત પ્રતિબંધ મૂકી અમારા બન્ધુઓને પાપ માર્ગમાંથી છોડાવશો.

જીવાત્મા દેહ સિવાય રહી શકતો નથી એમ જો આપનો 'કુદરતી કોડ' કહેતો હોય તો આ નિષ્ઠુર કર્મને અટકાવી ધર્મ માર્ગ પ્રવર્તાવવાની કૃપા કરશો.

(મી. સ્વાર્થાન્ધ તથા કૃષ્ણમૂર્ત્તિ મ. ગરૂડને Cross questions ઉલટ પાલટ તપાસ કરે છે.)

પ્રશ્ન.–લોહાણા–ક્ષત્રિઓને મહાત્મા પરશુરામજીના ભયથી ન બચાવ્યા હોય તો કેળના પાંદડાંમાં ઊભી રેખાઓ કેમ થઇ ગઇ ?

ઉત્તર—સ્વર્ગસ્થ મહાત્મા પરશુરામનું સ્ટેટમેન્ટજ આ બાબતનો રદીઓ આપે છે. વેદિક જમાનામાં બ્રાહ્મણ. ક્ષત્રિય, વૈશ્ય, અને શૂદ્ર એ ચારે વર્ણમાં રોટી વ્હેવાર, બેટી વ્હેવાર હોવાથી વટલાળ જેવું કશું હતું નહિ એ સિદ્ધ થયું છે. છતાં 'વટલ્યા' કહેવું તે ભોળાઓને ભમાવવા જેવું છે. પીંપળો, વડ, આમલી, બોરડી, લીમડો પીપર આદિ પ્રત્યેક વૃક્ષોનાં પાંદડાંઓમાં રેખાઓ નસો અવસ્ય હોય છે. અને તે કુદરતી છે. જો તે વચલી નસો પાંદડાંમાં ન હોય તો તે નસો સિવાય પાણી પાંદડાં ઉપર ચડી શકે નહિ. અને પાંદડું પાણી વગર નવપલ્લવ રહી શકે નહિ એ એક અજ્ઞાનીમાં અજ્ઞાની મનુષ્ય સમજી શકે છતાં કેળનાં પાંદડાંમાં રેખાઓ-નસો નહિ હતી એમ કહેવું તે મૂર્ખાઇની હદ ઓળંગી જવા બરાબર છે.

પ્રશ્ન-ગાયો બધી જેમ સરખી ગણાય તેમ, બ્રાહ્મણો પણ ગમે તેવા અભણ, વિદ્વાન, હોય તોપણ તેઓને માન આપવું જોઇએ.

ઉત્તર-પ્રથમ તો આ પ્રશ્નજ નકામો છે. બ્રહ્મને જાણવા સુધીનું જ્ઞાન પ્રાપ્ત કીધું હોય તેજ બ્રાહ્મણ. માત્ર બ્રાહ્મણીના ઉદરથી જન્મેલો બ્રાહ્મણ થઇ શકતો નથી. વળી ગાયો-પશુજાતિનું દ્રષ્ટાન્ત પણ અહીં અસ્થાને છે, કારણકે પશુજાતિને આહાર, નિન્દ્રા, ભય, મૈથુન એ સ્વાભાવિક જ્ઞાન સિવાય મન, બુદ્ધિ, ચિત્ત, આદિથી ઉદ્ભવતું વિશેષ્ય જ્ઞાન નથી, અને તે વિશેષ્ય જ્ઞાન મનુષ્યોમાં હોવાથી મનુષ્યપ્રાણી શ્રેષ્ઠ ગણાય છે. વળી તે ગાયોમાં પણ દૂઝતી અને પાંકડી (દોવા ન દેતી હોય તે) ને ખોરાક આપવામાં ફેર રહે છે. દૂઝણીને કપાશીયા, ખોળ આદિ સારો ખોરાક આપવાનું ખાસ લક્ષ અપાય છે તેમ પાંકડી ઉપર અપાતું નથી, તેમ તમારામાં પણ વિદ્વાન નિસ્પૃહી ભાવનાથી યજમાનનું શ્રેય ચ્હાનારા છે તે અમોને પૂજ્ય છે. અભણ, વિદ્વાન એકજ લાકડે પૂજાય તો "પૂરી એક અંધેરી ને ગંડુ રાજા" જેવું થતાં ટકે શેર ભાજી ને ટકે શેર ખાજાં થાય. તેથી પ્રજા પાયમાલ થાય, અને આખરે ઉજ્જડ વેરાન જેવું બને. તેવુંજ અત્યારે અમારૂં બન્યું છે. તે ફક્ત યોગ્યતા તપાસ્યા સિવાય સ્વાર્થી ભદ્રંભદ્રોનાપર વિશ્વાસ રાખવાથીજ.

પ્રશ્ન—"ગોળ અંધારે ખાય તોપણ મીઠો લાગે તેમ બ્રાહ્મણ ગમે તેવો નિરક્ષર હોય તોપણ બ્રાહ્મણ."

ઉત્તર—ગોળ અંધારે ખાય તો મીઠો લાગે તે વાત ખરી. પરન્તુ તે ગોળ છે કે ખોળ છે તે પણ તપાસવાની આવશ્યકતા પ્રથમ છે. કારણકે ગુણ, કર્મ, સ્વભાવથી બ્રાહ્મણ તેજ બ્રાહ્મણ. માટે તેવા બ્રાહ્મણો તેજ ખરો ગોળ બાકી બધા ખોળ. વળી અંધારે ગોળ ખાવામાં પણ એ સંભાળ રાખવાની પ્રથમ જરૂર છે કે, વખતે ગોળમાં ક્યાંક સાથે કીડી મકોડી ન ખવાઇ જાય ! તે માટે તેને બરાબર તપાસી જોયા પછીજ ખાવો જોઇએ. તેમ ન કરે તો ગોળ સાથે તેવા જીવડાઓ ખવાઇ જતાં શરીરના યંત્રને ખરાબ કરી મૂકી અનેક રોગ ઉત્પન્ન કરે છે. તેવી રીતે તમારામાં પણ બ્રાહ્મણ તરીકેની યોગ્યતા જોયા પછીજ તમોને માન આપવું જોઇએ.

પ્રશ્ન—લોહાણા કોમના બાપદાદાઓ શું મૂર્ખ હતા કે અમને આપતા હતા ?

ઉત્તર—પ્રથમ તમારા બાપદાદાઓ આજે તમારા માફક ભિક્ષા માગતા અને ન કરવાનાં ઉધાંચત્તાં કાળાં કર્મો કરી લાગા—ટેક્સો પોતાના યજમાનો પાસેથી વસુલ કરતા હતા તેવું કયાંયથી પણ બતાવી શકશો ? તમારા પૂર્વજો કેવા હતા તે Ex. નં. ૧૬ તથા Ex. નં. ૨૭ માં અહીં રજુ થયેલું છે. છતાં પણ તમારા આ અયોગ્ય પ્રશ્નનો પ્રેક્ટીકલ પ્રત્યુતર આપું છું.

૧ તમો અમોને સૂર્યવંશી મહાત્મા રામચંદ્રજીના વંશના કહો છો તો એ ભગવાન રામચંદ્રજી એ સાફ શબ્દોમાં કહ્યું છે કેઃ—"**ગુરૂ નાલાયક કાર્યાકાર્યને નહિ જાણનારો હોય તો તેને તજવો**" તો તેનાં વચનોપર અમારે પાણી ફેરવવું ? ભગવાન રામચંદ્રજીએ ગુરૂ વશિષ્ઠ પાસેથી વિદ્યા સંપાદન કરી હતી તેવી રીતે તમો અમોને વિદ્યાદાન આપો છો કે ?

૨ મહારાજા જયચન્દ્રને અમારા પૂર્વજો ઠરાવો તો મહારાજા જયચંદ્રે અયોગ્યનો સત્કાર નહિ કરવો, તે સ્પષ્ટ શબ્દોમાં અહીં વ્યક્ત કર્યું છે.

૩ ધારો કે આપણા વડીલો એક ગામમાં કે જ્યાં ફક્ત એકજ ખારો કૂવો હોય ત્યાં રહેતાં હોય તો બીજાં સાધનોને અભાવે તે ખારા કૂવાનું પાણી પી ચલાવતા હોય, પરન્તુ સમય જતાં ન્યાયી બ્રીટિશ સરકારે મીઠા પાણીના નળો લાવી પ્રજાને સુખ કરી આપ્યું તો શું બાપદાદા ખારા કૂવાનું પાણી પીતા માટે અમારે મીઠું પાણી ન વાપરવું ? બાપદાદાના સમયમાં સાધનો ન હોવાથી ખારે

પાણીએ ચલાવી લેતા પરન્તુ સાધનો થયા પછી શામાટે ચલાવવું જોઇએ ?

૪ તમારા બાપદાદાઓ માંહેલું તમે કંઇ રાખ્યું છે? તમારા બાપદાદાઓ યજમાનને ભીખ મગાવીને પણ જજીયા લેરો!!! વસુલ કરવાનું કયે સ્થળે ફરમાન કરી ગયા છે તે બતાવશો?

"**કાલે ઉઠીને બાળા મરણને શરણ થાય તો અમારા ખીરચોરીના પૈસા ખોટા થાય.**" એમ યજમાનનું શ્રેય ઇચ્છનારા પુરોહિતો કહી શકે કે?

૫ મહારાજા દશરથને પુત્રેષ્ઠી યજ્ઞ કરવો હતો ત્યારે ઋષિ વશિષ્ઠે શ્રૃંગી ઋષિને બોલાવવા શામાટે સુચના આપી હતી તે ખુલાસો કરશો કે?

૬ અમારા બાપદાદાઓમાંથી કોઇએ ચોરી કીધી હોય તો શું અમારે પણ ચોરી કરવી? કોઇની આંખ ફૂટી હોય તો શું તેના દીકરાએ પણ એકાક્ષી બનવું? તો તમે કેશો નહિ, સારૂં હોય તે તો કરવું? તો હા, સારૂં જે હોય તે ગ્રહણ કરવું. પરન્તુ સમય પરત્વે નુકસાનકારક રૂઢીઓ દાખલ થઇ હોય અને જેનાથી સમયકાળ બદલાતાં પ્રજ્ઞાચક્ષુ પ્રાપ્ત થતાં તે રૂઢીઓ નુકસાન કર્ત્તા છે એમ સિદ્ધ થયું તો શું તેમાં સુધારો કરવો નહિ?

૭ અમારા બાપદાદાઓ મૂર્ખ નહિ પણ મહાન બુદ્ધિશાળી હતા. પરન્તુ તેઓને તમે અભણ રાખ્યા. અજ્ઞાન્ધકારના જમાનામાં પોલા દેખકર તમારા કૃત્તિમ અમાનુષિ લાગા-કરોનાં ધરગતુ લાકડાં તમે ઠોકી બેસાડયાં, અને તે બધા અમારા બાપદાદાઓ કરતા આવ્યા છે. તેમ માનવા અમો તૈયાર નથી. વળી તે સમય જુદા હતા અત્યારે સમય સંજોગોમાં પરિવર્ત્તન થયું છે. રિવાજો અમારા બનાવેલા છે. રિવાજોના અમો બનાવેલા નથી. નુકસાનકારક રૂઢીઓનો ત્યાગ કરી જેનાથી સુખની વૃદ્ધિ થાય તેનો સ્વિકાર કરવાનું અમારૂં કર્ત્તવ્ય છે.

પ્રશ્ન—યજ=પૂજવું, માન=નાર. યજમાનનો અર્થજ સત્કાર કરનાર થાય છે તો તમે અમારા યજમાન હોઇ અમારો સત્કાર કરવોજ જોઇએ. પછી ચાહે અમે ગમે તેવા હોઇએ.

ઉત્તર—યજમાનનો અર્થ તો બરાબર પણ ગુરૂનો અર્થ શું થાય છે તે જાણો છો? ગુ=અંધાર રૂ=ટાળનાર. અમારામાં અજ્ઞાનાંધકારનો નાશ

કરી જ્ઞાનરૂપી દીપક પ્રકટાવી—ગુરૂ નામનું સાર્થક કરો તો અમે તમારો સત્કાર કરવા તૈયાર છીએ પરન્તુ આ ફરજો બજાવવાનું હાલમાં તમારામાં દૈવત્ રહ્યું છે? પુરોહિતનો અર્થ પૂર્ણ હિત કરવાવાળો થાય છે. સર્વથા હિતૈષી, વેદ, તથા ધર્મશાસ્ત્રજ્ઞ, સત્યવાદી, શુદ્ધ હૃદય, નિર્મળ ચરિત્ર બ્રહ્મણ્ય અને સઘળા પ્રકારની વિપત્તિને દૂર કરવામાં કાબેલ હોય તેજ પુરોહિત થઇ શકવાને યોગ્ય ગણાય. તમારા અંતઃકરણમાં અવિદ્યારૂપી આવરણ છવાવાથી મોહરૂપી ઘોર અંધકાર પ્રવેશ થવા પામ્યો છે.

પ્રતિવાદીના સાક્ષીઓ.

(ચોથા દિવસ.)

(સાક્ષી નં. ૧.)

માણેકલાલ મનજી—હું જ્ઞાતે લોહાણો. વાદીઓને તથા પ્રતિવાદીને ઓળખું છું. વાદીઓ પોતાને અમારા ગોર કહેવરાવે છે. હું કાપડનો વેપાર કરૂંછું. તેઓ અમને કશો ધર્મનો ઉપદેશ કરતા નથી. પ્રાચીન સમયના બ્રાહ્મણો શુદ્ધ બ્રાહ્મણ કર્મ પાળી અમારૂં કલ્યાણ ચાહતા હતા. **માનને તેઓ ઝેર માફક સમજતા** પણ આજે તેથી ઉલટીજ દશા દેખાય છે અમારી કોમમાંથી લગભગ પોણાભાગની શ્રદ્ધા આ નામધારી બ્રાહ્મણોપરથી ઊઠી ગઇ છે. પ્રતિવાદી અમારી કોમમાં એક આબરૂદાર પ્રતિષ્ઠિત સુધારક છે તેમનામાં રહેલી જ્ઞાતિ હિતની લાગણીથી અમે તેમના પ્રત્યે પૂજ્યબુદ્ધિ ધરાવીએછીએ. પ્રતિવાદીની વિરૂદ્ધ આ ભૂદેવોએ તેના કુંટુબને આડું અવળું સમજાવી ખરાબ લાગણી ઉત્પન્ન કરાવી હતી તે મને ખબર છે. પ્રાચીન સમયમાં બ્રાહ્મણો દાનને પાત્ર લેખાતા હતા તે શુદ્ધ બ્રાહ્મણ હતા. તેઓનું મુખ્ય કર્ત્તવ્ય વેદ ભણવા, ભણાવવા, દાન લેવું અને દેવું, યજ્ઞ કરવો અને કરાવવો, તે હતું પરન્તુ વચલા અંધકારના જમાનામાં આ ઘમંડી વિદ્યાના વેરી જન્મથી બની બેઠેલા બ્રાહ્મણો અમારી જ્ઞાતિમાં વારસાઇમાં ઉતરી આવેલી પટલાઇ ભોગવતા પાંસા પટેલો—ચોરણાદાસોને મોઢે તેઓની વાહવાહ પોકારી ! " અન્નદાતા ! તમારે આશરે છઇએ "

તેમ આજીજી કરવા ઉપરાંત તેઓના હોક્કા ભરી દઇ, તેઓનાં છોકરાં ર· માડી અનેક રીતે ભાટ ચારણોની માફક ખુશામત કરતા. અને તેથી એક ગામમાં પાંસો પટેલ કહે તેમ બીજાઓએ કરવું. અને તેમાં સારાસારનો વિચાર કરવામાં નઆવ્યો. અને જો કોઇ વિચાર કરે તોપણ તે સો દિવા-નામાં એક ડાહ્યો તેજ દિવાનો ગણાય અને તેથી વધારે મેજોરિટિને તાબે થવું પડતું. પરંતુ વિશષ્યે કરીને દેખાદેખી અને એકથી બીજાએ કંઇક વધારે કરી બતાવવું એજ વાદાવાદનું પરિણામ આજે જે જોઇએછીએ તે આવ્યું હોય તે સંભવીત લાગે છે. બીજા બ્રાહ્મણો અમારી સાથે બેસી ભોજન કરતા નથી. પણ આ બ્રાહ્મણો અમારી સાથે બેસી જમે છે. આમ થવાનું કારણ તેઓની સ્વાર્થી દિર્ઘ દ્રષ્ટીનુંજ છે. તેઓએ જાણ્યું હશે કે કદાચ બીજાઓની માફક આપણે પણ ભોજન વ્યવહાર નહિ રાખશું તો આપણા કબજામાં આ કોમ નહિ રહેશે. અને તેજ પોલિસીથી આજે તેઓએ એક કલ્પિત મુદ્દો ઉઠાવ્યો છે કે " અમે તમારી સાથે વટલ્યા છીએ તેથીજ અમારો લાગા લેવાનો હક્ક છે." પરન્તુ આવાત તદ્દન નાપાયાદાર છે, પ્રાચીન સમયમાં ! રે ! હમણાં સુધી બ્રાહ્મણો અને ક્ષત્રિઓ અરસ્પરસ રોટી વ્યવહાર તો ઠીક પણ બેટી વ્યવહાર પણ રાખતા હતા. તે સમયના બ્રાહ્મણો ભીખ માગતા નહિ. પણ તેઓને ઘેરબેઠાં નિર્વાહ જેટલું મળતું અને તેઓ સાચા બ્રાહ્મણો કદી પણ કર્ત્તવ્યથી વિમુખ થતા નહિ અને હજી પણ તેવા બ્રાહ્મણો પ્રત્યે અમને સંપૂર્ણ માન છે હું મૃતક-શ્રાદ્ધને માનતો નથી તોપણ મ્હારા પિતાના મરણ પછી અગ્યારમે, બારમે દહાડે આ નિરક્ષર ભૂદેવોએ લૂંટારાઓની માફક ઘર ઘેરી લીધું હતું અને ગડબડ મચાવી મૂકી હતી. અને અંતે ભગવાં લુગડાં પહેરી મારા ઘરપર લાંઘવા બેઠા હતા. પરન્તુ મારા દ્રઢ નિશ્ચયથી હું નહિ ડગ્યો ત્યારે તેઓના મગજમાં ચડેલી ૧૦૧ ડીગ્રી સુધીની ગરમી ઉતરી ગઇ હતી પછી માખણ જેવા બની જઇ ભિખારી માફક યાચના કરવા લાગ્યા પરન્તુ મારા બીજા શ્રદ્ધાળુ ભાઇઓ પર તેઓ મુવેલ મનુષ્યના લાગા લે-વાને બહુ જુલમો કરે છે. દાન સુપાત્રે અને યજમાનની યથા શક્તિ અપાવું જોઇએ. કોઇપણ ઠેકાણે ફરજીયાત દાન અને તે પણ વળી પાખં-ડીઓને દેવાનું મ્હેં સાંભળ્યું નથી. પણ અમારી કોમમાં તો હું નજરે જોઊંછું. મ્હારા એક મિત્રના લગ્ન વખતે તેની માતુશ્રીના ઘરેણાં ગીરવી મૂકી ત્યાંને ત્યાંજ આ ભૂદેવોનો ખીર—ચોરી નો કર ચુકાવવો પડયો હતો અને પછી આખરે પોતાની ગરીબી અવસ્થાને લેઇને તે મારો મિત્ર પો-

તાની માતુશ્રીના દાગીના છોડાવી ન શક્યો અને તેનીજ ચિંતામાંને ચિંતામાં સ્વર્ગવાસી થઈ ગયો. આ બનાવ કેટલો ત્રાસ દાયક છે. ? અમારી આખી સમાજ આજે આ કલ્પિત લાગા–ટેક્સોથી વિરૂદ્ધ પોકાર ઉઠાવે છે પરન્તુ તેની દાદ કોઈ સાંભળતું નથી અને પોતામાં દ્રઢ નિશ્ચય રાખવાનું મનોબળ હોતું નથી. અને કદાચ કોઇ મનોબળવાળો નીકળે તો તેને પાંસો–પટેલ અને અન્ય અંધ શ્રદ્ધાળુ કાગડાઓ પીંખી નાંખે છે. એવા ભયથી પણ આ લાગા–શત્રુને શરણે થવું પડે છે. અમારી કોમની ગરીબી હાલત થવાનું બીજા કારણો સાથે આ પણ ખાસ કારણ ગણાય ગરાસ શબ્દ કોઇ જીવતી જાગતી કોમને લાગુ પડી શકેજ નહિ. સારસ્વત શબ્દનો અર્થ વિદ્વાન થાય છે. ડૉકટરના મૂર્ખ છોકરાને કોઇ ડૉક્ટર કહેતું નથી તેમ તે મૂર્ખ પાસે કોઇ દવા લેવા જતું નથી તેવીજ રીતે વિદ્યાના વેરી વ્યક્તિઓ-પુરૂષો ને સારસ્વત કહેવાય નહિ. મનુ ભગવાને વિવાહ આઠ પ્રકારના બતાવ્યા છે તેમાંના કયા પ્રકારના અમારી જ્ઞાતિમાં વિવાહ થાય છે તે અમને સમજ પડતી નથી. આજે તો આ લગ્ન જેવી ઉત્તમ પ્રણાલીને આ નિરક્ષર નરાધમોએ લાગા—ટેકસની ધુનમાં હુંડી પાકવાનું સાધન તેજ લગ્ન ! આવી સ્થિતિ કરી મૂકી છે. જેમ વ્હેલાં લગ્ન થાય તેમ લાગા—હુંડીઓ પાકે તેવી સ્વાર્થી મતલબથી આ મહિષિના તિર્થરૂપ મહાનુભાવો ! ‘ अष्टाद् वर्षे भवेत् गौरी ’ વાળો શ્લોક બડબડી જલદીથી કન્યાનાં લગ્ન કરી આપવાં, નહિ તો નર્કમાં જવાનો ભય બતાવે છે. અને બિચારા ભોળા યજમાનો આ દંભીઓ બોલે તે ‘સત્ વચનમહારાજ’ કહી ગ્રહણ કરી લેછે ને કુમળી વયમાં પોતાની કન્યાઓને પરણાવી દે છે. અમારી બીજી કૉન્ફરસમાંપણ ‘ ગોરબાપાની હુંડી ’ ના પસંદ કરવા લાયક છે તેવો ઠરાવ થયેલો છે. હું છાપાઓ વાંચું છું તેમાં પણ ઘણા સભ્યજનો તરફથી આ લાગા—ટેકસોની વિરૂદ્ધ ધિઃકાર દર્શાવવામાં આવે છે. શ્રાવણ માસમાં “ ભગવાને આ મહિનો અમને અર્પણ કર્યો છે. ” એમ કહી લોહાણા કોમનાં ઘર ખોદી નાંખે છે.

(સાક્ષી નં. ૨.)

મ. લક્ષ્મીદાસ પ્રેમજી—હું જ્ઞાતે લોહાણો. કમીશન એજન્ટનો ધંધો કરૂંછું. વાદીઓ તથા પ્રતિવાદીને ઓળખું છું ‘**અજબરંગ** માં લખેલો ફકરો મ્હેં વાંચ્યો છે એ લખાણથી વાદીઓને કંઇ નુકસાન થયું હોય અગર કંઇ ઇજ્જતને હાની પહોંચી હોય એવું કહી શકાય નહિ. જે મનુષ્ય જેવો હોય તેને તેવો કહેવો તે નિન્દા નથી પરન્તુ यथा [illegible] दोषं कथनं

નિન્દા ગુણુને દોષના રૂપમાં બોલવા તેજ નિન્દા કહેવાય. હમણાં મ્હેં મ્હારા પુ-ત્રનાં લગ્ન સારસ્વત વગર બીજા વિદ્વાન બ્રાહ્મણુને બોલાવી વેદોક્તવિધીથી કરાવ્યાં હતાં. આ સમયે આ ભૂદેવો પણુ વગર બોલાવ્યે પહોંચ્યા હતા અને લાગાત્રાગા સારૂ અડીંગો લગાવ્યો હતો. અમારી કોમમાં અંધશ્રદ્ધાળુ અને ગરીબ વર્ગો પરજ આ લોકો બહુ જુલમ ગુજારે છે. મ્હારા કાકાના દીકરા ગામડાંમાં રહે છે તેના લગ્ન વખતે તેના સસરાએ **ખીર ચોરી** (લાગા) ની ચીઠ્ઠી લખી આપી હતી. કેટલીક મુદ્દત વીત્યા પછી તે લાગા રૂપ હુંડીના નાણાં ફરિયાદી કરીને પણુ આ ભૂદેવોએ વસુલ કીધાં હતાં. અમારી કોમના એક લેખકને આ ભૂદેવોએ માર મારવા સંકેત કર્યો હતો પરન્તુ તેમાં તેઓ નિષ્ફળ નીવડયા હતા. એક ઠેકાણે મ્હેં એક ભૂદેવને વિવાહ સમયે મોતનો મંત્ર બોલતાં જોયેલો હતો. પ્રાચીન સમયમાં બ્રા-હ્મણો પૂજનીય એટલાજ માટે હતા કે તેઓ સંસારિક સુખોને લાત મારી, વેદાદિ શાસ્ત્રોનું અધ્યયન કરી સંસારને ધર્મમય બનાવવા યત્ન કરતા હતા ! એમ શાસ્ત્રથી સિદ્ધ થાય છે. વર્ત્તમાન બ્રહ્મકુળ શોચનિય દશા છે. આ ગોરોને મ્હેં ગંધાતિ ધોતી, અસ્વચ્છ શરિર, અને પાયખાને જઈ હાથ ધોવા શિવાય હોકો પીતાં જોયા છે. એ સિવાય અનેક દુરાચારોમાં તેઓ પ્રવૃત્ત છે. છતાં 'અમેજ બધા કરતાં' શ્રેષ્ટ અને સ્વચ્છ હોવાનો દંભ કરનારા આ મહાત્માઓ ! ! ! પોતાની બુદ્ધિની પરિસિમા બતાવે છે. એક સ્થળે એક નિરાધાર ડોસીના મૃત્યુ પાછળ તેમના જામાત્ર પાસેથી રૂ. ૧ા ના લાગા સારૂ 'ભીખમાગીને આપ' એવા શબ્દો આ ક્રોધની મૂર્ત્તિઓએ ઉચ્ચાર્યા હતા. જ્યારે આ મહા પુરૂષો ! ! ! કયાંય રસોઇ કરવા જાય છે ત્યાં અને વિવાહાદિ કાર્યોમાં અનેક દેવતાઓ ! ! ! ચોરી કરતાં પકાડાયા છે. મારા એક કુટુંબીના યુવાન પુત્રનો વિદેશમાં દેહાન્ત થયો. આ દુઃખદ સમાચારનો તાર મળતાં ચોતરફ હાહાકાર ફેલાઇ ગયો. તેની સ્ત્રી છાતીફાટ રૂદન અને આક્રન્દ કરવા લાગી. બાળબચ્ચાં સર્વે વિલાપ કરવા લાગ્યાં. આખા કુંટુંબ પર અણુધારી આફત તુટી પડવાથી શોકની સીમા રહી ન-હોતી. આજુબાજુનાં સર્વ લોકો પણુ આ દુઃખી પરિવારનું દુઃખ જોઇ દુઃખનાં બે આંસુ પાડયા વિના રહેતાં નહતાં. તેવા સમયમાં ગોરજી મહા-રાજ ! દુધપાક પૂરી, અને લાડવા લપાલપ ચડાવી હોઇઆં ! હોઇઆં કરતા ! પાનસોપારીના ડુચા ભરતા ! ઉત્તમોત્તમ વસ્ત્રો પહેરતા, પાઘડી અને જોડા તેપણુ નવા લેતા ! ફર્સ્ટક્લાસ ખાટ, અને તેપર રેશમી ગાદલાં બિછાવેલી શય્યા દાનમાં લેતા, દાન મળેલી મૂદ્રિકાને જોતા હસ્તે મુખડે

બહાર આવ્યા પછી " **નહિ લાગોતો આજ પ્રમાણે છે.** એમાં એક પૈ પણ ઓછી નહિ લઇશ. " એમ કહી આવા કઠણ સંજોગમાં આગમાં ભડકો કરનાર મૂઢાત્માએ ધમસાણ મચાવી મૂક્યું હતુંઅને આ દ્રષ્ય જોનારા ત્રાહ્ય ! ત્રાહ્ય પોકારતા હતા. પરન્તુ આ પથ્થર હૃદયના પેટાર્થી તો તૂંબડું લાડવાથી તર કરી હસ્તા હતા ! અને અન્ય એવા યજમાનના મરણની રાહ જોતા રહેતા હતા. એક વિશ્વાસુ યજમાનના ઘરમાંથી એક ગોર મહારાજ કેટલાક દાગીના ઉપાડીને સાત પાંચ ગણી ગયાનું મ્હેં સાંભળ્યું છે. જેમ ગાડી ખેંચનારની પછવાડે પૈડું ચાલ્યું આવે છે તેમ ખરાબ વિચાર કે ખરાબ કાર્ય પછવાડે દુઃખ આવે છે. હમણાં કહે છે કે મહોબતપુરમાંથી એક યજમાનના ઘર પર સુતેલો ગોર રૂ. ૧૪૦ નો હાથ મારી ગચ્છંતિ કરી ગયો છે.

(સાક્ષી નં. ૩.)

મી. ગોવર્ધન શ્યામજી—હું જાતે બ્રાહ્મણ ! ભોંએ યુનિવરસિટિનો વિદ્યાર્થી છું. ચાર વર્ષ ઉપર વેકેશનની રજામાં હું મારે વતન આનંદપુર ગયો હતો. ત્યાં વાદીઓની જાતવાળા એકાદ બે મ્હારા પડોશીઓ હતા. બે ત્રણ દિવસમાં તો હું તેની સાથે હળી ગયો. તેથી તેને ઘરે બેસવા જતો. તે મહારાજને ઘેર એક વિધવા અને તેની છોકરી આવે. આ બાઇ લોહાણી હતી. એમ પૂછતાં મને ખબર પડી. પછી એક વખતે મહારાજ જરા આનંદમાં હતા. ત્યારે મ્હેં પૂછ્યું કે " બાપા ! આ વિધવા અને છોકરી શા માટે વારાફેરે અહીં આવે છે. " ત્યારે તેણે કહ્યું " ભાઇ એમાંથી કાંઇ પાકે એમ છે. તમે મુંબઇ જઇ ઇંગ્રેજી ભણીને પૈસા કમાશો. અમારી તો બધી વિદ્યા આવી રંડી કુંડીને અષ્ટ્રમપટ્રમ સમજાવીને સ્વાર્થ સિદ્ધ કરવામાંજ સમાયલી છે. "

પછી તેણે વાત કરી કે આ વિધવાની છોકરીને મુંબઇની પહેલી બાજુ મારો એક યજમાન રહે છે તેની સાથે લાકડેમાંકડું વળગાવી દેવું છે. તેમાં યજમાન તરફથી પણ સારી પ્રાપ્તિ થશે અને આ ડોશી પાસેથી પણ પડાવીશ. આ મ્હેં ખાસ અનુભવેલું છે. એક લોહાણે અમારાજ ગામમાં તેનો બાપ મુઆ પછી આ ગોરોના લાગા દેવામાં ઘરનું રાચરચીલું સહિત વ્હેંચી નાખ્યું હતું. અને પછી ચિંતામાંને ચિંતામાં ખાવાના સાંસા પડવાથી ત્રણ માસમાં મરી ગયો. સારા કામને માટે જુઠું બોલવું તેમાં પણ હું પાપ સમજું છું.

ઊલટપાલટ તપાસ—મ્હારે ને મ્હારા પાડોસી **સારસ્વતને** હજી પણ મિત્રાઇજ છે. લાઇબલવાળી બીના છપાયા પછી પણ અજ્ઞાન વર્ગોમાં તો આ **ભૂદેવોની** ખોખરી થઇ ગયેલી **લાગા**–ગાડી એમજ ચાલે છે. લાગા-ત્રાગા લઉ **સારસ્વતો** જૂઠું બોલે છે. અમે **બ્રાહ્મણ** છીએ પણ અમારા યજમાન પાસેથી ફરજીયાત દાન કરાવતા નથી. ભીખ માંગવી અને મરવું એ બન્ને બરાબર સમજીએ છીએ. એ જ્ઞાતિમાં **લગ્ન** થાય છે ત્યારે આ **ભૂદેવોના** ટોળાં વળી બહુજ વિચિત્રતા બતાવે છે તે એક વખત મ્હેં જોયું હતું. **માતેલા સાંઢની** માફક બરાડા પાડે છે. ઘોડાના જોગાણ સારૂ તો પૃથ્વીને જાણે પ્રલય કરશે તેવો દંભી દેખાવ કરી સાક્ષાત્ દૂર્વાશાની! મૂર્ત્તિ બની જાય છે.

(સાક્ષી નં. ૪)

—**કાનજીભાઇ મગનલાલ**—હું જ્ઞાતે **લોહાણો**, ગરીબ સ્થિતિનો માણસ છું, પ્રથમ **આફ્રિકામાં** ગયો હતો પણ શારિરિક **તંદુરસ્તી** બગડતાં **આફ્રિકા** છોડી **મુમ્બાપુરીમાં** **ગંજીફરાકની** ફેરી કરૂં છું. મ્હારી આગલી **સ્ત્રીની** સાથે મ્હારે અણબનાવ હોવાથી કેટલોક વખત થયા મ્હારે પુનર્લગ્ન કરવા વિચાર હતો. તે વિચાર મ્હેં **બેચાર** જણાને જણાવેલ **હતો**, થોડા માસ પહેલાં મને એક **ભૂદેવ** મળ્યો. અને એક **વસન્ત–વિલાસ હોટેલની** માલિક **યુવાન** છોકરી મને બતાવી અને મ્હારૂં લાકડે માંકડું ત્યાં વળગાળી દેવું. રૂ. **૧૦૦**) **ભૂદેવને** ઘરઘરણાની ક્રિયા કહો કે તેની મહેનત કહો તે કામ માટે આપવા ઠરાવ કીધો. ઘરઘી આવ્યો અને બીજે દહાડે ગંજીફ-રાકની ફેરી કરી ઘરે આવું તો **ન** મળે **નવલવધુ**, **કે ન મળે ઓરડીમાં સામાન**–! હું તો તુરતજ **તારદેવ** પર ગયો. ત્યાં તો બેચાર **યુવાનીયાઓને** લઇ આ **સુંદરી** બેઠી હતી. મને તો ઉલટો ધમકાવ્યો. મ્હારૂં ઘર ખવાઇ ગયું. પાસે પૈસો તો ન રહ્યો પણ ઊલટો કરજદાર થયો. અને ઊલટા રૂ. **૧૦૦**) એક સો દીધા ત્યારે છેડો છૂટયો. આવી રીતે મને એક **ભૂદેવે** ફ-સાવ્યો હતો. પ્રાચીન સમયમાં **બ્રાહ્મણો** સત્યધર્મનો પ્રચાર કરતા હતા. આજે એક પૈસાની ખાતર આવા **લાલચુ ગોરો** હજારો છળકપટ રમી પોતાના **વિશ્વાસુ યજમાનને** ફસાવી સ્વાર્થ સિદ્ધ કરે છે. અમો સમજીએ છીએ પણ વ્યવહારમાં હાની પહોંચાડશે તેવા ભયથી હાંજી હાં કરી મોં-ઢાઓમાં મેંઢું થઇ ચાલવું પડે છે. નહિ તો સૌ કોઇ સમજે છે કે તેઓના **લાગા–ટેક્સો** તદ્દન નિર્મૂળ અક્કલથી ઊલટા અને ચાલુ જમાનાને પ્રતિકૂળ

છે. પરન્તુ માનના લોભી લક્ષાધિપતિ અને વાહ વાહની ખોટી કીર્ત્તિનાં ખાં આગેવાનો પોતાના મંતવ્યથી વિરૂદ્ધ ચાલી આત્મઘાતી થાય છે ત્યારે અમારે પછવાડે ઘસડાવું પડે છે. કોઇ જો મૃતક શ્રાદ્ધનું ખંડન કરે છે તો અમારા આ ગાગરડી જેવડું પેટ ફેરવના પ્રેતો તેની વિરૂદ્ધ મહાન કોલાહલ મચાવી મૂકે છે. કેટલાક સ્વાર્થીઓને ઊટપુટાંગ બકતાં પણ લજ્યા આવતી નથી.

(સાક્ષી નં. ૫)

—મી. ઓધવજી અવિચળ—હું ગ્નાતે લોહાણો છું. જયન્તીપુરમાં રહું છું. એક વિધવા નિરાશ્રિત ડોસીના પુત્રના મૃત્યુ પરે આ ભૂદેવોએ તેઓનો કલ્પિત લાગો વસુલ કરવાને જે નઠારા પ્રકારની સતાવણી—રીબામણી કરી હતી. તે નજરેનજર જોતાં અમારા દીલ ઉશ્કેરાઇ ગયાં હતાં. અમે તેઓના ધર્મના નામે ઘુસી ગયેલા લાગા—ટેકસોને સખ્ત ધિઃકારીએ છીએ. અમારી કોમના દરેક પુરૂષો હવે થોડું થોડું સમજવા લાગ્યા છે કે આ બધો સ્વાર્થ સાધવાનો નાટક છે. પરંતુ આત્મિક બળની ખામીને લઇને ઘણાખરા મુંગે મોંઢે સહન કરે છે. હાલમાં ઘણે ઠેકાણે સદંતર આ ભૂદેવોનાં ધતીંગોને બંધજ કીધાં છે આ નામધારી બ્રામણો બહુધા ઠંડા પહોરના તડાકા હાંકનારા, ભાંગદેવીના પૂજારી, યજમાનની દીકરીઓને આંગળીના વેઢા પર ગણુનારાઓ મુખ્ય ભાગે છે. તેઓમાં પણ અંદર અંદર કુસંપ છે. તેઓની કોમમાં સાક્ષર વર્ગ કે જે વિદ્યાનો સદુપયોગ કરે છે તેઓના તરફ આ ભેંસના ભાઇઓ દ્વેષતા ધરાવે છે. તેનું ફાવે તો તેવાઓને ન્યાતબહાર પણ મૂકી દીએ. પછી "મા રાંધનારી ને દીકરી ખાનારી" તેમ એક બીજાની બડાઇનાં બણગાં ફૂંકે. અને અંધશ્રદ્ધાળુ યજમાનને વાર્ત્તાના તડાકામાં આંજી દીએ. આ ભૂદેવો અમારી કોમમાં ઘણી ઊટપુટાંગ લીલાઓ કરે છે. મી. કાનજીભાઇને પુનર્લગ્ન કરાવી આપવાની લાલચે ફસાવી પાયમાલ કરનાર ભૂદેવને હું ઓળખું છું, હું તેના ઘરઘરણામાં ગયો હતો. ક્રિયા રહિત પુનર્લગ્ન તે પુનર્લગ્ન નહિ પણ એક જાતનું નાતરૂં અને ખુલ્લા વ્યભિચાર સમાન હું સમજું છું. આ ભૂદેવો લાગા ત્રાગાના હકદાર હોવાનું કહેવરાવવા ઉપરાંત અમારી કોમના કેટલાક અજ્ઞાન, અભણ વર્ગને દોરા, ધાગા, મંત્ર, તંત્રના વ્હેમમાં નાખી પોતે કરી આપે છે ને તેમાં પણ ખૂબ સ્વાર્થ સિદ્ધ કરે છે. મ્હારે એક ભૂદેવ સાથે થોડા વખત પહેલાં સ્ત્રી કેળવણી વિષે વાત થયેલી હતી. સ્ત્રીઓની આવી અભણ અજડ દશા કરી નાખવાનો દોષ મ્હેં તેઓનાપર

મૂક્યો ત્યારે શ્રીમુખે જવાબ આપ્યો હતો જે "ભાઇ ! પુરૂષો તો કોઇ વખતે અમારા પંજામાંથી છટકી જાય. પરન્તુ જો સ્ત્રી જાતિ પણ ભણે તો તો અમારા બારજ વાગી જાય. કારણકે અમારી ઘણી ખરી પેદાશનો આધાર તે અભણ બૈરાંઓપરજ છે અને તેથીજ **સ્ત્રી શૂદ્રો ના ધિયતામ્** કલ્પિત શ્રૃતિ વાક્ય વદી યજમાનોને ઉપદેશ કરીએ કે સ્ત્રી અને શૂદ્રોને ભણવાનો અધિકાર નથી. એક ઘરમાંથી યજમાન લાગા ત્રાગા દેવામાં કંઈ હાના કરે તો તુરત અમે પેલી સ્ત્રી પાસે લટ્ટુપટ્ટુ બની જઈ અમારો સ્વાર્થ સિદ્ધ કરીએ છીએ." મ્હેં કહ્યું "વાહ મહારાજ વાહ !! યુક્તિ તો ઘણી સારી કરો છો !" મૃત્યુ લોકમાં આ ભૂમદેવોની લુચ્ચાઇ પ્રસિદ્ધ છે. સાધારણ કહેવત થઇ પડી છે કે 'સસા ન હોય કચ્ચા" ક્યારેક ક્યારેક આ ભૂદેવો યજમાનોમાં મોટી (ગપાષ્ટક) તોપ ફોડે છે! કેટલાક લોકોના ઘરમાં જઇ ખાનગી વાતોનો પત્તો કઢાવી પછી પોલિસિથી અને મંત્રબળથી બધું જાણવાની શક્તિ ધરાવીએ છીએ તેમ વ્હેમી પુરૂષોને મનાવી પોતાની શ્રેષ્ઠતા સિદ્ધ કરે છે તેઓને કોઇ વિદ્વાન માણસ સત્યશાસ્ત્ર બતાવે તો તેના તરફ નજર કરતાંજ તેઓને જાણે સૂતક લાગી જાય છે. આ દુરાગ્રહી બ્રાહ્મણો ધર્મનો ધોખો દઇ (પરલોકનો ભય બતાવી) અમારી કોમનો નાશ કરવા પ્રયત્ન કરે છે. અમારી કોમે સોળે સંસ્કારો આ વિદ્યાના વેરી મહાત્માઓ પાસેજ કરાવવા એ વાત તદન ખોટી છે, પણ હા. લગભગ સઘળા સંસ્કારો નષ્ટ પ્રાયઃ કરનાર હોય તો તે આ ભૂદેવોજ છે. કારણકે વિદ્યાથી વંચ્છિત રાખવા તેઓએ અનેક વાતો જોડી કાઢી છે અને કહે છે કે—

अनंत शास्त्रं बहुलाच विद्या अल्पश्चका लोबहू विघ्नता च ।
यत्सार भूतं तदुपासनीयंहं सोयथा क्षीर मिवां बुमध्यात ॥

'વિદ્યા તો અનંત છે અને આયુષ્ય થોડું તેમાં ભણે ક્યારે ? ને પોતાને તરવાનું ક્યારે શોધે ? માટે વિદ્યા ભણે તો કાંઇ પાર આવે નહિ ને માણસ ઉલટું ભ્રમમાં પડી જાય એવું એવું સમજાવે છે. લાગા—ત્રાગા 'પિછેસે ચલી આતી હય' એમ સમજી કેટલાક ભાઇઓ જેમ ચાલે તેમ ચલાવે છે. પરન્તુ તેથી અન્ય ગરીબ બન્ધુઓના કેવાં ઘરબાર પાયમાલ થાય છે તેઓની તેઓ મહાનુભાવો થોડીજ દરકાર રાખનારા હોય છે. દરેક કોમમાં કાળાં મેંઢા તો હોયછેજ. તો પછી અમારી કોમમાં ન હોય એ બનેજ નહિ. એક યજમાનના ઘરમાંથી એક ભૂદેવ વિશ્વાસઘાત કરી કેટલાક દાગીનાની ચોરી કરી ગયો તે વાત મ્હેં સાંભળી છે. છોકરૂં માંદું થાય

છે તો આ ભૂદેવોને ખવરાવવાની માનતા કરી છાંટા નાંખે છે આવું મ્હેં ક્યાંય સાંભળ્યું નથી. કદાચ એ ક્યાંય બને તો તે અપવાદરૂપ અને અંધશ્રદ્ધાની પરિસીમાજ અંકાય. એક મહારાજ મુસલમાનડી સાથે ઇશ્ક ખેલતા હતા તે વાત તો જાણુમાં હતી. બીજા એક મહાત્માજીને મોચણ સાથે મજા મારતાં ભાગી જવું ભારે થઇ પડયું હતું. તે મ્હેં છાપામાં વાંચ્યું હતું. આ લોકો સત્ય, ધર્મ કર્મમાં કાંઇ સમજતાજ નથી. લોહાણા કોમ તેના પર ઉપકાર કરે છે તેના બદલામાં તેઓ કૃતઘ્નતા અને નિમકહરામીપણાનો પરિચય આપી રહ્યા છે.

કોઇ સભ્ય ગૃહસ્થ તેને દક્ષિણા આપવા ના પાડે તો તેની વિરૂદ્ધ ગમે તેવી જુઠી વાતો જોડી કાઢી તેઓને હલકો બતાવવા પ્રયત્ન કરે છે. કેટલાંક ગામમાં કોઇ યજમાનનું મૃત્યુ થાય તેને અગ્યારમે બારમેદહાડે આ ભૂદેવો જમી જાય છે તે ઉપરાંત પોતાના મરી ગયેલા દાદા, પરદાદા, બહાર ગામ વસ્તી દીકરીઓ, ભાણેજાઓના નામથી પીરસ્યાં (રાંધેલું અનાજ) ઘરે લઇ જાય છે અને તે રાંધેલું અનાજ પણ ફોર્સ કરીને લીએ છે. આ સંબંધમાં હમણાં જામજોધપુરની જ્ઞાતિએ નાપસંદગી દર્શાવી પ્રતિબંધ કર્યો છે, કેટલેક ઠેકાણે આવી બાબતમાં બધાને એકસંપી વર્તણુંક કરવાને આ ભૂદેવો પ્રપંચ બુદ્ધિથી અંતરાય નાખે છે.

સ્વાર્થી અને નિઃસ્વાર્થીનાં કાર્યોમાં ઘણો ફેર હોય છે. સ્વાર્થી જ્યારે પ્રત્યેક કાર્ય પોતાના સ્વાર્થ સાધવા સારૂજ કરે છે અને તેમ કરતાં બીજાની લાભ હાની તરફ નથી જોતો ત્યારે નિઃસ્વાર્થી તેથી વિપરિત જઇ દરેક કાર્ય પરોપકારાર્થેજ કરે છે. અને તેમાં પોતાને કષ્ટ ખમવું પડે તો ઘણા આનંદથી સહન કરે છે. અને એવા બ્રાહ્મણને અમે શિરસાવંઘ કરીએ છીએ. આ તો એનો સિદ્ધાન્ત એ છે કે "જબ લગ ચલે તબ લગ સહી" અમારા ભાઈઓ ત્હેમની જાળમાંથી મુક્ત થઇ સત્યપર ચાલવા આરૂઢ થાય અને આવા સ્વાર્થીઓના પંજામાં ન ફસે એવી મહત્વાકાંક્ષાથી કેટલાક સુધારકો જ્ઞાતિના પેપરમાં ચર્ચા કરે છે પરન્તુ જોરશોરથી ઉપદેશકના અભાવે બધું ધુળપર લીંપણુ કરવા જેવું નીવડે છે. આ સારસ્વતો પોતાનો સ્વાર્થ સાધવામાં સામા ધણીની ભલાઇનો જરા પણ વિચાર કરતા નથી. પોતાનો સમય હોક્કા, ભાંગ, ગાંજો આદિ પીવામાં અને ગપાષ્ટક હાંકવામાં નષ્ટ કરે છે. અને કહે છે કેઃ—

નહિ વેદ વિદ્યા પઢનેસે કામ, ગપોડે સુનાના હમારા ધર્મ;
કહે હમતો પૈદા હુએ ખાસ મુખસે; ચ્યોંહી બ્રાહ્મણ બનજાના હમારા ધર્મ.

મ્હારા એક સ્નેહીનો પત્ર મળ્યો હતો. તેમાં તેમની ફૈઇના દીકરાનાં લગ્નની હકીકત હતી કે ક્રિયા કરાવનાર ભૂદેવે "સવાસતીના ઇંદરો વરઘસવા શુભંભવતુ" બસ! આજ ભાગ્યાતૂટ્યા શ્લોક ભરડવામાં આખા વિવાહ સંસ્કારની ઈતિશ્રી કરી હતી. ત્યારે મ્હારા મિત્રે પૂછ્યું કે "ભાઇ! આ શું કરો છો? વિવાહ પ્રતિજ્ઞા! સપ્તપદિના મંત્રો વરકન્યા પાસે બોલાવો." ત્યારે પતકોરા જેવું મોઢું ફેરવતા લાડુભટ્ટે જવાબ દીધો કે, 'ભાઇ આગળથી ચાલ્યું આવે છે; તમારે કંઇ વચમાં બોલવાનું નથી." આ ભૂદેવો બીજા ઘણા પ્રકારના કુચાલોથી અમને અધમતાની સ્થિતિએ પહોંચાડી રહ્યા છે.

પ્રતિવાદીના સાક્ષીઓ. (ચાલુ).

(દીવસ ૫ મો.)

(સાક્ષી નં. ૬.)

મ. જન્તિયલાલ જયરામ—હું સારસ્વત બ્રાહ્મણ છું. બોમ્બે યુનીવરસીટીનો સંસ્કૃતનો પ્રોફેસર છું. મને કોઇ યજમાન સંસ્કારો કરાવવા નિમંત્રણ કરે તો હું વેદોક્તવિધિ અનુસાર કરાવું છું. પરન્તુ દક્ષિણા યજમાનની યથાશક્તિ આપે તેમાં હું ઝાઝું થોડું કરતો નથી. ભીખ માગીને લેવું તેના જેવું નીચમાં નીચ કૃત્ય બીજું કંઇ નથી. આ કેસના બારામાં પ્રથમ વિચાર ચલાવવા માટે અમારા ભાઇઓની મૃત્યુલોકમાં એક સભા મળી હતી તેમાં અમારા જેવાઓને માટે જવાની મના હતી પરન્તુ અમારો એક મયાશંકર કરીને બન્ધુ ગયો હતો તેને અપમાન કરી બહાર કાઢવામાં આવ્યો હતો તેમ મ્હેં સાંભળ્યું છે. દાનનો આધાર યજમાનની યથાશક્તિ પર હોવો જોઇએ. દાનગૃહિતા સુપાત્ર હોવો જોઇએ. કુપાત્રે દાન દીધાથી દાત્તા તેમજ ગૃહિતા બન્ને દોષભાગી થાય છે. એ બાબતમાં અમારાજ "શંકર" સાક્ષર કહે છે કે—

ધનાશ્રી.

પાત્રે આપો દાન સજ્જન ગણુ, પાત્રે આપો દાન;
ક્ષેત્રે વાવો ધાન કૃષિ પ્રવિણુ, ક્ષેત્રે વાવો ધાન. સજ્જન૦

ઉખર ભૂમિમાં બી નાખ્યાથી, થાશે ઊલટી હાણ;
કુપાત્રે ત્યમ દાન નિષ્ફળ, કહે મનુ ભગવાન. સજ્જન૦
વૃથા આહુતિ અગ્નિ વિનાની, કાષ્ટ—યજ્ઞની માંય;
ત્યમ અણુપઢ અનૃચ બ્રાહ્મણને, વૃથા આપવું દાન. સજ્જન૦

લીંખ જુઓને શીરમાં વધવા, પાવું તેલનું પાન;
તેમ હરામી આળસુ અજ્ઞને, દેવા શ્રી સમાન. સજ્જન૦
પ્લેગ તણા જંતુ પોષાયે, હણે જનોના પ્રાણ;
ભીખ પ્લેગના માંગણ જન્તુ, હણે સ્વદેશના જાણ. સજ્જન૦

અનુપકારીને નહિ દ્યો, દ્યો જોઇ કાળ પાત્રને સ્થાન;
તેને સાત્વિક દાન ગણ્યું છે કૃષ્ણે ગાઇ ગાન. સજ્જન૦
જે મૂળનાં સિંચનથી ફાલે, પુષ્પ ફળોને પાન;
તેજ મૂળને સીંચે ડાહ્યા, જેથી ફેલે મહાન. સજ્જન૦

ગુરૂકુળ જમીને બ્રહ્મવેદનો, ફુટયો અંકુર પ્રાણ.
તે પર વર્ષાવો અમીધારા, જોશો ફળ કલ્યાણ. સજ્જન૦

લોહાણા કોમપર જે લાગા—ત્રાગા હોવાનો અમારા પેટાર્થી ભાઇઓ દાવો કરે છે તે તદન અક્કલથી ઊલટુંજ જણાઇ આવે છે. લોહાણા જેવી જીવતી જાગતી કોમને અમારા નિરક્ષર નરો 'ગરાસ' શબ્દથી સંબોધતા હોય તો હું તેમ કહેનારાઓને મોભાગ્ર બુદ્ધિનાજ સમજું. લોહાણા કોમપર અમારા લાગા કેમ ઘુસી ગયા તે બાબતમાં હું એટલુંજ કહીશ કે પ્રથમ તો લોહાણાઓની દયાપર અને મરજીપરજ આ દક્ષિણા આપવાની વાત હોવી જોઇએ. ત્યારપછી કંઇક દેખાદેખીથી કંઇક ગરજીયાત અને એકથી એકને સરસ બની દેખાડવાની ખોટી મહત્વાકાંક્ષા કે જે લોહાણા કોમમાં કંઇક ગુણુજ રહેલો છે. તેવીજ રીતે ઉત્તરોત્તર આવું ફરજીયાત રૂપ પકડી આખરે લાગા—દાદોના નામ તરીકે ઓળખાયા હોય તો તે સંભવિત લાગે છે. તત્પશ્ચાત્ પ્રજામાં એટલું અજ્ઞાન પ્રસર્યું કે પોતે કોણ છે તેનું પણ ભાન ન રહ્યું. તે સમયનો આ ભૂદેવોને બરાબર લાભ મળતાં પૂર્ણ રીતે અંધશ્રદ્ધાળુ યજમાનોને જકડી લીધા હોય. જેમકે એકવાર એક ભદ્રંભદ્રના ગામમાં એક સોદાગર હાથી લઇ આવ્યો. તેને જોઇ ગ્રામ્યનિવાસી લોકો ચકિત થઇ ગયા અને ભદ્રંભદ્ર મહારાજને પૂછવા લાગ્યા કે કહો મહારાજ! આ શું છે? ભદ્રંભદ્ર મહારાજે ઉત્તર આપ્યો કેઃ—

ભદ્રંભદ્ર તો ચેતીઆ, અવર ન ચેત્યું કોય;
રાત એકઠી આ થઇ કે મેસ તણો ઢગ હોય.

(કાંતો રાત ભેળી થઇ છે ને કાંતો મેસનો ઢગલો છે) હા! મહારાજ ખરૂં છે બસ એજ પ્રમાણે આ **લાગા**–ટેક્સનાં લાકડાં પરજ્યાત ઘુસી ગયાં. બાકી **લાગા**–ટેક્સ તે—

સાસુ કુંવારી વહુ ગાર્ભણી નણદતણી ગઈ શુદ્ધ;
જોનારી સુતને જણે, વાંઝણી પાય છે દૂધ.

તેવા **જાફરજટલીના** કિસ્સા જેવાજ કલ્પિત છે. સર્વ **લોહાણા** કોમ એકસંપ થઈ આવા ધર્મને નામે **લાગા**–ટેક્સ ન આપવાનો ઠરાવ કરે તો એની મેળે બંધ થાય. અમારી **કોમનો** મોટો ભાગ આવા પરાશ્રયી જીવનમાં આનંદ માની **રાંકડી કોમપર** ભારરૂપ બને છે એમ હું માનું છું. વળી ખુદ **લોહાણા** કોમમાં પણ કેટલાક ખુશામતના ખાં; ભેંસના ભાઇઓ, જ્ઞાતિદ્રોહીઓ પડેલા છે કે પોતાને હાથેજ પોતાના જાતભાઇઓની ગરદનપર **લાગા**–ટેક્સોરૂપી તીણી ધારની છરી મૂકી પોતાની મોટાઇ દેખાડવા અને કીર્ત્તિ ખાટવા ખોટાં આચરણ કરે છે. લોહાણા કોમના કેટલાક લેખકોપર આ લાગા–લંપટો આંખ રાખી તેનાં ખોટાં સાચા છિદ્રો શોધી ઊતારી પાડવા અવનવી અફવાઓ ઊડાડે છે. તેમ ખુદ અમારી કોમમાં પણ **નિઃસ્વાર્થી સાક્ષરો** પ્રત્યે આ લોકો દ્વેષતા ધરાવે છે. હમણાં કચ્છમાં 'હુશેની' **સભા** મળી હતી તેમાં અમારા એક બન્ધુને જ્ઞાતિથી બહિષ્કાર કરવાના ઠરાવપર આવી ચૂક્યા હતા. છાપામાં આવતી **સા**·સ્વતો વિષેની ચર્ચા હું વાંચું છું અને તે વાંચતાં મને આનંદ થાય છે, કારણકે મને તે કૃત્રિમ લાગા–ત્રાગા લેવાનો હરામ ચસરકો લાગ્યો નથી.

લેખકો ફક્ત આવા ધર્મને નામે **લાગા**–કરો જેવાં નિરર્થક ઘુમી ગયેલાં લાકડાંઓ **પ્રત્યેજ** તિરસ્કાર બતાવે છે અને આ નિરક્ષર **બ્રહ્મ** રાક્ષસોને ખરૂં **બ્રાહ્મણત્વ** મેળવવા માટે લખે છે તે ઉભયપક્ષનું હિત ઇચ્છી ઉપકારનું કાર્ય કરે છે એમ હું માનું છું. '**અન્જબરંગ**'ના હેડીંગમાંનું લખાણ મ્હેં વાંચ્યું છે. એવા લખાણથી આ નિરક્ષર **નામાચાર્યો**ની કંઇ ઇજ્જત ગઇ હોય એવું હું માનતો નથી ઘણા **લોહાણા** સદ્દગૃહસ્થો મારા મિત્રો છે તેઓ મ્હારી સાથે ઘણુંજ પ્રીતિપૂર્વક વર્ત્તન રાખે છે. હું **પણ** તેમના પ્રત્યે પૂર્ણ માન ધરાવું છું. **સારસ્વત શબ્દ**નો અર્થ " વિદ્યાથી વિભુષીત વિદ્વાન" થાય છે.

કોઇ પણ અમુક સમૂહે પોતાના ધાર્મિક સંસ્કારો અમુક વ્યક્તિઓ પાસેજ કરાવવા; પછી ભલે તેનામાં યોગ્યતા ન હોય ! યા કાળા અક્ષરને કૂટી મારનારા ન કેમ હોય ! એવું કોઇ પણ શાસ્ત્રનું સિદ્ધાન્ત મ્હેં જોયું નથી. જડ વસ્તુનો પણ એક માણસ એવો Monopoly ઇજારો લઇ શકતો નથી તો મનુષ્ય જેવી ઈશ્વરની સર્વોત્કૃષ્ટ કૃત્તિપર આવો હકક મનાવવા જવો એ એક રદ્દી કૃતઘ્નતાનો નમુનોજ કહેવાય. ઘણા અમારા લોકોને વિના શ્રમે મફતના માલમલીદા ઉડાવવા મલવાથી તેઓ ગાંજો; ભાંગ ચરસાદિ માદક પદાર્થોના વ્યસની થઇ ગયા છે. હું પ્રેતભોજન કરતો નથી. ઘણા સારસ્વતો ગાયત્રીને 'ગાવત્રી' કહે છે અને કેટલાક લાડુ સારૂ આપસ આપસમાં યજમાનને ઘરેજ મારામારીઓ કરે છે. બ્રાહ્મણને બદલે 'બાંભણ' યા 'બામણ' કહે છે અને તે તેઓજ ઉપનામને યોગ્ય છે.

લોહાણા કોમના પૈસાનો જેટલા આવા પાપીષ્ટોને પોષવામાં લાગા–ફરો–આપવામાં વ્યર્થ વ્યય થાય છે. તેજ પૈસા જો સન્માર્ગે જાય તો તેથી તે જ્ઞાતિનો જલદીથી અભ્યુદય થઇ શકે એમ માનું છું. ધર્મ શાસ્ત્રાનુસાર યદિ બ્રાહ્મણોને આપવામાં પુણ્ય માનીએ તો પહેલાં ધર્મશાસ્ત્રો જેને બ્રાહ્મણો ગણે છે તેને સમજી ખરેખરા બ્રાહ્મણને દાન આપવાની ચેષ્ટા કરવી જોઇએ. કદી એવા બ્રાહ્મણ ન મળી શકે તો જ્યાં દાન આપવાથી જ્ઞાતિનું, દેશનું કલ્યાણ થતું હોય એવા સ્થળે દાન આપવું. ગરીબ અને વિદ્યાર્થીઓને સ્વખર્ચથી વિદ્યાદાન આપવું. અનાથોનું પાલન કરવું. રોગીઓની સુશ્રુષા કરવી. ગાયો અને અન્ય પ્રાણીઓ જેઓ પોતાનું દુખ નથી જણાવી શકતાં તેઓને અન્ન ઘાસ આપી દુષ્ટ કાળના પંજામાંથી બચાવવાં એજ ખરૂં દાન છે. પરન્તુ જો આવા સંડમુસંડોને આપે તો ધાર્મિક અને લૌકિક બન્ને રીતે મહા અનર્થ કરે છે હું પોતે અજબ થાઉં છું કે લોહાણા જેવી ક્ષત્રિય કોમે પોતાનાં સંસારિક કાર્યોની સર્વ લગામ આ નિરક્ષર નમુના ભૂદેવોને આધીન કેમ કરી દીધી હશે ? અને જો એમ કીધું તો તેનું પરિણામ આજે શું આવ્યું છે, અને હજી પણ નહિ ચેતે તો શું આવશે તે તો ભવિષ્યના ગર્ભમાં છે. નામદાર મહારાજા શ્રીમંત ગાયકવાડ સરકારે હાલમાં કાયદો ઘડયો છે કે પરિક્ષામાં પાસ થયેલો બ્રાહ્મણ હોય તેજ ધાર્મિક ક્રિયાઓ કરાવી શકે. અને તે બહુ ઇચ્છવા યોગ્ય છે. લોહાણા કોમને આ નિરક્ષરાચાર્યો 'બોડી બામણીના ખેતર' જેવી સમજે છે અને કેટલેક વખતે તો ધૃષ્ટતાની પરાકાષ્ટા બતાવે છે. મહાભારતના યુદ્ધ પછી મધ્ય કાળની અજ્ઞાનાવસ્થામાં કેટલાક નઠારા અને નહિ ઇચ્છવા યોગ્ય રિવાજો ઘણી સમાજોમાં દાખલ થઇ ગયા છે.

ખાંધે ખડીઓ લઇને ભટકતા **ભમતા સ્વાર્થી લાડુભટ્ટો** બ્રાહ્મણોને **अष्टवर्षे भवेत् गौरी**, વાળો શ્લોક ભૂલાવી દેવા માટે ચાંપતા ઉપાયો લેવામાં ન આવે ત્યાં સુધી **શારીરિક**, માનસિક, અને **અધોગતિના** ખાડામાં ફેંકનાર **બાળલગ્ન** જેવા દુષ્ટ અને ઘાતકી રિવાજો નાબુદ થાય એ બનવા જોગ દીસતું નથી. આર્યાવર્ત્તને એક વખત ઉન્નત દશાએ લઈ જનારા બ્રહ્મપુત્રો આજે તેજ દેશના **નઠારા સંસારિક** તેમજ ધાર્મિક રિવાજોને પાળવામાં અને પોષવામાં જે બુદ્ધિહીણપણું બતાવે છે તે ખરેખર અફસોસ કરવા જેવું છે.

શ્રાવણ માસનો મહિમા કંઇક એવાજ કારણથી લાગે છે કે આ સમયે વર્ષાઋતુ લગભગ પૂર્ણ થવા આવે છે. **પૃથ્વીએ** જાણે લીલાં વસ્ત્ર પરિધાન કર્યા હોયને! તેવું ચોમેર લીલું દેખાય છે. **શ્રૃષ્ટી** સૌંદર્યતા કંઇક અનુપમ દેખાય છે. નવાં અનાજ તૈયાર થવાની અણી પર હોય છે. આ સમયે પૂર્ણિમાને દીને યજ્ઞ કરી પ્રાચીન સમયમાં **સન્યાસીઓ** પુનઃ ભ્રમણ કરવા નીકળી પડતા હતા નવા બ્રહ્મચારીઓ ઉપવિત ધારણ કરી દ્વિજ બની ગુરૂકુળમાં ગુરૂ પાસે વિદ્યા ભણવા જતા હતા, આજે તો **સર્પ** ગયા ને લીસોટા રહ્યા. તેમ ઉપનયન સંસ્કારનું પણ નાટક ભજવવામાં આવે છે અને **શ્રાવણ** માસને એક પૈસાના સુતરની **૧૦૦** જનોઇઓ બનાવી એક એકના **૧૦૦** ગણા પૈસા કરવાનો સાધન ગણ્યો છે. એવી વર્ત્તમાન દશા ઘણીજ શોકજનક છે.

બસ એજ પ્રમાણે આ ભૂદેવો પણ એજ વાત લઇ બેઠા છે કે તમારૂં જોઇએ તો સત્યાનાશ જાઓ પણ અમને તનમન ધન અર્પીને ટકા આપતા જાઓ. અરે! વિરક્ષત્રિઓ! તમે કયાં ગયા? અરે સૂરવીરો! હવે જાગો! જાગો! કેટલાંક વર્ષ સુધી ઊંઘ કાઢશો. વળી તમારે તો એટલું બધું પરાક્રમ કે કંઇ મોટી પીડા પણ કરવાની નથી. નવગજના નમસ્કાર માત્ર કરવાના છે. તમે ધર્મને નામે ભૂલા પડતા હોતો ધર્મ શું ચીજ છે તેનો તપાસ કરો. અને લાગા–ટેકસોને નામે ઠગાઇ કરી લોહી પીનારા **શખ્સોને** પાણીચું તરત પકડાવી દીઓ. અરે! તમારી મૂર્ખાઇનો લાભ લઇને કેવી વર્તણુક કરે છે તે જુઓ!

(સાક્ષી નં. ૭)

મ. ડોસા દામજી—હું જ્ઞાતે **લોહાણો**. બીડી વારવાનો ધંધો કરૂં છુ. મ્હારી **સ્રીને** ભોળવી એક **સારસ્વત** કેટલાક પૈસા પડાવી ગયો હતો

અમારા ગોરો દીકરીની લગ્નમાં મુખ્ય ખીરચોરીનો લાગો લે છે. ઉપરાંત દેવતાઓને નામે ટકા લે છે. પણ કાંઇ દેવતાઓ લેવા આવતા હોય એમ અમે નજરે જોઇ શકતા નથી. કહે છે કે એક સારસ્વત આફ્રિકામાં એક લોહાણાને છરી મારવાને તૈયાર થઇ ગયો હતો. લાગા–દાદો પુરાતન વખતના હોવા જોઇએ નહિ. કારણકે અમારા પ્રાચીન વડીલોએ બીજી કેટલીક બાબતમાં બહુજ બારીક દ્રષ્ટીથી વિચાર કરેલા છે તે પરથી જાણવાને કારણ મળે છે.

દાન દેવામાં આજકાલ અમારી કોમમાં ઘણી અજ્ઞાનતા પ્રચલિત છે. એક તરફ ચાર પાંચ દિવસનો ભૂખ્યો ભિખારી રોટલીના ટૂકડા માટે ટળવળતો અને કાલાવાલા કરતો દ્વાર આગળ ઊભો હોય તેને ટૂકડો ન આપતાં આવા નામધારી બ્રાહ્મણોને અમારા ભાઇઓ ખવરાવે છે. આ બ્રાહ્મણોને લાડવા કેવા વ્હાલા છે તેનું એક પ્રસિદ્ધ દ્રષ્ટાન્ત છે કેઃ—એક મામો ને ભાણેજ બન્ને સાથે રહેતા હતા. ક્યાંકથી પાંચ લાડુ મળ્યા. બન્નેમાં ભાગ કેમ પાડવા ? મામો કહે “ મારા ત્રણ ને તારા બે ” આખરે નિર્ણય એ થયો કે જે પ્રથમ બોલે તેના બે. તે બન્ને જણ ત્યાંસુધી ન બોલ્યા કે જ્યાં સુધી સ્મશાનમાં ચિત્તા ખડકી બળી જવાનો પ્રસંગ આવ્યો. જ્યારે યજમાનો તે બન્નેને મરી ગયેલા સમજી અગ્નિ મૂકવા જતા હતા ત્યારે ભાણેજે જાણ્યું કે હવે તો મરી જઇશ. ત્યારે ભાણેજે કહ્યું કે, “ ઊઠ મામા ! બે મારા ને ત્રણ તારા. ” ઊભા થયા કે પેલા સ્મશાને આવનારાઓએ જાણ્યું કે–ભૂત થયું ! તેથી ભાગ્યા. આ પ્રમાણે પણ આખરે મામે ટેક છોડી નહિ.

(સાક્ષી નં. ૮.)

રતન ડોસી—પૂર્વે લોહાણા જ્ઞાતિમાં મ્હારો જન્મ હતો. પ્રારબ્ધ બળે ગરિબીમાં સપડાતાં જ્ઞાતિની દયા પર મ્હારો નિભાવ રહ્યો. મ્હારો એક પુત્ર હતો તે પણ અપંગ જેવો હતો. ટુંક સમયમાં મ્હારે કમનસીબે તે પણ સ્વર્ગવાસી થયો અને મારી ઘરડી આંખે એ દુઃખ જોવાનું બાકી રહ્યું હતું. આવી નિરાધાર હાલતમાં આવા યુવાન પુત્ર મૃત્યુના દુઃખમાં પણ મને અમારા ગોરોએ અશ્રુપાત કરાવ્યામાં બાકી રાખી નહિ હતી. આપ બ્રહ્માંડેશ્વરની પ્રેરણાથી મને જ્ઞાન થયું છે કે–મ્હારા આત્માની સ્થિત્યાંતર થયા પછી પણ રૂ. ૧૧ ના લાગા ખાતર મ્હારા જમાઇને આ નરાધમોએ આકાશ પાતાળ એક કરાવી નાખ્યાં હતા, શ્રાદ્ધ

જીવિત પિતૃનુંજ કરવું શ્રેષ્ઠ છે. ઘણાં કુટુંબોની જીંદગીનું આ નફ્ટ નત્રાઓના લાગા-ટેક્સોની ધુંસરી નીચે કચડાતાં રગડાતાંજ પૂર્ણવિરામ વરી જાય છે. મ્હારા પછવાડે આ લાગા-ત્રાગા લઉ લબાડોએ જો ખરેખર શોર-બકોર મચાવ્યો હોય તો મ્હારૂં અંતઃકરણ કહે છે કે હવે તેઓનું આવી બન્યું છે. આ નિરક્ષર ભૂદેવોએ લોહાણા કોમને સત્ય રસ્તા પરથી ઊતારી વિદ્યા વગેરે સદ્‌ગુણોને નસાડી દીધા. નાના પ્રકારનાં જ્ઞાનો મૂકાવી પોતામાં શ્રદ્ધાળુ બનાવી બળ, પરાક્રમ, કૌશલ્યતાને પૂળો મૂકી સળગાવી દીધા, અને કુસંપ વધારી સમાજની-દેશની સ્થિતિ ધુળધાણી કરી નાખી તેથી લોકો વેરાગી, બાયલા, કમજોર, નિરૂદ્યોગી દ્વેષી અને બાયડી પર બળ અજમાવનારા બની ગયા. અને આ ભૂદેવો નારાયણ સરોવરના કેટલાક પાખંડી બ્રાહ્મણો પ્રમાણે કરવા લાગ્યા. અને હજી પણ કરે જાય છે....

પાયપિંડ લાયલિંડ ટકો હિતધર,
કરધૂપ વિંઝેઇ રૂપ ટકો હિતધર;
કર વાસ થીયે નાશ ટકો હિતધર,
દે ટુંબી વિઝેં ડુબી ટકો હિતધર.

એનો અર્થ આ થાય છે કે પિંડ મૂકતે તારા હાથમાં જોઇએ તો કુતરાનું લિંડુ (વિષ્ટા) આવે તો પણ અમારો ટકો આંહી મૂક. પિતૃને ધુપકરને જોઇએ તો તારૂં રૂપ જાય પણ અમારો ટકો આંહીં મૂક. પિંડને અંતર વાસ કરને જોઇએ તો તારો નાશ થાય, પણ અમારો ટકો આંહી મૂક. અને છેલ્લે તું તળાવમાં ડૂબકી માર ને તારા રામ બોલો ભાઇ રામ થઇ જાય તો પણ અમારો ટકો આંહી મૂક.

તેને માટે તો વાત કરી આ નિરક્ષર નફ્ટાચાર્યો મગરૂરી લે છે.

(સાક્ષી નં. ૯.)

પ્રાગજીભાઇ હરજી—હું જ્ઞાતે કચ્છી લોહાણો છું, ઘણાં વર્ષથી મુંબઇમાં રહું છું. ફરિયાદી ભૂદેવો-સારસ્વતોને હું ઓળખું છું. મ્હારા ઉપર તેમાંના એકે એવો વિશ્વાસઘાત કરી મને પાયમાલ કર્યો છે કે જે યાદ આવતાં મને અશ્રુપાત થાય છે. ૧૦ વર્ષ પહેલાં મારી પ્રથમની સ્ત્રીનો સ્વર્ગવાસ થતાં મને એક ભૂદેવ-ગોર મહારાજ મળ્યો, તેનું નામ નાનજી અને પોતાને પોરબંદરનો રહેવાસી કહેવરાતો હતો. એક નીચ રાંડ એક પુત્રવાળી દેખીતી કાંઇક સ્વરૂપવાન હતી. તે " વિધવા છે અને

દરેક રીતે યોગ્ય છે." વિગેરે વિગેરે કહી મને તે ભૂદેવે વાક્‌પટુતાથી આંજી નાખ્યો. રૂ. ૧૫૦) ભૂદેવ મહારાજે દલાલીના લીધા. અને બે ત્રણ દિવસમાં તે વિધવા સાથે વાલકેશ્વરમાં માથાં ભેળવી દીધાં. ખરેખરી રીતે તો આ પુનરલગ્ન નહિ પણ ક્રિયા રહિતનું નાતરૂં કહેવાય.—આ માથાં ભેળવવાનો પરણ્યા કરતાં અડધો 'કર' લીધો. ભૂદેવ મહારાજ પર મ્હેં વિશ્વાસ રાખ્યો અને મ્હારી નવલ વધુને ઘરે લાવ્યો. પેલો ભૂદેવ અને આ નવલ વધુ કંઇક અગાઉથીજ મળેલાં હતાં. એવું પાછળથી મને જાણ થયું. હું ગરીબ માણસ અને મારી પ્રથમની સ્ત્રી ઉપર રૂ. ૧૫૦૦ નો દાગીનો તથા રૂ. ૨૦૦) ના કપડાં તેજ મારી મૂડી અને તેજ મારી મિલ્કત હતી. તે મ્હેં આ મારી નવલ વધુને પહેરાવ્યાં. ત્રણ દિવસ ઘરમાં રહ્યાં અને ચોથે દિવસે કહે કે મારે મારી ફોઇને ત્યાં 'નાગપૂજન'* કરવા જવું છે.

* કોઈ સ્થળે શ્રાવણ શુદ ૫ કોઇ સ્થળે શ્રાવણ વદ ૫ ને દિને છાણનો એક મોટો નાગ અને નીચે છાણનાં કુંડાળા જેવું કરી તેમાં નાગનાં ૭ બચ્ચાંઓ છાણનાં બનાવે છે અને પછી તે કરેલાં કુંડાળામાં બૈરાંઓ દૂધ નાખે છે એટલે કે નાગનાં બચ્ચાંઓને પાય છે. અને તે ઉપરે કેટલીક કલ્પિત ડોશી વાર્તાઓ જોડી કાઢી છે. કોઇ સુધરેલા દેશના લોકો આ સમયનું દૃષ્ય જુએ !! તો શું અનુમાન કરે ? તે વાંચક બન્ધુઓને વિચારવાનું છે. અહાહા ? અજ્ઞાનતાની અવધિજ !! આ સર્પની પૂજાનો ઉલ્લેખ કોઇ પણ આધુનિક ગ્રંથમાં હોય એવું અમારા જાણવામાં નથી. તો આ પૂજા કેમ થાય છે ? એ પ્રશ્નના ઉત્તરમાં અમારી માન્યતા પ્રમાણે પાડવો—ચક્રવર્ત્તિ મહારાજા હતા. તેમાં અર્જુન પાતાલ—અમેરિકા દેશના નાગ જાતિના ક્ષત્રિય રાજાની કન્યા ઉલપીને પરણ્યા હતા. પાંડવોના અશ્વમેધ યજ્ઞ વખતે યા અન્ય સમયે આ નાગ ક્ષત્રિય રાજા આર્યાવર્ત્તમાં આવ્યા હોય તો જેમ હમણા આપણા માનવંતા મહારાજા પંચમ્ જ્યોર્જ ફ્રાન્સમાં ગયા હતા અને ફ્રાન્સની પ્રજાએ તેનો સારો સત્કાર-(પૂજા) કર્યો હતો તેવીજ રીતે અર્જુન મહારાજાના સસરા જાણી આર્યાવર્ત્ત નિવાસીઓ તે નાગ જાતિના ક્ષત્રિય રાજાનોનો પૂર્ણ પ્રેમભાવથી સત્કાર કર્યો હોય તે તદન બનવાજોગ છે. પછી તેમાંથી પેલા નાગ ક્ષત્રિયને બદલે કાળબળે આ નાગ સર્પની પૂજા કરવાનું લાકડું યેનકેન પ્રકારેણ ટકા પ્રાપ્ત કરવા માટે આ લાડુભટ્ટોએ અજ્ઞાન પ્રજામાં ઠોકી બેસાડયું હોય તો તે સંભવિત લાગે છે. આવી બાબતોમાં પણ ગોર મહારાજનું તો લાકડું ખરૂંજ હો !!! લેખકના ગામનો **કાણો જોશી!** આવી બાબતોમાં બહુજ કુશળ છે. **કર્ત્તા.**

હું તો સીધોસાદો નિષ્કપટી માણસ તેથી તેને કહ્યું ભલે જજે. તે કપડાં દાગીના પહેરી નાગપૂજન કરવા ગઈ તે ગઈજ. અને મને હમેશની હોળીમાં નાખતી ગઇ. નાનજી ગોરને મળ્યો અને કહ્યું આ શું ? ત્યારે ગોરે રોકડું પરખાવી દીધું કેઃ—"ગોર પરણાવી દીએ પણ તારૂં ઘર હલાવી દીએ?" છાનોમાનો બેસી રહ્યો. આજ દિવસ સુધી દરિદ્રતામાં અને માનસિક ચિન્તામાં આયુષ્ય વ્યતિત કરૂં છું. પ્રભુ ! અમારા પર કૃપા કરો, આ દુષ્ટ વિશ્વાસઘાતી સ્વાર્થાન્ધોના છળ કપટથી અમને બચાવો.

(વધુમાં મી. સત્યજીતે પૂછ્યું કે કોઇએક ગોર મહારાજે એક બૈરી સાથે કંઇક કામસર ખીજડીયે મળવાનો સંકેત કરેલ તે ભૂલી જતાં યજમાનની કન્યા પરણાવવા આવ્યા અને પછી તે બૈરી ત્યાં આવીને પેલા ગોરને ચેતાવવા બીજાં બૈરાંઓ સાથે રાગડો તાણી ગીત ગાવા લાગી કે "ગોર હું તો ખીજડીએ જઇ આવીરે" ત્યારે ગોર મહારાજ ચેત્યા અને પેલું અગડંબગડં ગાડું ચલાવતાં તેણીની સમસ્યાનો જવાબ આપ્યો કેઃ- **આવતાં ન જાણી જાતાં ન જાણી સ્વાહાની મ્હેંકાણ મંડાણી, હતી ત્યાં જા સ્વા...........હા ! સમર્પયામી !** " આ વાત તમે સાંભળી છે ?)

સાક્ષીએ જવાબ આપ્યો કેઃ—સાહેબ આ મને પાયમાલ કર્યા પછી મ્હેં એવી ઘણી તે નષ્ટાચાર્યોની વાતો સાંભળી છે. પણ આપ પૂછો છો તે વાત ખરી હોય કે ખોટી તેની મને ખબર નથી અમારા કચ્છ પ્રદેશમાં આ સારસ્વતો બહુજ ઉદ્ધતપણે ગાડું ચલાવે છે. કહે છે કે યજમાનોની વિધવાઓને દુરાચાર કરવા જેવા પાપમાર્ગમાં સ્વાર્થને ખાતર પ્રેરે છે અને કવચિત તેવીઓની સાથે દુરાચાર કરે છે. સગપણમાં બન્ને પક્ષ તરફથી દલાલી લઇ લાકડે માકડું વળગાળી દેવું તે તો જાણે તેનું કામ હોય તેમ કહેવાય છે. કોઇના વારસ મરી જાય તો તેની મીલ્કતમાંથી $\frac{1}{10}$ ભાગ લેવાનો દાવો કરવો અને ન આપે તો તેની ઉત્તરક્રિયામાં વિઘ્ન પાડવું, બારસ અટકાવવી અને ગોલોકના ઇજારદારો ગોલોક વૈકુંઠના બારણાં !!! બંધ કરી દે છે તેમ કહેવાય છે. યજમાનો સાથે સ્વાર્થ માટે કલહ કરવો. તેના કામમાં હરકત કર્તા થઇ પડવું એતો તેઓ બ્રહ્મરાક્ષસોનું કર્ત્તવ્ય ! મનાય છે.

સાક્ષી નં. ૧૦.

મ. વિઠ્ઠલદાસ હીરજી ઓઘાણી—હું ગ્નાતે લોહાણો. વાદીઓ

તથા પ્રતિવાદીને ઓળખું છું. વાદીઓ અમારી કોમના અજ્ઞાન વર્ગોમાં જે જુલમ કરે છે તે અવર્ણનીય છે. હું વિક્રમ સંવત્ ૧૯૫૬ ની સાલ માં બારાડી પ્રાન્તમાં માલેતા ગામે કામસર ગયો હતો. ત્યાં એક લોહાણો પોતાને પછવાડે ત્રણ બાળકો એક ડોશી તથા એક વિધવા મૂકી મૃત્યુ પામ્યો હતો. ઘરમાં બહુજ ગરીબી અવસ્થા હતી. મરનારના બારમાને દિવસે આ ભૂદેવોનું ટોળું ત્યાં આવી ચડયું. મનાવેલ શિષ્ટાચાર પ્રમાણે પેલી ડોશી તથા વિધવા બાઇએ તેઓનો સત્કાર કીધો. જમવા વખતે પાખંડી ભૂદેવો રાતા પીળા થઈ ગયા અને કહેવા લાગ્યા કે 'અમારૂં નામું આટલું આપો તોજ જમવા બેસીએ. આટલી રકમ માથાદીઠ અમે લઇશુંજ.' કહી ભોળી યજમાનડીઓને ડરાવવા (દેખાવમાં) લાંઘણ કરવા બેઠા અને મરનારને નર્કમાં મોકલાવવા જાપ જપવા બેઠા. ગરીબ બિ-ચારી ડોશી તથા વિધવા બાઇનાં હૃદયમાં આ દ્રષ્યથી કેટલો સંતાપ થયો હશે તે શબ્દોમાં કહેવું મ્હારા જેવાથી મુસ્કેલ છે. આખરે ઇલાજ ન ચાલતાં ગમે તેવાં ઉંધા ચત્તાં કરી આ બ્રહ્મરાક્ષસોની કૃત્તિમ ધારણાઓ પુરી પાડી ત્યારે પ્રેત ભોજન પર બરાબર આ ભૂદેવોએ હાથ માર્યો .. આવા અનાચાર પ્રવર્તાવનાર પાખંડીઓની હવે અમારી કોમને આવશ્યકતા નથી. તત્પશ્ચાત્ ડોશીનું મરણ થતાં પણ તે વિધવા બાઈના બહુજ ભુંડા હાલ કીધા હતા. પ્રતિવાદી અમારી કોમનો સુધારક છે તેમ હું માનું છું.

આ પછી વાદીઓના પ્રતિનિધીઓને બચાવમાં જે કંઇ બોલવું હોય તે બોલવા પૂરતી છૂટ આપવામાં આવી હતી. પરન્તુ તેઓ ભૂદેવો-એ વધુ કંઇ બોલવા ના પાડતાં એટલુંજ જણાવ્યું જે "અમારે જે કંઇ બોલવાનું હતું તે બધું લિખિત સ્ટેટમેન્ટમાં જણાવેલ છે. અમારા સાક્ષી-ઓ આબરૂદાર ગામડાના પટેલો છે અને તેઓને કોઇ પણ પ્રકારની અ-મારા તરફથી લાલચ આપવામાં આવી નથી. અમારા લાગા-ટેકસો લો-હાણા કોમ પર હમેશથી ચાલ્યા આવે છે. એથી વધુ અમારે કંઈ કહે-વાનું નથી."

મી. સત્યજીતના ભાષણનો સાર.

વાદી પ્રતિવાદીની પહેલી જુબાની તથા સાક્ષીઓપરથી નામદાર કોર્ટ બહુજ વિચાર કરશે એવી આશા છે. વાદીઓની અમાનુષિ વર્ત-

ણુંકથી પ્રતિવાદીને તેના બન્ધુઓને જાગૃત કરવાની ફરજ હતી. અને તેમ ચેતાવવામાં તેણે જે ભાષા વાપરી છે તે બીલકુલ વ્યાજબી છે. લોહાણા કોમને એ લોકો કેટલે દરજ્જે અનભિજ્ઞ અને અબુદ્ધ સમજે છે તે વાદીઓના પોતાનાજ ફરિયાદનામાથી સિદ્ધ થાય છે. એજ કોમના એક સાક્ષર ગૃહસ્થ કે જે એક યુનિવરસીટીમાં સંસ્કૃતના પ્રોફેસર છે તેઓ મહાનુભાવ પણ આવા નિરક્ષરાચાર્યોના કલ્પિત લાગા-ટેક્સોને સખ્ત ધિક્કારે છે, અને તેથી તો આ ભૂદેવોની લાગા-ટેક્સની રેતીની ઇમારત કરરરર ભૂસ પડી જાય છે. આ સ્વાર્થસિદ્ધ કરવાને બીજા અનેક વ્હેમો અને પ્રપંચોમાં નઠારા રીવાજોમાં લોહાણા જેવી ક્ષત્રિય કોમને આ નામધારી સ્વાર્થસાધકોએ સબડાવી દીધી છે. તે વાત આથી હવે પુરતી સાબીત થઇ ચૂકી છે. ખુદ વાદીઓના સાક્ષીઓથી સાબીત થઇ ચૂકયું છે કે આવાં લાગા-ત્રાગાનાં લાકડાંઓ ઇચ્છવા યોગ્ય નથી. એથી હવે મારે કાંઇ વધારે બોલવાનું રહેતું નથી તોપણ કેટલીક બાબતોપર નામદાર કોર્ટનું ધ્યાન ખેંચવા રજા લઇશ.

પ્રતિવાદીએ પોતાની લખેલી બીનામાં એક પણ વાક્ય પાછું ખેંચી લેવા ના પાડી અને તે સાબીત કરવાને સાક્ષીઓ રજાુ કીધા અને તે પરથી નામદાર કોર્ટના ધ્યાનમાં આવ્યું હશે કે પ્રતિવાદીએ જેવાં વિશેષણો આ ભૂદેવોને લગાડયાં છે તેવાજ તેઓ છે. પ્રતિવાદી જો જીતશે તો તેથી મૃત્યુલોકની પ્રજાના છુટાપણામાં ઘણોજ વધારો થશે. આ ભૂદેવોએ માન્યું છે કે “ **તમારૂં તે અમારૂં ને અમારૂં તે હું હું હું** ” એટલે લોહાણાનું સર્વસ્વ હરણ કરવું અને તેઓને ગમે તેવી રીતે ચલાવવા. પોતે તે રસ્તે ચાલવાને બંધાયેલા નથી. જંગલી, મૂર્ખા, હૈયાફૂટા આંખે આંધળાં અને પથ્થરવત્ હૃદયવાળા હોય તે પણ જો આવી વાતો પર વિચાર કરે તો કોઇપણ તેઓને માન આપે નહિ. પણ હાલના ભરતખંડી ભોળાઓ કંઇપણ તપાસ કર્યા વગર આમ ચલાવ્યે જાય છે. હું મહાશય! શુકલનાજ ઉદ્ગારોની અહીંઆ પ્રતિધ્વની કરીશ.

“ પાખંડી પુરોહિત. ”

અભાગી ભારતવર્ષમાં જેમ બીજા હરેક ધંધારોજગારમાં સ્વાર્થની માત્રા વધતી ગઇ છે તેમ યજમાન અને પુરોહિતપણાના પારમાર્થિક ધંધામાં પણ સ્વાર્થની માત્રાએ અધિક અધિકાર ચલાવ્યો હોય એમ કોઇપણ સમજુ મનુષ્ય સારી રીતે જાણી શકે છે.

પુરોહિતપણાના પારમાર્થિક ધંધામાં જ્યારથી સ્વાર્થની માત્રા વધતી

ગઇ છે ત્યારથી અમારાં ધર્મ, કર્મોમાં ગડબડાધ્યાય શરૂ થયો છે. તેથી ધર્મ–કર્મોના મર્મ–હેતુ કોઇનો સમજવામાં આવતા નથી અને પ્રતિદિન અધિકાધિક રીતે આ સૌ પોકળ છે. પૈસા પડાવી લેવાની પ્રપંચ જાળ છે. અને ધર્મને નામે ધતીંગ છે. અને પિતા પુત્રના–ગુરૂશિષ્યના પવિત્ર સંબંધમાં સૌ કોઇને અવિશ્વાસ ઉત્પન્ન થયો છે. પરન્તુ દુર્દૈવ્યની વાર્તા છે કે પ્રાચીન કાળની પવિત્ર વિદ્યા આ રીતે લુપ્ત પ્રાયઃ થઇ જાય છે અને તેનીજ જગ્યાએ માત્ર '**बाबा वाक्यं प्रमाणम्**' જેવી સ્થિતિ પ્રાપ્ત થતી હોય એમ અનુભવવામાં આવ્યું છે. પ્રાચીન કાળનાં કર્મકાંડ વિષયક સૂત્રો, સ્મૃતિનાં વાકયો, વ્યાકરણ અને મંત્રોનો અભ્યાસ આધુનિક ઘણાખરા પુરોહિતપણું કરનાર સજ્જનોએ કર્યો હોય એમ જણાતું નથી; પણ તેમણે તો માત્ર પોપટીયા પંડિતની માફક વિવાહનું પટીઆળું, જનોઇનું પટીઆળું, અને ક્રિયાનું ઓળીઉં, એટલુંજ માત્ર પોતાના પિતા પાસે કે કુટુમ્બના કોઇ સાધારણ મનુષ્ય પાસે શુદ્ધાશુદ્ધના વિચાર સિવાય ગોખી માર્યું હોય છે; તેને અમારો અંધશ્રદ્ધાળુ યજમાન વર્ગ પંડિત મન્યૂ ગણે છે. આ ઓછી અધોગતિનું કારણ નથી! પાંચ સાત પેઢીથી ચાલતા આવેલા આ પુરોહિતના વંશને અમારો યજમાનવર્ગ "**ब्रह्म निंदा कुल क्षय। ब्राह्मण वृत्ति लोपन।**" ઇત્યાદિ વાકયોનું સ્મરણ કરી ગોઠે તો તે વ્યસની વ્યભિચારી, કે નિરક્ષર કેમ ન હોય! તો પણ પોષે જાય છે પરન્તુ તેમને એ પણ માલુમ નથી કે બ્રાહ્મણ કોણ? પુરોહિત શબ્દની વ્યાખ્યા શી? તેઓનું કર્તવ્ય શું? જો તેઓ અવિદ્વાન હોય તો યજમાનને નુકસાન! અને ક્રિયા કર્મનો હેતુ તથા તે કરાવવા માટે કેવા પુરોહિતની આવસ્યકતા છે? આ સૌ બાબત યજમાન વર્ગથી તદ્દન અજાણી છે. તેઓ તો માત્ર એટલુંજ સમજી બેઠા છે કે "થોડે પૈસે આપણું કામ થાય છે." કદાપિ યજમાન આસ્તિક હોય તો નિરક્ષર કે સાધનહીન હોય છે અને પુરોહિત સહજ ભણેલો હોય તો બહુધા સેવા સુશ્રુષા કરનારો હોય છે. આથી યજમાન અને પુરોહિતપણાનો પ્રસંગ પરસ્પર ચાલતો રહે છે પરન્તુ વિચારની દ્રષ્ટીથી જોતાં લોભી ગુરૂ અને લાલચુ શિષ્યનો આ વ્યવહાર પથ્થરના નાવથી સમુદ્ર તરવા જેવો છે. આ બાબતમાં મને એક હમણાંજ વાંચેલુ મહત્વનું દ્રષ્ટાન્ત યાદ આવે છે. તે સર્વ સાધારણને ઘણું બોધક તથા ઉપયોગી હોવાથી અત્રે નિવેદન કરીશ.

પ્રાચીન કાળમાં "અનિતિમાન" નામે મનોરમ્ય નગરમાં એક 'પ્રજ્ઞાન્ધ' નામે પુરૂષ યજમાન રહેતો હતો. આ યજમાન ભક્તિમાન, અને

ઘણો શ્રદ્ધાળુ હોવા ઉપરાંત ' **ब्रह्म वाक्यं जनार्दनः** " આ **સ્મૃતિ સૂત્રને** **મનસા, વાચા, કર્મણા** માન આપતો હતો. મ્હારે કહેવું જોઇએ કે જેવી રીતે આ **પ્રજ્ઞાન્ધ યજમાન** ભક્તિમાન અને અંધશ્રદ્ધાળુ હતો તેવો તે વ્હેમી પણ હતો. તેના પુરોહિત ' **સ્વાર્થાન્ધે** ' તેને વ્હેમમાં **એવો** તો લુબ્ધ કરી નાખ્યો હતો કે સહજ બાબતમાં પણ તેને મોટો વ્હેમ ભરાઇ જતો અને તે વ્હેમને ટાળવા માટે પોતાના **સ્વાર્થાન્ધ** પુરોહિતને અનેક પ્રકારથી સંતોષી વ્હેમ મુક્ત થતો; જ્યારે તેનો પુરોહિત પુંકળ દાન દક્ષિણાથી પોતાના **યજમાનને** લૂંટતો ત્યારે **યજમાન**, પુરોહિતજીના પરમ ઉપકારથી ભવસાગર તરી ગયો છું તેમ .સમજતો હતો. કોઇ એક સમયે **મહા** માસમાં આપણા **પ્રજ્ઞાન્ધ યજમાન** રાજાની **ભેંસ** વીઆઇ ! આથી તે ચિન્તામાં પડી ગયા અને બોલ્યા કેઃ—" હા દૈવ ! મારૂં કેવું દુર્ભાગ્ય છે ! **ઇશ્વરે** મને ઇન્દ્ર જેવો વૈભવ, કુબેર જેવી સમૃદ્ધિ અને **મહાત્મા મનુ** જેવું **ઐશ્વર્ય** આપ્યું છે. કોઈ વાતની કમી રાખી નથી, પરન્તુ મ્હારાં દુર્ભાગ્યથી આ **ભેંસ મહા** માસમાં **વી**આઇ હવે હું શું કરૂ ? મ્હારે ઉગરવાનો **એક** પણ ઉપાય નથી, કારણ **મહા માસમાં** જો **ભેંસ** વીઆય તો તેનો **સ્વામી** સદ્ય મૃત્યુ પામે છે એવું **સ્મૃતિ**માં લખ્યું છે. તેથી અવસાન કાળ નજીક આવ્યો અને આ સુખ સાધનો, લક્ષ્મી તથા **વૈભવ** જેમનાં તેમ મૂકી મરણને શરણ થયા સિવાય મને કોઇ માર્ગ દ્રષ્ટીગોચર થતો નથી, હવે હું શું કરૂં ? હા ! પરમેશ્વર !! શું આ દુઃખમાંથી છૂટવાનો હવે કોઇ ઉપાય છે ? " આ પ્રમાણે શોચતો અને વિલપતો **પ્રજ્ઞાન્ધ યજમાન** પોતાને કંઇ **સ્મૃતિ** આવી હોય તેવી મુખાકૃત્તિ કરી પુનઃ બોલ્યો કેઃ—" જ્યારે જ્યારે મને આવા દુઃખનો પ્રસંગ પ્રાપ્ત થાય છે ત્યારે મારો **સ્વાર્થાન્ધ પુરોહિત વેદ** અને **ધર્મશાસ્ત્રના અવિછિન્ન** અભ્યાસથી દુઃખ મુક્ત થવાય તેવો માર્ગ ખોળી આપે છે ત્યારે શું આ અણીના પ્રસંગે મને તે કોઇ માર્ગ નહિ બતાવી શકે ? અવસ્ય પોતાની (સ્વાર્થ) વિદ્યાના પ્રતાપે તેઓ માર્ગ બતાવશેજ. માટે ચાલ, ગમે તે ખર્ચ થતાં આ દુઃખમાંથી છૂટવાનો કોઇ માર્ગ હોય તો મ્હારા પુરોહિતને પૂછી પાવરધો થાઉં? મરણ પશ્ચાત્ આ સુખ સંપત્તિ કાંઈ મ્હારી સાથે આવવાની નથી. દીર્ઘકાળથી પુરોહિતજી સાથે મારો સંબંધ ચાલુ છે અને આપણા સારાં માઠાં પ્રત્યેક કાર્ય પ્રસંગમાં તેમણે કદાચ બે પૈસાની મતા ખાધી હશે, પરન્તુ સીધો માર્ગ બતાવ્યો છે માટે આ પ્રસંગે પણ મ્હારે તેમનીજ સલાહને અનુસરીને ચાલવું પરમ હિતાવહ છે; કે જેથી ઉપાધિ દૂર થાય. "

આ પ્રમાણે વિચાર કરી આપણો પ્રજ્ઞાન્ધ યજમાન સ્વાર્થાન્ધ પુરોહિત પાસે આવ્યો. અને તેમને સવિનય પ્રણામ કરી બહુજ આદરથી પૂછવા લાગ્યો કેઃ—"ભગવાન! આપના સેવકને ત્યાં મહા મહિનામાં ભેંસ વીઆઇ છે અને જે ભેંસ મહા મહિનામાં વીઆય તેનો ધણી સદ્ય મૃત્યુ પામે એવું સ્મૃતિ વાક્ય મ્હેં ઘણી વખત આપશ્રીના મુખથી સાંભળ્યું છે; માટે આ દોષમાંથી મુક્ત થવા મારે શું કરવું જરૂરનું છે તે હે! દયાસાગર! કૃપા કરીને બતાવશો. હું આપના કહેવા પ્રમાણે સર્વ રીતે વર્ત્તવા તૈયાર છું. કારણ મૃત્યુ પાસે આવ્યું છે તેથી મને હવે ધન સંપત્તિથી કંઇ પ્રયોજન નથી. વળી આપની આજ્ઞાનુસાર વર્ત્તવાથી હું સત્વર આપત્તિથી મુક્ત થઇશ એવો મને દ્રઢ વિશ્વાસ છે. તેથી આ મહાન દોષોમાંથી મુક્ત થવાનો જે કોઇ માર્ગ હોય તે કૃપા કરી બતાવશો જેથી આપનો હું પરમ અનુગ્રહી થઇશ."

આપણા સ્વાર્થાન્ધ પુરોહિત તો પૂરા સ્વાર્થસાધુ, ચારવેદને ખટ શાસ્ત્રને નામ માત્ર જાણવાવાળા તથા કર્મકાંડનો થોડોક અભ્યાસ કરી પોતાને પંડિતમન્ય્ માનનારા હતા, તેઓ યજમાનનો ઉપર પ્રમાણેનો પ્રશ્ન સાંભળી જાણે વિચારસાગરમાં ડૂબી ગયા હોય તેવી મુખમુદ્રા કરી પ્રજ્ઞાન્ધ યજમાન પ્રતિ બોલ્યા કે—"યજમાન રાજા! તમારૂં કલ્યાણ થાઓ! બહુજ સારૂં થયું કે તમો આ સમયે મારી પાસે આવ્યા. ખરેખર મહા મહિનામાં ભેંસ વીઆય તેનો મોટો દોષ સ્મૃતિ વગેરે ધર્મશાસ્ત્રોમાં લખ્યો છે તે આપથી અજાણ્યું નથી. યદ્યપિ આ દોષ દુઃસાધ્ય છે. પરન્તુ આપ મારા યજમાન અને ઘણા સમયથી આપે મને ગુરૂ તરીકે માન આપી અનેક પ્રકારનાં દાનદક્ષિણાથી નવાજ્યો છે, માટે આપનો આ દોષ કાઢતાં મારો જીવ જોખમમાં આવી પડે તેમ છે, તોપણ કોઈ રીતે આપના કાર્યની મ્હારાથી ના કહી શકાય તેમ નથીજ, તમો જાણો છો કે આપણા આ અનીતિમાન નગરમાં મ્હારા જેવો કોઇ વિદ્વાન થયો નથી, છે નહિ, ને થવાનો પણ નથી. આપના પરમ સૌભાગ્યની વાર્ત્તા છે કે, મ્હારા જેવો પંડિત (મૂર્ખ) શિરોમણી પુરોહિત આપને પ્રાપ્ત થયો છે. યજમાન રાજા! આપનું કલ્યાણ થાઓ! મહામાસમાં ભેંસ વીઆય તેનો મોટો દોષ છે, તેની શાન્તિ માટે તો આપને એક સારો યજ્ઞ કરવાની આવશ્યકતા છે. જો મૃત્યુના ભયથી મુક્ત થવાની આપની ઇચ્છા હોય તો હું બતાવું તે વિધિ પ્રમાણે યજ્ઞ કરો." યજમાન બિચારો મૂર્ખ, વ્હેમી, અને પૈસે પૂરો હતો તે પુરોહિતજીનાં આ પ્રમાણેનાં અર્થગંભીર વાક્ય સાંભળી ગભ-

રાઇ ગયો અને સાષ્ટાંગ પ્રણામ કરી પુનઃ નીચે પ્રમાણે કહેવા લાગ્યો. "ગુરૂદેવ! આપનો આજ્ઞાંકિત સેવક આજ્ઞાનુસાર વર્તન કરવા સૌ રીતે તૈયાર છે, અને પરમાત્માએ સર્વ પ્રકારની સમૃદ્ધિ આપેલી છે તેનો જો આવા પ્રસંગે વ્યય નહિ થાય તો પછી મ્હારે તે સમૃદ્ધિનું શું પ્રયોજન છે! કહો, આ શાન્ત્યર્થ યજ્ઞ માટે શું, શું ઉપહાર સેવામાં સાદર કરૂં? નિઃશંક થઇ મને ખરા ભાવથી પોતાનો શિષ્ય સમજી મૃત્યુની પીડાથી મુક્ત કરવાના આ મહાન યજ્ઞમાં કોઇપણ પ્રકારની ખામી રહી જાય નહિ તે પ્રમાણેનાં સાધનો–સામગ્રી મેળવવા માટે મને આજ્ઞા કરો અને સર્વ ઉપહાર તૈયાર થયે આપની અનુકુળતાએ શુભ મૂહુર્તમાં યજ્ઞનો આરંભ કરો." યજમાનનાં આ પ્રમાણે શ્રદ્ધાયુક્ત વચનો સાંભળી પાખંડી પુરોહિતજી કહેવા લાગ્યા.

"આયુષ્યમાન! આ શાંત્યર્થ યજ્ઞમાં સવામણ ઘી, ધોળા સર્સવ, કાળા તલ, આંકડાની સમીધા, આકાશનું પુષ્પ અને સમુદ્રનો અગ્નિ, આ સાહિત્ય પ્રથમ જોઇશે. બીજું પ્રપંચ પંડયા, સ્વાર્થદત્ત જોશી, ખટપટશંકર શુકલ, દીઠું ભણનાર દવે, અને ગર્વાન્ધગોર આ મારા સ્નેહી એમ વિદ્વાન પાંચે બ્રાહ્મણોને હું યજ્ઞના વરણનું નિમંત્રણ કરી આવું છું. વળી ઘી, ખાંડ અને લોટ આ ત્રણે ભાગ સમાન રાખી સારો (માનભોગ) શીરો તૈયાર કરી સો બ્રાહ્મણોને યજ્ઞ પૂર્ણ થયે જમાડવા પડશે અને તે પ્રત્યેકને એક એક ભેંસ, દશ દશ શેર દૂધ આપે તેવી દક્ષિણામાં આપવાનો વિધિ છે. વરૂણના બ્રાહ્મણોને એક એક સુવર્ણ મુદ્રા તથા ઉમા મહિશ્વરનું દાન તમારા ભલા માટે આપવા મારી સલાહ છે. હું તમારો કુળગુરૂ છું અને આ પ્રસંગે મને તમારી શ્રદ્ધામાં આવે તે દક્ષિણા આપશો તો નભી શકશે. હું દક્ષિણા કે મિષ્ટાન્નનો ભૂખ્યો નથી મ્હારે તો માત્ર તમારો જીવ બચે એજ હેતુ અંતઃકરણમાં રાખી કાર્ય કરવાનું છે." **भद्रं भवतु.**

આ પ્રમાણે સ્વાર્થાન્ધ પુરોહિતે પ્રજ્ઞાન્ધ યજમાનને આજ્ઞા કરી એટલે તરતજ મૃત્યુના ભયથી વિહવળ થયેલા પ્રજ્ઞાન્ધ શેઠે સર્વ સામગ્રી તૈયાર કરી ગુરૂજીને નિવેદન કરી દીધી. પશ્ચાત્ આપણા પંડિતમન્ય પુરોહિતજી પોતાના મિત્ર બ્રાહ્મણો સાથે વેદી બનાવી ખૂબ આડંબરપૂર્વક **'मम प्रज्ञान्ध यजमानस्य दोष मुक्त कुरू कुरू स्वाहा'** આ મહાન મંત્રથી તીલ, સર્સવ, અને સમીધા અગ્નિમાં તથા માનભોગ પેટરૂપી જઠરાગ્નિમાં આહુતિ આપવા લાગ્યા. એટલામાં એક 'અર્થલુબ્ધ' નામે શાસ્ત્રી ત્યાં આવી પહોંચ્યા અને બહુ ધ્યાનપૂર્વક સ્વાર્થાન્ધ પુરોહિતના આ યજ્ઞભણી માત્ર દ્રષ્ટી કરી રહ્યા. વિચારથી માલૂમ પડયું કે આ યજ્ઞમાં અર્થની સિદ્ધિ

થાય તેમ છે. માટે લાવ! પ્રથમ પુરોહિતજી પાસે જાઉં! આમ વિચાર કરી શાસ્ત્રીજી પુરોહિતજી પાસે આવ્યા, અને કંઇક કહેવાની ઇચ્છા કરતા હતા તેટલામાં પૂર્ણાહુતિ માટે શરવામાં ઘી લઇ પુરોહિતજી ઉભા થયા અને કહ્યું કે:—

यस्यमूर्खस्य याज्ञस्य दाक्षिणा महिषि शतम् ।
त्वयार्धं च मयार्धंच विघ्नमां कुरू पंडित ॥ १ ॥ स्वाहा.

"આ મુર્ખના યજ્ઞમાં સો ભેંસો દક્ષિણા મળવાની છે તેમાં અડધી તમારી ને અડધી મ્હારી સમજવી માટે હે વિદ્વાન્! આ કાર્યમાં વિઘ્ન કરશો નહિ. (સ્વાહા)"

આ પ્રમાણે દોષ શાન્તિનો મૂળ મંત્ર ભણીને યજ્ઞની પૂર્ણાહુતી કરી. જ્યારે અર્થલુબ્ધ શાસ્ત્રીએ પૂર્ણાહુતીનો ઉપરનો મંત્ર સાંભળ્યો ત્યારે તો તે બહુજ પ્રસન્ન થઇ ગયો. અને યજમાનની શ્રદ્ધા તથા આચાર્યનાં પાંડિત્યની ઘણી પ્રસંશા કરવા લાગ્યો. પછી યજમાનને આશિર્વાદ આપી દોષમુક્ત કરી ઘેર વિદાય કર્યો અને સ્વાર્થી પુરોહિત તથા માયાવી શાસ્ત્રીએ પચાસ પચાસ ભેંસો વ્હેંચી લીધી. વરૂણના બ્રાહ્મણોને! 'તમારૂં આવું કાર્ય હોય તો મને આજ્ઞા કરશો' આમ કહી વિદાય કર્યા, થયું. યજ્ઞ પૂરો થયો. અને સૌ પોતપોતાને સ્થાનકે પધાર્યા. સ્વાર્થની બલીહારી!

यान्तु देवगणा सर्वे स्वशक्त्या पुजितामया ।
इष्टकाम स्मृध्यर्थे पुनरागमनायच ॥
मित्रद्रोही कृतघ्नश्च तथा विश्वासघातकः ।
त्रयस्ते नरकंयाति यावश्चंद्र दिवाकरौ ॥

"મિત્રનો દ્રોહ કરનાર કૃતઘ્ની અને વિશ્વાસઘાતી એવા ત્રણ જ્યાં સુધી સૂર્યમંડળ છે ત્યાં સુધી નર્કમાં પડે છે. પરન્તુ આવા સ્વાર્થના કીડાઓ આવા કુદરતી કાયદાઓની જરા પણ પરવા કરતા નથી. કૃતઘ્નતા અને વિશ્વાસઘાત તો ખાસ તેઓના વ્હાલા સગા છે. આવા આચાર્યો–પુરોહિતો ગોરપણાને મુદ્દલ લાયક નથી શાસ્ત્રોમાં ગુરૂ, માતા–પિતાદિ પૂજ્ય કુટુમ્બોમાંના પુરૂષોને કહ્યું છે વળી શાસ્ત્રો ફરમાવે છે કેઃ—

विदलयाति कुबोधं बाधय त्यागमार्थे ।
सुगति च त्रु गतिद्वे दुण्य पापे वनाक्ति ॥

अवगाति कृत कृत्या कृत्यं भेदं गुरुर्यो।
भवजल निधि पोतस्तं विनानास्तिकश्चित् ॥ १–६९

"નઠારા બોધોનો નાશ કરે વેદાદિ સત્ય શાસ્ત્રોનો ઉપદેશ કરે, સારી માઠી ગતિ અને પુણ્ય પાપના માર્ગને સમજાવે તેને ગુરૂ કહેવા. અને તેજ ગુરૂ આ સંસાર રૂપ **સમુદ્રમાં નાવરૂપ** થઇને પોતે તરે છે ને બીજાને તારે છે. એ લક્ષણ રહિત બીજો કોઈ પણ ગુરૂ થવાને યોગ્ય નથી. ત્યારે આ **ધરાર ગુરૂ**–ગોરો કહેવરાવતા ભૂદેવોની દરેક કલ્પિત સ્વાર્થી યુક્તિઓ નષ્ટ થઇ જાય છે. **લાગા**–ટેક્સો મનુષ્ય જેવી ઇશ્વરકૃતિ-પર હોવાનો દાવો તે કરીજ કેમ શકે? આ લાગા–ત્રાગાના લાકડાંથી મૃત્યુ લોકની ક્ષત્રિય સમાજનું સત્યાનાશ થઇ ગયું, થાય છે, તથા હજી જ્યાં સુધી ચાલશે ત્યાં સુધી થશે. આ વાત ઘણીજ ભયંકર છે ત્રાસદાયક છે! આવા નકામાં બુદ્ધિ વિરૂદ્ધ બંધનોથી આ ક્ષત્રિય સમાજને કેટલો ધોકો પુગ્યો છે, પુગે છે ને હજી પુગશે તેની થોડી બાબતો મ્હારી સમજમાં આવી છે તે હું અત્રે જણાવવા રજા લઇશ.

૧ ઈશ્વરની સર્વોત્તમ કૃતિ-મનુષ્ય પ્રાણીઓની હાની.

આ **લાગા-ત્રાગા**ની લાયમાં કેટલાક **ગરીબ** માણસોને ઘરેણાં ગીરવી મૂકવાં પડયાં છે પશ્ચાત્ છોડાવવા જેટલી આર્થિક સ્થિતિ ન સુધરવાથી ઉગ્ર ચિન્તામાં રીબાઇ રીબાઇને રામ શરણ થઇ જાય છે અને બહુધા આખી જીંદગી દરિદ્રતામાં ગાળે છે. **ગાયરૂપ** બાળાઓને રંડાપો મળે છે. તે બધું આ લાગા–ત્રાગા લઉ લબાડોનેજ **આભારી** છે આ પ્રમાણે મનુષ્ય જેવા શ્રેષ્ઠ પ્રાણીનો આ લાગા–ત્રાગા પછવાડે કેટલો ત્રાસદાયક રીતે ઘાણ વળે છે તેનો સહજ વિચાર પણ ધ્રુજાવી નાખે તેવો છે.

૨ દેશને દીપાવનાર અને મનુષ્યને દેવ બનાવનાર વિદ્યા છે.

આ અમુલ્ય સુખકારક ચીજનો સમુળો નાશ થયો છે. જે લોકો **વિદ્યા** ભણાવનાર તેઓને તો આ નીચ કામમાંથી બહુ લાભ થવા લાગ્યો તેથી તે લોકો **વિદ્યાને** બદલે બીજા તરેહવાર વ્હેમોની જાળમાં **મુમુક્ષુઓને ફસાવવાની** યુક્તિ કરવા લાગ્યા. વળી વિદ્યા ભણવામાં લાભ કાંઇ નહિ ને આમાં તો મફતનો માલ મળે તેથી તેઓ **અવિદ્વાન** રહી **મુમુક્ષુ લોકો** પાસેથી પૈસા લૂંટવા મંડી ગયા. અરે! **દીકરીઓ**! **ગાયો**ની ગરદન પર **લાગા** ઠોકી બેસાડયા અને ઉત્તરોત્તર જાણે બાપીકો ધંધો હોય તેમ માની બિચારા શ્રદ્ધાળુ લોકોને પણ ખોટી અને હરામખોરીની

વાતો સંભળાવી અત્યંત મૂંઢની પેઠે વાંદરા જેવા બનાવી દીધા. અસલ ના વારામાં જનોઇ દીધા પછી છોકરાઓને ઓછામાં ઓછું બાર કે ચૌદ વર્ષ બ્રહ્મચર્ય વૃત્ત પળાવી વિદ્યાભ્યાસ કરાવતા હતા અને તેથી તે બ્રહ્મચારી વિદ્વાન થઇ ગુરૂના ઘરથી બહાર પડતા હતા અને તે હાલના પાખંડી ઠગો જેવાઓના હાથે ઠગાતા નહિ હતા. અને તે કારણથી આ દેશ આબાદીમાં હતો. હાલ તો બધું હાસ્યજનક ફારસ ભજવાય છે અને આ જનોઇ સંસ્કાર અને વેદારંભ સંસ્કાર બધું સાથે મદારીનો ખેલ **'નાથીયો ને નાથીયું'** ની નકલ થતી હોય તેવી રીતે સંપૂર્ણ થાય છે.

૩ દેશને આબાદ કરનાર, શોભાવનાર, સૌથી ઉત્તમ ચીજ

એવી જે લક્ષ્મી, ધન અથવા પૈસો તેનો ભયંકર નાશ આ લાગા—ત્રાગા પછવાડે થાય છે આજ સુધી કંઇ અબજોનો નાશ થયો હશે અરેરે! સમાજને આથી કેટલી હાની! કેટલો બધો ગેરફાયદો થયો છે તથા થાય છે આથી કરીને આ લોકો હરામના માલ ખાઇ આળસુ બની જાય છે. દર વર્ષે આ પ્રમાણે કરોડોનો વ્યર્થ થતો ખરચ જો વિદ્યાના વધારા પાછળ ખરચાતો હોય તો સમાજની-દેશની કેટલી બધી આબાદી વધે તેનો સુમારજ નહિ. આર્યાવર્ત્તમાં આ પાપીઓને પોષવામાં વ્યર્થ ખરચાતો પૈસો જો વિદ્યાવૃદ્ધિના કામકાજમાં વપરાતો હોય તો ખરેખર માણસ દેવ બની જાય, એ નિસંશય. અફસોસ! આજે પ્રજા અભણ અંધશ્રદ્ધાળુ અને તેમાં આવા ભૂદેવોએ અસંખ્ય વ્હેમને આધીન કરી મૂકી હોવાથી મરેલ ઘેટાંની માફક પડી રહેલી છે.

૪ સંપ અને મિત્ર ભાવના

નો પણ આ ભૂદેવોએ લાગા—ટેક્સોની મ્હોંકાણમાં નાશ કરી દીધો છે. સ્વાર્થ સિદ્ધ કરવા માટે અહીંની ત્યાં અને ત્યાંની અહીંઆં ખોટી વાતો કરી એક બીજાના દીલમાં દ્વેષતાઇ ઉત્પન્ન કરાવી છે.

૫ સદ્ ઉદ્યોગ હુન્નર અને કળા કૌશલ્યનો થયેલો નાશ.

જ્યાં સુધી હુશિયાર માણસો, ઉત્તમ વિદ્યા, લક્ષ્મી, અને સંપ રૂપી ચાર મહા યોદ્ધાઓ આ આર્યાવર્ત્ત પર પૂર્ણ કાબુ ધરાવતા હતા ત્યાંસુધી દેશની ચોમેર ખ્યાતિ અને અનંત સુખ અનિર્વચનિય હતાં. પછી આ સૌનો મુકુટમણી આર્યાવર્ત્ત દેશ સ્વાર્થબુદ્ધિવાળા તથા ક્ષુદ્ર સમજના બ્રાહ્મણોના નીચ ઉદ્યોગથી અભાગ્ય દશામાં આવી પડયો. નાના ન્યાતરૂપી વાડાઓ બંધાયા અને તેમાં પણ સ્વાર્થ બુદ્ધિએ પ્રવેશ કર્યો. કારણકે જ્યારે વૃક્ષનાં મૂળ

(બ્રાહ્મણો)માં સડો પેસે છે ત્યારે આખાં વૃક્ષનો નાશ થઇ જાય છે. સદ્દુદ્યોગે હુન્નર અને કળા કૌશલ્યની સંધી થાય છે. અને તે વિદ્વાનોથીજ થાય છે. યાતો લોકો પરદેશ જઇ તરેહવાર હુશિયારી અને હુન્નરકળા મેળવી શકે છે. હવે બ્રાહ્મણોએ યુક્તિ લડાવી. બીજાઓને અભણ કરી પોતે રહ્યા કંઇક વિદ્વાન પણ તેઓ સારા ઉદ્યોગમાં ન ઉતરતાં મફતના માલ ખાવા ઉતરી પડયા. અને જાણ્યું હશે કે અન્ય લોકોનો સહવાસ થવાથી આ લોકો હુશિયાર થશે તો આપણું પોકળ જાણી જશે તો હરામનો માલ નહિ મળે! એવા ભયથી લોકો પરદેશ ન જઇ શકે એવી યુક્તિ કરી કે–"**વહાણમાં બેસી પરદેશ જાય તેને પ્રાયશ્ચિત કરવું પડે.**" વળી જાણ્યું હશે કે પગ રસ્તે જાય તો! તે માટે કહ્યું કે—**અટક નદી ઓળંગીને પાર જાય તે મહા પાતકી થાય.** એવાં એવાં કારણો બતાવી લોકોને હુન્નર અને કળાથી બહિર્મુખ કર્યા.

૬ સદાચાર

એટલે વેદાદિ **શાસ્ત્રો**માં કહેલાં કર્મ કરવાં. **નીતિ, સત્ય** ન્યાયથી વર્ત્તવું, કોઇનાં ગળાં ચીરવાં નહિ. **વિવેકથી** વર્ત્તી પશુતુલ્ય **ક્રીડા** ન કરવી ઇત્યાદિ **સદાચાર** છે. ત્યારે આ **ભ**મદેવોએ **વેદોક્ત** કર્મોને તો વટલાવી દીધાં છે. કારણકે તેમ નહિ કરત તો તેનું આતું **લાગા–ટેક્સ**નું હાટ ચાલી શકત નહિ. વળી **સદાચારમાં નીતિ, ન્યાય** આવે ક્યાંથી? જેને હરામના પૈસા મેળવવા હોય અને પારકા ઉપર તાગડધિન્નાં કરવાં હોય તેથી તે બાબતો અળગી છે. હરામના **હાટ** માંડી **ધન** હરણ કરે તેઓને તો આ અનેક અનીતિ અને તરકટોથી ખોટી સમજાવટો કરવી પડે, તેમ કર્યા વગર આવી વાતો લોકો સમજે નહિ.

"દાન."

दातव्य मितिय दानं, दीयते नुपकारिणे ।
देशे काले चंपात्रे चं, तदान सात्विक विदु ॥

આ વચનો **મહાત્મા કૃષ્ણચંદ્ર યોગેશ્વરનાં** છે કે **દાન, દેશ,** કાળ અને **પાત્ર** જોઇને આપવું. આજે તો એક ગરીબ રોટલાના ટુકડા સારૂ કરગરી કાલાવાલા કરતો હોય ત્યારે ગોરજી મહારાજ ઘરમાં મિષ્ટાન્ન ઉડાવતા હોય અને વળી કહે છે "તમારો અમે ઉદ્ધાર કરનારા છીએ તેમાં તમે અમને ખવરાવો છો, કંઇ **ધર્મ** દાન કરતા નથી. અને અમારા લાગા આપો છો તેમાં કાંઇ પાડ કરતા નથી."

આવા પ્રિયગુણોનો નાશ થઇ તેની જગ્યાએ અજ્ઞાન, દ્વેષ, તરહેવાર વ્હેમ, જૂઠાપણું, ઠગાઇપિણું, અને આળસ્યાદિ દૂર્ગુણોએ ઘર ઘાલ્યું છે.

" બાળલગ્ન. "

બાળલગ્ન એ એક મોટામાં મોટો શ્રાપ છે કે જે એક પ્રજાને દુઃખી કરે છે. એ એક એવો શ્રાપ છે કે તેમની આશાઓ અને આબાદીનો નાશ કરે છે. તેમની જીંદગી અને ચૈતન્યશક્તિને લૂંટાવે છે. તેમને મગજની અને નીતિની નબળાઇ તરફ દોરી જાય છે. તે ગરીબાઇ, માંદગી અને રોગનું મૂળ છે. જુવાનીની આશા આપનારા જુસ્સાવાળા બાંધાને કમજોર અને છીન્ન ભીન્ન કરી નાખે છે. બાળલગ્ન એ એક સમાજને નહિ પણ એવી અસંખ્ય સમાજોથી બનેલા દેશને એક આફત સમાન છે. એક વૈદ શાસ્ત્રી કહે છે કે-" એક પ્રજા તરીકેમાં આપણા શારીરિક દુષણો હોવાનાં જે મુખ્ય કારણો છે તેમાંનું બાળલગ્નનો રિવાજ પણ એક કારણ છે. "

બીજા વૈદનો અભિપ્રાય છે કે-" હિંદુસ્તાનમાં રોગ ચાલ્યા આવે છે તે મુખ્યત્વે કરીને બાળલગ્નને જ આભારી છે. આજના આપણા ચાલાક જુવાનીયાઓએ જુવાની પુરી કરી નથી હોતી એટલામાં તો તેઓ ઘરડા થઇ જાય છે. તેઓ તારાઓ માફક થોડીવાર ઝબકીને નાશ પામે છે. તેઓ જૂના લાકડાંનાં છોડીયાં જેવા છે. તેઓ કુદરતની નકલો અને અધુરે ગયેલા ફક્ત રદ્દી માલની કોટડીમાં રાખવા લાયકના હોય છે. તેઓ આગળ વધી શકતા નથી.

એક સારી સંતતિ પેદા કરવા માટે પૂર્વથીજ મહાન તૈયારીઓ કરવી પડે છે. એટલે સુવિચારો, સદાચરણી થવું. નિયમિત, ઋતુગામી થવું વિગેરે ઘણીક બાબતોથી સાવચેત રહી પછીજ ગર્ભાધાન કરવાનું છે. પણ આજે આર્યાવર્ત્તમાં પ્રજા ઉત્પન્ન કરવીજ. તેવું લગ્નનું પ્રધાન કારણ લગભગ નષ્ટ થવા લાગ્યું છે અને તેને ઠેકાણે વિષયવાસનાને તૃપ્ત કરવાનું સાધન તેજ "લગ્ન" ને માન્યું છે. આજે પ્રજા ઉત્પન્ન કરવાને ખાસ કંઇ નિયમો પાળવામાં આવતા નથી પણ તેતો રમતગમતમાં પ્રજા ઉત્પન્ન થઈ જાય છે. બાકી પવિત્ર સંસ્કારી પ્રજા ઉત્પન્ન કરવા માટે કંઇ તૈયારી કરવામાં આવે છે યા નિયમ પળાય છે તેવું કશું છેજ નહિ ખેતરોમાં જેમ ઉપયોગી છોડ પાસે અનાયાસે જેમ Weeds-નકામું ખડ થઇ જાય છે. તેમ આજે પ્રજાપણ નકામી કચરોજ ઉત્પન્ન થાય છે. એટલે ઠીંગણાં નબળાં અને સંસ્કાર રહિત બુદ્ધિ શૂન્ય થાય છે.

ઢીંગણાં અને નબળાં માણસો કાંઈ તેમનાં પોતાનાં ઘરબારનું પણ રક્ષણ કરી શકે નહિ. તેવાં માણસો કંઇ લડાઇના મેદાનમાં પણ માનપાન મેળવી શકે નહિ તેમની સ્વદેશાભિમાનની મગરૂરી એ એક અર્થ વગરની મશ્કરી રૂપજ છે. તંદુરસ્ત અને નિર્મળ બાળકો હોય છે એજ પોતાના બાપદાદાનું નામ પોતાની પિતૃભૂમીની કીર્ત્તિ જાળવવાને પોતાની છાતીનું લોહી રેડી શકે છે " A sound mind in a sound body. તંદુરસ્ત શરીરમાં તંદુરસ્ત મન " એ સત્યનો એક આબેહુબ દાખલો છે.

શરીરનું સઘળું બંધારણ મોટપણે લગ્ન કરી, બ્રહ્મચર્ય પાળી, વિર્ય ધાતુના સેવન, સંચય, સંગ્રહ ઉપર રહેલું છે. છતાં પણ આવા ભમદેવોના બહેકાવ્યાથી છતી આંખે અંધ બનીને પ્રજાનો મોટો ભાગ ઢીંગલા ઢીંગલીઓને પરણાવી તેમનાથી કાચી વયે પ્રજા ઉત્પન્ન કરાવે છે, તો આવા નિન્દીત કર્મમાં અને જાણીને ઝેર ખાઇને કે બીજા અકાળ મૃત્યુથી મરવા કે મારવામાં શું તફાવત છે? કંઇજ નહિ. એતો એક તાત્કાલિક મારવાનું ને બીજું દુઃખી કરી રીબાવી રીબાવીને મારવાનું હોય છે તેટલોજ તફાવત છે. ઉલટું પહેલાં કરતાં બીજું અધમ છે.

શાસ્ત્રોમાં પ્રથમ અગ્ર સ્થાન ધર્મને આપ્યું છે, ત્યાર પછી અર્થ. તો ધર્મ એટલે ફરજ. માબાપોની ફરજ કંઇ નાનપણમાં પોતાના પુત્ર-પુત્રીઓને લગ્નની ગાંઠથી જોડી દેવાની નથી પરન્તુ તેમને વિદ્યાદાન આપવાની છે. બાર વર્ષની અંદર પુત્રીનાં લગ્ન ન કરે તો માતા, ભાઇ, પિતા, સર્વ નર્કમાં ગચ્છંતી કરી જાય એવો નર્કનો ભય બતાવી આ પ્રતિવાદીઓ પોતાની કલ્પિત ધારણાઓ પુરી પાડે છે. પ્રાતઃસ્મરણિય માતા સીતા, અરૂંધતી અનુસુયા, મૈત્રયી, ગાર્ગી, કૌશલ્યા, સુમિત્રા, દમયન્તી, લલિતા, કુન્તા, દ્રોપદી, અને, દુર્ગા જેવી દેવીઓ પોતે વિદ્વાન થઇ મોટી ઉમરે સ્વયંવર ભરી ઇચ્છા વરને પરણી જગતમાં પોતાના નામો વિદ્યા બળે સતિત્વ પ્રભાવે અમર કરી ગઇ છે. શું આ ભમદેવ આ બધી ઉપરોક્ત દેવીઓનાં માતુ પિતા અને ભાઇઓ સર્વ નર્કમાં ગયાં છે તેમ કહી શકશે? રામ, કૃષ્ણ, ધર્મ અને અર્જુન, શંકર, બુદ્ધ, વ્યાસ, વશિષ્ટ, એ મહાત્માઓ સર્વ તેવીજ દેવીઓના ઉદરમાંથી જન્મ્યા છે.

મ્હારા (Lord) પ્રભુ ! હવે હું એ બતાવવા માગું છું કે આ સ્વાર્થનાં પૂતળાંઓએ આપ સકળ બ્રહ્માંડેશ્વરના કુદરતી કાયદાપર પોતાના સ્વાર્થને ખાતર પાણી ફેરવી મૃત્યુલોકનાં માનવીઓના સંસાર કેવા અસાર કરી મૂકયા છે.

"ભાર્યા મનુષ્યનું અર્ધાંગ છે. ભાર્યા એ મનુષ્યનો સર્વોત્તમ મિત્ર છે ધર્મ અને કામની પરિપૂર્ણતા માટે આ સંસાર તરવા માટે મુખ્ય સાધન સ્ત્રી છે."
મનુ કોડ.

ભાર્યા સર્વોત્તમ મિત્ર, ધર્મ અર્થ, કામને પૂર્ણ કરી આ સંસાર સાગર તરવાનું સાધન ત્યારેજ ખરેખર બની શકે કે જ્યારે તે વિદુષી હોય. અને ચાણાક્ય નિતી માં તેને માટે સાફ કહ્યું છેઃ—"જે માબાપો પોતાનાં સંતાનોને કેળવણી નથી આપતાં તે તેનાં હિતેચ્છુ—માબાપ નહિ પણ દુશ્મન છે." તેમ ન થવા દેવા માટે આ ભૂદેવોએ "સ્ત્રી શૂદ્રો નાધિયતામ્" સ્ત્રીઓને ભણવાનો અધિકાર નથી. એમ કહી પુરૂષોનું અડધું અંગ રોગીષ્ટ કરી મૂક્યું કારણ કે સ્ત્રીઓ વિદ્વાન થાય તો આ પોપજીઓનું ગપાષ્ટક ગાડું ચાલી શકે નહિ.

વળી—

"જે સ્થળે સ્ત્રીઓનો આદર થાય છે ત્યાં દેવતા—વિદ્વાનો રમે છે. જ્યાં અનાદર યાય છે. ત્યાં સર્વ ક્રિયાઓ નિષ્ફળ જાય છે."
—મનુકોડ.

તેને બદલે આ સ્વાર્થ સાધુઓએ "ઢોર, મૃદંગ અરૂ નારી એ તીન તાડનકે અધિકારી" ધરગતુ કોડ બનાવ્યો.

વળી આપનો મનુકોડ કહે છે કેઃ—

"જે કુળમાં પતિ પત્નિથી અને પત્નિ પતિથી સંતુષ્ટ રહે છે તે કુળમાં સદા કલ્યાણનો નિવાસ છે."

આ ને બદલે આ ધૂર્ત્તાચાર્યોએ લોકોને અનેક પ્રકારના પરલોકના ભય બતાવી બાળલગ્નની બેડી પહેરાવી કે જેથી નાનપણમાં લાકડેમાંકડું કંઇ પણ યોગ્યતા જોયા સિવાય વળગી જાય તો પછી ગુણ કર્મ, સ્વભાવ, મળ્યા સિવાય અરસ્પરસ પતિપત્નિ સંતુષ્ટ રહી શકે નહિ.

સ્ત્રીઓની મહત્વતા વિષે 'કુદરતી (મનુ) કોડ' કહે છે કેઃ—

"એક આચાર્ય દશ ઉપાધ્યાયની બરાબર છે. એક સો આચાર્ય એક પિતાની બરાબર અને હજાર પિતાની બરોબર એક માતા છે. સર્વ કરતાં માતામાં વિશેષ્ય ગૌરવ રહેલું છે."

વેદમાં પણ 'માતૃમાન્, પિતૃમાન્, આચાર્યવાન્ પુરૂષોભવેત્ વેદ' કહી પ્રથમ માતાનેજ શ્રેષ્ઠપદ આપ્યું છે.

તે અમુલ્ય વેદ વચનો ને ન સમજવા દેવા માટે આ ભૂદેવોએ **"નારી નર્કની ખાણ છે."** કહીને ભોળા લોકોને ભમાવ્યા છે.

હવે પાશ્ચાત્ય, વિદ્વાનોના સ્રીઓ માટે શું અભિપ્રાય છે તે થોડા અહીં ટાંકીશ.

"પતિ અને પત્નિ એ બળતી મીણબત્તીનાં જેવાં જોઇએ કે જેથી ઘરને વધારે રોશની મળે. પતિ અને પત્નિ એ કોણ છે? એતો બે પાણીના ઝરા છે. —**ડબલ્યુ. સોકર.**

"સ્રીઓ એજ સંસારના મહા રાજ્યતાજ છે." —**હાયર્ડ.**

"ગૃહિણી, માતા, એ બે શબ્દોમાંજ કંઇક જાદુઇ ચમત્કાર રહેલો છે." —**એકન.**

"સુંદરીની સહાયતા વિનાનું પુરૂષનું જીવન કુન્દન વિનાનાં માણેક જેવું છે." —**રિકટર.**

"ખરી રીતે પતિના ગૃહ કાર્યમાં પત્નિ દાસી છે પરન્તુ પતિના મનો રાજ્યમાં રાણી છે." —**રસ્કિન.**

માનવામાં સુજ્ઞ સ્રી શ્રેષ્ઠતાઇ ઉત્પન્ન કરનારી છે. —**સેંટ પોલ.**

આવી પવિત્ર શ્રેષ્ઠ સ્રી જાતિને—રયિ શક્તિને આ લોકોએ **"સ્રી ગુલામડી છે. પગનાં ખાસડાં તુલ્ય છે."** એમ સમજાવી ભોળા યજમાનોને ધર્મ કર્મથી ભ્રષ્ટ કરી અધોગતિમાં આથડીયા ખાતા કીધા છે.

વળી—

સૌ જન પહેલું સ્મરતા, નારી કેરૂં નામ,
વાટે ઘાટે બોલતા, સાધુ **સીતારામ.**

પ્રથમ સ્રીનુંજ નામ આવે છે. ત્યારે આ ભમદેવોએ 'સ્રીનું નામ લેવું નહિ ને લેતો ઘોર!!! પાપના ભાગી થાય!!' તેવું સમજાવ્યું અને સ્રીમાં હલકી બુદ્ધિ ઉત્પન્ન કરાવી ઘાણ કાઢયો.

એક **ફ્રેન્ચ વિદ્વાન** કહે છે કે:—

"એક **છોકરાને** કેળવવાથી માત્ર એક વ્યક્તિ કેળવાય છે જ્યારે એક **છોકરીને** કેળવવાથી આખું કુટુંબ કેળવાય છે.

નેપોલીયન કહે છે કે:—

કહે **નેપોલિયન** દેશને, કરવા આબાદાન,
સરસ રીત તો એજ છે, દો માતાને જ્ઞાન.

ત્યારે આ ભમતા ભુતોએ " **એ કુલનું એક ઘરમા ઘસાય તો ઘરનું ને કુળનું નખોદ વળી જાય. !!!** " કહી સ્ત્રીઓને અભણ ઓકડી જેવી બનાવી દીધી છે.

બાળલગ્નના રિવાજથી જ્યારે એક પણ ફાયદો નથી ત્યારે તેનાથી સેંકડો અવગુણો છે પરન્તુ આ સ્વાર્થ સાધુ પેટાર્થીઓએ ઘરગતુ શ્લોકો જોડી કાઢી અનેક અસત્ય પ્રપંચોમાં આ સમાજને એકને નહિ પણ આખા દેશને ફસાવ્યો છે. તેઓએ જાણ્યું હશે કે કદાચ પ્રજા વિદ્વાન થશે તો આપણા પોકળ લાગા-ટેકસનાં લાકડાંમાં લાય લાગી જશે અને અજ્ઞાની મેંઢાઓ આપણા વાડામાંથી બહાર નીકળી જશે અને તેથી આવો બાળલગ્નનો ઉપદેશ કરી પ્રજાને હીણવીર્ય બાયલી બનાવી દીધી છે.

" શ્રાદ્ધ. "

જેમ આ ભૂદેવોએ બીજી બધી બાબતોમાં યેનકેન પ્રકારે પણ ટકા પેદા કરવાના પ્રપંચ ઉભા કીધા છે તેમ આ શ્રાદ્ધમાં પણ કરવા ચૂક્યા નથી. તેમાં પણ જુદા જુદા પ્રકાર. તિર્થમાં શ્રાદ્ધ કરવાનું જુદું ફળ. શ્રાદ્ધમાં બ્રહ્મભોજન કરાવવાનું ફળ. શ્રાદ્ધના પિંડ કરવામાં કયો કયો લોટ વપરાય. અને કયો કયો લોટ વાપરવાથી પિતૃઓની સદ્‌ગતિ થાય તેનો નિર્ણય, શ્રાદ્ધમાં ખોબા ભરવાનું પાણી કયા કયા સ્થળનું લેવાય, અને કયા કયા સ્થળનું નિષિધ ગણાયું તેની વિગત. ખોબામાં કેટલું પાણી લેવું જોઇએ અને એથી વધારે ઓછું લેવામાં આવે તો પિતૃઓને કેટલું દુઃખકારક નીવડે છે તેની સમજ, ખોબામાં લીધેલું પાણી કઇ તરફ ઉતારવાથી કોને પહોંચે, અને વગર સમજે ગમે તેમ ખોબો નમાવી પાણી મૂકી દેવામાં આવે તો તે પિતૃઓને કેટલું દુઃખકારક થાય તેનાં વર્ણનથી બ્રાહ્મણોએ ગરૂડપુરાણાદિ ગ્રંથો ભરી દીધા છે. અને ભૂદેવોની આવકનો ઘણો મોટો ભાગ આવા કરવામાં આવતા શ્રાદ્ધ ઉપરજ આધાર રાખે છે. આવી અનિષ્ટ હાલની ચાલતી રૂઢી અને પ્રાચીન માન્યતામાં કેટલો બધો તફાવત ? તે સંબંધમાં વધારે સ્પષ્ટીકરણ થવા માટે એક તટસ્થ વિદ્વાનનાં વચનો અત્રે વધારે વજનદાર ગણાશે.

પિતૃતર્પણ.

સુધરેલી તેમજ જંગલી દરેક પ્રજાને પોતપોતાના પૂર્વજો તરફ વધારે અથવા ઓછી પૂજ્યબુદ્ધિ હોય છે. આ ભાવના મનુષ્ય જાતિમાં અતિ

આવશ્યક છે, ને તે આવશ્યક છે તેથીજ દરેક પ્રજામાં વ્યાપક છે. પૂર્વજોએ મેળવેલી મીલ્કતોની પાછળ થનારી પ્રજાને વારસો મળે છે તેમજ પૂર્વજોનાં જ્ઞાન, આચાર, અને પ્રતિષ્ઠાનો પણ તેમની પાછળની પ્રજાને લાભ મળે છે. એ જોતાં મનુષ્ય પૂર્વજોનું ઋણી છે. આપણા માતુપિતાએ આપણને ઉછેરીને મોટા કર્યા અને આપણાં માતુપિતાને તેમનાં માતુપિતાએ ઉછેર્યા, એ દ્રષ્ટિએ જોતાં પણ આપણે પૂર્વજોના આભારી છીએ. આ ઋણ, આ આભાર, એનો જે રીતે બદલો વાળી અપાતો હોય, તે રીતે વાળી આપવાને મનુષ્ય બંધાયલું છે. એક લ્હેણદારનું દેવું ચૂકવી આપવાને જેટલા આપણે બંધાયલા છીએ. તેટલાજ પૂર્વજોનું ઋણ ચૂકવી આપવાને બંધાયલા છીએ. પિતૃઋણ અર્પણ કરવાની ભાવના પણ ઘણું ખરૂં દરેક પ્રજામાં વ્યાપક છે, અને પોતપોતાની સમજશક્તિ પ્રમાણે દરેક પ્રજાએ પિતૃઋણ અદા કરવાના માર્ગ ગ્રહણ કર્યા છે. આફ્રિકાની જંગલી પ્રજા એમ માનતી કે મરનારની સાથે જેટલું દાટીએ તેટલું મરનારને પરલોકમાં મળે છે. આ સમજને લીધે કોઇ રાજા કે સરદાર મરી જતો તો તેની પાછળ કેટલીક સ્ત્રીઓ, કેટલાક ગુલામો, અને કેટલાંક પશુઓને મારીને મરનારની સાથે દાટવામાં આવતાં. સતી થવાનો રિવાજ આપણામાં આવીજ સમજથી ચાલતો થયો હતો. પિતૃઓને નામે ધર્મગુરૂઓને અર્પણ કરીએ તે પિતૃઓને પરલોકમાં પહોંચે છે, એમ માનવું એ પણ આવાજ પ્રકારની સમજશક્તિનું પરિણામ છે. ખ્રિસ્તિ લોકોમાં એવો રિવાજ હતો કે મરનારને જે કંઇ સુખ સગવડ પહોંચાડવી હોય તે દરેકની કિંમત પોપને આપવી એટલે પોપ પરલોક ઉપર હુંડી લખી આપે, ને તે હુંડી મરનાર સાથે ઘોરમાં દાટે, એટલે મરનારને જોઇતી વસ્તુ પરલોકમાં મળી રહે. પરલોકની સત્તા ધર્મગુરૂઓ અથવા ધર્મનિષ્ઠ લોકોને ઇશ્વરે સોંપી છે એવું ઘણા લોકો માને છે. આપણા પ્રાચીન પૂર્વજોની માન્યતા તેથી કંઇક જુદા પ્રકારની હતી. જે શરીરવડે સ્થૂળ ભોગ ભોગવાય છે તે સ્થૂળ શરીર તો મરણની સાથેજ આત્માથી છૂટું પડી જાય છે અને થોડાજ વખતમાં ભસ્મીભૂત થઇ જાય છે, એટલે સ્થૂળ પદાર્થોથી સ્થૂળ દેહની તૃપ્તિ કરવા જેવું રહેતુંજ નથી એવું આપણા પૂર્વજો માનતા હતા. અને તેથી મરનારના સ્થૂળ દેહને તૃપ્ત કરવાની બીજી પ્રજાઓના જેવી અવૈદિક વિધિ આર્યોમાં ચાલતી નહોતી. મરનારની પાછળ દાન કરવાની પ્રણાલિ આપણામાં પરાપૂર્વથી ચાલી આવે છે, પણ તે મરનારને પહોંચાડવા માટે નહિ; પણ પરમેશ્વર પ્રિત્યર્થે જે કંઇ કરવું તે નિષ્કામભાવથી પરમેશ્વર પ્રિત્યર્થે

કરવું એ ભાવના પ્રાચીન આર્યોમાં અતિશય તિવ્ર હતી. મરનાર તરફ પૂજ્યબુદ્ધિ બતાવવાને માટે સંસારને ઉપકારક થાય તેવાં પ્રભુપરાયણુ કૃત્યો વધારે કરવાં, એ પ્રાચીન આર્યોનો પૂર્વજો પ્રત્યેનો પૂજ્યભાવ અને ઋણ અદા કરવાનો માર્ગ હતો. વખત જતો ગયો તેમ તેમ એ સાત્વિક ભાવના નષ્ટ થતી ગઇ અને કેટલાક સ્થૂળ આચારો તેની જગાએ ચાલતા રહ્યા.

પિતૃતર્પણુ નામે એક ક્રિયા આપણા બ્રાહ્મણો રોજ કરે છે અને બીજા લોકો બ્રાહ્મણો મારફત કરાવે છે. એ આ સાત્વિક ભાવનાનો એક અવશેષ છે. હાલના પિતૃતર્પણુમાં એકલા પોતાના પૂર્વજોનેજ નહિ પણ આખા હિન્દુસ્તાનના પૂર્વજોને, હિન્દુસ્તાનના સ્થૂળ, સૂક્ષ્મ સર્વ પ્રાણી પદાર્થોને અને આખા જગતના પદાર્થોને તૃપ્ત કરવામાં આવે છે, આપ એમ પૂછો કે એ બધાંને તૃપ્ત કરવાનું શી રીતે બની શકે છે? તો તે રીત આ પ્રમાણે છે. એક તરભાણામાં થોડું પાણી નાખવું, અને બને તો તેમાં બે ચાર જવ, તલના દાણા નાંખી એ પાણીમાં ખોબા ભર્યા કરવા, અને પિતા, માતા, પ્રપિતા, પ્રમાતા, ગુરૂ, સસરો, સાસુ, દેવ, ઋષિ, માણસ, પશુઓ, પક્ષીઓ, જંતુઓ, વૃક્ષો, પર્વતો, નદીઓ, સમુદ્રો, અને પદાર્થ માત્ર જેને જેને તૃપ્ત કરવાં હોય તેનું તેનું નામ દઇને **તૃપ્યન્તામ્** કહી તરભાણામાંના પાણીમાં ખોબા ભરઢોળ કરવા. બસ! આ ક્રિયા કરી એટલે પૂર્વજો તરફનું ઋણ અદા થઇ ચૂકયું એવું લોકો માની લે છે. મરનાર મરી ગયા પછી અમુક દિવસ આ પ્રમાણે ખોબા ભરવા અને લોટના ગોળા કરી પિંડ મૂકવા એ પિતૃતર્પણુને અંગે થતી નૈમિતિક ક્રિયા છે. તેમજ મરનારની સંવત્સરીને દિવસે સરાવવું અને શ્રાદ્ધ પક્ષમાં સરાવવું એ પણ પિતૃતર્પણુને અંગે નૈમિતિક કર્મ માનવામાં આવે છે. સરાવવાના આ બધા પ્રસંગોમાં પાણીના ખોબા ભરઢોળ કરવા એજ એક મુખ્ય અને આવશ્યક ક્રિયા છે. બ્રાહ્મણો અને અંધ યજમાનો આ ક્રિયાને બહુ મહત્વની માને છે, અને જે લોકો કંઇક સારી સમજશક્તિને આધારે તેવું માનતા નથી તેમને આવા પ્રજ્ઞાન્ધ યજમાનો અને લાડુભટ્ટો તરફથી "**પૂર્વજો માટે બેદરકાર, પૂર્વજોનો નાશ કરનાર, પૂર્વજોના દ્વેષી**" વિગેરે અનેક વિશેષણો લગાડવામાં આવે છે.

હું પૂછું છું કે શું તમે ખોબા ભરીને તમારા અને હિન્દુસ્તાનના પૂર્વજોને તૃપ્ત કરો છો? શું તમારા અને હિન્દુસ્તાનના પૂર્વજો પાણીમાં ખોબા ભરઢોળ કરવાથી તૃપ્ત થાય એ શક્ય છે? તમે શાની તૃપ્તિ કરો છો? તેમનાં સ્થૂળ શરીરને તો તૃપ્ત કરવાનાં રહ્યાં નથી ત્યારે તમે શાની

તૃપ્તિ કરો છો? જો તમે કહેતા હો કે અમે તેમની વાસનાઓની તૃપ્તી કરીએ છીએ તો હું પૂછું છું કે એમની વાસના પાણીમાં ખોબા ભરઢોળ કરવાથી તૃપ્ત થઇ શકે? ધારો કે હું એક શોધક છું. સાયન્સના અમુક સિદ્ધાન્તો મ્હેં શોધી કાઢયાં છે. હવે એ સિદ્ધાન્તોનું ફળ ઉપજાવીને મ્હારા કુટુંબને, મ્હારા દેશને, અને એકંદરે મનુષ્યજાતિને લાભ પહોંચાડવો એ મ્હારી અભિલાષા–વાસના છે. દૈવવશાત્ એ વાસના પૂરી થતાં પહેલાં અથવા એ વાસના કેટલેક અંશે સફળ થયા પછી મ્હારૂં મૃત્યું થયું તો મ્હારી વાસના પાણીમાં ખોબા ભરઢોળ કરવાથી તૃપ્ત થઇ શકે કે મ્હારૂં અધુરૂં રહેલું કામ આગળ વધારીને મ્હારી અભિલાષાઓ પૂર્ણ કરવાથી થઈ શકે? બીજા એક ગૃહસ્થે સારી કમાણી કરીને ઘરબાર મેળવ્યું અને પછી મરી ગયો. હવે એનો છોકરો એ મીલ્કતનો સદુપયોગ કરે અને પોતાના પ્રતાપી પિતા તરફ ભક્તિભાવ ધરાવતો રહે એથી મરનારની વાસના તૃપ્ત થઈ શકે, કે પુત્ર ગમે તેવો દુરાચારી નીવડી મીલ્કત ધૂળધાણી કરી નાંખી પાણીના ખોબા ભરઢોળ કરે તેનાથી તેની વાસના તૃપ્ત થાય? અફસોસ! તમારા પૂર્વજોનાં લાખો કૃત્ય અધૂરાં પડી રહ્યાં છે, તમારા પૂર્વજોના તેજસ્વી કીર્તિસ્થંભ ધૂળમાં મળી ગયા છે. તમારા પૂર્વજોની પવિત્ર અભિલાષાઓ વા ખાતી રહી છે અને તમારા પૂર્વજોનાં નામનિશાન પણ લુપ્ત થતાં જાય છે, એવે વખતે તમે પાણીમાં ખોબા ભરઢોળ કરીને તમારા પૂર્વજોને તૃપ્ત થતા માની લો એનાથી વધારે અફસોસ કરાવનારૂં બીજું શું હોય? ભલે તમે **तृप्यन्ताम् तृप्यन्ताम्** નો પાઠ ભણી જાઓ, પણ પાઠ ભણવો એ તો ફક્ત સ્મૃતિ જાગૃત કરવા માટે હોય છે અને જે કર્તવ્ય કરવાનું તે તો ભણી ગયા છતાં બધું બાકીજ રહે છે, એ ભૂલી ન જાઓ. "કોર્ટમાં જવું છે" કોર્ટમાં જવું છે "ખાવું છે" "ખાવું છે" એવું બોલી જવાથી જેમ તમારૂં કોર્ટનું કામ પૂરૂં થઈ જતું નથી કે ભૂખની નિવૃત્તિ થઇ જતી નથી. તેમ **पितरस्तृप्यन्ताम् ऋषय स्तृप्यन्ताम्** વિગેરે બોલી જવાથી પિતૃઓ કે ઋષિયો કાંઈ તૃપ્ત થઇ જાય નહિ, પણ તેમનાં અધૂરાં રહેલાં કામ આગળ વધારવાથી તેમની અભિલાષાઓ પૂર્ણતાએ પહોંચાડવાથી તેમની તૃપ્તિ થઇ શકે એ સ્મરણમાં રાખો.

જે બ્રાહ્મણ પૂર્વજો એમ માનતા હતા કે જે બ્રાહ્મણ વેદવિદ્યાનો અભ્યાસ કરતો નથી તે બ્રાહ્મણ નહિ પણ શૂદ્ર છે, અને તેને કંઇ પણ જ્ઞાન લેવાનો અધિકાર નથી તેમના વંશજો વેદને નામે અક્ષર શૂન્ય થાય,

જે બ્રાહ્મણના પૂર્વજો ઓછામાં ઓછાં ૨૪ વર્ષ બ્રહ્મચર્ય પાળીને વેદ વિદ્યાનો અભ્યાસ કરવાની આવશ્યકતા માનતા હતા, તેમના વંશજો બારબાર ચૌદ ચૌદ વર્ષની વયે તો છોકરાના બાપા થઇ જાય, જે બ્રાહ્મણના પૂર્વજો આમરણાન્ત બ્રહ્મચર્ય પાળી નિષ્કામ કર્મ અને સંસારનો ઉપકાર કર્યા કરતા હતા, તેમના વંશજો લંપટ—કન્યાવિક્રય કરનારા અને કંઇ તુચ્છમાં તુચ્છ સ્વાર્થને માટે સત્ય ધર્મનો ભોગ આપનારા થાય, જે બ્રાહ્મણના પૂર્વજો ભણવું, ભણાવવું એ પોતાનો સ્વભાવજ ધર્મ માનતા હતા અને એક પાઇ પણ લીધા વગર ગરીબ તવંગર સર્વને વિદ્યાદાન આપતા હતા, તે બ્રાહ્મણના વંશજો નિરક્ષર અને વિદ્યા ઘુપાવનારા નીવડે, જે બ્રાહ્મણોને મોટા મોટા રાજાઓ આધીન થઇ રહેતા હોવા છતાં નિરપેક્ષવૃત્તિથી જીવન ગાળતા અને પાંચ ઘરની ભિક્ષા માગી લાવી પોતાનો નિર્વાહ કરતા, તે બ્રાહ્મણના વંશજો પાઇની દક્ષિણા કે એક વેળાના વાળુ માટે ગમે તેની ખુશામત કરે, શ્રાદ્ધ, સંવત્સરી અને બારમાની ન્યાતો એજ જેમની અખંડ અભિલાષા રહે, એવા બ્રાહ્મણો પાણીમાં ખોબા ભર ઢાળ કરે એથી એમના પૂર્વજોની વાસના તૃપ્ત થતી હશે? અમે કહીએ છીએ કે આપણા પૂર્વજોને તૃપ્ત કરવા એ આપણું કર્ત્તવ્ય છે. આપણે તેમના ઋણી છીએ. અને એ ઋણ અદા ન કરીએ તો આપણે પાપભાગી થઇએ છીએ. પણ બ્રાહ્મણની પાછળ થનારી બ્રાહ્મણ પ્રજા બ્રાહ્મણ નામને કલંકિત કરનાર નીવડે, બ્રાહ્મણનાં કર્ત્તવ્યોને ભૂસી નાખનારી નીવડે, તોપણ પાણીમાં ખોબા ભરશે એટલે અમે તૃપ્ત થઇ જઇશું એવી વાસના બ્રાહ્મણના પૂર્વજોએ ખચીત નહિજ રાખી હોય. એમની વાસના પોતાનાં પાછળ વિદ્યાનો વધારો કરવાની, વિદ્યાદાન પ્રણાલિકા ચાલુ રાખવાની, વિદ્યાનો પ્રચાર કરવાની, બ્રહ્મચર્ય પાળવાની, બ્રહ્મજ્ઞાની થવાની, યજ્ઞયાગ કરવાની અને સદાચરણથી આયુષ્ય ગાળવાની હોવી જોઇએ, એ વાસના તૃપ્ત કરીએ તોજ તેમને તૃપ્ત કર્યા કહેવાય, ભાસ્કરાચાર્યના બીજગણિતનાં પાનાંને ઊધઈ ખાઇ જાય અને ભાસ્કરાચાર્ય જેવા અદ્વિતિય ગણિતશાસ્ત્રીનું તેના વંશજો નામ પણ જાણે નહિ, પાણીમાં ખોબા ભરી ભાસ્કરાચાર્યને તૃપ્ત થતો માને તો તે ભાસ્કરાચાર્યને તૃપ્ત કરે છે એમ કહેવાય કે ભાસ્કરાચાર્યનું નામ બોળે છે એમ કહેવાય? યુરોપિયન ગણિતશાસ્ત્રીઓએ ભાસ્કરાચાર્યના સિદ્ધાન્તોને પોતાની શોધો સાથે મેળવીને તેને અદ્વિતિય ગણિતશાસ્ત્રીની પંક્તિમાં મૂક્યો, એમણે ભાસ્કરાચાર્યનું તર્પણ કર્યું કહેવાય કે આપણા ખોબા ભરનારાઓએ? તમારા

બ્રાહ્મણ પૂર્વજોએ અનેક વિદ્યાઓ મેળવી હતી અને અનેક વિદ્યાઓ ઉપર સમર્થ ગ્રંથો લખ્યા હતા, એ ગ્રંથોનો અભ્યાસ કરવો, જમાનાની નવી શોધો સાથે તેની મેળવણી કરીને એ વિદ્યામાં વધારો કરવો, એ પુસ્તકો પ્રસિદ્ધિમાં લાવીને અંધારામાં પડેલાં એ પૂર્વજોનાં નામ અને કામ જગત્‌માં આગળ કરવાં, એ એમની તૃપ્તિની રીત હોઇ શકે કે એ પુસ્તકનાં જૂનાં પાનાંને ઉધેઇ ખાવા દઇ પાણીના ખોબા ભરવાથી એમની તૃપ્તિ થઇ શકે ?

તમારા કાલિદાસ અને માઘ, ભવભૂતિ અને બાણ, વરાહમિહિર, ધન્વંતરિ, વાગ્ભટ્ટ અને કુમારિલ, એવા તેવા સર્વ ખુણે પડતા જાય, એમના ઉત્તમોત્તમ ગ્રંથો ઉધઇનો મોંમાં જાય ને તમે પાણીના ખોબા ભરતા રહીને તેમને તૃપ્ત થતા માનો એ અણસમજ નહિ તો બીજું શું કહેવાય ? તમારા પૂર્વજોનો ઇતિહાસ અંધારાંમાં પડયો છે, એમણે મેળવેલી અનેક વિદ્યાઓ લુપ્ત પ્રાયઃ થઇ ગઈ છે, એમનાં ચરિત્રનો અંશ પણ તમારા વર્ત્તનમાં રહ્યો નથી, એમણે કયા કયા ગ્રંથો રચ્યા છે તે પણ આપણે પુરૂં જાણતા નથી, આવી સ્થિતિમાં તમારા પાણીના ખોબાથી કયા બ્રાહ્મણ પૂર્વજની વાસના તૃપ્ત થશે ?

આપણા ક્ષત્રિય અને વૈશ્ય પૂર્વજોની તૃપ્તિ માટે પણ આપણે પાણીના ખોબા ભરવા સિવાય બીજું કંઇ કર્યું નથી. અને આ ખોબા ભરનારાઓ એમ પણ વિચાર કરતા નથી કે આ ખોબાથી પ્રતાપ રાણાની વાસના તૃપ્ત થશે કે કરણ ઘેલાની ? પાણીના ખોબાથી વનરાજ તૃપ્ત થશે કે સિદ્ધરાજ ? આ ખોબો પૃથુરાજની તૃપ્તિ કરશે કે વિક્રમની ? આથી અશોક તૃપ્ત થશે કે ચંદ્રગુપ્ત ? તૈમુર અને જંઘીસખાનના હુમલામાં અને ધર્માન્ધ મુસલમાનોના રાજ અમલમાં લાખો બ્રાહ્મણ, ક્ષત્રિઓને પકડીને મુસલમાનોના ગુલામ બનાવવામાં આવ્યા, લાખો સતી સ્ત્રીઓને મુસલમાનોની દાસીઓ બનાવવામાં આવી, હજારો દેવળોનો નાશ થયો, જે દેવળોમાં ગાયની પૂજા થતી હતી તેજ દેવળોમાં ગાયોનો વધ થયો, પણ આપણે તો પાણીના ખોબા ભરવા ચાલતાજ રાખ્યા છે ! ક્ષત્રિય પૂર્વજોની વાસના એથી તૃપ્ત થઇ હશે ? વૈશ્ય પૂર્વજો ચીન, જાપાન, જાવા, મલાયા, સિંહલદ્વીપ, ઇરાન, અરબસ્તાન, અને આફ્રિકાના પૂર્વ કાંઠાની સફરો કરી કરોડો રૂપીઆનું ધન દેશમાં ઉમેરતા હતા અને અહીંના કારીગરોનો માલ પરદેશમાં ખપાવતા હતા, એમના વંશજો પાણીના ખોબા ભરે એવી એમની વાસના હશે કે એમના જેવા સાહસિક

અને દેશ વત્સલ થાય એવી એમની વાસના હશે ? બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય એમાંના કયા લોકોની વાસના પાણીના ખોબાથી તૃપ્ત થશે ? **मानवास्तृप्यन्ताम्** કહી પાણીનો ખોબો ભરઢોળ કરીને તમે મનુષ્ય માત્રને તૃપ્ત કરી નાખ્યા માનો છો; પણ ખરી સ્થિતિ તો એ છે કે તમારી આસપાસમાં ભૂખે મરતાં મનુષ્યોને તૃપ્ત કરવાની પણ તમે દરકાર રાખતા નથી. શ્રાદ્ધ અને તર્પણને બહુ તો તમે ગોરને સીધું આપશો કે અજીર્ણના રોગથી પીડા પામતા બ્રહ્મરાક્ષસો–જોશી પુરાણીઓને જમાડશો. પણ સર્વત્ર દુનિયાના મનુષ્ય માત્ર તમારા ભાઇઓ છે ને તેમને મદદ કરવી એ આપણો ધર્મ છે એવો વિચાર સુદ્ધાં તમારા મનમાં આવ્યો છે ? તમારા મૃત પૂર્વજોને નામે ગરીબોને દાનથી તૃપ્ત કરતા હો અથવા અનાથાશ્રમ જેવી સંસ્થાઓને ચાર આના આઠ આના જે મળે તે દાન કરતા હો તો એટલું પણ તમે સુકૃત્ત કર્યું ગણાય, પણ આ તો જેમને તમારા સીધા કે મિષ્ટાન્નની જરૂર નથી તેમને તે આપો છો અને જેઓ ભૂખમરાથી રીબાય છે તેમનાં નામ ઉપર તો પાણી રેડો છો!

ભાઇઓ ! મરનાર પિતૃઓને બદલે તમારાં જીવતાં માતાપિતાને તૃપ્ત કરતા હો તો પણ તમે એક પરમ ધર્મ પાલન કરો છો એમ કહેવાય. તમારાં જીવતાં માતાપિતાનું અન્ન વસ્ત્રાદિથી પોષણ કરો, તેમનાં અધુરાં રહેલાં કામ આગળ વધારો, તેમની ઇચ્છાઓ પૂરી કરો, અને તેઓ રાજી થાય તેવું વર્તન રાખો તો તમે પુત્ર ધર્મનું ખરેખરૂં પાલન કર્યું ગણાય. પણ આપણે આપણી આસપાસના લોકોમાં કેટલું વિપરીત વર્તન જોઇએ છીએ ? કેટલા બધા વૃદ્ધો વહુ દીકરાના કુવર્ત્તનથી સીઝાતા હોય છે ? ખરેખર

“ જીતે પિતાકુ સુખ નહિ, મુએ હાડ લે ગંગાચલે,
જલ ચુંનકે પિંડા કિયા, તર્પણ કિયા સો કયા હુવા.”

એ વાત પ્રત્યક્ષ ખરી પડે છે. જીવીત પિતૃઓને તૃપ્ત કરવાની બેદરકારી બતાવવામાં આવે છે, પણ તેમના મુઆ પછી ખોબા ભરીને તૃપ્ત કરવાનું કદી ભૂલવામાં આવતું નથી ! સમજુ અને વિદ્વાન વર્ગની સંસ્થા ખોબા શ્રાદ્ધ કરવાની ના કહે છે, એ ‘ પિતૃદ્રોહ કરે છે અને સનાતન ધર્મની મર્યાદાનો ભંગ કરે છે ” એવું કહી તેવી સંસ્થા સામે લોકોને ઉશ્કેરવા નીકળનારા પંડિતો લોકોને પોતાના માતાપિતા પ્રત્યેનો ધર્મ શું છે તે સમજાવવાની કશી કાળજી રાખે છે ? **मातृदेवोभव पितृदेवोभव आचार्यदेवोभव** ॥ એ સૂત્રો વિદ્યાર્થી માત્રને પ્રથમ પાઠ તરીકે શીખવ-

વામાં આવના, તેને બદલે મરી ગયેલાં પિતૃઓને નામે ખોબા ભરવાનું પિતૃતર્પણ, અને દેવને નામે મૂર્ત્તિ પૂજા એનેજ ધર્મ માનીને પિતૃના નામપર પાણી રેડવાનું અને સીધું મિષ્ઠાન્ન ભૂદેવને હવાલે કરવાનું કરવામાં આવે છે. ખોબા ભરઢોળ કરીને તૃપ્ત કરવાનું કામ લઈ બેઠેલા તમે ऋष्यस्तृप्यन्ताम् કહો છો. ક્ષમા કરજો. ઋષિઓનાં પવિત્ર નામ લેવાની પણ આપણી શી યોગ્યતા છે કે આપણા પાણીના ખોબાથી તેમની તૃપ્તિ થાય? જેમણે દર્શન શાસ્ત્રો અને ઉપનિષદો જેવા ગ્રંથો ગુંથ્યા છે. જેમણે ત્યાગ, બ્રહ્મચર્ય, બ્રહ્મવિદ્યા અને લોકોપકાર એજ પરમ ધન માન્યું છે. એ ઋષિઓ કયાં અને આજે આપણે અધમ, સ્વાર્થી, ઇન્દ્રિયલોલુપ, અને મૂઢ, હાલના લોકો કયાં? રાજાઓના રાજ વૈભવને લાત મારનાર, અનેક વિદ્યાકળાના પારંગત અને જગતની લાલચોને તૃણવત્ મારનાર એ સિદ્ધ પુરૂષોની વાસના પાણીના ખોબાથી તૃપ્ત થઇ શકે? તમારા પાણીના ખોબાથી કપિલ તૃપ્ત થશે કે કણાદ? તમારા પાણીના ખોબાની વાસના વ્યાસને હશે કે દ્રોણાચાર્યને? તમારા પાણીના ખોબા યાજ્ઞવલ્કયને તૃપ્ત કરશે કે વાલ્મિકીને? જરા વિચાર કરો! ઋષિ ઋણ શું છે તે તપાસો. એ ઋણ પ્રાચીન પદ્ધતિએ ગુરૂકુળ જેવી સંસ્થાઓને અદા થઇ શકે કે ખોબા ભરવાથી તે કહો?

તૃપ્ત કરવાનું કામ લઇ બેઠેલા લોકો પોતાના પૂર્વજોને, માણસોને ઋષિઓને કે દેવને જ તૃપ્ત કરીને શાન્ત થતા નથી. પા કલાકમાં તો તેઓ પૃથ્વીપરનાં સર્વ માણસો, સર્વ પશુ પંખીઓ, સર્વ જંતુઓ, સર્વ પર્વતો, સર્વ નદીઓ, સર્વ સમુદ્રો, સર્વ પદાર્થો માત્રને આકાશ પાતાળ સર્વને તૃપ્ત કરી નાખે છે. वचनेकिंदरिद्रता એ કહેવત એમના આ વર્ત્તનમાં પ્રત્યક્ષ થાય છે. એ એમ વિચાર કરતા નથી કે ગૌ પાલનની આપણી એ દરકારીને પરિણામે દર સાલ લાખો ગાયો કસાઇઓના હાથમાં જઇ પડે છે, તેમજ એકાદ દુકાળ પડતાં લાખો બળદો અને લાખો દુધાળ ઢોરોનો ખોડો નીકળી જાય છે. છતાં પાણીનો ખોબા રેડીને पशवस्तृप्यन्ताम् "પશુઓ તૃપ્ત થાય છે. એમ માની લેવું એ મૂર્ખાઇ નહિ તો બીજું શું? પશુઓને તૃપ્ત કરવાનું કર્ત્તવ્ય બજાવતાં ઠેકાણે ઠેકાણે પશુશાળાઓ સ્થાપન કરવી જોઇએ. તેમની ઓલાદ સુધારવી જોઇએ, ભૂખે મરતાં પશુઓ ખરીદી લઈ તેમનું પોષણ કરવું જોઇએ, અશક્ત ઢોરોનું પાલન કરનારી પાંજરાપોળોને મદદ કરવી જોઇએ. આ રીતે પશુઓને તૃપ્ત કરી શકાય કે પાણીનો ખોબો ભરીને? આજ પ્રમાણે વન-

સ્પતિને તૃપ્ત કરવી હોય તો અમેરિકા અને જાપાનની પેઠે વનસ્પતિ ફળ ફુલથી લચી રહે તેવી બનાવવા યત્ન કરવો જોઇએ, નદીઓને તૃપ્ત કરવા તેનાં વહી જતાં પાણીનો સદુપયોગ કરવો જોઇએ, પર્વતોને તૃપ્ત કરવા તેના ખનિજોનો ઉપયોગ કરતા થવું જોઇએ, સાગરોને તૃપ્ત કરવા વહાણો અને સ્ટીમરોથી તેનું સેવન કરવું જોઇએ. આવું તર્પણ કરો તો તમે તર્પણ કરો છો એમ નિસંશય માનો. પણ કર્તવ્યને નામે કંઈ ના કરવું અને સદુપદેશ દેનારને ગાળો ભાંડવી એ તો એક વિપરિત જ છે. માટે ભાઇઓ તમે ધર્મના તત્વ માત્રને નીચોવી નાખીને એકલા કૂચા માત્રનું ગ્રહણ કરો છો એથી એ ધર્મ આ લોકને પરલોક ઉભય માર્ગે શ્રેયસ્કર થવાને બદલે તે ઉલટો ભારરૂપ થઈ પડે છે.

ધર્મથી હૃદય વિશુદ્ધિ, ભ્રાતૃભાવ, દયાર્દ્રતા, આત્મત્યાગ, પરમાર્થ-વૃત્તિ, અને ઉચ્ચ પ્રકારનું મનોબળ એ વિગેરે સદ્દ્ભાવો પુષ્ટ થવા જોઈએ. પણ આપણે માની લીધેલા ધર્મથી તો તેવા સર્વ સદ્દ્ભાવ આપણા અંતઃકરણમાંથી ભુંસાતા જાય છે અને આપણે કેવળ સંકુચિત વૃત્તિના સ્વાર્થી, મેલા મનના, વિવેકશૂન્ય, અને એક બીજાની પાછળ ઘસડાતા ચાલવાની વૃત્તિવાળા થઇએ છીએ. આ ભૂલ આપણને સમજાય અને ધર્મને તેના શુદ્ધ સ્વરૂપમાં આપ જોતા થાઓ, એજ વિદ્વાન પરોપકારી જનોનો પ્રયત્ન છે ”

નામદાર કોર્ટને આથી સર્વ બાબત તરફ લક્ષ ખેંચાયું હશે કે આજકાલ આર્યાવર્ત્તની પ્રજાનો મોટો ભાગ કેવો આ સ્વાર્થસાધુની પ્રપંચી જાળમાં ફસી રહેલો છે. અને વળી વાદીઓ તો આથી પણ એક પગથીયું ચઢી ગયા છે અને ફરજીયાત લાગો મરનારપરજ ઠરાવી દીધો છે. આ મનુષ્યત્વપણાને બીલકુલ અછાતુંજ છે. આવા પ્રકારના કુસંસ્કારોથી કચડાયેલી પ્રજા અત્યારે ત્રાહ્ય ત્રાહ્ય પુકારે છે. કંઇક સજ્જન પુરૂષો પણ આવી અઘટીત ઘટનાઓનું અવલોકન કરતાં અનેક આથડીયાં ખાય છે. આ પર આપ કૃપાળુ સર્વેશ્વર યોગ્ય નિર્ણય આપી મૃત્યુલોકનાં આપનાં બાળકોને સત્ય સમજાવી આવા નિરક્ષરો—વ્યાઘ્રના પંજામાંથી મુક્ત કરશો. હમણાંજ એક આચાર્ય અંબાલાલ ભાઇએ પિતૃઓને આમંત્રણ કરતાં પૂછાવ્યું છે જે પણ અત્રે કહ્યાની જીજ્ઞાસા રોકી શકતો નથી.

મનહર છંદ.

શ્રાદ્ધતણા સોળ દીન કૃપા કરી પિત્રીવૃંદ !
મિષ્ટાનની મોજ મારવા માટે પધારજો.

"વાસ વાસ" સુણી અને વ્હેલા વ્હેલા વેષ લઇ,
'વાયસ' બનીને શ્રાદ્ધ–ભોજન સ્વીકારજો.
કેશો "કાકા, કાકા" ત્હોએ 'બેટા'જ બનીશું અમે,
ખીર ખવરાવીએ તે પેટમાં ઉતારજો;
ભટ્ટને જમાડીશું જે ભોજન અમુલ્ય તેહ,
સ્વિકારીને સ્વર્ગ વિષે બેઠા લ્હેર મારજો,

(૨)

પ્રાપ્ત થયો હોય કદી પૂનર્જન્મ આપને તો;
આપઘાત કરી અને વ્હેલા વ્હેલા આવજો,
જુનાં સગાં વ્હાલાંપર પુનરપિ વ્હાલ ધરી;
કૃપા કરી સેવકનું છાપરૂં દીપાવજો.
જેટલું જમાડીયે કે આપીયે પુરોહિતને,
તેટલાંની પાવતી ગાદી તળે દીપાવજો;
એજંટ તમારા અમે ગોરભાને ગણી લેશું,
તેની મારફત બધા જવાબો અપાવજો.

(૩)

જરૂર જણાવશો કે હાલ છે તમારા કેવા?
વસ્ત્ર નવ હોય તો તે જરૂર મંગાવશો.
સુવાનું સાધન પણ સારૂં જો ન મળે કદી;
ગોરતણા ઘરમાંથી અદ્રશ્ય ઉઠાવશો.
ઉત્તરક્રિયા સમયે શય્યામાં સોંપ્યું છે સર્વ,
ગોરનાજ ઘેર નવ હજમ કરાવશો.
દુઃખ વેઠશો ન તલભાર તમે પિત્રીવૃંદ;
વ્હેલા વ્હેલા શ્રાદ્ધના સંભારી દીન આવજો.

(૪)

પરંતુ પૂછીએ અમે કૃપા કરી આપને કે,
વંશજોથી વ્હાલા કેમ ગોરને ઠરાવ્યા છે?

ગોરતણા પેટમાંથી ઉચ્છિષ્ટ જમો છો આપ.
અમારાથી દૂર રહો એવા શું દુભાવ્યા છે ?
પુરોહિતે પ્રપંચ કરીને યમરાજ પાસ;
ગીરો મૂકી આપને શું ફાંસામાં ફસાવ્યા છે ?
અગર તો ઈશ્વરના પાસેથી શું પુરોહિત.
"કમીશન એજંટ"નો પટ્ટો લઈ આવ્યા છે ?

"જ્ઞાતિઓનો ઉદ્દેશ."

પૂર્વના સમયમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચાર જાતિ ગુણ, કર્મ, સ્વભાવે નિર્માણ થતી હતી. અને તેમાંથી આજે અસંખ્ય જ્ઞાતિઓના વાડા કેમ બંધાઇ ગયા ? એ સંબંધમાં અહીં ઉહાપોહ કરવાનું સ્થાન નથી. પરન્તુ તેનો મુળ ઉદ્દેશ–જ્ઞાતિ–સમાજના મેમ્બરોને અરસ્પરસ સુખ દુઃખે સહાય કરવા, સંપ વધારવા તથા વ્યક્તિઓની ઉન્નતિ કરવા માટે જ હોવો જોઇએ અને નહિ કે એક બીજા લડી, તડ પાડી, ગરીબોને સતાવી, રાગ દ્વેષ વધારી, એક બીજાને કનડવા સારૂ હોવો જોઇએ. અને તેથી જો ઉપરોક્ત શુભ ઉદ્દેશ ન સચવાતો હોય તો જ્ઞાતિનો વાડો નિરર્થક ગણાય. કહેવાય છે કે હમણાં આ ખટપટી વ્હેવાણો (ભૂદેવો)- એ લોહાણા જ્ઞાતિની કંઈક પાછળના જેવીજ સ્થિતિ આણી મૂકી છે. અને તેથી આવી ખટપટી વ્હેવાણોથી ચેતતું રહેવા આપ સર્વેશ્વર પ્રભુ ફરમાવશો એવી આશા છે.

"લોહાણા ક્ષત્રિય જાતિ છે."

એ બાબત તો હવે નિર્વિવાદ સિદ્ધ થયેલીજ છે. (૧) લોહાણા જ્ઞાતિની ઉત્પત્તિ અને ઇતિહાસ (શેટ લોહાણા સમાચાર) (૨) ઉપદેશ ગ્રંથાવળી [મહાત્મા નથુરામ શર્મા કૃત] (૩) સૌરાષ્ટ્રનો ઇતિહાસ (૪) ટોડ રાજસ્થાન (૫) હિન્દનો ઇતિહાસ [૬] ગુજરાતનો ઇતિહાસ (૭) ફોરબસ કૃત રાસમાળા (૮) રાજતરંગીણી (૯) સિન્ધનો ઇતિહાસ આદિ ઐતિહાસિક ગ્રન્થો તેની સાક્ષી આપે છે એટલે તે સંબંધમાં અહીં વિશેષ પિષ્ટપેષણ કરવાની આવશ્યકતા નથી. ઉપરાંત લોહાણા કોમના હાલના કેટલાક રિવાજો ધાર્મિક ક્રિયાઓ, જેવી કે:—વરપક્ષ તરફથી મોકલાતી

લગ્ન પત્રિકા,* વરરાજા ઘોડે ચડે છે ત્યારે સ્ત્રીના સૌભાગ્યની ખોંભી+ વિગેરે લુગડાં ઓઢે છે. સ્ત્રીને ઘાઘરો કરવામાં આવે છે તેની કોર પર ગઢરૂપે પટ્ટો મૂકી કાંગરાં મૂકવામાં આવે છે. લગ્ન વખતે વરરાજા સફેત વસ્ત્ર

* તમામ પ્રજાઓમાં લગ્નપત્રિકા કન્યા તરફથી વરને મોકલાવવામાં આવે છે. તે પત્રિકાને વરવાળા વધાવી અંદર લખેલી તિથિએ લગ્ન કરવા જાય છે. પરન્તુ આપણે [લોહાણા-ક્ષત્રિઓ) ગૌબ્રાહ્મણ પ્રતિપાલ કહેવાતા. વરરાજાને અચાનક યુદ્ધે ચડવાનો પ્રસંગ પ્રાપ્ત થતો તેથી પોતાના વિદ્વાન પુરોહિત પાસે વરરાજા લગ્ન પત્રિકા લખાવી તે પત્રિકાને તરવારની અણીએ પરોવી સસરાને ઘરે જતો અને જો પ્રસંગ તેવોજ બનતો તો તુરત લગ્ન થતાં યુદ્ધે ચડી જતો. અદ્યાપિ પર્યન્ત લોહાણા કોમમાં વરપક્ષ તરફથીજ કન્યા પક્ષને લગ્ન પત્રિકા મોકલાવવામાં આવે છે. તે ઉપર બતાવેલાં કારણને લઇને રિવાજ રહી ગયો હોય એમ અમારૂં માનવું છે.

+ખીલજી વંશ અને લોદી વંશના બાદશાહો ગમે તે જાતના રજપુતનું ખાંડું પરણી જંતુ હોય તો તેને શીરજોરીથી પોતાના જનાનામાં બોલાવી ‘ કાપડું ’ છાપતા હતા. એક વખતે મુલતાન નિવાસી ટોડરમલ નામના લોહાણાનું ખાંડું પરણીને આવતું હતું તેને બાદશાહના સ્વારોએ ઘેરો ઘાલ્યો આ બાબતની ટોડરમલને ખબર પડતાં તુરતજ સ્ત્રીનો પોશાક પહેરી પોતાની પત્નિની પાલખીમાં દાખલ થયો. અને પોતાની પત્નિને પુરૂષનો પોશાક પહેરાવી મુલતાન મોકલાવી દીધી. પછી પોતે બાદશાહના જનાનામાં જઇ બાદશાહની છાતીપર કટાર કાઢીને ચડી બેઠો. જ્યારે બાદશાહે “ હવે પછીથી કોઇપણ ક્ષત્રિય-લોહાણાનાં પરણી આવતાં ખાંડાંને હરકત ન કરવી ” તેમ કુરાનના સોગંદ ખાઇને પ્રતિજ્ઞા લીધી ત્યારે તેને જતો કર્યો. આ વખતે બાદશાહે પ્રસંશાયુક્ત ઉદ્ગારો કાઢયા હતા કે:- “ **લોહાણી ‘ક્ષમણુ’ લેવી એ એક ગઢ લેવા જેવું છે.** ” હાલમાં લોહાણા કોમમાં લગ્ન વખતે વરરાજા ઘોડે ચડે છે ત્યારે સ્ત્રીના સૌભાગ્યની ‘ ખોંભી ’ વિગેરે કપડાં ઓઢે છે. તે તેજ ટોડરમલે ઉપરોક્ત કાર્યસર પહેરેલા સ્ત્રીના પોશાકની નિશાની છે.

વળી હાલ જે સ્ત્રીની ખોંભીની સાથે ઘાઘરો કરવામાં આવે છે તેની કોર ઉપર ગઢરૂપે પટ્ટો મૂકી કાંગરાં મૂકવામાં આવે છે. અને જ્યારે લગ્નવિધિ પૂર્ણ થાય છે ત્યારે સ્ત્રીઓ મંગળગીત ગાય છે કે “**ટોડરમલ કેસરીયો ગઢ અમે જીત્યાં.**”

શીર પર બાંધે છે× અને ચાર મંગળ ફરવા વખતે સાંબેલું રાખે છે ‡ આ બધા રિવાજો તે કોમના પૂર્વજો—ક્ષત્રિઓનાં સ્તુતિપાત્ર પરાક્રમોનાં ચિન્હો હોય તેવું જણાય છે.

×દાદામાજી (બૈરપુર) રાજાના લાલુ અને જસરાજ એ બે પુત્રો હતા. અનાયાસે કોઇ ક્ષત્રિઓ તરફથી વિનયભાવે યુદ્ધમાં જસરાજની સહાયતા માગી. પત્રિકા વાંચતાં વિરપુત્ર ! જસરાજ એકલો ઘોડે ચડીને નાઠો. યુદ્ધમાં ગંભીર રીતે ઘાયલ થયો. જસરાજની બ્હેનનાં તેજ દિવસે લગ્ન હતા ખાંડું પરણુવા આવ્યું હતું તેની દરકાર કર્યા વગર તેનો ભાઇ લાલુ પણ જસરાજની કુમકે ગયો હતો, વડીલ બન્ધુને ગંભીર રીતે ઘાયલ થયેલો જોઇ હુકમ માગ્યો કે હવે શું કરવું ? ત્યારે જસરાજે કહ્યું કે લડવું બંધ કરી ઘેર જઇ બ્હેનનું કન્યાદાન આપ, તો મને તથા પિતાજીને કન્યાદાનનું ફળ મળે. લાલુને યુદ્ધક્ષેત્રમાંથી ચાલ્યું જવું ઠીક ન લાગ્યું પરન્તુ વડીલ ભાઇની આજ્ઞાને આધીન થયા સિવાય ચાલે નહિ તેથી ઘેર આવ્યો. બ્હેને હઠ કર્યો કે જસરાજ વિના ખાંડાના ફેરા ફરીશ નહિ. એથી લાલુએ સર્વ હકીકત નિવેદન કરવાથી આ માંગલિક સમયે સ્નાન કરી ‘ સોગીયા ’ બંધાવી લગ્નનું કામ શરૂ રાખ્યું. આજદિન સુધી લોહાણા કોમમાં વરરાજાને સફેત કપડું બંધાય છે. તે આ શોકનું ચિન્હ હોય એમ લાગે છે. કોઇક સ્થળે દાદા જસરાજની નામના સાચવવા પૂજા પણ કરે છે, ઘોડા ખુંદાવે છે, અને ચંદી (મગ) આપે છે.

‡ લોહાણા ક્ષત્રિઓનું મુખ્ય કરીને ‘સાંગ’ હથિયાર હતું અને તે સાંગ પોતાની પાસેથી દૂર કરતા નહિ. લગ્ન વખતે પણ તે હથિયાર તો પાસેજ રાખતા. આજે પણ પરણતી વખતે વરકન્યા પાસે સાંબેલું રાખે છે તે એજ સાંગનું ચિન્હ અદ્યાપિ પર્યન્ત રહી ગયું હોય એમ માની શકાય છે.

કર્ત્તા.

કાવ્ય પ્રદિપના કર્ત્તા મ. ગોવીન્દ ઠક્કુર કૃત્ત સંસ્કૃત ડીક્ષનેરીમાં ‘ઠક્કુર’ શબ્દની વ્યાખ્યા આ પ્રમાણે છે. ઠક્કુર 1 An idol, a diety 2 honorific title, added to the name of a distinguished person etc. ૧ વિદ્વાન, દેવ, ૨ પ્રતિષ્ઠિત પુરૂષના નામ પછવાડે લગાડાતો ટાઇટલ (ઇલ્કાબ.)

કર્ત્તા.

*"લોહાણા" શબ્દ ક્યારે ઉદ્‌ભવ્યો અને શા ઉપરથી?

અસ્તોદયના અચળ નિયમાનુસાર આ આર્યાવર્ત્ત દેશ ઉપર પણ અનેક વખત રાજ્ય ક્રાન્તિઓ થતાં સત્ય ઐતિહાસીક ગ્રન્થો ભસ્મીભુત થયા અને તેથી આ સંબંધમાં અનેક અનુમાનો થાય છે. કેટલાક આધુનિક ગ્રંથોમાં બુદ્ધિમાં ન ઉતરી શકે તેવી શ્રૃષ્ટી વિરૂદ્ધની વાતો લખાયેલી છે પરન્તુ તેના ઉપર કંઇ પણ વિશ્વાસ રાખી શકાતો નથી. તોપણ આપ સકળ બ્રહ્માંડેશ્વર પ્રભુ પાસે હું આ સંબંધમાં કંઇક વિશ્વાસપાત્ર અને બુદ્ધિ માન્ય કરી શકે તેવી હકીકત રજ્જુ કરીશ.

લોહાણાનું નિવાસ સ્થાન.

બોમ્બે ગેઝેટીયર વોલ્યુમ ૯ ભાગ ૧ પોપ્યુલેશન હિન્દુઝ પાનાં ૧૨૧-૨૨ માં લખે છે કે—

"Lohana originally ×Rathor Rajputs, they are Said to take their name from Lohokot in Multan.

They probably belong to the Loharas who formerly held the Country between the Sulaiman Hills and the Indus."

---

* અમારા કેટલાક ભાઇઓ 'લવ' ઉપરથી 'લોહાણા' કહેવાણા તેમ માને છે. (એમ તો લેઉવા કણબી પણ પોતાને લવમાંથી લેઉવા થયેલા માને છે.) આ બીના સત્ય ઐતિહાસીક સાધનોના અભાવે ટકી શકતી નથી, લવવંશી કહેવરાવવાનો દાવો કરે છે પણ સાબીત કરી શકતા નથી. આ સિદ્ધ કરવા માટે પ્રથમ લવથી લઇ અત્યાર સુધીની ઐતિહાસીક આધારે વંશાવલી સાબીત કરવાની આવશ્યક્તા છે. તે બરાબર ચોકસ થાય તોજ બરાબર માની શકાય. ભાગવતના ૯ મા સ્કંધમાં કેટલાંક નામો આપ્યાં છે. પરન્તુ અન્ય ગ્રંથોમાં પણ વળી તેથી અન્ય રીતે નામો આપેલાં છે. એટલે સૌ જુદાં જુદાં હોઇને તે વિશ્વાસજનક નથી અને તેથી આધારભૂત ગણી શકાય નહિ. માટે એ દાવો રદ ગણવો જાઇએ.

× બોમ્બે ગેઝીટીયરમાં લોહાણાને રાઠોડ રજપુત કહેલા છે. પરન્તુ જયચંદ્ર રાયઠોડના સમયે પૃથુરાજના સરદારોમાં લોહાણા હતા. એટલે આમાં કેટલું સત્ય તે અમે કહી શકતા નથી. કર્ત્તા.

વળી રાજતરંગીણીનાં પાનાં ૩૭૩ ની નીચે ફૂટનોટમાં 'લોહર' અથવા લોહરકોટ માટે આ પ્રમાણે લખે છે.

" લોહર કોટ ના ક્ષત્રિઓએ કાશ્મીરમાં સ્વામીપણું કીધું છે. વિલ્સન જણાવે છે કે લોહર તે લાહોરનું નામ છે. પણ ઇતિહાસમાં પ્રસંગવસાત્ જે વૃત્તાંતો આપ્યાં છે તે ઉપરથી એ લોહરને લાહોર માની શકાય તેમ નથી. લાહોરની પૂર્વ દેશીય પાઠશાળાના અધ્યાપક ડૅા. સ્ટીન જણાવે છે કે જે જે પ્રસંગો આ ગ્રંથમાં દર્શાવ્યા છે તે પરથી એ નિશ્ચય કરી શકાય કે નકશામાં દર્શાવેલું લોહારાન જે લોહન ને નામે પણ પસિદ્ધ છે. તેજ લોહર–લોહારીન નદીના કાંઠાપર આવેલુ છે. એ લોહરથી આવવા માટેનો ટુંકો માર્ગ તુષમેદન પાસેનો છે. અને તેજ માર્ગે કાશ્મીરનો સઘળો વ્હેવાર ચાલતો હતો અને કાશ્મીર, શ્રીનગર તથા લોહર વચ્ચે ૬૦ માઇલનો અંતર છે. વિગેરે—"

લોહારીનના કિલ્લાના સંબંધમાં લખતાં જણાવે છે કેઃ—" આ કિલ્લાનું શિખર ૩૦૦ ફીટ ઉંચું છે અને પા મૈલનો પાધર પ્રદેશ રોકે છે. લોહારીન નદીના અગ્નિ કોણમાં જે ટોંચ નજરે પડે છે તે લોહરનો પુરાતન કિલ્લો હતો એમ આજે ત્યાંના ગામડીયાઓ મુસાફરોને બતાવે છે. આજે છુટા છવાયા વેરાયેલા પથ્થરા સિવાય બીજી કાંઇ પણ નિશાની એ કિલ્લાની જણાતી નથી." વિગેરે.

આ લોહરગઢનું વર્ણન અને કાશ્મીરના ઇતિહાસમાં લોહરગઢના રાજ્યકર્ત્તાઓનો કાશ્મીરના રાજ્ય સાથે સંબંધ જોતાં એમ માલુમ પડે છે કે ત્યાંના રાજાઓ કાશ્મીર મહારાજાના વંશના ભાયાતો, પુત્રો, ફૂટાયા વિગેરે હતા. અને કાશ્મીરના રાજાઓ લોહરગઢના ભાયાતોને રાજા, મંડળેશ્વર આદિના ઇલ્કાબો આપી ત્યાં અધિકાર ચલાવવા મોકલતા હતા. તેથી લોહરગઢના ક્ષત્રિઓ તેજ વંશના હતા તેમ વિના શકે માનવા કારણ મળે છે. તેઓ ઘણા સુરવીર ક્ષત્રિઓ હતા. તેમ લોહરગઢ ઘણો મજબુત કિલ્લો હતો.

આ પરથી ચોકસ અનુમાન કરવાને કારણ મળે છે કે લોહરગઢ નિવાસી ક્ષત્રિઓએ સિન્ધ પર સ્વારી કરી સિન્ધ દેશ જીત્યો, (ઇસ્વીસનના કયા સૈકામાં આ ચડાઇ કરી હતી તેનો ચોક્કસ પુરાવો મળી શકતો નથી પરન્તુ કેટલાક ઐતિહાસિક ગ્રન્થોના આધારે એમ ધારી શકાય છે કે આ સ્વારી ઈસ્વીસનના પહેલા અગર બીજા સૈકામાં કરેલી હોવી જોઇએ) અને જ્યારે સિન્ધ દેશ પર જીત મેળવી લોહોકોટના ક્ષત્રિઓએ ત્યાં રાજ્ય

સ્થાપ્યું ત્યારે સિન્ધની પ્રજા તેને **લોહર્રાણા-લોહારાણા** (લોહરગઢ નિવાસી રાણા) તરીકે ઓળખાવતી હોય તે વધારે ખાત્રી ભરેલું લાગે છે. સ્થળો ઉપરથી અને શહેરો ઉપરથી ઘણી જાતિઓને નામ મળ્યાં છે તેમ **લોહરીન** નદીના કાંઠાપર આવેલ **લોહરગઢ** ઉપરથી ત્યાંના **ક્ષત્રિઓ સિન્ધ**માં ગયા પછી **લોહારાણા** કહેવાયા. એ વાત સર્વથા માન્યનીય ગણાશે.

વળી દ્રષ્ટાન્ત તરીકે **અમદાવાદમાં** રહેનાર માણસને **અમદાવાદના** લોકો **અમદાવાદી** કહેતા નથી પણ તે જો અન્ય પ્રદેશમાં જાય ત્યારેજ અન્ય **દેશવાળા** લોકો તેને **અમદાવાદી** કહી ઓળખાવે છે અને તે જોતાં પણ ઉપરોક્ત અનુમાન વધારે વજનદાર ગણાય છે.

લોહર રાણા=લોહારાણામાંથી "લોહાણા."

થયા એ સંબંધમાં હવે **લોહાણા** શબ્દની વ્યુત્પત્તિ અને વ્યાખ્યા અહીં કરવી અસ્થાને નહિ ગણાય.

લોહાણા એ શબ્દનો **લોહર્** + **રાણા** =**લોહોરાણા**.

(રો. રી) ર્ comming after ર્ is dropped and the preceding Syllable if short is made long, now if it were **લોહા + રણા** then ર would be changed into **ય** optionally. (ડ, ર, ળ, લ) before another મૂર્ધન્ય are changed into **ય** E. G. ઢેયડી, બાયડી, દયણું, **શે**યડી.

But these consonants must be followed by ય only, otherwise the rules of Emphoney do not repuire the change. **ય** would then be dropped according to the opinion of **શાકલ્ય**.

લોહર્ + **રાણા** = **લોહારાણા**. **લોહર્** + **રણી** = **લોહાણી.**
ઘોઘર+રાણા=ઘોઘારાણા. લોહઃ+ગઢ=લોહોગઢ. લોહર્+ગઢ=લોહર્ગઢ.

સ- કે વીસર્ગની પૂર્વે અ. આ. સિવાયનો સ્વર (ઘોષ વ્યંજન) હોય તો વીસર્ગનો **ર** થાય છે. **લોહઃ** + ગઢ = **લોહોગઢ.**

ઉપરોક્ત વ્યાકરણ પદ્ધતિ અનુસાર પણ **લોહારાણા** માંથી લોહાણા§

---

§ "કેટલાક અમારા બન્ધુઓ તે ક્ષત્રિઓના ગુણ, કર્મ, સ્વભાવથી "લોહાણા" શબ્દ સિદ્ધ કરવા માગે છે. તે આ રીતે કેઃ—"યુદ્ધમાં સૌથી સુરવીર, તેમ સૌથી આગળ રહેનાર, તેમ શરીરમાં લોઢા જેવા મજબુત તથા દેખાવડા, લોહ જેવા રક્તવર્ણા તથા યુદ્ધમાં લોહીલોહાણ કરવા વાળા હોવાથી તે પ્રજાની સુરવીરતાને લઇને 'લોહાણા' કહેવાણા છે.

થયું હોય તેમ લાગે છે. મૂળ તો તે લડાયક જાતિ ખરી એમાં તો બે મત હોઈ શકેજ નહિ.

ઈ. સ. ના ૭ મા સૈકામાં **લોહાણાઓનું સિન્ધમાં** ભારે પ્રબળ હતું. બ્રાહ્મણાબાદમાં **લોહાણો અગમસિંહ** રાજ્ય કરતો હતો. બ્રાહ્મણ **ચચ્ચે** તે અગમસિંહ સાથે લડાઈ કરી બ્રાહ્મણાબાદ જીતી લીધું હતું. અને તે પછી **ચચ્ચે** મદાંધ થઈ ઈર્ષાની અગ્નિમાં **લોહાણાઓ** માટે તરવાર ન ઉપાડવી, રેશમી વસ્ત્રો ન પહેરવાં, ઉઘાડે પગે તથા ઉઘાડે માથે ચાલવું, ઘોડા પર સાજ નાખ્યા સિવાય બેસવું, રાજદરબારમાં બાળવા સારૂ લાકડાં પૂરાં પાડવાં. આવા આવા ઘણા ખરાબ કાયદાઓ ઘડ્યા હતા. આ કાયદાઓ અપમાનકારક અને અસહ્ય લાગવાને પરિણામે તે **લોહાણા-ક્ષત્રિઓમાંનો** કેટલોક ભાગ **સિન્ધ** છોડીને કચ્છ-કાઠિયાવાડ ગુજરાતમાં આવી લડાયક જાતિ સાથે મળી ગયો હોય એમ લાગે છે.

પૃથુરાજના સરદારોમાં **અજાનબાહુ** તથા **લંગરીરાય લોહાણા** હતા. કવિ ચંદ બારોટે §**પૃથુરાજરાસામાં લોહાણાની** સુરવીરતાનું ઘણી સરસ રીતે વર્ણન કર્યું છે.

ભોળા ભીમના સૈન્યમાં કતારીયો નામે લોહાણો હતો. કચ્છ અને કાઠિયાવાડમાં આવ્યા પછી પણ લોહાણાઓએ દિવાન જેવા ઉંચ હોદ્દા ભોગવ્યાના દાખલા મળે છે.

ઠક્કર ઠાકર કે ઠક્કુર* ?

ખરો શબ્દ 'ઠક્કુર' છે અને ઠકર-ઠાકર તે 'ઠક્કુર' શબ્દના અપભ્રંશ વર્તમાનમાં થયા હોય તેમ જણાય છે. કોષમાં 'ઠક્કુર' નો અર્થ Devine પવિત્ર થાય છે અને આ 'ઠક્કુર' એ 'ડીગ્રી' છે. એ 'ડીગ્રી' કાશ્મીરના

ઉપરોક્ત ગુણ કર્મ સ્વભાવે **લોહાણા**' કહેવાણા હોય તો તેવા ક્ષત્રિઓ બીજા પણ હતા અને તે પણ લોહાણા કહેવાવા જોઇએ. માટે અમને તો લોહોકોટ નિવાસી **લોહારાણા** અને **લોહારાણામાંથી લોહાણા** શબ્દ ઉદ્ભવ્યો તે વાત વધારે વિશ્વાસજનક લાગે છે. આ સંબંધમાં અમને કેટલીક વધારે હકીકતો મળી છે પરન્તુ વિસ્તાર ભયથી અહીં આપી શકતા નથી પણ સુજ્ઞ બન્ધુઓની ઇચ્છા હશે તો દ્વિતિયાવૃત્તિમાં દાખલ કરીશું.

§ જુઓ નાગરી પ્રચારણી સભા ગ્રંથમાળા નં. ૪ પ્રથમ ભાગ પાનુ ૨૭૫ થી ૨૯૦

* મૂળ 'થક્ક' ઉપરથી 'ઠક્કુર' ની ડીગ્રી થઇ હોવી જોઇએ. **કર્તા.**

રાજા તરફથી મળી હોય એમ માનવાને કારણ છે. ચચ્ચાનામામાં ‡ પાના ૨૯, ૪૩, ૪૫, ૭૨, ૮૭, ૧૦૭, ૧૦૮, ૧૧૬, ૧૨૭, ૧૨૪, ૧૩૩, ૧૩૯ માં આ ઠક્કુરોની સુરવીરતા અને એકનિષ્ટાપણાનું વર્ણન કરેલું છે. (વિસ્તારભયથી અહીં આપવા અશક્ત છીએ.)

તે સિવાય રાજતરંગિણીમાં પાના ૨૪૩ માં 'ઠક્કુરો' ને માટેઉલ્લેખ છે.

'ઠક્કુરો' ના પરાક્રમ અને એકનિષ્ઠાપણા માટે ચચ્ચના પુત્ર દાહીર રાજાના ઉચ્ચારેલા શબ્દો આ છે:—

"I repose full trust and Confidence in your bravery & ability etc" હું તમારા પર પૂર્ણ વિશ્વાસ મૂકું છુ અને તમારી બહાદુરી તથા શક્તિ માટે મને અપૂર્વ શ્રદ્ધા છે. વિગેરે.

મહમદ કાસીમ જેવા મોહમેડન બાદશાહે પણ લોહાણા–ઠક્કુરોનાં પરાક્રમો અને બહાદુરીનાં ઘણાં વખાણ કીધાં છે. (જુઓ ચચ્ચનામ્ પાના ૧૦૮.)

મ્હારા પ્રભુ! લોહાણાનો વિર અને ગૌરવ સંપન્ન સમર્થ પ્રજા તરીકે સ્વિકાર થયો છે. તેજ **સુરવીર લોહાણા પ્રજાને** આજે આ **સ્વાર્થાન્ધ સારસ્વતોએ** વ્હેમની બેડીઓ પહેરાવી, વિદ્યાથી વિમુખ રાખી બહુજ ખરાબ સ્થિતિમાં લાવી મૂકી છે તે પર લક્ષ દેવા પ્રાર્થના છે.

લાગા–ટેક્સોનું પોકળ પ્રકાશમાં

કહે છે કે સિન્ધના રાજા ચચ્ચને આ સારસ્વત મહારાજો પોતાનો પૂર્વજ માને છે અને જો તેમ હોય તો આ લાગા–ટેક્સોનું પોકળ પ્રકાશીત થાય છે. ઉપરાંત "**લોહાણાઓ સાથે અમે વટલ્યા**" એમ કહેનારાઓનું ખોટારૂં પકડાઇ આવે છે. ચચ્ચ રાજાના ભત્રીજાની પુત્રીનું લગ્ન બ્રાહ્મણાબાદના રાજા અગમસિંહ લોહાણાના પુત્ર સરહન્દ સાથે કર્યું હતું. એટલે તે વખત સુધી (ઇ. સ. ના ૭ મા સૈકા સુધી) આ અમાનુષિ લાગા ટેક્સોનાં લાકડાંનું નિશાન પણ નહોતું એ વિના શકે સિદ્ધ થાય છે. અને વળી સારસ્વત બ્રાહ્મણો અને લોહાણાઓમાં રોટી વ્હેવાર તો શું પણ બેટી વ્હેવાર પણ હતો એ પણ અંધારામાં રહેલા ઇતિહાસનો સફો આથી બહાર આવે છે.

---

‡ English translation of Chachnama by Mr. Kalich beg Part I.

સંસ્કારોનું સત્યાનાશ.

મનુષ્યના આત્માને દિવ્ય, તેના મનને દ્રઢ અને શરીરને સબળ, સુંદર, શુદ્ધ બનાવવા માટે પ્રાચીન ઋષિ પ્રણિત ગ્રંથોમાં ગર્ભાધાનથી લઇ મૃત્યુ પર્યન્ત સોળ સંસ્કારો કરવાનું વર્ણન છે. આજે તે ઉત્તમોત્તમ સંસ્કારોને આ સ્વાર્થાન્ધ સારસ્વતોએ પાણીચું પકડાવી, સ્મશાનવત્ કરી તેની જગ્યાએ અનેક પ્રકારનાં પૈસા ધુતવાનાં ધતીંગો ઊભાં કીધાં છે. યાતો ફક્ત તે સંસ્કારોને ટકા ધર્મ, ટકા કર્મના સાધન માની લીધા છે. વિવાહ સંસ્કાર તો ફક્ત આ ભુદેવોએ યજમાનની બાળા ઉપરનો લાગા ત્રાગા રૂપ સત્યાનાશી 'પ્રોમીસરી' નો મુદ્દો પાકવાનો દિવસજ માની લીધો છે, જે અહીં દાખલ થયેલા Ex. નં. ૪ તથા Ex. નં ૧૭ પરથી ખાસ ધ્યાનમાં આવી શકશે. વિવાહ સમયમાં મોતના મંત્રો પણ બોલી આ ભદ્રંભદ્રો ગાડું ગબડાવે છે. મરણે પરણે લાગા છે એટલુંજ નહિ પણ બીજા અસંખ્ય પ્રસંગોમાં પણ આ બ્રાહ્મણ નામને શરમાવનારાઓ અનેક પાખંડો કરી શ્રદ્ધાળુ યજમાનો પાસેથી પૈસા પડાવે છે.

મ્હારા પ્રભુ ! તે ભદ્રંભદ્રોએ ઘુસાડેલા વ્હેમોના બારામાં એ પેટા થઈ પોપજીઓને ઉદ્દેશતા જ્ઞાતિવિર વસંતના શબ્દોજ અહીં વ્યક્ત કરવા યોગ્ય જણાશે.

વ્હેમ વર્ધક પોપજી.

(દીનાનાથ દયાળ નટવર હાથ મારો મૂકશોમાં— એ રાગ)

પોપજી બાપા વ્હેમ આ વળગાડયા શું વિચાર કરી
ભરમાવી ભોળી દુનિયા, ધુર્ત્તતાનો ઢોંગ ધરી.— પોપજીબાપા.
કન્યાનો કાળ જાય છે, તેવું સમજાવો છો ફરી ફરી;
બાળ લગનમાં બહુમત આપી, ભારત નામર્દી કરી. પોપજીબાપા
પૃથ્વી ઇંડાકાર તે, તમ જીભે ચક્રાચાર ઠરી;
ફરે સૂર્યને ફેર ફરતી, તે શેષ નાગને શિર ધરી.— પોપજીબાપા.
રોગ આદી અનેક વ્યાધી, છે દેહપીડા જુઓ વિચારી;
પીડા પનોતીની જણાવો, કાં ગ્રહ ગણાવો છો અરિ.— પોપજીબાપા.
ગ્રહો સઘળા જડ ભુ* જેવા, નથી પ્રાણી નર કે નારી;
જંત્ર મંત્રથી શાન્ત કરવા, વ્હેમ જાળો બહુ પ્રસારી.— પોપજીબાપા.

* ભુ=પૃથ્વી.

નિરંજન નિરાકાર વિભુ, કહાવો તેને દેહધારી;
અવતારી વિકારી બનાવી, મતી સૌકોની હરી.— પોપજીબાપા.
સારાં નરતાં કાર્ય સર્વેની, દોરી તમ હાથે ધરી;
જેમ નચાવો તેમ નાચે, પ્રજા બીચારી બ્હાવરી. પોપજીબાપા.
પરતું જેવું ઇચ્છે પોતે, પામે કહેવત છે ખરી;
કહે નારણ તેજ કારણ, ભિક્ષા તો તમને વરી. પોપજીબાપા.

નારાયણજી ગોપાલજી વસન્ત.

હવે નામદાર સ્વર્ગીય કોર્ટનો વધારે સમય ન લેતાં ફક્ત એક બે અગત્યની બાબતો પર લક્ષ ખેંચી મ્હારૂં (Last lecture) છેલ્લું ભાષણ સમાપ્ત કરીશ.

આથી અને વાદીઓના પોતાના સાક્ષીઓ અને પ્રતિવાદી તરફથી આ કોર્ટમાં દાખલ થયેલાં Exhibits માં વિદ્વાન વર્ગના લેખોથી એ તો સ્પષ્ટ સાબીતજ થઈ ગયું છે કે આ સ્વાર્થી ભૂદેવોના લાગા ત્રાગાઓ તદ્દન પોકળ અને બીલકુલ નુકસાનકારક છે. તેઓની કોમે લોહાણા કોમ પર કેવા અને શું ઉપકાર કર્યાં તે પણ વાદીઓ બતાવી શકયા નથી.

વાદીઓએ પોતાના ફરિયાદનામામાં પણ આખી લોહાણા કોમને બહુજ હલકી અને બુદ્ધિ વગરની દેખાડવાનો પ્રયત્ન કીધો છે તે પર હું આપ નામદારોનું ધ્યાન ખેંચું છું. લગ્નમાં 'હુંડી' લખાવે છે ઇત્યાદિ અનેક ઢોંગો કરે છે. આ લાગા–ટેકસ સંબંધમાં આખી લોહાણા કોમ એકે અવાજે નાપસંદગી દર્શાવે છે. તેની સાબીતીમાં આ કોમની દ્વિત્તિય કોન્ફરન્સની બેઠકમાં થયેલો ઠરાવ હું અત્રે રજુ કરૂં છું.

બીજી કોન્ફરન્સમાં થયેલો ઠરાવ.

"ગોરબાપાની હુંડી."

"વર કન્યાના કુટુંબ વચ્ચે અણબનાવ થવાથીજ સગપણનો નિષેધ કરવા બનાવ બને છે. એવા બનાવ બનવાનું મુખ્ય કારણ લગ્ન વખતે દીકરીવાળાના ગોરબાપાને સંતુષ્ટ કરવા વરવાળા ઉપર લખવામાં આવતી હુંડી છે. સત્કાર કરવાની એવી રીત કોણે શોધી કાઢી હશે તેનો ખ્યાલ આવવો મુશ્કેલ થઈ પડે છે. આપણે મ્હેમાનોને બોલાવવા અને તેમના ખરચે આપણા નોકર ચાકરને સંતોષ આપવો એ તો મ્હેમાનગીરીના કાંઇ નવાજ સિદ્ધાન્તની શોધ કરી કહેવાય. આ રિવાજની ઊંડાણમાં ઉતરી

વિચાર કરીએ તો લગભગ કન્યાવિક્રય કરવા સરખોજ છે. નહિ તો વળી વાર લાગાની રૂઢી એટલે શું? વસવાયાના દાદ એટલે શું? ગોરબાપાની હુંડી એટલે શું? શુદ્ધ બ્રાહ્મ્ય વિવાહ તો એજ કે કન્યાને ઘરનાં વસ્ત્રાલંકાર પહેરાવીને વરરાજાને બોલાવીને તેને કન્યાનું શુદ્ધ દાન કરવામાં આવે અને તેમ થાય ત્યારેજ ઉત્તમ ફળની આશા રાખી શકાય."

અરે ! એટલુંજ નહિ પણ લોહાણા કોમની બાળાઓ, બ્હેનો, દેવીઓ પણ કોન્ફરન્સ દેવીનો સત્કાર કરતાં તે દેવીઓને આ ભૂદેવોના ભારે ભયમાંથી પોતાને મુક્ત કરવા પ્રાર્થના કરે છે.

સુશિક્ષીત બ્હેનોનો પ્રેમ.

કોન્ફરન્સ માટે ઉમંગી રાસડો.

(પુનમ ચાંદની ખીલી—એ રાગ.)

ચાલો ચાલો સત્વર મળીએ આપણ માતનેરે,
છે કોન્ફરન્સ દેવી જેનું નામ, દર્શન કરવાથી દુઃખ દુર થાશે સૌ આપણાંરે.

એ દેવી ઉપકારી છે, પૂર્ણ ધરતી પ્યાર;
ચાહે તેને સર્વદા, ઉત્તમ સુખ દેનાર.

વિજયા દેવીને ભેટો આપણ સહુ ભાવથીરે,
પૂર્ણ થાયે આશા મનની તમામ. દર્શન કરવાથી.

આર્ય દેશમાં અવતરી, યુરોપ કીધો વાસ;
ત્યાંથી પોતે પરવરી, કરવાને પ્રવાસ.

અમેરિકા આદી દેશોમાં તે બહુ ફરીરે,
થયો ઉદય તે દેશોમાં તમામ. દર્શન કરવાથી.

આવી છે આ દેશમાં, સંભાળવા નીજ સ્થાન;
સુપુત્રોએ સર્વથી, આપ્યું ઉત્તમ માન.

જુઓ જૈનો આદી બન્ધુઓના પ્રેમનેરે,
કેવો કરે છે સ્નેહ ધરી સત્કાર. દર્શન કરવાથી.

ઉદયા તું આવી ભલે; ઉતાર ભૂમી ભાર;
ચુસે રૂધીર સુતા તણાં, એ શત્રુને સંહાર.

બાળ લગ્નો આદિ વિધવા દુઃખ વિદારજેરે,
સ્થાપિત કરજે તું સત્ય ધર્મનો ચાલ. દર્શન કરવાથી.

ભૂદેવો ભુમી પરે, વ્યાઘ્ર જેવા વિક્રાળ;
પાખંડી પુરોહિતની, મા તું લેજે સંભાળ.

સત્યા સત્યનું ભાન અમોને કરાવજેરે,
જેથી પંડિતો પામે સહુ સન્માન. દર્શન કરવાથી.

દેવી દશા સુધારજે, અમે આર્ય તુજ બાળ;
શિઘ્ર સહાયકારી થજે, સુખ મળે તત્કાળ.

કુસંપ કુધારાને જડ મૂળથી ઉખાડજેરે,
સંપ સુધારાને પોષણ દેજે માત. દર્શન કરવાથી.

ઉદયા, વિજયા, બ્હેની સૌ, બનો તમે તૈયાર;
શાન્તા, કાન્તા, આવી મળો, સજી સદ્ગુણ શણગાર.

મોતી થાળ ગ્રહી કર માતુને વધાવીએરે,
લઈ કનક કળશ ને મુક્તા મણીના હાર. દર્શન કરવાથી.

ગરિબ ગૃહસ્થો સર્વને, વિનવું વારમવાર;
વિદ્વજનોને વિનયથી, નમન કરૂં આ વાર.

વદે નારાયણ નિજ જ્ઞાતિ હિત વિચારીનેરે,
સ્થાપો દેવીને નિત્ય શોધી સારાં સ્થાન. દર્શન કરવાથી.

નારાયણજી ગોપાલજી વસન્ત.

મ્હારા પ્રભુ! લોહાણા-ક્ષત્રિય કોમના પુત્ર પુત્રી ના લગનમાં આજે પણ કેટલાક અન્ય રિવાજો છે કે જે રિવાજો તે કોમના વડવાઓની અત્યુત્તમ કરકસર અને ઉંચ્ચ બુદ્ધિની સજ્જડ સાક્ષી આપે છે. તે પર આપ નામદારનું ધ્યાન ખેંચી મ્હારૂં ભાષણ પૂરૂં કરીશ.

"ભદ્રાસન" સૌભાગ્ય ચિન્હ "હાથ ઘરણું."

આ ક્ષત્રિય કોમમાં મનુ મહારાજે બતાવેલા ૮ પ્રકારના વિવાહમાં સૌથી શ્રેષ્ઠ બ્રાહ્મ્ય લગ્ન થતાં હતાં અને અદ્યાપિ પર્યન્ત પુત્રીનાં વડીલ વર્ગો પાણી સુદ્ધાન્ત વિના મૂલ્યની વસ્તુ પણ દીકરીના ઘરની સ્વિકારતા નથી. એ તેનો આબેહુબ પુરાવો છે. કન્યા પિતા વિદ્વાન્ બ્રાહ્મણને બોલાવી પોતાની પુત્રીનાં લગ્ન કરી આપતો. વરવાળાને પોતાને (કન્યા-પિતાને) ઘરે એક પાઈનું પણ ખર્ચ થવા દેતો નહિ. બ્રાહ્મ્ય લગ્નમાં શુદ્ધ કન્યાદાન આપવું એ આ ગૌરવ સંપન્ન લોહાણા કોમની પ્રાચીન

રીતિ છે. વરના પિતાને કન્યાને આંગણે કાંઇ પણ આપવાનો હક્ક હતો-જ નહિ અને તેથી વરનો પિતા કન્યા પિતાના ગામ બહાર જઇ વિદ્વાન્ બ્રાહ્મણોનો સત્કાર કરતો. તે પણ સત્કાર કરવો જ એવો કંઇ ખાસ નિયમ નહિ હતો. પણ કોઇ ભદ્ર પુરૂષ પોતાની ભદ્રાઈ બતાવવા કંઇક વિશેષ દાન કરતો (વિદ્વાનોનો સત્કાર કરતો) અને તે ભદ્ર પુરૂષના દાનની પદ્ધતિ આજે ભદ્રાસન તરીકે ઓળખાય છે. અને તે ભદ્રાસન ગામ બહાર અપાય છે તે ઉપરોક્ત મ્હારા કથનને પુષ્ટી આપે છે. જો કે આ ભદ્રાસનનો રિવાજ હાલ રૂપાન્તર થઇ કનિષ્ઠપણાને પામ્યો છે અને તેનો લાભ આવા નિરક્ષર મૂર્ખાનંદો - ભિખારી લે છે. અને તે પણ વળી જોર જુલમથી લે છે તે આ સાથેના Exhibits નં. ૫ થી નામદાર કોર્ટને ખાત્રી થઇ હશે.

Ex નં ૮ મા ના લેખકે "કન્યા પિતા વર પિતા પાસેથી કંઇક લાગો લે છે. ગરીબ સ્થિતિ હોય તો પહોંચી વળવા માટે" એમ કાંઇકિ જણાવ્યું છે. પરન્તુ તે તદ્દન અસત્ય આથી પુરવાર થાય છે અને ક્યાંક તેમ અત્યારે લેવાતો હશે તોપણ તે આ સ્વાર્થી ભૂદેવોજ ઘુસાડનારા જણાય છે.

વળી હાલ વર કન્યાને હાથે 'મિંઢોળ' બાંધવામાં આવે છે અને કન્યાને સફેત વસ્ત્ર 'પાનેતર' તરીકે પહેરાવવામાં આવે છે તે શું બતાવે છે? તે ક્ષત્રિય કોમના પૂર્વજોની દીર્ઘ દ્રષ્ટી બતાવે છે. કન્યા પિતાની શક્તિ ન હોય તો માત્ર એક પૈસાનું મિંઢોળ અને રંગીન નહિ તો સફેત સાદી સાડીથી ચાલી શકતું. અને આટલું ગમે તેવો ગરીબ કન્યાપિતા હોય તોપણ કરી શકે.

સ્ત્રીના પ્રાથમિક સૌભાગ્યનું ચિન્હ હાથની ચુડીઓ છે. અને તે કુટુંબવત્ જ્ઞાતિજનો મદદ આપીને કરાવી આપતા. સ્નેહી સંબંધી જનો થોડું થોડું આપીને તે બાઇને કરાવી આપતા. આ રિવાજ હતો. જે રિવાજ આજે હાથ ઘરણાના નામથી ઓળખાય છે.

દીર્ઘ દ્રષ્ટીવાળા લોહાણા-ક્ષત્રિઓના પૂર્વજો આવી ઉત્તમ પ્રણાલિકા દાખલ કરી ગયા છે. તે પૂર્વજો ને માટે એમ કદી પણ માની શકાય કે તેઓ આવા નિરક્ષર ભૂદેવોના લાગા-ટેક્સો પોતાની ગરીબ બાળાઓના શીરપર ટોકી જાય? કદી નહિ. આ ભૂદેવો "લોહાણા કોમના બાપદાદા આપતા આવ્યા છે." એમ કહીને પવિત્ર વિર સ્વર્ગસ્થ ક્ષત્રિઓનું અપ-

હાલ જે પહેરામણીનો રિવાજ છે તે આધુનિક છે. કર્ત્તા.

માન કરે છે. રે! તેઓની પ્રતિષ્ઠાને કલંકીત કરે છે. સિંહની ગેરહાજરીમાં શિઆળ જેમ રાજા થઇ બેસે છે. તેમ વિદ્વાનોની અપૂર્ણતાએ આ ભૂદેવોએ લોહાણા કોમને અધર્મના રસ્તામાં ઉતારી તેમની પ્રાચીન મહત્વત્તા લગભગ નષ્ટ કરી દીધી છે.

આ સાથે દાખલ થયેલા Ex. નં. ૪, ૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯ ઉપર હું ખાસ લક્ષ દેવા પ્રાર્થના કરૂં છું.

કૃપાનિધાન! આવા પેટાર્થી પોપજીઓના પ્રપંચોથી અવનતિમાં આથડીયાં ખાતી આપની મૃત્યુ લોકની પ્રજા ત્રાહ્ય! ત્રાહ્ય! પોકારી રહી છે. અત્યારે સર્વ પ્રજાની આંખો આ કેસ તરફ ખેંચાઇ રહી છે. અને આ કેસના પરિણામ ઉપરજ પોતાના શ્રેયાશ્રેયનો આધાર રાખે છે.

પ્રતિવાદીને આ કેસથી ઘણુંજ સોસવું પડયું છે; અને તેમની અવર્ણનીય ચિન્તાનો ખ્યાલ અનુભવીઓ જ જાણી શકે. તે પર આપ ધ્યાન પહોંચાડી જો આ કેસ યથાર્થ જણાય અને તેમની દલીલ સત્યના પાયાપર રચાયેલી જણાય તો તેમને યોગ્ય બદલો અપાવવા હું પ્રાર્થના કરૂં છું. ओ३म શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

"બ્રાહ્મણ બત્રીસી."

આ પ્રમાણે મ. સત્યજીતનું ભાષણ સમાપ્ત થયું કે તેજ સમયે અદ્રશ્ય રીતે કોઇ મુક્તાત્મા તરફથી નિમ્ન લિખીત પ્રાચીન, અર્વાચીન બ્રાહ્મણોની દશા દર્શાવનારી ધ્વની પૂર્ણ હૃદય ભેદક સ્વરે જાણે બોલાતી હોય! તેવી સંભળાવા લાગી. શ્રોતાઓ સંપૂર્ણ શાન્ત ચિત્તેથી સાંભળવા લાગ્યા.

*બ્રાહ્મણ કદી સૃષ્ટિ નાયક હતા જ્યાં, નિર્મળ ધર્મના રક્ષક હતા જ્યાં,
મહાયોગી તેજસ્વી વિદ્વાન હતાં જ્યાં, વડા તત્વજ્ઞાની, બુદ્ધિમાન હતા જ્યાં,
હતા વેદ વેદાંગે પૂરા માહીતગાર, બ્રહ્મજ્ઞાન—રાજ્યતણા એપર આધાર. ૧

ગવર્નર હતા આત્મ—ચિંતાપુરીના, હતા નેતા તે સર્વ ઇન્સાન ધુરીના;
ગુરૂ વિશ્વના પારમાર્થિક પ્રચારે, હતા દોરનારા દુઃસાગર પારે,
હતાં કાર્ય જેનાં પઠન પાઠનો બહુ, હતા જેમના વિદ્યા ભંડાર ભર્યા બહુ. ૨

---

* કવિ મહારાણી.

બધી કોમમાં માન જેનાં હતાં બહુ, બધા દેશમાં જેના સિક્કા જમા બહુ;
બધી કોમમાં જે કો ના'ના વડા'તા, સદા સન્મુખે હાથ જોડી ખડા'તા,
ન તે રાખતા જર, જમીનો, ખજાના, (તોપણ) મહારાજ ઇલ્કાબ લેતા મજાના. ૩

દિશા ચારપર બહુ અસર થાતી તેની, બધા શખ્સ કરતા તાબેદારી તેની;
ખુલ્લો દર હતો તેની વિદ્યાનો સઘળે, નિર્ભર હતાં કાર્ય સર્વ તે ઉપરે,
હતા દીન દુનિઆના તેઓજ તારક, તેનાં ચરણમાં નમ'તાં કંઇક મસ્તક. ૪

પરંતુ જમાનાએ પલટા જો માર્યા, બહુ તેની હાલતને ઝટકા લગાવ્યા;
બધા તેમના ગુણ સારા મટાડયા, નામો નિશાનોને ધૂળે મેળાવ્યાં,
હતાં કામ કરવાં ન તેઓને લાયક, તેવાં કામ કરવામાં આજે છે નાયક. ૫

ઘણા એમાં અફસોસ ! રોટીપકાવે, ઘણા બેસી કૂવે પાણી પીવરાવે;
ઘણા થઇ ભગત રોજ ગરદન હલાવે, ઘણા થઇ ભૂવાઓ પશુવધ કરાવે,
ઘણા દોરીલોટાને કાંધે ચડાવે, બની જોશી ઘર ઘર ગ્રહોને લડાવે. ૬

ઘણા આગ ચૂલાની સળગાવનારા, શૂદ્રોની પેઠે ભદ્રાઓ થનારા;
ઘણા માગી ઘર ઘર કણીકો ખાનારા, ઘણા લોક ભોળાને બહેકાવનારા,
ઘણા "**પાણી બામણીયા**" સ્ટેશન પાનારા, ઘણા કોર્ટ મ્હેલે પંખા ખેંચનારા.૭

ઘણા કાઢી બેઠા **હોટલ**, ચા, **બ્રાહ્મણીઆ**, ઘણા કાઢી બેઠા **વીશી** થયા રસોયા;
ઘણા ગાંઠીયા સેવ વણતા કંદોઇ, ઘણા પાલખી કાંધ લેનાર **ભોઇ**,
ઘણા ભાડુતી ટટ્ટુ પેઠે **સિપાઇ**, કરે કન્યાવિક્રય લઇ **ભ**ડવાઇ. ૮

ઘણા તિર્થ ઉપર ફરે થઇ ભિખારી, ઘણા થઇ રહ્યા દેવળોમાં પુજારી;
કરી નાદ ઘંટાના શંખો ફૂંકે કંઇ, ઊડાવે ગરાસો હરામી બની કંઇ,
કદી **વ્યાસ**, ગૌતમ, હોયે આજ જીવતા, રડે પોક પોકે નિહાળી આ નીચતા. ૯

ઘણા નાટકોમાં કરે છે **ભ**વાઇ, કરે **સૃ**ષ્ટિ–નિયમોથી ઊલટી કમાઇ;
નરો થાય નારી ધરી ચોળી, સાડી, ભરે પેટ નાચી ખુંદીને લબાડી,
બુરાં કર્મ કંઇ એ કુપાત્રો કરે છે, શ્રુતિ સ્મૃતિ ત્યાગી તે નરકે સડેછે.૧૦

નથી **વેદ** ભણવા ભણાવવામાં કાબેલ, નથી **યજ્ઞ** કરવા કરાવામાં કાબેલ;
નથી દાન દેવા કે લેવામાં કાબેલ, કદી છે તો છે માગી ખાવામાં કાબેલ,
અફસોસ જ્વાળા હૃદય બાળતી છે, કે ઋષિયોના સંતાનની શી સ્થિતિ છે. ૧૧

વડા ચાર 'ટાઇટલ' દીધા તેને અર્પી, ગદ્ધા, **પીર**, **ભી**સ્તી ને છેલ્લે **બ**બરચી,
નથી માન તેનાં ન સત્કાર તેના, થયા નષ્ટ આચાર વિચાર તેના,
મહાશોક ! એવી દશાપર તેની, ચીરાએ કલેજાં સ્થિતિ જોઇ તેની. ૧૨

કહો ઢોળીએ કોનીઉપરે આ વાંક ? કહો કોણે આવો વાળ્યો આડો આંક ?
કહો કોને આ સૌનું કારણ ઠસાવો ? ભલા કોને તેઓના શત્રુ બનાવો ?
આ તેનાજ કર્મતણું છે પરિણામ, થઇ દુર્દશા તેમની જે અરે આમ. ૧૩

પઠન પાઠનોને દિલેથી નસાડયાં, ફક્ત પેટ ભરવાનાં કામોજ કાઢયાં:
રહ્યા ખાઇ પીઇને ખુશીમાં હમેશ, કરે ધંધો જેમાં નહિ કષ્ટ લેશ,
ગમે તે કરીને ટકા બસ કમાવા, ધરમ, કર્મ, વેદોને ચૂલે ચડાવ્યા. ૧૪

વિના કષ્ટથી જો ટકા હાથ આવે, ભલા કોણ કોને સખત શ્રમ ઊઠાવે ?
તે ભણવા કે લખવામાં દિલ શાને લાવે ? મગજ મારી ગ્રંથોમાં શાને કરાવે ?
વિના દુઃખ જેને મફત આવતાં ભાઇ ! બતાવો ભલા શાને વેઠે તે સખ્તાઇ.૧૫

મહા મૂર્ખ અણુપઢ પણ દાન લાવે, વળી રોજ તરમાલ મફતે ઉડાવે;
તો ભણવું ને લખવું મૂકે ઓશીકે તે, લગાવે ગપાષ્ટક ઉડાડી થુકો તે,
જીકર એજ કે **ત્યાં હતી ખીર પૂરી,** હતી ત્યાં કચોરી જલેબી પકોડી. ૧૬

ફલાણાના લાડુમાં થોડું હતું ઘી, ફલાણાને ત્યાં તેલ ખોરૂં હતું છી;
ફલાણાને ત્યાં કઢી ખાટી હતી બહુ, ફલાણાને ત્યાં દાળ ખારી હતી બહુ,
ફલાણાએ દક્ષિણા દીધી ન પાઈ, ન માવતર પાછળ ઉજવ્યુંજ કાંઈ. ૧૭

આ છે દાન દક્ષિણાનીજ બરકત, મૂર્ખાઇની બ્રહ્મકુળમાં જે થઇ ગત;
પડી પેટ પૂજાતણી જ્યાંથી આદત, ગયા છોડી વિદ્યા ચતુરાઇ ઇજ્જત,
રહ્યા આજ ખર પેઠ કોરા નિરક્ષર, હતા જ્ઞાન ગુણોમાં જે કો દી નરવર. ૧૮

અજબ ! તેમને જો ભલાનું સૂઝાડે, તો તેનેજ પોતાના શત્રુ બતાડે;
જે નબળાઇ તેઓની તેને જણાવે, તો ગુસ્સાથી મોં નાક તેપર ચડાવે,
કહે તેને શત્રુ સનાતન ધરમના, વિરોધી કહે શાસ્ત્ર કેરા મરમના. ૧૯

સુણો બ્રહ્મ રવિના હે ઝાંખા તારાઓ ! જરા દુર્દશા તો તમારી નીહાળો;
ન નાહક તેનેજ દુશ્મન પુકારો, કહે વાંક સાચો જે જાહેર તમારો,
ન તેનાપરે દોષ ઢોળો હે પ્યારા ! જે દિલથી ચહે છે તમારા સુધારા. ૨૦

ભલું જો તમારૂં તમે ચાહતા હો, પડયામાંથીજ ઊઠવું ચાહતા હો;
પ્રતિષ્ઠા હવે જો જરા ચાહતા હો, વડીલો સમા જો થવું ચાહતા હો,
તો ભણવા ભણાવા હવે ફર્જ માનો, અવિદ્યાને સહુથી બુરૂં કર્મ માનો. ૨૧

ન કંઇ દોષ કીસ્મતનો ભાલે બતાવો, ન કંઇ વાંક કલિયુગને શિર ચડાવો;
દુષિત રાજ્યને કંઇ તમે નવ ઠરાવો, ગુન્હેગાર ના અન્ય કોને બનાવો,
નહિ અન્યની ભૂલ આમાં જરા છે, તમારી તમોએજ પલટી દશા છે. ૨૨

વડીલોના ઇતિહાસને જુઓ ઝાંખો, નજર સાફ તેના જીવનપર નાંખો;
તમારાં ચલણુ તમે તેવાં બનાવો, તમારાં બીબાં તેને સંચે જમાવો,
તમે પણુ કરો તે જે કરતા હતા તે, ભરો દિલમાં તેજે ભરતા હતા જે. ૨૩

હતું તપ વિદ્યાતણું તેમમાં પણુ, હતી રાજ–આજ્ઞાની તેપર ન દખલ;
હતો સંતોષ સત્કર્મ અમલ, હતું તેને સૌથી મીઠું મુક્તિનું ફળ,
હતું રાવ રાજાથી નહિ કામ તેને, હતું નામ પ્રિય એક ૐકાર તેને. ૨૪

કપિલ, જૈમિનિ, વ્યાસ, ગૌતમ, કણાદ, હતા બ્રહ્મકુળમાં તે શક્તિથી આબાદ;
અજબ તેજ તેનાં તથા બળ અનુપ, હતા કાંપતા જેથી દુનિયાના ભુપ,
ભલા, શાને ગર્દન હતી સૌની ઝુકતી ? તો કેશું કે વિદ્યાતણી એક શક્તિ. ૨૫

આ તેની કૃપાનાંજ ફળ છે તમોને, જે આસન આજેય મળતાં તમોને;
તમારા બતાવ્યાજ રસ્તા વળ્યા છે, તમારાં ખીલાવ્યાંજ પુષ્પો ખીલ્યાં છે,
પરંતુ હવે ના જમાનો તે ધારો, પુરાણા વિચારો દિલેથી વિસારો. ૨૬

જો જીવ્યાની દરકાર યશથી તમોને, જો ઋષિકુળ ઇજ્જતે પ્રીતિ તમોને;
જો સત્કાર પાછા મેળવવા તમોને, જો ઘરબાર સારાં વસાવવાં તમોને,
હરામી આજીવિકા બુરી તો તો ત્યાગો, સદા જ્ઞાન પુરૂષાર્થ સત્કર્મે લાગો. ૨૭

ધ્વનિ વેદનો પાછો ગુંજવવા માંડો, હવન, યજ્ઞ ઊંચા રચવવાને માંડો;
ભણો આપ વેદો ભણાવાને માંડો, કરો કર્મકાંડો કરાવાને માંડો,
ઉઠો સૌ તમે બસ કદમ બ્હાર કાઢો, તમારૂંજ દુનિયામાં બ્રહ્મતેજ કાઢો. ૨૮

તમે ભાઇઓ ! ધર્મના માર્ગદર્શક, તમે ધર્મનૌકાના કેપ્ટન અધ્યક્ષ;
આત્મિક ચક્ષુના છો દિવ્ય ચેતન, તમે જ્ઞાન–ભંડારનાં મોંઘાં રતન.
તમારા ભલામાંજ સૌનું ભલું છે, તમારા બુરામાંહી સૌનું બુરૂં છે. ૨૯

નહિ જો કદી હાથમાં ખોટ હોયે, નહિ જો ચરણુ પેટમાં ખોટ હોયે;
પરંતુ જો બગડે આ ઇનસાનનું શીર, પડી જાય ભુંડેજ હાલે શરીર,
મનુષ્યજાત ઇન્સાનની કાયા કહીએ, તો તમને તે કાયાનું માથુંજ કહીએ. ૩૦

તમારૂં બગડવું બગડવું છે સૌનું. તમારૂં સુધરવું સુધરવું છે સૌનું;
તમારૂં ઉદ્ધરવું ઉદ્ધરવું છે સૌનું, તમારૂંજ તરવું છે તરવુંજ સૌનું,
તમે કાંઇ કરશો તો બહુ કામ થાશે, નહિ તો આકુલ દેશ બદનામ થાશે. ૩૧

આ કંઈ લખ્યું કે કહ્યું છે તમોને, દીધો ખેંચી ખ્યાલોનો ફોટો તમોને;
ન દિલ દુભવવાનો મુદ્દો જરા છે, ન ઠઠ્ઠા કે હાંસીની બીલકુલ મજા છે,
છે સાચી પ્રીતિ હીતકેરી આ વાણી, જે જગબત્રીસીથી છોડવવા વખાણી. ૩૨

આ ઉપરથી નામદાર ચીફ઼ઓફ઼ જસ્ટીસ તરફ઼થી ૯ મુદ્દાઓ ઊભા કરવામાં આવ્યા હતા જે નીચે પ્રમાણે.

૧ આ લખાણ કરવામાં પ્રતિવાદીને કંઇ અંગત લાભ હતો ખરો?

૨ કોઈ પણ લખાણ લાઇબલ વાળું ક્યારે ગણી શકાય?

૩ એક મનુષ્ય સમૂહ બીજા મનુષ્ય સમૂહનો "ગરાસ" થઇ શકે કે?

૪ બ્રાહ્મણ કોને કહેવો? જાતિ, ગુણ, કર્મ સ્વભાવથી કે જન્મથી?

૫ યજમાનની કન્યાપર તથા અન્ય શુભાશુભ પ્રસંગે આ વાદીઓના ફ઼રજીયાત લાગા–ટેકસો શું વાસ્તવિક છે?

૬ ઉપનયન સંસ્કાર.

૭ લગ્ન.

૮ "ખીર" એટલે શું?

૯ પિતૃ શ્રાદ્ધ.

જજમેન્ટ.

આ દાવો જે ખાસ સંજોગો વચ્ચે માંડવામાં આવ્યો છે અને તેમાં વાદી પ્રતિવાદીના પુરાવા તથા વિદ્વાન્ પુરૂષોના લેખો રજુ થયા છે તે પર લક્ષ આપી નિર્ણય આપતાં પહેલાં મ્હારે કહેવું જોઇએ કે છેલ્લાં થોડાંક વર્ષ થયાં પક્ષકારોની કોમો વચ્ચે આ લાગા–ટેકસો યા કહો કે ફ઼રજીયાત દાન સંબંધમાં ચકમક ઝરતું જ રહ્યું છે. પ્રતિપક્ષનાં જ્ઞાતિ સંમેલન વખતે પ્રતિવાદીએ આવા પાખંડી પુરોહિતોની પાથરેલી જાળમાંથી બચવા અને કૃતિમ લાગા–ટેકસોમાં સબડતી સ્વકોમને બહાર કાઢવા કોન્ફ઼રન્સના કાર્ય વાહકોને કંઇક વ્યંગતા સૂચક શબ્દોમાં સંબોધન કરેલું અને તેજ લખાણને વાંધાવાળું ગણી વાદીઓએ આ ન્યાય મંદિરનો આશ્રય લીધો છે.

આ મૃત્યુલોકનો મુકદમો છે. અને તેથી મ્હારે પણ મૃત્યુલોકમાં-જ જન્મેલા આપ્ત પુરૂષોનાં વચનોનેજ કાયદારૂપે ગણી તેની સાથે કુદ-રતી કાયદાને આધાર ભૂત ગણી આ બાબતનો નિર્ણય કરવાનો છે. કે જેથી મ્હારી વ્હાલી પ્રજાને આથી સારી સમજણ મળે. હવે આ આખા કેસ પ્રત્યે લક્ષ આપતાં તેના માટે જે મુદ્દાઓ ઊભા કરવામાં આવ્યા છે. તેમને હું હવે અનુક્રમે લઉં છું.

મુદ્દો ૧ લો.

આ લખાણ કરવામાં કંઇ પ્રતિવાદીને લાભ હતો ખરો ?

સમય, સંજોગો, અને મૂળ લખાણપર ખૂબ વિચાર કરતાં મને જણાયું છે કે પ્રતિવાદીના અંગત લાભનો અંશ પણ હતો નહિ અને તેથી આ મુદ્દાનો પ્રત્યુતર નકારમાંજ આવે છે.

મુદ્દો ૨ જો.

કોઈપણ લખાણ લાઈબલવાળું કયારે ગણી શકાય ?

એક વ્યક્તિ અથવા એક સમૂહમાં રહેલા સદ્ગુણોને દ્વેષ દ્રષ્ટીથી દુર્ગુણના રૂપમાં બતાવી જાહેર પ્રજામાં તે વ્યક્તિ યાને સમૂહને હલકો પાડવાનો પ્રયત્ન કરવામાં આવે અને તેનાથી તે સમૂહ યા વ્યકિતની ઇજ્જતને ઇરાદા પૂર્વક હલકી પાડવાનો પ્રયત્ન કીધો હોય તે લખાણ લાઇબલવાળું ગણી શકાય. ત્યારે હવે પ્રતિવાદીએ 'અજબારંભ'માં જે વિશેષણો વાદી-ઓને લગાડયાં છે તે વાસ્તવિક છે કે નહિ ? તે સંબંધમાં વિચાર કરતાં હું એના અનુમાનપર આવું છું કે તે વાસ્તવિક જ છે. કારણ કે જે ઋષિ મુનીઓ, મહાત્માઓ, હમેશાં સંસારપર ઉપકાર કરવો એજ પોતાની મુખ્ય ફરજ સમજી અહર્નિશ આઠે પહોર પ્રજા કલ્યાણમાંજ પોતાની વૃત્તિ-ઓને પરોવી દેતા હતા. તેનાંજ સંતાનો પોતાને કહેવરાવતા આજે પ્રજાનું તો શું અરે ! યજમાનનું તો શું પણ પોતાનું કલ્યાણ પણ સ્વાર્થ બુદ્ધિથી નથી કરી શકતા તેવા દુષ્ટમાં દુષ્ટ કસાઇથી પણ બે ડગલાં પાછળ હઠી પોતાની ગાય સમ પુત્રીઓની ગરદનપર લાગા–ટેક્સની ચકચકતી છુરી મૂકી તેમનું જોર જુલમથી પૈસા–રક્ત પાન કરે છે. તેવાઓ પશુ પક્ષીથી પણ ઉતરતા પુરૂષોને ગમે તેવા વિશેષણોના 'વિશેષ' કહી શકાય.

હવે તો પછી વાદીઓની ઇજ્જતને કંઇ નુકસાન પહોંચ્યું ? એ એક વિચારણીય પ્રશ્ન છે. વાદીઓના પોતાના સાક્ષીઓએ પણ ના પાડી છે.

એકે કહ્યું " **તેમ કહે છે** " તેથી કરીને કંઇ ચોક્કસ નિર્ણય થઇ શકે નહિ. અને ખરી રીતે વાદીઓએ એમ સિદ્ધ કરી આપ્યું નથી.

મુદ્દો ૩ જો.

એક મનુષ્ય સમૂહ બીજા મનુષ્ય સમૂહનો 'ગરાસ' થઇ શકે કે ?

"**ગરાસ**" શબ્દ Immovable property ને લગાડાય છે. તો લોહાણા જેવી ક્ષત્રિય કોમને **ગરાસ** કહેવો તે આખી ક્ષત્રિય કોમને જડ્ માની લેવા જેવું છે, વાસ્તવિક રીતે તો વાદીઓ આ **ગરાસ** શબ્દનો ઉપયોગ કરી પ્રતિવાદીઓની પ્રાચીન અર્વાચિન કીર્તિને કલંક લગાડે છે એમ હું માનું છું.

દાખલા તરીકે બે સહોદર બન્ધુઓ હોય; તેમાં એક નિરૂદ્યમી, રોગી, આળસુ અને કમાવાને અશક્ત હોય, અને હમેશને માટે બીજા ભાઇપર બોજારૂપ થઇ પડતો હોય તો વખત જતાં જતાં તે કમાઉ ભાઇની પણ પેલા નિરૂદ્યમી પ્રત્યે પૂજ્ય બુદ્ધિ ઘટી જવા સંભવ છે. અને તે નિરૂદ્યમી ભાઇની સ્ત્રીને પણ પતિના કમાઉ ભાઇ અને ભાભીની ઓશીયાળી રહેવા સિવાય છૂટકો નથી. એવી પરાશ્રયી જીંદગી ગુજારવા છતાં પણ આખી જીંદગી પર્યન્ત તેમજ ચાલતું નથી. સ્થૂળ દ્રષ્ટીએ જોતાં જ્યારે એકજ ઉદરમાં પાકેલા બે સગાભાઇઓ પણ આવી સ્થિતિમાં વધારે વખત નીભાવી શકતા નથી અને તેટલી ધૈર્યતા ધારણ કરી શકતા નથી તો આ એક આળસુ ભૂદેવોનો આખો સમૂહ લોહાણા સમૂહપર પોતાનો નિર્વાહ ચલાવવા ધારે તો તે લોહાણા સમાજ કંઇ પણ લાભ કે બદલાની કે કલ્યાણની આશા વગર આજના સમય સંજોગોમાં તેવો બોજો વધારે વખત ઊઠાવી શકે એ બીલકુલ અસંભવીત છે. અને એવી એક એકને બોજારૂપ થઇ પડવાની ઇશ્વરી ન્યાય વ્યવસ્થા કદી હોતી જ નથી. લોહાણા કોમમાં પણ કોઇની જો આવી માન્યતા હોય કે પરમાત્માએ આ ભૂદેવોનો નિર્વાહ આપણા પર રચેલો છે તો તેમ માનવું તે સર્વથા બુદ્ધિ વિરૂદ્ધ એ ન્યાયી પરમાત્માના ન્યાયને કલંક લગાડવા જેવું અને ઇશ્વિરને પક્ષપાતી ઠરાવવા જેવું છે.જો પરમાત્માનીજ આવી વ્યવસ્થા હોત તો આવા આળસુ ભિખારી ભૂદેવોના કપાળપર યા શરીરના કોઇ ભાગપર કંઇક જુદીજ નિશાની હોત. પરન્તુ તેવું કશું નથી " સ્વર્ગીય દરબારમાંથી પરવાનો મેળવ્યો છે. " એમ કહેનારા ભૂદેવો–વાદીઓ પોતે કશું પણ સાબીત કરી શકયા નથી.

માટે પ્રતિવાદીના બચાવનામામાં 'ગરાસ' શબ્દનો જે અર્થ કરેલો છે તેને હું વિશ્વાસ રાખવા લાયક ગણું છું. અને તેથી આજથી મ્હારી મૃત્યુલોકની પ્રજાને ખાસ ફરમાન કરૂં છું કે ઇશ્વરની સર્વોત્તમ કૃત્તિ મનુષ્ય સમૂહ કોઇનો પણ ગરાસ થઇ શકતો નથી અને તેવું મનાવનારાઓનો ઉપાનથી સત્કાર કરવોજ આવશ્યક છે. પરન્તુ લોહાણા સમાજે આજ દિવસ સુધી જે બોજો સહન કરેલો છે તેમાં ખરેખર હદ બહારની તેની દયા દ્રષ્ય થાય છે.

મુદ્દો ૪ થો.

બ્રાહ્મણ કોને કહેવો ?

હવે આ બ્રાહ્મણો સંસ્કારો કરાવી યજમાન પાસેથી કંઇ દક્ષિણા યા લાગા-દાદ લઇ શકે કે નહિ ? વિગેરે બાબતમાં વિચાર કર્યા પહેલાં **બ્રાહ્મણ કોને કહેવો ?** એજ મુખ્ય વાંધા-વિવાદાસ્પદ વાળી બાબતનો કંઇક નિર્ણય કરવાની જરૂર મ્હારા મત મુજબ મને જણાય છે. તો હવે જોવાનું છે કે ધર્મશાસ્ત્રો બ્રાહ્મણ કોને કહે છે. દાર્શનિકો કહે છે કેઃ—

लक्षण प्रमाण भ्याम् वस्तुसिद्धिः नतु प्रतिज्ञामात्रेण ।

દરેક વસ્તુની સિદ્ધિ લક્ષણ અને પ્રમાણોથી થાય છે. આગ તેનેજ કહેવી કે જેમાં પ્રકાશ અને ઉષ્ણતા હોય. તેવીજ રીતે બ્રાહ્મણની પરિક્ષા શી રીતે કરવી કે, તે બ્રાહ્મણ છે ? આટલા સારૂ ધર્મશાસ્ત્રો શું આજ્ઞા કરે છે તે જોવાની જરૂર છે.

शमो दम स्तपः शौचं क्षांति रार्जव मेवच ।
ज्ञानं विज्ञान मास्तिक्यं ब्रह्मकर्म स्वभावजम् ॥

ભગવદ્‌ગીતા, અ. ૧૮ શ્લોક ૪૨.

અર્થ—શમ = મનની શાન્તિ, દમ = બાહ્યેન્દ્રિયોની શાન્તિ, તપ = શારિરિક તપ, શૌચ = બહાર અને અંદરની પવિત્રતા, ક્ષમા, સરળતા, શાસ્રોક્ત જ્ઞાન, અનુભવ તથા આસ્તિકતા આટલાં બ્રાહ્મણનાં સ્વાભાવિક કર્મ છે.

अध्यापन मध्ययनं यजनं याजनं तथा ।
दानं प्रतिग्रहंश्चैवं ब्राह्मणानाम कल्पयत् ॥

મનુ. અ. ૧ શ્લોક ૮૮.

અર્થ—વેદ ભણાવવા અને ભણવા, યજ્ઞ કરવો અને કરાવવો, દાન આપવું અને લેવું એ ૭ કર્મ બ્રાહ્મણનાં છે.

नतिष्ठति तु यः पूर्वा नोपास्ते यश्च पश्चिमा ।
स शूद्र वद्बहिष्कार्यः सर्वस्मा द्विज ्मणः ॥

મનુ. અ. ૨ શ્લોક ૧૦૩.

અર્થ—જે પ્રાતઃકાળ અને સાયંકાળની સંધ્યા કરતો નથી તેને બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્યની પંક્તિ બહાર કાઢી નાખવો. તેને પશુ સમાન સમજી સત્કાર ન કરવો.

यथा काष्ट मयो हस्ती यथा चर्म मयो मृगः ।
यश्चविप्रोऽनधीयानस्त्रयस्ते नाम बिभ्रति ॥

મનુ. અ. ૨ શ્લોક ૧૫૭.

અર્થ—જેવો લાકડાનો હાથી, ચામડાનો મૃગ, તેવો વિદ્યાહિન બ્રાહ્મણ ત્રણે કેવળ નામધારી છે.

योऽनधीत्य द्विजो वेदमन्यत्र कुरुते श्रमम् ।
सजीवन्नेव शूद्रत्वमाशु गच्छाति सान्वयः ॥

મનુ. અ. ૨ શ્લોક ૧૬૮.

અર્થ—વેદ ન ભણતાં બીજાં કર્મમાં જે દ્વિજ પરિશ્રમ કરે છે તે જીવતો છતાં કુટુંબ સહિત શૂદ્રતાને પામે છે.

सावित्र्याश्चैवं गायत्र्याः सध्योपास्त्यग्नि कार्य्ययोः
अज्ञानात्कृषि कर्त्तारो ब्राह्मणा नाम धा काः ॥

પારાસર સ્મૃતિ, અ. ૮ શ્લો. ૩.

અર્થ—સાવિત્રી, ગાયત્રી, સંધ્યા અને અગ્નિકર્મ એ જેઓને માલુમ નથી અને જીવીકા માટે ખેતી કરે છે તે નામધારી બ્રાહ્મણ છે.

ग्रामस्थानं यथा शून्यं कूपस्तु निर्जलः ।
यथा हतमनग्नैच अमन्त्रो ब्राह्मणस्तथा ॥

પારાસર સ્મૃ. અ. ૮ શ્લોક ૧૭.

અર્થ—જેમ વસ્તી વગરનું કામ, પાણી વિનાનો કૂવો અને અગ્નિ રહિત હોમ, તેનોજ વેદાદિ મંત્ર રહિત બ્રાહ્મણ નિરૂપયોગી છે.

गायत्री रहितो विप्रः शूद्रादप्य शुचिर्भवेत् ।

પા. અ. ૮ શ્લોક ૨૪.

અર્થ—જે બ્રાહ્મણને ગાયત્રી મંત્ર આવડતો નથી તે શૂદ્ર કરતાં પણ અપવિત્ર છે.

આથી એ સ્પષ્ટ સિદ્ધ થાય છે કે જન્મથી બ્રાહ્મણ હોવાનું અભિમાન ધર્મશાસ્ત્રો અને યુક્તિ બન્નેથી વિરૂદ્ધ છે. 'કુદરતી કોડ' કહે છે કે **जन्मना जायते शूद्रा संस्कारा द्विज उच्यते** જન્મથી તો બધા શૂદ્રોજ છે. જેવા જેવા સંસ્કાર પડે છે તેવા તેવા વર્ણના તે ગણાય છે. વળી **ब्रह्मजाना ति ब्राह्मण** જે બ્રહ્મ પરમાત્માને જાણે છે તેજ બ્રાહ્મણ છે. 'મનુ કોડ' કહે છે કેઃ—જે ઇન્દ્રિયોને સ્વાધીન રાખે, સદા સંતોષી રહે, જૂઠું કદી ન બોલે, ખોટી ખુશામત કરીને પેટ ન ભરે, સંસારનો ઉપકાર એજ જેના જીવનનો મૂળ હેતુ હોય છે તેનેજ બ્રાહ્મણ જાણવો.

(અધ્યાય ૪ શ્લોક ૧૧-૧૨)

આ પરથી ખુલ્લું સમજાય છે કે જાતિ જન્મથી નહિ પણ ગુણ, કર્મ, સ્વભાવથીજ મનાવી જોઇએ.

જેના માટે કેટલાંક વધારે શાસ્ત્રીય પ્રમાણો આપવાનું હું ઉચિત સમજું છું.

ભાગવતમાં કહ્યું છે કેઃ—

न कुलेन न जात्या वा क्रियाभिर्ब्राह्मणो भवेत् ।
चाण्डालोऽपिहि वृतस्थो ब्राह्मणः स युधिष्ठरः ॥

અર્થ—કુળ અથવા જન્મથી કોઇ માણસ બ્રાહ્મણ થઇ શકતો નથી પણ કર્મથીજ થાય છે. જો ચાંડાલ સદ્ગુણી હોય તો હે! યુધિષ્ટર! તે બ્રાહ્મણ છે.

વળી શંકરનીતિ નામના ગ્રંથમાં કહ્યું છે કેઃ—

न जात्या ब्राह्मणश्चात्र क्षत्रिय वैश्य एवनं ।
न शूद्रो न चवै मलेच्छो भेदिता गुणकर्माभिः ॥

અર્થ—જન્મથી કોઇ માણસ ક્ષત્રિય વૈશ્ય, શૂદ્ર કે મલેચ્છ થઇ શકતો નથી. સઘળાના તેઓના ગુણ અને કર્મથી વર્ગ પડેલા છે.

શતપથ બ્રાહ્મણ કાં. ૫ અ. ૧ બ્રા. ૧ માં કહ્યું છે કેઃ—

ब्रह्म हि ब्राह्मण વેદ વડે પરમાત્માની ઉપાસના કરનાર અને વિદ્યાદિ ઉત્તમ ગુણયુક્ત પુરૂષ બ્રાહ્મણ થવાને યોગ્ય છે.

મનુ ભગવાન કહે છે કે:—

शूद्रो ब्राह्मणतामेति ब्राह्मणश्चैति शूद्रताम् ।
क्षत्रियाजजातमेवन्तु [illegible] वैश्यात्तथैवच ॥

અર્થ - શૂદ્ર બ્રાહ્મણ થઇ શકે અને બ્રાહ્મણ શૂદ્ર થઇ શકે તેમજ ક્ષત્રિય અથવા વૈશ્ય પોતાના કર્મ પ્રમાણે ઊંચ નીચ થઇ શકે છે.

એક ઘણો પ્રાચીન ગ્રંથ 'આપસ્તંભ ધર્મ સૂત્ર' એવો નિયમ દર્શાવે છે કે:—

अधर्म चर्य्यथा पूर्वावर्णोजघन्यं जघन्यं वर्णमापद्यते जाति परिवृत्तौ १०
धर्मचर्य्य या जघन्योवर्णः पूर्वपूर्वं वर्णमा पद्यते जाति प[illegible] ११

અર્થ—દૂર્ગુણ આચરવાથી કોઇ પણ માણસ ઊંચ્ચ વર્ગમાંથી નીચ વર્ગમાં જાય છે સદ્‌ગુણ આચરવાથી કોઇ પણ માણસ નીચ વર્ગમાંથી ઊંચ્ચ વર્ગમાં જાય છે.

પ્રાચીન સમયમાં આ પ્રમાણેની માન્યતા હતી. જે દ્વિજ વર્ગમાં જન્મ્યો હોય પણ તે તેની ધર્મની ક્રિયા બરાબર જાણતો ન હોય, ન કરતો હોય, તો તેને શૂદ્રોના વર્ગમાં ઉતારી મૂકવામાં આવતો અને શૂદ્રો મહાન વિદ્વાન ધર્માત્મા થઇ ગયાના ઘણા દાખલા આપણને પ્રાચીન ઇતિહાસમાંથી-ઋષિ પ્રણિત ગ્રંથોમાંથી મળી આવે છે જેમાંના થોડાંક ઉદાહરણો અત્રે હું બતાવીશ.

૧ **સત્યકામ જાબાલ**—વેશ્યાપુત્ર હતો છતાં જ્ઞાન અને વિદ્યાથી બ્રાહ્મણ કહેવાયાનું છાંદોગ્ય ઉપનિષદ્‌માં વર્ણવેલું છે.

૨ **કવળ**—દાસીપુત્ર હોવાનું ઐતરૈય બ્રાહ્મણમાં લખે છે જે પોતાના દૈવી જ્ઞાનથી ઋષિ કહેવાયા.

૩ **ઐતરૈય**—જેણે 'ઐતરૈય બ્રાહ્મણ' અને 'ઐતરૈય ઉપનિષદ્' બનાવ્યાં છે. તે તેઓના નામ પ્રમાણે ઇતરા અથવા શૂદ્ર સ્રીનો દીકરો હતો તેનું આખું નામ પ્રથમ 'મહિદાસ ઐતરેય' હતું.

૪-૫ વેદાન્ત સૂત્રના પ્રખ્યાત કર્તા વેદાન્ત તત્વજ્ઞાનના સ્થાપન કરનાર અને કર્તા વ્યાસજી; પરાસરના પુત્ર ખલાસી જાતિ (કૈવર્ત) ની સ્રીથી

ઉત્પન્ન થયા હતા. અને તેના પિતા પરાસર પોતે ચાંડાળણીના દીકરા હતા. (આ દંતકથાઓ મહાભારતના વનપર્વમાં છે.)

૬ વસિષ્ઠ ઋષિની ઉત્પત્તિ વિષે મહાભારત કહે છે કે તે ઋષિ ગુણિકાને પેટે અવતર્યા હતા અને તપ વડે બ્રાહ્મણ થયા.

૭ વિશ્વામિત્ર—જન્મથી ક્ષત્રિય હતા કે જે પવિત્ર કર્મથી બ્રાહ્મણ કહેવાયા હતા અને તે ઋષિ બ્રાહ્મણના કૌશિક નામના ગોત્રને સ્થાપનાર થયા.

૮ મહાન શ્રેષ્ઠ ઋષિ ચરિષ્ટષેણ જે ક્ષત્રિય કૌવર કુળમાં ઉત્પન્ન થયો હતો, તે પોતાની મહાન તપશ્ચર્યાથી બ્રાહ્મણ થયો.

તેવી જ રીતે રાજર્ષિ સિંધુદ્વીપ અને દેવાપિએ પણ ઉગ્ર તપશ્ચર્યાથી બ્રાહ્મણતા મેળવી હતી. રામાયણના કર્તા વાલ્મિક ઋષિએ પણ નીચ કોળી જેવી જાતિમાં જન્મ લીધો હતો પણ કર્ત્તવ્યોથી ઋષિપદને પામ્યા.

આ સિવાય અસંખ્ય દાખલાઓ કર્મથી ઉંચ્ચનીચ થયા હોવાનું પ્રાચીન ગ્રંથોમાંથી મળી આવે છે. બ્રાહ્મણોની શ્રેષ્ઠતા જ્ઞાન ઉપર આધાર રાખે છે.

જ્યાં સુધી ભારત વર્ષમાં ગુણકર્માનુસાર વર્ણ વ્યવસ્થા હતી, ત્યાં સુધી સમસ્ત સંસારમાં ભારત ગુરૂપદ ભોગવતો હતો. પણ જ્યારથી તે શ્રેષ્ઠ પ્રથા લોપ થઇ અને બ્રાહ્મણના પેટે જન્મ લેનાર ગમે તો ચાંડાલનાં કર્મ કરે પણ તેને બ્રાહ્મણની પદવી અપાવા લાગી; ત્યારથી ભારતવર્ષ ઉન્નતિના શીખરપરથી અધોગતિ તરફ આવવા લાગ્યો. અંધ પરંપરા વધતી ગઇ. સાચા ઋષિ મુની અને જ્ઞાનીઓ તથા સુરવીરો ધર્માત્મા, ક્ષત્રિયોનો મહાભારતના યુદ્ધમાં અંત આવવાથી ખરા ખોટાની (મ્હારી પ્રજાને) પિછાન રહી નહિ. માત્ર બાહ્ય આડંબરજ ઉત્તમપણાની નિશાની ગણાવા લાગી. ત્યારેજ આ શુદ્ર જેવાં કર્મો કરનારા બ્રાહ્મણો પણ બ્રાહ્મણ હોવાનો દાવો કરવા લાગ્યા. આ મુકદમો મ્હારી પાસે આવ્યો છે. તેથી મ્હારી મૃત્યુલોકની પ્રજા તેમાં પણ મ્હારી ભારતીય પ્રજામાં આ નિર્ણયથી કંઇક સારાસાર સમજવાની સારી જાગૃતિ આવશે એમ હું માનું છું.

હવે મ્હારી પાસે પડેલી જુબાની ને આધારે હું એવા મત પર

આવું છું કે વાદીઓ બ્રાહ્મણ નહિ પણ બ્રાહ્મણના પવિત્ર નામને કલં·કિત કરનાર અંગારીયાઓ છે. સદા અસંતોષી, જાૂઠા, ખુશામત કરીને પેટ ભરનારા, સંસારનો ઉપકાર તો ઠીક પણ ઉપકાર કરનારને અપકારથી બદલો દેનાર, વિશ્વાસઘાતી, યજમાનના ઘરમાંથી ઘરેણાં ચોરી જવા જેવાં દુષ્ટકૃત્યો કરનાર કેવી રીતે બ્રાહ્મણ થઇ શકે ? "બ્રાહ્મણ" છું એમ કહેવાનો હક્ક પણ ન હોઇ શકે.

અસત્ય ભાષણ અને મિથ્યા બકવાદ કરનાર અને બ્રાહ્મણોનીમાં જન્મ લીધાનું મિથ્યાભિમાન રાખનારા ભૂદેવો ખરેખર એ શુદ્ધ બ્રાહ્મણો નહિ પણ ઋષિ પ્રણિત કાયદાઓથી તેઓ પાખંડી ઠરે છે. જેને માટે મનુકોડ અધ્યાય ૪ શ્લોક ૩૦ માં બતાવેલું છે કેઃ—

पाखण्डीनो विकर्मस्थान वैडाल वृत्तिकान् शठान् ।
हैतुकान् बकवृत्तिश्च वाङ्मात्रणापि नार्चयेत् ॥

અર્થ—પાખંડી મિથ્યા ભાષણ કરનાર, જેમ બિલાડો છુપાઇ અને સ્થિર રહી તાકતો તાકતો ઝપટથી ઊંદર વિગેરે પ્રાણીઓને મારી પોતાનું પેટ ભરે છે તેવા દંભી માણસોનાં નામ વૈડાલ વૃત્તિક, અર્થાન્ત શઠ, હઠી, દુરાગ્રહી, અભિમાની, પોતે જાણે નહિ, બીજાનું કહ્યું માને નહિ. કુતર્કી વ્યર્થ બકનાર, ગપ્પા હાંકનારા, જેમ એક બગલો એક પગ ઉઠાવી ને ધ્યાનાવસ્થિતની સમાન બનીને માછલાંના પ્રાણ હરીને પોતાનો સ્વાર્થ સિદ્ધ કરે છે. તેમ આ વાદીઓ જેવા નામધારી ભૂદેવો વેરાગી, ખાખી આદિ હઠી દુરાગ્રહીઓ પાખંડી છે. માટે તેવાઓનો તો વાણી વચન ભાષણથી પણ સત્કાર ન કરવો. કેમકે એનો સત્કાર થશે તો એમનો વ-ધારો થઇને સંસારને અધર્મ યુક્ત કરશે. પોતે તો અવિદ્યાનું કામ કરે છે પણ સાથે સેવકોને પણ અવિદ્યારૂપી મહાસાગરમા ડૂબાડે છે.

આવા મહાપુરૂષોનાં વચનોથી એતો સ્પષ્ટ પ્રતિત થાય છે કે જે આ કેસમાં વાદીઓ પોતાને બ્રાહ્મણ તરીકે ઓળખાવે છે તે ખરેખરી રીતે બ્રાહ્મણ નહિ પણ મ્હારી પાસે પડેલી જુબાનીને આધારે હું ધારૂં-છું કે તેમને અતિ શૂદ્રની પંક્તિએ મૂકવામાં કશી અડચણ નથી. આવા દંભીઓ નિરક્ષરોનો અંધ શ્રદ્ધાથી જે ક્ષત્રિય સમૂહે સત્કાર કીધા તેના-જ પરિણામમાં આજે તે બિચારી ક્ષત્રિય (લોહાણા) જાતિ ધર્મ કર્મથી અજ્ઞાત ઉપરાંત પોતે પોતાને પણ ભૂલી ગઈ છે.

મુદ્દો ૫ મો.

યજમાનની કન્યાપર તથા અન્ય શુભાશુભ પ્રસંગે બ્રાહ્મણોના ફરજીઆત લાગા–ટેકસો શું વાસ્તવિક છે ?

વાદીના પોતાના સાક્ષીઓ સ્વર્ગીય મહાત્મા પરશુરામજી તથા મહારાજા જયચંદ્રની પડેલી જુબાનીથી આ વાતનું કલ્પિતપણું સિદ્ધ થાય છે. ધર્મને નામે લાગા–હકકો હોઇ શકે જ નહિ. પણ સશોક કહેવું પડે છે કે રૂઢી વશ ભોળા લોકો માત્ર પોતાનું થયું એટલે બીજાની લેશ પણ પરવા કરતા નથી અને આવી બાબતો લક્ષમાં લેતા નથી.

ઉપર બતાવ્યા પ્રમાણે ફરિયાદી વાદીઓ ખરા બ્રાહ્મણ નહિ પણ બ્રાહ્મણના પવિત્ર નામને કલંકીત કરનાર કાગડાઓજ છે કે જે હરામનાં અન્ન ખાઈ બુદ્ધિનાં બારદાન બની બેઠા છે.

પ્રાચીન સમયમાં યજ્ઞ કરાવનાર યજમાન અને કરનાર પુરોહિત ગુરૂ કહેવાતા, ગુરૂનો અપભ્રંશ ગોર છે. પણ અત્યારે આ નામ ધારી મિથ્યાભિમાની ગુરૂઓ સ્વાર્થી અને પેટાર્થીઓ બની પોતાના પૂર્વજોને કલંકિત કરી રહ્યા છે. આવા પાખંડીઓને દાન સમજી લાગા–દાદો તો શું પણ એક પાઇ પણ દાન તરીકે આપવાથી પણ દેનાર અને લેનાર બન્ને અધોગતિને પામે છે. મ્હારી પાસે પડેલી જુબાની પર લક્ષ દેતાં હું એવા વિચાર પર આવું છું કે આ ધર્મને નામે ઘુસાડેલાં લાગા–ટેકસોનાં લાકડાં તદન યુક્તિથી અને બુદ્ધિથી પણ વિરૂદ્ધ છે. માટે હવે જો કોઇ પણ આવા નિરક્ષર નમુનાઓને લાગા–દાન તરીકે આપશે તે મ્હારી અ-કૃપાને પાત્ર થશે.

રાજા પ્રજા પાસેથી કર લે છે. તે 'કર'ના પૈસાનો લાભ બહુધા પ્રજાને જ મળે છે અર્થાન્ત તે કર ના પૈસાનો પ્રજા કલ્યાણમાંજ ઉપયોગ થાય છે. પરંતુ વર્ષો થયા કર ભરતી આવતી બિચારી લોહાણા કોમનું આ સારસ્વતોએ શું કલ્યાણ કર્યું ? તે તેઓ સાબીત કરી શક્યા નથી. મ્હારા ધારવા મુજબ કલ્યાણ તો નહિ પણ ઉલટું લોહાણા જેવી ક્ષત્રિય-સમાજની પ્રાચીન મહત્વત્તા નષ્ટ થઈ ગઇ હોય તો તે આવા સ્વાર્થીઓ પર અંધવિશ્વાસ રાખી 'સત્ વચન મહારાજ' કહી તે જેમ કહે તેમ હા કરી આવા નઠારા પ્રકારના લાગા–દાદોના બોજાઓ ઉપાડવાથીજ થઈ છે.

ગરીબ બિચારી બાળા ! કન્યા ! કે જેને પિતાની મીલકતમાંથી કુદરતી નિયમ પ્રમાણે અડધો વારસો મળવો જોઇએ તે આજે સ્વાર્થીવૃત્તિનાં મનુષ્યોએ કશો હક્ક રહેવા દીધો નથી પણ ઉલટું તે બિચારીના ઘરમાંથી આવા નાલાયક નફટાચાર્યોના લાગા–ટેકસો અપાવી આડકતરી રીતે કન્યાવિક્રય જેવું કાળું કર્મ કરવા તૈયાર થવું એ શું ક્ષત્રિયોની ક્ષત્રિયવટને શોભા આપે છે ? વળી એક રાક્ષસી લાગાથીજ પણ આ નામધારી બ્રાહ્મણોએ સંતોષ ન માનતાં ગણપતિ, ક્ષેત્રપાળ આદિ પરમાત્માના ગુણવાચક નામના જુદા જુદા દેવ બનાવી પ્રભુને નામે પણ કંઇ ઓછું પડાવતા નથી. અને એ સિવાય બીજા અનેક કપોળ કલ્પિત કરો બનાવી યથેચ્છ રીતે લૂંટવા પ્રયત્ન કર્યો છે. આથી હું સંપૂર્ણ વિચાર કર્યા પછી એવા અનુમાનપર આવું છું કે આવા લાગા–ટેકસો–નદારા પ્રકારના કરો કોઇ પણ રીતે કલ્યાણ કારક નથી. અને તેનો જલદીથી ત્યાગ કરવામાંજ ક્ષત્રિઓનું ભૂષણ, માન અને ગૌરવ સમાએલું છે.

વાદીઓ તરફના બે સ્વર્ગીય સાક્ષીઓ સિવાય બાકી તો બે નુરીયા જમાલીયા જેવા તદન ના લાયક કોઇ પથ્થરમાં માથું પટકતો તો કોઇ દંભી દારિયા વ્હેંચનારો અને ત્રીજો સ્ટેશન માસ્તરને મસ્કો લગાડતો અને તેની દયા પર જીવતો વિશ્વાસઘાતી મારફતીયો છે. અને મને માનવાને કારણ છે કે આ બધા ભાડુતી સાક્ષીઓ છે. અને તેવા ભાડુતી હોવા છતાં પણ તેમની જુબાનીઓમાં લાગા–ટેકસ ને તો તેઓ સાબીત કરી શકયા જ નથી.

વળી આવો નિયમ કોઇ પણ પૂર્વના વડવાઓ બાંધી આપે એ તદન અસંભવિત છે. મહારાજા જયચંદ્ર તથા તેમના ૮૪ ભાઇઓએ પણ આ વાતનો ઇન્કાર કર્યો છે. અને તેથી આ ભૂદેવ મહારાજોની લાગા-ટેકસોની ઇમારત કર્રર્ર ભૂસ દઇને જમીન દોસ્ત થઇ ગઇ છે. નિયમ અને કાયદો જો કે પ્રજાની ઉન્નતિ તથા સંસ્કારીપણાનું માપ અને નિશાન છે. પ્રજા કેટલી ઉન્નત છે તે તેના કાયદાથી પરખાઇ આવે છે. ખરાબ કાયદાવાળા દેશ યા સમાજની સ્થિતિ સારી રહેતી નથી. અને સારી સ્થિતિ ભોગવતી સમાજના ખરાબ કાયદા હોવા અશક્ય છે. કાયદાથી મનુષ્ય જંગલીપણામાંથી મનુષ્ય થયો છે. જંગલમાંથી નગરમાં આવ્યો અને ત્યાં ટકયો છે. પરન્તુ તે સાથે એ પણ સત્ય છે કે બહુ સખ્ત કાયદા અથવા બહુ નરમ કાયદા અથવા દૂષિત અન્યાયી કાયદા એ સર્વે પ્રજાને પાછળ હઠાવવાનાં બળવાન શસ્ત્રો થઇ પડે છે. કાયદામાં

તારવા તેમજ મારવાની બન્ને શક્તિઓ છે. હિન્દુઓની કેટલીક ઉન્નતિ કાયદાથી થઇ છે, તો વળી અનેક પ્રકારની અધોગતિ પણ નિરર્થક સખ્ત કાયદા અને જ્યાં કાયદો જોઇએ ત્યાં મુદ્દલ ન જ હોવાથી થઇ છે. વળી એ પણ ઓછું સત્ય નથી કે કાયદામાં સંજોગો બદલવા પ્રમાણે સુધારા વધારા થતા રહેવા જોઇએ. દેશ, કાળ, તથા વસ્તુ બદલાયા છતાં કાયદો ન બદલાય તો તે બાળક મોટું થતાં પણ તેને ઘોડીયામાં જ સુવાડી રાખવા જેવું થાય છે.

મનુષ્ય સમગ્ર સ્વાર્થને અનુકુળ તે હોવો જોઇએ. અને ઉભય પક્ષોના પક્ષ કરનાર હોવા જોઇએ, જેમ જેમ જુદા જુદા પક્ષોના પરસ્પર વિરૂદ્ધ સ્વાર્થો ઊભા થતા જાય, જેમ જેમ કે પક્ષ નિર્બળ થતો જાય, તેમ તેમ એ વિરોધનું સમન તથા દુર્બળતાનું રક્ષણ કરવા નવા કાયદા ઘડાવા જોઇએ, અને જૂનામાં સુધારો કરવો જોઇએ. ટુંકમાં કાયદામાં હમેશાં નવું લોહી ઉમેરાતું રહેવું જોઇએ, નહિ તો સડતી હાલતમાં આવી જઇને પ્રજામાં માત્ર પોતાની દુર્ગંધીનો ત્રાસ ફેલાવીને તેમને હેરાન કરવાનાજ કામમાં આવે છે. વળી કાયદો એ મનુષ્ય સમાજને તુષ્ટ કરવા માટે મનુષ્યોએજ ઉછેરેલું એક દુધાળું પ્રાણી છે. પરન્તુ આ ભૂદેવોનો લાગાટેક્ષોનો કૃત્રિમ કાયદો તો વૃદ્ધ બાંખડી ભેંસ બનીને-શેતાન બનીને દુધનું તો ટીપું પણ આપવાની વાત નહિ ને માત્ર શીંગડાં મારીને, પુળીઓ ખાઇને બહુ તો છાણુજ આપે છે તેવો હવે થઇ ગયો છે.

આ બંધનો કેવળ વ્યર્થ, હાનીકારક, સગાંઓને લડાવી મારીને કોર્ટમાં તેમની બરબાદી કરાવનારાં, ન્યાય અને સ્વતંત્રતાની વિરૂદ્ધ તથા સામાન્ય રીતે અવનતિ કરનારાં છે.

આમાં દક્ષિણા આપવી તેમાં કાંઇ ધર્મની સાથે સંબંધ નથી એતો તે જે ક્રિયા કરાવે છે, તેની મહેનતનો કંઇક બદલોજ ગણાય; પણ શોક છે કે આધુનિક આચાર્યોએ ધર્મનોજ ટોપલો મોટો બનાવી દીધો છે કે જેમાં આખું વિશ્વ સમાઇ જાય છે. આમ સામાન્ય વાતોને પણ ધર્મમાં ઘુસાડવાથી મનુષ્યોનું વર્ત્તન બહુજ કીલષ્ટ થઇ પડયું છે. હવે આ પ્રમાણે યુક્તિથી પણ આ લાગા-દાદો કોઇ પણ રીતે સાબીત થઇ શકતા નથી.

મુદ્દો ૬ ઠ્ઠો.

ઉપનયન સંસ્કાર.*

પ્રાચીન જમાનામાં ભારતવાસી આર્યો વિદ્યા અને જ્ઞાનનેજ મુખ્ય ધન સમજતા હતા. ધનનો વારસો આપ્યા પહેલાં તેઓ આર્ય બાળકોને વિદ્યાનો વારસો આપતા હતા. વિદ્યાને ધારણ કરનાર "બ્રહ્મચર્ય" તે આર્યોનું આ જગતમાં પહેલું કાર્ય હતું બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શદ્રનાં સંતાનોને ૫–૭–૯–૧૧ વર્ષે અનુક્રમે યજ્ઞોપવિત સાથે વેદારંભ સંસ્કાર કરાવી દ્વિજ બનાવી (twice borne) જ્ઞાનનો ખજાનો પ્રાપ્ત કરવા માટે ગુરૂને ઘેર ફરજીયાત મોકલવાંજ જોઇએ એવો નિયમ હતો. બ્રહ્મચર્યના પાલન વિના ગૃહસ્થાશ્રમ એટલે જગતના વ્યવહારક્ષેત્રમાં પગ મૂકવાનો પણ આર્ય સંતાનોને અધિકાર નહોતો. એક ચક્રવર્તિ રાજાનો છોકરો પણ એક ગરીબના છોકરાની સાથે એક સરખી સ્થિતિમાં ગુરૂને ઘેર રહેતો. ખાવા, પીવા, રહેવા, ભણવામાં, ગરીબ શ્રીમાનનાં બાળકોને સરખાંજ ગણવામાં આવતાં. ગુરૂને ઘેરજ રહીને, ગુરૂની આજ્ઞા ઉઠાવીને, સેવા ચાકરી કરીને તે આ ગુરૂકુળમાં વિદ્યાભ્યાસ કરતા. નિરક્ષર દ્વિજને એ જમાનામાં શૂદ્ર જેવો પતિત માનવામાં આવતો હતો ત્યારે આજની સ્થિતિ કંઇક વિચિત્રજ માલૂમ પડે છે.

આજે તો આ ઉપનયન સંસ્કાર તથા વેદારંભ સંસ્કાર એક અક્ષરશત્રુ સ્વાર્થ સાધક પેટાર્થી જેમ એક મદારી 'નાથીયો' ને 'નાથીણુ' નો ખેલ કરે છે તેવીજ રીતે ફારસ ભજવી દે છે. આવા મહત્વના સંસ્કારો આવા મિથ્યાભિમાની મહાતમાઓ પાસે કરાવવામાં આવે એ તો પડતીનું પહેલું પગથિયું ચડવા બરાબર છે. અને વળી ખૂબી એ છે કે, બે ચાર કલાકમાં તો ચારે વેદ ભણવાનું કાર્ય પણ સમાપ્ત થઇ જાય છે અને બ્રહ્મચારી ઘરે આવી બેસે છે. ખરેખર પ્રાચીન સંસ્કારો આમ લુપ્ત થવાથીજ કંઇક આવી સ્થિતિ ભોગવાય છે.

હવે રહી એક વાત વિચારવાની તે એજ કે વાદીઓ શ્રાવણ માસને ઇશ્વર તરફથી પોતાને માટેજ નિર્માણ કરેલો માને છે. અને તે પ્રમાણે કંઇક તેનાં સ્ટેટમેન્ટમાં તેણે જણાવેલ છે. અને તેમ લખી હું કહું-

---

* વિવાહ સંસ્કાર સાથે ઉપનયનસંસ્કાર પણ આશ્રયદાતાઓની અનુમતિ હશે તો અમે પુસ્તકના રૂપમાં બહાર પાડીશું.

છું કે તેણે ઈશ્વરને પણ પક્ષપાતી બનાવ્યો છે. વેદમાં ૩૩ દેવ " તેમાં ૧૨ આદિત્ય (માસ) દેવ ગણવામાં આવ્યા છે. તેમાંથી એક જો આ ભૂદેવ મહારાજો ને આપવામાં આવ્યો હોય કે તે માસમાં તે ગમે તે પ્રકારે શ્રદ્ધાળુ લોકોને લૂંટે તો બીજા ૧૧ અગ્યાર કોને આપવામાં આવ્યા ? ખરી રીતે આ બધી તેની મનોકલ્પિત ભ્રમ જાળો છે. મનુષ્ય દ્રષ્ટીએ શ્રાવણ માસ કંઈક વધારે આકર્ષક છે તેનું કારણ તે વખતે મેઘ વૃષ્ટીથી નવાં અનાજ તૈયાર થવા આવ્યાં હોય, પૃથ્વી માતાએ લીલાં વસ્ત્ર જાણે પરિધાન કર્યા હોયની ! તેવું સર્વત્ર લીલુંજ દેખવામાં આવતું હોવાથી લોકોનાં મન વધારે પ્રફુલ્લિત રહે છે. વળી વર્ષાઋતુનો અંત આવતો હોવાથી પ્રાચીન ઋષિ મુનીઓ પણ પર્ણકુટીમાંથી બહાર પ્રજામાં ફરી લોકોને સત્ય ધર્મનો ઉપદેશ આપતા પ્રજા કલ્યાણાર્થે ભ્રમણ કરતા હતા. તે પહેલાં મોટા મોટા યજ્ઞ કરવામાં આવતા હતા. અને તે વખતે ઉપવિત બ્રહ્મચારીઓ બદલાવતા હતા. દર વર્ષે જનોઈ બદલાવવાનું કારણ તેમણે ઉપનયન સંસ્કાર વખતે પ્રતિજ્ઞા લીધેલી તેને વધારે ને વધારે દ્રઢ બનાવી કર્તવ્ય માર્ગમાં મચ્યા રહેવાનું સ્મરણ કરાવવાનું છે. જનોઈને વેદત્રયી કહે છે. એ જનોઈના ત્રણ તાંતણા. બ્રહ્મ, પિતૃને દેવ ઋણનું ભાન કરાવે છે. अ, उ, म, જીવ, બ્રહ્મ, ને પ્રકૃતિ આદિ ઘણી ભાવનાઓ સૂચવે છે.

સંભવ છે કે 'સાપ ગયાને લીસોટા રહ્યા' તે માફક આ ભૂદેવો જનોઈઓ લઈ યજમાનો પાસે પ્રથમ ગયા હોય અને તે વખતે તે જનોઈની કિંમત તરફ નહિ પણ તેઓના તરફ માન દ્રષ્ટીથી જોતા હોવા સબબે કંઈ દક્ષિણા આપી હોય. અને આસ્તે આસ્તે વખત જતાં તે એક નફાકારક ધંધાના રૂપમાં ફરી ગયું હોય અને વળી તે પણ ફરજીયાત થઈ ગયું ! ખરેખર સ્વાર્થતાની પણ કંઈક હદ હોય ! પરંતુ મારી પાસે પડેલી જુબાની પરથી મને લાગે છે કે આ વાદીઓ આ બાબતમાં પણ હદ ફુદાવી ગયા છે અને તેથી હું ખાસ ફરમાન કરૂં છું કે આ બાબતો તદન કપોળ કલ્પિત છે. તેમાં બીલકુલ કંઈ સચ્ચાઈ નથી.

મુદ્દો ૭ મો..

લગ્ન.

"ભલે સૌ વિશ્વનું રાજ્યય મળી જાય, તથાપિ વિના સ્ત્રી જન ભિક્ષુ કહેવાય
પરન્તુ ભિખારીની મઢુલીની માંહ્ય, ગુણાલંકૃત સ્ત્રી છે તો તે બાદશાહ."
(કાઉપર)

છે વિવાહ ઉંચી પાઠશાળા એક, જેમાં પુણ્યની વિદ્યા શીખાયે નેક:
જો કે ભાર ચિન્તાનો લગ્ને પડે, કિન્તુ પ્રેમાનન્દે જરા ના નડે.
જગત્ કેરી વિવાહ દીક્ષા છે માત, તેથી રાજ્ય પ્રતિષ્ઠીત નગરી આબાદ:
છે મંદિર ભરપુરને લીલા લ્હેર, કિંબહુના ? સકળ સ્વર્ગ સ્મૃદ્ધિ ઘેર.
(જરમીટેલર)

મનુષ્યનું મન વર્ત્તવાની શક્તિ અને તેનો મળતાવડો સ્વભાવ બતાવી આપે છે કે લગ્ન એ એક ઈશ્વરી ફરમાન છે. અને તે મનુષ્ય જાતિની નિપુણતા તથા તેનાં નિરંતરનાં કાયમપણા માટે નિર્માણ કરેલું છે.

દેશ સ્થિતિના જ્ઞાનપરથી સિદ્ધ થાય છે કે વગર પરણેલા પુરૂષો કરતાં પરણેલાઓ વધારે આયુષ્ય ભોગવે છે અને તે પરથી પણ એ સિદ્ધાન્ત નીકળે છે કે 'લગ્ન' એ એક કુદરતી કાયદો છે.

જીંદગીનો મુખ્ય હેતુ " સુખ " છે અને સ્ત્રી પુરૂષને તે સુખ સંપાદન કરવાનું મુખ્ય સાધન એ છે કે એક બીજા તરફ પ્યાર રાખનાર બે જીવો એક બીજા સાથે લગ્ન કરે. પરન્તુ તે વર કન્યા શારિરિક સ્થિતિમાં, બુદ્ધિમાં અને નીતિમાં એક બીજાને બરાબર અનુકુળ હોવાં જોઇએ અને પરણેલી જીંદગીની મહાન ફરજો અદા કરવાને અને સંસારને સ્વર્ગ બનાવવાને યોગ્ય કેળવાએલાં હોવાં જોઇએ અને એવી ફરજો બાળવયમાં સમજાઇ શકાય નહિ તેથી બાળલગ્નનો નિષેધ થાય છે.

ગૃહસ્થાશ્રમનું ચક્ર દરેક સ્ત્રી પુરૂષ ઠીક નીતિ રીતિથી ચલાવે તોજ સંસારમાં શાન્તિ પ્રવર્ત્તે. આ ચારે આશ્રમમાં અત્યુત્તમ ગૃહસ્થાશ્રમ કે જેનાપરજ બીજા ત્રણ આશ્રમો નિર્ભર છે તેમાં પ્રવેશ કરનાર સ્ત્રી પુરૂષનો તે વખતે સંસ્કાર કરવામાં આવે છે તેને **વિવાહ સંસ્કાર** કહે છે. અને તેથી જ સોળે સંસ્કારોમાં આ વિવાહ સંસ્કારની મહત્વત્તા વધારે છે.

મનુષ્યોનાં શરીર તથા આત્મા ઉત્તમ કરવાને માટે સંસ્કાર કરવાની આમ પુરૂષોએ ખાસ આવશ્યકતા વિચારી છે. જડ વસ્તુઓ પણ

સંસ્કાર કર્યા વગર ઉચ્ચ બની શકતી નથી. હવે આવા વિવાહ સંસ્કાર જેવા ઉત્તમ યજ્ઞમાં જેમનો ઋત્વિજ તરીકે સ્વિકાર કરવામાં આવે તેઓ વિદ્વાન, ધાર્મિક, જીતેન્દ્રિય કર્મકુશળ, નિર્લોભ, પરોપકારી, દુર્વ્યસન-રહિત, કુલીન, સુશિલ, ઇત્યાદિ સદ્ગુણ સંપન્ન હોવા જોઇએ, તથા વૈદિક મતાવલંબી, અને વેદવિત્ હોવા જોઇએ. જો આવો એકજ વિદ્વાન્ હોય તો માત્ર તેને પુરોહિત બનાવવો, બે હોય તો પુરોહિત તથા ઋત્વિજ, ત્રણ હોય તો ઋત્વિજ, પુરોહિત તથા અધ્યક્ષ અને ચાર હોય તો હોતા, અધ્વર્યુ, ઉદ્ગાતા, અને બ્રહ્મા એ પ્રમાણે નિયુક્ત કરવા.

જ્યારે વાદીઓ (સારસ્વતો) ને તો બીલકુલ નિરક્ષરપણાથી ધર્મ શું તે ખબર નથી. ગાંજા ભાંગ, તમાકુ આદિના વ્યસનમાં ફસેલા છે. લોભની તો સાક્ષાત્ મૂર્ત્તિઓ અને કર્મનું તો કશું ભાન નથી. તો તેઓ આવા સંસ્કારો શી રીતે કરાવવાને યોગ્ય ગણાય? યોગ્યતાની તપાસ કરવી ક્ષત્રિઓ ભૂલ્યા અને આવા ઉત્તમ સંસ્કારો અક્ષરશત્રુ મિથ્યાભિમાની બ્રાહ્મણો–વાદીઓ ને હાથે કરાવવા લાગ્યા તેનું પરીણામ એ આવ્યું કે પ્રાચીન સંસ્કારોજ નષ્ટ થઇ ગયા. અને બધું "અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ" થઇ ગયું ઉપરાંત અનેક આપત્તિઓના ભોગ થવું પડયું.

જુબાનીપરથી સાબીત થયું છે કે વાદીઓ કે જેઓ લોહાણા કોમના ગોર–ગુરૂ હોવાનો દાવો કરે છે તે બીલકુલ લગ્ન સંસ્કાર કરાવતાં જાણતા નથી. એટલુંજ નહિ પણ કેટલેક ઠેકાણે વિવાહની જગ્યાએ મૃત્યુના શ્લોકો બોલી ગાડું ચલાવી દીધું છે. અને બહુધા આ નિરક્ષર નામધારીઓએ પોતાના સ્વાર્થ તરફજ મુખ્ય ધ્યાન આપ્યું છે.

લોહાણા જેવી ક્ષત્રિય કોમે તેમની સંસારિક બાબતોની દોરી સર્વથા આવા અણઘડ અક્ષર શત્રુઓના હાથમાં રાખી દીધી તેથીજ આજે તે ક્ષત્રિય કોમ અવનતિ–ખાડામાં આથડીયાં ખાય છે.

વાદીઓ ગુણ કર્મ, સ્વભાવે બ્રાહ્મણ નથી જ. અને તેથી તેઓ કોઇ પણ પ્રકારે ગોર–ગુરૂ કહેવરાવવાનો ખરી રીતે દાવો કરી શકે નહિ તો પછી ફરજીયાત લાગા–ટેકસોનું તો નામ નિશાન પણ કયાંથી રહે?

મુદ્દો ૮ મો.

" ક્ષીર-ખીર. "

પ્રાચીન સમયમાં જેમ પુત્રોને માટે ગુરૂકુળો હતાં તેમ કન્યાઓને માટે પણ ગુરૂકુળો હતાં. કન્યાગુરૂકુળોમાં સ્ત્રી અધ્યાપિકાઓ હતી, તે **આચાર્યા (ઋષિ પત્નિ) અધ્યાપિકાને ગોરાણી*** કહેવામાં આવતી હતી આ કન્યા ગુરૂકુળોમાં કન્યાઓને દરેક પ્રકારનું સ્ત્રી ઉપયોગી અત્યુત્તમ શિક્ષણ આપવામાં આવતું હતું. બ્રહ્મચારીઓને ઓછામાં ઓછું ૨૫ વર્ષની વય સુધી ગુરૂકુળમાં રહેવું પડતું, તેમ કન્યાઓ ૧૬ વર્ષની વય સુધી ગુરૂકુળોમાં રહેતી. ૨૫ વર્ષ સુધી બ્રહ્મચર્ય વૃત્ત અખંડપણે પાળી વિદ્યા ગ્રહણ કરી લીધા પછી બ્રહ્મચારીને તેના ગુણ કર્મ, સ્વભાવે બ્રાહ્મણ હોય તો **'શર્મા'**, ક્ષત્રિય હોય તો **'વર્મા'**, વૈશ્ય હોય તો 'ગુપ્ત', અને 'શૂદ્ર' (અભણ, મૂર્ખ, ઠોઠ) હોય તો 'દાસની' 'ડીગ્રીઓ' ગુરૂ-અધ્યાપક તરફથી મળતી. અને તે 'ડીગ્રીથી'જ જીંદગી પર્યન્ત તે બ્રહ્મચારી ઓળખાતો. કન્યાઓને પણ ૧૬ વર્ષની વય સુધી ગુરૂકુળોમાં રહી અભ્યાસ પૂર્ણ કર્યા પછી અધ્યાપિકા તરફથી તેણીઓના ગુણ, કર્મ સ્વભાવ જોઇ સર્ટીફીકેટો આપવામાં આવતી. હવે વરકન્યા ગુણ, કર્મ, સ્વભાવે સમાન હોય તોજ ગૃહસંસાર સ્વર્ગીય બની શકે. અને તેથી કન્યાને અધ્યાપિકા તરફથી મળતી સર્ટીફીકેટના આધારે તે કન્યાના કેવા ગુણ, કર્મ, સ્વભાવ છે તે જાણવામાં આવતું હતું. અને તેવાં યોગ્ય વય અને યોગ્ય ગુણ, કર્મ, સ્વભાવનાં વર કન્યા ગૃહસ્થાશ્રમમાં જોડાઇ દમ્પતિ ધર્મ ઉત્તમ રીતે પાળતાં હતાં. જ્યારે બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય સ્વભાવની કન્યા સાથે તેવાજ સમાન ગુણ, કર્મના બ્રહ્મચારીનાં લગ્ન થતાં ત્યારે કન્યાએ પોતે જે ગુરૂકુળમાં શિક્ષણ લીધું છે તે ગુરૂ કુળના ઋણમાંથી મુક્ત થવા તેજ ગુરૂકુળમાં શિક્ષણ લેતી પોતાની બીજી બ્હેનોને **ક્ષીર**=ખીર=દૂધ પીવા માટે શક્તિ પ્રમાણે ગાયો

---

* આજે પણ આપણી બાળાઓ-કુમારિકાઓ 'ગોર પુજન' વૃત્ત કરે છે. 'જુવારા' વાવે છે, તે પ્રાચીન ગોરાણી (અધ્યાપિકા) ના સત્કારનુંજ ચિન્હ છે. જેઠ મહિનામાં 'જુવારા' વાવે છે. તે જમીનમાં કેમ વાવવું તે પણ કન્યા ગુરૂકુળોમાં કન્યાઓને શિક્ષણ અપાતું હોવું જોઇએ તેવું સુચવે છે.

કર્તા.

દાન આપવાને પરણનાર કન્યા પોતાના પ્રાણેશ્વરને પ્રાર્થના કરતી અને વર અત્યાનંદ સાથે પોતાની શક્તિ મુજબ ગાયોનું દાન કરતો હતો (અહીં 'ગાયો' શબ્દ વાપર્યો છે તેથી કોઇએ એમ સમજવાનું નથી કે એક ગાય તો દાન અપાતીજ નહિ. શક્તિ ન હોય તો એક પણ આપતો ને ન પણ આપતો તો તેથી ખાસ કરીને આપવું જ એવો નિયમ નહોતો, પરન્તુ પરણનાર બ્રહ્મચારી પણ થોડેકે ઘણે અંશે તે કન્યાગુરૂકુળનો ઋણી પોતાને સમજતો, કારણ કે જેનાજ પ્રતાપથી આજે પોતાને સમાન ગુણ, કર્મ, સ્વભાવની કન્યા—પત્નિ મળી અને તેથી વિશેષે કરી પોતાની કૃતજ્ઞતા દર્શાવવાને અવસ્ય ગાયનું દાન આપતોજ.)

આમ થવાનું અન્ય પણ કારણ હતું કે બ્રહ્મચારીએ જે ગુરૂકુળમાં વિદ્યા પ્રાપ્ત કરી હોય તે ગુરૂકુળનો તે ઋણી જીંદગી પર્યન્ત રહે છે. અને ગૃહસ્થાશ્રમમાં જોડાયા પછી યથા સમયે તે ઋણ મુક્ત થવા પ્રયત્ન કરે છે. કન્યા પણ પતિ સાથે જોડાયા પછી તેજ ગુરૂકુળ કે જેમાં પોતાના પતિએ વિદ્યા પ્રાપ્ત કરી છે તેની ઋણી થાય છે. અને કન્યા ગુરૂકુળનો તે કન્યા ઉપર કંઇ પણ જાતનો હક્ક રહેતો નહિ. અને તેથીજ કન્યા પોતે શિક્ષણ લીધેલા કન્યા ગુરૂકુળના ઋણમાંથી કિન્ચિત અંશે મુક્ત થવા લગ્ન વખતેજ પોતાના પતિને ગાયનું દાન તે કન્યા ગુરૂકુળને આપવા પ્રાર્થના કરતી—અપાવતી હતી.

ગુરૂકુળોમાં ગાયોનુંજ દૂધ વપરાતું. તે '**ક્ષીર**'માંથી '**ખીર**' અને '**ખીર**' એટલે દૂધ. અને દૂધ એટલે ગાયનું દાન—

આ ક્ષીર—ખીર શબ્દ જે કહો તે પ્રાચીન કન્યા ગુરૂકુળોનું સ્મરણ કરાવે છે. આ પવિત્ર પ્રાચીન શિક્ષણ પદ્ધતિ નષ્ટ થઇ. અને તેથી વર કન્યાના ગુણ, કર્મ સ્વભાવ જોવાનું પણ સાધન રહ્યું નહિ. બ્રાહ્મણો વિદ્યાદાન દેવાનું ભૂલી ગયા. યજમાનોને પણ સ્વાર્થવશથી અભણ રાખ્યા. કન્યાઓ, બ્હેનો, દેવીઓને ખાસડાં તુલ્ય બનાવી. સંસારનું ચક્ર અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ કરી નાખ્યું. પ્રાચીન પ્રણાલી તદન નષ્ટ કરવા છતાં પણ આ ક્ષીર—ખીર અને તેનો પણ વળી લાગો 'યાવત્ ચંદ્રદિવાકરૌ' સુધી આપવા ભોળા યજમાનોને ભરમાવી નાખ્યા.

આથી હું એવા ચોક્કસ અનુમાનપર આવું છું કે લોહાણા—ક્ષત્રિય કોમ અવિદ્યાના પ્રભાવે પોતાના પૂર્વજોનાં પગલાંથી પાછી હઠી છે.

મ્હારી પાસે પડેલી જુબાનીમાં બન્ને પક્ષના સાક્ષીઓએ વાદીઓ ધર્મનું શિક્ષણ આપે છે તેનું તો નાજ પાડયું છે.

Ex. નં, ૩૮ તરફ ધ્યાન ખેંચતાં અને પડેલી સાક્ષીઓના આધારે અને તદુપરાંત વાદીઓના હાલના આચાર વિચારો જેવા કેઃ—હોક્કા અફીણ આદિનું વ્યસન, વખાણ કરવાં, કલ્પિત વાર્તાઓ કહેવી, પુનરલગ્નનો ચાલ, યાચના કરવાનું કામ, ઘોડે ચડવું અને ખડીયા પોટલીયા રાખવા વિગેરે વિગેરે બારીકીથી અવલોકન કરતાં હું એ અનુમાનપર આવું છું કે-નિરક્ષર-અક્ષરશત્રુ **સારસ્વતો** પોતાને **બ્રાહ્મણ** કહેવરાવે છે. પરન્તુ મુખ્યત્વે **બારોટ** જાતિના હોય એમ જણાય છે.

કારણ કેઃ—

न जार जातस्य ललाट शृंगं कुलः प्रसुतवन च पाणी पद्मं ।
यदा यदा मुंच्याति वाक्य बाणं तदा तदा जाति कुलः प्रमणं ॥

આ શ્લોકથી પણ એ અનુમાનપર દોરાવું પડે છે.

મુદ્દો ૯ મો.

પિતૃ–શ્રાદ્ધ.

આ સંબંધમાં કંઇક યુક્તિથી વિચાર કર્યા પહેલાં **ઋષિ પ્રણિત–સત્શાસ્ત્રો** પર દ્રષ્ટી દોડાવવાની મને જરૂર જણાય છે.

મનુ ભગવાને કહેલા **પાંચ** પ્રકારના દેવમાં પહેલા દેવ **પિતૃ** કહેલ છે અને તે **પિતૃ** ક્રોધરહિત, શારીરિક શુદ્ધિવાળા, બ્રહ્મચારી, હિંસા નહિ કરનાર, અને માનસીક ઐશ્વર્યવાળા હોય તેજ **પિતૃ** કહેવાય. જો એમ હોય તો તેવા ગુણ મુએલાઓ ધારણ કરી શકે નહિ. પણ જીવતાઓમાંજ તે ગુણ હોઈ શકે. તેથી સાર એજ નીકળે છે કે **મનુએ** જીવતા **પિતૃઓનુંજ શ્રાદ્ધ** કરવાનું કહ્યું છે.

વળી ભગવાન **મનુ** લખે છે કે "માણસનો સાચો મિત્ર ધર્મ છે. મુઆ પછી પણ ધર્મજ સાથે જાય છે." જો **પુત્રે** કરેલા શ્રાદ્ધનાં ફળ **માતા પિતાને** પહોંચી શકતાં હોત તો **મનુમહારાજ** "ધર્મજ સાચો મિત્ર છે" તેમ નહિ લખતાં તેની સાથે પુત્રે કરવાના **શ્રાદ્ધની** પણ ગણત્રી કરતે. અને તેથી **વેદમાં** તો ખાસ **ગૃહસ્થી** પર હમેશ **પિતૃયજ્ઞ** કરવાનું ફરમાન કરેલું છે.

આ વિષયમાં દરેક ગ્રંથોમાં પાછળથી ઘણો ગોટાળો કરવામાં આવ્યો છે પરન્તુ આપણે તો જે ન્યાય પ્રિય ! વાત હોય તેજ માનવાની છે.

શ્રાદ્ધ સંબંધમાં વેદમાં શું કહ્યું છે તે જોઇએ તો વેદમાં કોઇ ઠેકાણે "શ્રાદ્ધ" એ શબ્દજ જોવામાં આવતો નથી. વેદમાં 'શ્રદ્ધા' શબ્દ આવે છે ખરો અને ત્યાં એમ કહેવામાં આવ્યું છે કે સત્યમાં શ્રદ્ધા અને અસત્યમાં અશ્રદ્ધા રાખો. પરન્તુ આજે તો આ કેસના વાદીઓ જેવા સ્વાર્થ-સાધુ મહાતમાઓએ કંઇક જુદાજ પ્રકારની લીલા ચલાવી છે. આજે તો શ્રદ્ધાનો અર્થ "અંધશ્રદ્ધા" કરવામાં આવે છે.

છાંદોગ્ય ઉપનિષદ્‌માં કહ્યું છે કેઃ—માણુસ સત્ય નિષ્ઠા પૂર્વક કોઇ વિષયનું મનન કરે ત્યારે તેને અમુક અનુભવ થાય છે. અને ત્યાર પછી જે નિશ્ચયપર આવે તે "સત્ય" હોય છે. છાંદોગ્ય ઉપનિષદ્‌કારના કથનનો સાર એ નીકળે છે કે શ્રાદ્ધ (શ્રદ્ધાપૂર્વક કામ કરવું તે) કરવા માટે પ્રથમ તો મનન કરી અનુભવ મેળવવો જોઇએ. પરન્તુ આજે અનુભવ તો એક બાજુએ રહ્યો પણ વિચાર કે મનન સરખું કોઇ કરતું નથી.

આજેતો એક અક્ષર પણ ન આવડે પછી ગાયત્રી કે વેદના જ્ઞાનની વાતજ ક્યાં રહી ? તેવાઓને અંધશ્રદ્ધાથી માત્ર મિષ્ટાન્ન જમાડવામાં આવે છે. ધક્કા મારી મારીને કહાડો તો પણ ઘુસી જાય તેવા નામધારી નિરક્ષર બ્રાહ્મણો જમી જાય છે અને પુષ્કળ પૈસાની બરબાદી થાય છે. આ કેસના વાદીઓ તો વળી આથી પણ એક પગલું આગળ વધી ઉપરથી લાગા–ટેક્સના પૈસા પડાવી પાયમાલ કરે છે. કંઇક બિચારાઓ શ્રાદ્ધનાં જમણો કરી આવા આંખલાઓને ખવરાવવામાં તથા દાદો દેવામાં દેવાળાં કાઢે છે.

શ્રાદ્ધ શબ્દનો શાબ્દિક અર્થ શ્રત્+ધાનો એ શબ્દ બનેલો હોવાથી "જેમાં સત્ય ધારણ થાય તે" એવો થાય છે; શ્રદ્ધાપૂર્વક જે કામ થાય તે શ્રાદ્ધ કહેવાય. કોઇ આપણે ઘેર આવે તેનો સાચી પ્રીતિથી સત્કાર કરીએ તેનું નામ શ્રાદ્ધ.

એક ડોસાના બે પુત્ર હતા, તેમાંના એકે જીવતા ડોસાનું લાલન પાલન કર્યું અને બીજાએ દહાડો કરવાની વૃત્તિ રાખી હતી તેમાં સારો કોણ ? તમારે કહેવુંજ પડશે કે જીવતાં લાલન પાલન કર્યું તે.

મુએલાનું શ્રાદ્ધ માનવામાં મનુષ્યને પુણ્ય પાપ પર વિશ્વાસજ રહી શકે નહિ અને તેથી કર્મનાં ફળની માન્યતાજ માથાં વિનાની થઇ જાય

છે. અને તે દોષ દૂર કરવા માટે પણ જીવિતનુંજ **શ્રદ્ધાપૂર્વક શ્રાદ્ધ** માનવું ઇષ્ટ છે.

વળી આ હેતુને પણ **શ્રાદ્ધ** કહેવાઇ શકાતું કે વિદ્વાન **બ્રાહ્મણો** પોતાના **યજમાનને** ત્યાં જાય, તેમને **ધર્મનો** ઉપદેશ કરે, તેનાં આચરણોને સુધારે, **યજમાનનાં** બાળકોને સદુપદેશ કરે, અને **યજમાનનું** જે પ્રકારે ભલું થાય તે પ્રમાણે કરવા સર્વદા પ્રયત્ન કરે. નહિ કે પોતાનું પેટ ભરવા **યજમાનોને** ખોટી જૂઠી ધાપ મારી ઊંધે રસ્તે ઉતારી પોતાનો સ્વાર્થ સાધી લેવા. જે પ્રમાણે બ્રાહ્મણ,-પુરોહિત,-ગોર **યજમાનનું** કલ્યાણ ઇચ્છે તે પ્રમાણે **યજમાન** શ્રદ્ધાપૂર્વક પોતાને તારનાર બ્રાહ્મણોનો યથાવત્ સત્કાર કરી સર્વદા પ્રસન્ન રાખે. વાસ્તે વિદ્વાન બ્રાહ્મણોની જેટલી બને તેટલી સેવા કરવી એ **યજમાનની** મુખ્ય ફરજ કહેલી છે.

આધુનિક **શ્રાદ્ધ** કરવામાંમૂર્ખ જન્મથી બની બેઠેલા ઘમંડી બ્રાહ્મણ અને વિદ્વાન બ્રાહ્મણ એકજ લાકડીએ પૂજાય છે. પુરી એક અંધેરી ને ગંડુ રાજાની માફક બન્નેને સમાન દક્ષિણા મળે એટલે વિદ્યાની કદર ન રહેતાં બ્રાહ્મણોએ ભણવાનું છોડયું તેથી દેશમાં **મૂર્ખો** વધી પડયા અને તેથી દેશની પાયમાલી થઇ.

એક કવિ કહે છે કેઃ—

> **स्वर्ग स्थिता यदा तृप्ति गच्छेयु तत्र दानतः ।**
> **प्रासादस्यो परिस्थानामत्र कस्मान्न दियते ॥**
> **मृतानामपि जन्तूना श्राद्धं चे तृप्ति कारणम् ।**
> **गतानामिह जन्तूना वृथा पाथेय कल्पनम् ॥**

—“ સ્વર્ગમાં બેઠેલા તમારા પિતૃઓ અહીં દાન દેવાથી તૃપ્ત થઇ જાય તો માળ ઉપર બેઠેલા માણસની તૃપ્તિ કેમ નથી થતી? અને મરેલાની તૃપ્તિ માટે **શ્રાદ્ધ** હોય તો જેનાં **માતા** પિતા પરદેશમાં જાય છે તેને ખરચી મોકલવાની તથા ખાવાનું રસ્તા માટે ભાતું બંધાવવું પણ વ્યર્થ છે. અહીં આપણે બ્રાહ્મણોના પેટરૂપી ડાકમાં અનાજ નાખી પરદેશમાં તેને પહોંચાડી આપીશું. શું કેવળ પેટભરૂ બ્રાહ્મણોના પેટરૂપી (લેટર બોક્સ) માં નાખ્યાથીજ ત્યાં પહોંચી શકે છે? નહિજ.

હવે જ્યારે મૃતક**શ્રાદ્ધ**નીજ ધર્મશાસ્ત્રો ના પાડે છે ત્યારે પછી વાદીઓની કપોળ કલ્પનાઓ તદ્દન પાયા વગરનીજ **થઇ** જાય છે.

વેદાદિ સત્ય શાસ્ત્રોમાં એકતો જીવતાં માતુ પિતાદિ વડીલોની સેવા પ્રેમપૂર્વક કરવી–એનેજ શ્રાદ્ધ માનેલ છે. મનુસ્મૃતિમાં જ્યાં શ્રાદ્ધ પ્રકરણ ચાલે છે. (જેને વિદ્વાનો પ્રક્ષિપ્ત માને છે, પાછળથી ઘુસાડેલો સિદ્ધ કરે છે.) તેને યદિ આપણે સત્ય પણ માનીએ તો ત્યાં પણ જુઓ કે કોને શ્રાદ્ધમાં ખવરાવવાની આજ્ઞા આપેલી છે ?

सहस्रंहि सहस्राणा मन्त्र चां यत्र भुञ्जते ।
एक स्तान्मंत्र वित्प्रीतः सर्वानर्हति धर्मतः ॥

मनु. अ. ३ श्लोक १३१

અર્થ:—એક લાખ વેદ નહિ જાણનારા ભોજન કરતા હોય તે સર્વ બ્રાહ્મણના ભોજનનું ફળ એક વેદવેત્તા બ્રાહ્મણ આપી શકે છે.

यावतो ग्रसते ग्रासान् हव्य कव्येष्व मन्त्रावित् ।
तावतो ग्रसते प्रेत्य दीप्तान् शूलानयो गुडान् ॥

मनु. अ. ३ श्लोक १३३

અર્થ:—વેદ નહિ જાણનારો બ્રાહ્મણ દેવકર્મમાં અને પિતૃકર્મમાં જેટલા કોળીયા ગળે છે તેટલા ધગધગતા લોઢાના શળ તથા ગોળાઓ શ્રાદ્ધ કરનાર યજમાનને ગળવા પડે છે.

यथेरिणे बीजमुप्त्वा न वप्ता लभते फलम् ।
तथाऽनृचे हविर्दत्त्वा न दाता लभते फलम् ॥

मनु अ. ३ श्लोक १४२

અર્થ:—જેમ ઉખર ભૂમીમાં બીજ વાવવાથી વાવનારને તેનું ફળ નથી મળતું તેમ વેદ નહિ જાણનારા બ્રાહ્મણને હવિષ આપવાથી દાતાને તેનું ફળ નથી મળતું.

यत्नेन भोजयेच्छ्राद्धे बहृचं वेद पारगम् ।
शाखान्त गमथाध्वर्युं छन्दोगंतु समाप्तिकम् ॥

मनु अ. ३ श्लोक १४५

અર્થ:—મંત્ર તથા અર્થ સહિત સંપૂર્ણ ઋગ્વેદ જાણનારા બ્રાહ્મણને અથવા તો સમ્પૂર્ણ યજુર્વેદ જાણનારા અથવા સમ્પૂર્ણ શામવેદ જાણનારને શ્રાદ્ધમાં ભોજન કરાવવું.

मातामहं मातुलंच स्वस्रीय स्वशुरं गुरुम् ।
दौहित्रं विट्पतिंबन्धु मृत्विग्याज्यौ चभोजयेत् ॥

मनु. अ ३ श्लोक १४८

અર્થ—ઉપર દર્શાવેલા બ્રાહ્મણ ન મળે તો નાનાને, મામાને, ભાણેજને, સસરાને, ગુરૂને, દોહિતરાને, જમાઇને, ફોઇ, મામા માશીના પુત્રોને અથવા શિષ્યને શ્રાદ્ધ જમાડવું.

पित्रा विवदमानश्च कितवो [illegible]तथा ।
पापरोग्य भिशस्तश्च दाम्भिको रस विक्रयी ॥

मनु अ. ३ श्लोक १५९

અર્થ—પિતાની સાથે નિરર્થક કજીયા કરનારો, બીજાઓને જુગાર રમાડનારો, મદિરા પીનારો, કોઢી, ભગંદર રોગવાળો, અભિશાપવાળો, દહીં દૂધ, ઘી, મધાદિ વેચનારને શ્રાદ્ધ ન ખવરાવવું.

ब्राह्मण स्त्वन धीयान स्तृणाग्नि रिवशाम्यति ।
तस्मै हव्यं न दातव्यं नहि भस्मनिहूयते ॥

मनु अ. ३ श्लोक १६८

અર્થ—વેદાધ્યયન નહિ કરનારો બ્રાહ્મણ ખડની અગ્નિ માફક તરત ઠરી જાય છે. તેવા બ્રાહ્મણને હવ્ય તથા કવ્ય આપવું નહિ. કારણ કે રાખમાં ઘી જેમ વ્યર્થ તેમ તેવા બ્રાહ્મણને આપેલું દાન વ્યર્થ જાય છે.

હવે આથી પણ સાફ સમજી શકાય છે કે વાદીઓ જેવા આજકાલના નામ ધારી ભૂદેવોમાં ભાગ્યેજ એવો સેંકડે એકાદો નીકળશે કે મનુ આજ્ઞાનુસાર ખવરાવી શકાય.

ખરૂં શ્રાદ્ધ તે એજ છે કે જીવીત માતાપિતા, વડીલો, વિદ્વાનોની યથાયોગ્ય સેવા કરી તેમની સદ્દઇચ્છાની તૃપ્તિ કરવી.

આ મૃતક શ્રાદ્ધની પ્રપંચ જાળ સ્વાર્થીઓએ રચી છે. માટે તે બુદ્ધિ યુક્ત નથી. અને સર્વથા તિરસ્કારણીય છે.

કોઇપણ શાસ્ત્રમાં લાગા–ટેક્સોનું પ્રતિપાદન નથી. પરંતુ "ભટ–બ્રાહ્મણનું લાકડું વણ પેસાડયું પેસે." તેમ વખત જતાં આ વાદીઓએ ઘુસાડી દીધું. પરન્તુ તે કોઇપણ પ્રકારે સિદ્ધ નથી કરી શકયા.

માટે હું મ્હારી મૃત્યુલોકની પ્રજાને જણાવી શકું આવા સ્વાર્થ સાધકોની પ્રપંચ જાળમાં ન ફસાતાં યોગ્ય ગુણ, કર્મ, સ્વભાવે, શુદ્ધ બ્રાહ્મણનો સત્કાર કરતાં શીખવું.

આવા મૂર્ખા ભૂદેવોને મફતનું ખાવાની આદત પાડશો તો તેઓ કોઇ પણ પ્રકારે કામ ધંધો કે વિદ્યાભ્યાસ કરશેજ નહિ. માટે આવા પાખંડીઓને દાન આપી પોતાને નર્કના અધિકારી ન બનાવવાની ખાસ ભલામણ છે. લોહાણા સમાજની એકનીજ નહિ પણ આખા ભારત વર્ષની અધોગતિ કેવળ નામ ધારી બ્રાહ્મણોના હસ્તમાં પોતાની લગામ મૂકવાથી થઇ છે. ખરા ખોટાની પિછાન કર્યા વગર માત્ર આંધળી શ્રદ્ધાથી પ્રેરિત થઇ આ ભૂદેવોની પછવાડે પડે છે તેઓ પોતાના ધન માલની પાયમાલી કરે છે. અને સમાજમાં દેશમાં કુપ્રથાને પ્રચલિત કરી પાપના ભાગી થાય છે માટે સર્વ મનુષ્યોએ દાન સુપાત્રનેજ આપવું.

યોગ વશિષ્ઠમાં મહાત્મા રામચંદ્રજીને વશિષ્ઠ ઋષિએ કહ્યું છે કેઃ— જો ગુરૂ બરાબર ન હોય તો ગુરૂ શિષ્ય બેઉ અધમ દશાને પામે છે. તે મહાત્માના વંશજો (પ્રતિવાદીઓ)ને આ ઋષિવાક્ય બરાબર અનુભવવામાં આવ્યું હશે.

ધારો કે કોઈ માણસને એક કામ સોંપ્યું. તે કામ કરવાને તે માણસ લાયક ન જણાયો પણ ઉલટું અર્થનો અનર્થ કરી અડચણને નુકસાન કરતો જણાય તો પણ શું તેવા માણસને તે કામપર કાયમ રહેવા દેશો? નહિ જ. તેજ પ્રમાણે આધુનિક જમાનામાં વાદીઓ જેવા સ્વાર્થ સાધકો ધર્મ કર્મથી વિમુખ થઇ ઋત્વિજ, પુરોહિત, બ્રહ્મા, હોતાદિ બનવાને બીલકુલ નાલાયક બની ગયેલા છે. તેથી ખાસ કરીને મ્હારે કહેવું પડશે કે જો લોહાણા સમાજ પોતાનું ઇષ્ટ ચાહતી હોય તો એકદમ આવા ઠેકેદારો ગોરોનો ત્યાગ કરવો જોઇએ

વળી મનુ ભગવાન કહે છે કે **व्यसनं सक्तं चितांनां सर्वदा तकं भवेत्** તો વાદીઓ (સારસ્વતો) પોતે વ્યસનમાં પુરેપુરા આસક્ત છે તો તેવા સૂતકીઓને અડવામાં પણ આપ્ત પુરૂષોએ દોષ માન્યો છે. તો તેથી પણ આવા સૂતકીથી કોઇપણ પ્રકારનો લોહાણા સમાજે સંબંધ રાખવો ઈષ્ટ નથી.

જુઓ વળી ચાણક્ય નીતિમાં કહ્યું છે કેઃ—**त्यजे धर्मं दया हिनं विद्याहिनं गुरु स्त्यजेत्** દયા વગરનો ધર્મ હોય તેનો ત્યાગ કરવો અને વિદ્યા વગરનો ગુરૂ હોય તેને મૂકી દેવો. હવે વિચાર કરો કે આમાં ફક્ત વિદ્યા

વગરના ગુરૂનો પણ ત્યાગ કરવા કહ્યું. ત્યાં વળી આવધા યુક્ત દુરાચારી પ્રપંચી, ઠગારા, લુચ્ચાઇથી ભરેલા, હરામ ખાઉ, પારકાપરજ આજીવીકા ચ-લાવનારા ગુરૂ વિષે શું વિચાર કરવો તેની મુન્સફી હું તેના ભોળા યજ-માનોનેજ સોંપીશ.

વળી ચાણુકય નીતિમાં કહ્યું છે કે—

देवद्रव्यं गुरुद्रव्यं परदारा भिमर्षणं ।
निर्वाह सर्व भूतेषु विप्रश्चांडाल उच्यते ॥

અર્થ—દેવને નામે દ્રવ્ય લેનાર, વ્યભિચારી, બીજી જાતિપર પોતાનો નિર્વાહ કરનાર એવો બ્રાહ્મણ હોય તેને ચંડાળ જાણવો તો આ લોકો (વાદીઓ) દરેક પ્રસંગે કલ્પિત દેવોને નામે નાણાં પડાવવાનો ધંધો લઇ બેઠેલા છે. તેથી તેઓ દેવ દ્રવ્ય ખાય છે. લોહાણા સમાજ પર પોતાનો નિર્વાહ માને છે તો તેથી કરીને આ ખરા બ્રાહ્મણ નથી થઇ શકતા. માટે આ મુકદમો હું વાદીના ખરચ શીકે કાઢી નાખું છું. અને પ્રતિવાદીની ક્ષત્રિય સમાજને ખાસ સુચના કરૂં છું કે:—

આવા પાખંડી લોકોનો વાણીથી પણ કોઇએ સત્કાર કરવો નહિ. કોઈપણ શુભાશુભ કાર્યમાં આવા નિરક્ષરોને નિમંત્રવા નહિ અને દરેક સંસ્કારો વિદ્વાન શુદ્ધ ગુણ કર્મ સ્વભાવે બ્રા-હ્મણ હોય તેને બોલાવી કરાવવા, તેમાંજ સર્વથા શ્રેય સમાયેલું છે.

ધર્મને નામે લાગા—ટેકસો—દાદ—હુકકો તદ્દન કલ્પિત અને હડહડતું જૂઠાણું આ વાદીઓએ ઊભું કરી પ્રતિવાદીની કોમને અપમાન પહોં-ચાડેલું છે. એમ હું માનું છું.

એવું કહેવામાં આવે છે કે આ મુકદમે કોર્ટનો ઘણો વખત ફોકટ રોકયો છે એ વિચાર સાથે કોઇ સંમત થઇ શકશે નહિ. અલબત આ મુકદમો સાંભળવામાં ઘણો વખત ગયો છે એમાં તો કાંઇ પણ શક નથી. પણ હું મોટી ખુશીથી આશા રાખીને જણાવું છું કે તે સઘળો વખત નકામો ગયો નથી. આ મુકદમાની તપાસ થઇ છે, અને તેથી આર્યાવર્ત્ત નિવાસી ફક્ત લોહાણા સમાજજ નહિ પણ બીજી જે આવા સ્વાર્થ સાધકોના જૂઠા પ્રપંચોમાં ફસાયેલી છે તે સર્વ સમાજોપર સારી અસર થયા સિવાય રહેનાર નથી. આ મુકદમો ધર્મ સંબંધી નહિ પણ નીતિ સંબંધી છે. જે રિવાજ નીતિથી નઠારો હોય તે ધર્મથી સારો કહેવાય જ નહિ. જે રિવાજથી નીતિનો પાયો ખોદાઇ જાય, જે રિવાજથી લોકોની

સ્વતંત્રતાનો ભંગ થાય, દરિદ્રતા આવે, અને **મહાન જગતનિયંતાના પવિત્ર નિયમનો ભંગ થાય** તે રિવાજ પ્રમાણે ધર્મને નામે અને ધર્મને પરવાને લોકોને ચાલવું પડતું હોય તો લોકોના ફાયદાને માટે તે રિવાજની વિરૂદ્ધ થવું જોઇએ. અને તેવા રિવાજથી થતાં નુકસાનથી લોકોને સમજાવવા જોઇએ. આ પ્રતિવાદીએ એવા કુરિવાજ ઉઘાડા પાડી લોકોને સમજાવ્યું છે. અને તેમ કરવામાં તેણે પોતાને માથે કેટલું જોખમ અને વિમો ઉપાડી લીધો છે તેનો ખ્યાલ આપણાથી થઇ શકે નહિ. આમ કરવામાં તેણે હિંમતનું અને રૂડું કામ કીધું છે. હવે એટલીજ આશા રાખવી જોઇએ કે તેણે જે કંઇ કીધું છે તે ફોકટ નહિ જશે. તેઓએ જે બીજ વાવ્યાં છે તેનાં ફળ ઊગી નીકળશે. તેઓએ જે હિંમત દેખાડી છે. અને જે સત્ય વાતને તેઓ વળગી રહ્યા છે તેનો બદલો તેઓને મળશે અને જે લોકોને આજ દિવસ સુધી સોસવું પડયું છે. તેઓ પણ આવા સુધારકોની સંખ્યામાં વધારો કરશે.

હું ધારૂં છું કે પ્રતિવાદીને એ બીના પ્રકટ કરી કોન્ફરન્સના કાર્યકર્ત્તાઓનું ધ્યાન ખેંચવાનો હક હતો એટલુંજ નહિ પણ તે પ્રકટ કરવાથી એક મોટી અનીતિની વિરૂદ્ધ થઈ તેણે પોતાની સંસારી અને નીતિની ફરજ બજાવી છે. લાઇબલમાં જે શબ્દોથી સારસ્વતોને સંબોધ્યા છે તે ફક્ત વિદ્યાહીણ, નિરક્ષર કે જેઓ શાસ્ત્રિય દ્રષ્ટિએ શૂદ્ર કરતાં પણ પતિત લેખાય તેઓને માટે જ છે. તે લખાણની અંદર કાંઇ પણ દોષના ભર્યું જોવામાં આવતું નથી. પરન્તુ જે પોતાના જાતભાઇઓ આવાં નઠારાં બંધનોથી કચડાઇ રહ્યા છે તેની વિરૂદ્ધ થઇ તેવાં બંધનો કહાડી નાખવા દેશ હિતકારી ઇચ્છા દેખાડી છે.

આ સઘળા કારણોને લીધે મારો અભિપ્રાય એવો છે કે જે લખાએલી બીના ને માટે ફરિયાદ કરવામાં આવી છે તે લાઇબિલ નથી. અને તે સબબથી તે બાબતનો ચુકાદો પ્રતિવાદીના લાભમાં થવો જોઇએ.

મહારાજા વિષ્ણું.

CHIEF OF JUSTICE

S. B. S. M. S. COURT.

માન્યવર જ્યુરરો ચીફ ઓફ જસ્ટીસનાં આ જજમેન્ટને પરિપૂર્ણ રીતે સંમત થયા હતા અને યોગ્ય પરસેવાથી કમાએલા ધનનો ઉપયોગ આવા આંખલાઓને પોષી અધર્મ વધારવામાં નહિ પણ વિદ્યા વૃદ્ધિ અને દીન જનોના અર્થે કરી આ ભવમાં યશના અને પર લોકમાં સ્વર્ગના અધિકારી બનવાનો અમૃતામય ઉપદેશ આપ્યો હતો.

"સ્વર્ગમાં સત્કાર!"

સત્યનો જય!!

દિવ્ય ચક્ષુઓ ખુલ્લી ગયાં!!



રદ્નો અંત આવતાં વસંતરાજનો સાજ ચારે તરફ ફેલાઇ ગયો હતો. જેમ યોવન પ્રદેશમાં શિશુતા શરમાઇને ન્હાસી જાય છે તેમ ભગવાન ભુવન ભાસ્કરના કિરણોમાંથી કોમળતા દૂર થવા લાગી હતી. જેમ સત્યશોધકને શાસ્ત્રીય પ્રમાણોથી ભરેલું વ્યાખ્યાન સુખદાયક થાય છે તેમ સ્વર્ગના કોકિલાનો કલત્રર કાનને પ્રિય લાગવા માંડયો. મધુપ ભ્રમણ કરવા લાગ્યા. સ્વર્ગીય આમ્રવૃક્ષના મોર કંઇક અપૂર્વ શોભા આપવા લાગ્યા. ચારે દિશા, દશે દિગપાળો જાણે દિવ્ય જ્યોતિ ઝળહળી રહી હોય તેવો પ્રકાશ આપવા લાગ્યા. દેવ દુદંભીના નાદ જાણે કંઇક અલૌકિક સ્વર્ગીય સુખાભાસ આપતા હતા. સકળ બ્રહ્માંડેશ્વર મહારાજા વિષ્ણું (Chief of justice of Sawargiya Court) એ આ અગત્યના કેસનું જજમેન્ટ (ચુકાદો) આપી લીધું કે તત્ક્ષણે સ્વર્ગીય આકાશની દેવાંગનાઓ! લોહાણા ક્ષત્રિઓની સ્વર્ગસ્થ કુમારિકાઓ! વિકાળ વ્યાઘ્રો–નામધારી ભૂદેવોના લાગાટેકસના ત્રાસે ભવસાગરનો ફેરો ફરી અકાળે મૃત્યુ શરણ થયેલી દેવીઓ!

ભારતમાતાની પુત્રીઓ ! બ્હેનોએ પૂજ્ય ભ્રાતા ગરૂડ પર પુષ્પ વૃષ્ટી કરી વ્હાલથી વધાવ્યો ! અને સર્વત્ર " **સત્યમેવ જયતે નાનૃતમ્** " ની ધ્વનીઓ જોર શોરથી સંભળાવા લાગી. ત્યાં તો પોતાની દેવીઓ સહિત ઇન્દ્ર, બ્રહ્મા, કુબેર, મહેશ્વર આદિ દેવગણો તથા કણાદ, ગૌતમ, કપિલ, વાલ્મિક, વ્યાસ, વિશ્વામિત્ર, ભારદ્વાજ, પિપલાદ, આદિ પૂજ્ય મહર્ષિઓ, તથા સ્વર્ગસ્થ લોહાણા–ક્ષત્રિયો–જસરાજ, જલારામ ભગત, હરીરામ ભગત, ટોડરમલ, અજાનબાહુ ઇત્યાદિ અનેક પ્રાતઃસ્મરણિય પૂર્વજો, ત્યાર પછી મહારાજા કૃષ્ણચંદ્ર યોગેશ્વર અને છેલ્લે ભગવાન રામચંદ્રજી તથા માતા સિતાજી વિગેરે સર્વ પૂજ્યશ્રીઓ અંતરિક્ષથી ઉત્તરી ' સ્વર્ગીય સેશન્સ્ હોલ 'માં ઉપસ્થિત થયાં. આ પધારનાર દેવગણો, ઋષિવર્યો, વડીલશ્રીઓ, ભગવાનો વિગેરેની સામા જઈ વિરભ્રાતા ગરૂડે નમન કર્યું. સર્વ આપ્તપુરૂષોએ તેને અંતઃકરણથી આશિર્વાદો આપ્યા. માતા સિતા, પાર્વતી, ઈન્દ્રાણી આદિ દેવીઓએ પોતાના પુત્ર ગરૂડને હૃદય સાથે ચાંપી ઓવારણાં લઇ વ્હાલથી વધાવ્યો. અનેક આશીર્વાદો આપ્યા. માતાઓ તથા વડીલશ્રીઓ ઋષિવર્યો, દેવગણો, આપ્તપુરૂષોનો આવો પ્રેમ જોઇ વિરભ્રાતા ગરૂડને આ કેસમાં સોસવા પડેલાં સંકટોનું વિસ્મરણ થઇ ગયું. હૃદયમાંના આનંદયુક્ત ધબકારાથી પ્રેમાવેશના પ્રભાવે હર્ષાશ્રુ આવી ગયાં. અને તેથી ગદ્ ગદ્ કંઠે દ્વિકર જોડી વારમવાર નમન કરી થોડાજ શબ્દોમાં પોતે જણાવ્યું જેઃ—" આપ્તપુરૂષો ! વડીલશ્રીઓ ! માતાઓ ! આ કેસમાં સફળતા મળી તે સર્વ આપની કૃપા અને દયાનુંજ ફળ હું સમજું છું. " વધુ બોલવાનો વિચાર હોય તેમ જણાતું હતું પણ હૃદયપાત્રમાં પ્રેમપ્રવાહનો વેગ વધી જવાથી કંઇ બોલાયું નહિ. (આ સમયની સ્વર્ગીય સેશન્સ્ હોલની અવર્ણનીય શોભાના સંબંધમાં અમારો સમાચાર દાત્તા અમને જણાવે છે કેઃ—

" સ્પષ્ટ શબ્દોમાં આલેખવાને મ્હારી નિર્બળ લેખિની અશકત છે. ")

આ બધું ચાલતું હતું તેવામાં તો મયુરાસનારૂઢ માતા સરસ્વતિ દેવી સેશન્સ્ હોલમાં પધારતાં ભ્રાતા ગરૂડના મસ્તક પર હાથ દઇ આશિર્વાદ આપતાં કહ્યું કેઃ—

" પ્રિયપુત્ર ! ત્હારી ધૈર્યતાને ધન્યવાદ આપું છું. જા ! ત્હારો મૃત્યુ લોકમાં સત્કાર થશે. લોહાણા–ક્ષત્રિયોની તથા અન્ય

સમાજોની બાળાઓ, બ્હેનો, દેવીઓ, માતાઓ, તને અનેકાનેક આશિર્વાદો આપશે તે આશિર્વાદોના અવર્ણનિય પ્રતાપે તું 'યાવત્‌ચંદ્ર દિવાકરૌ' સુધી અમર રહીશ. મ્હારા પુત્રો (બ્રાહ્મણો) જે અત્યારે ધર્મ કર્મથી ભ્રષ્ટ થઇ મૂંઢ અને સ્વાર્થી, વિષય લંપટ, હરામખાઉ થઈ ગયા છે તેની પ્રજ્ઞા ચક્ષુઓ ખુલશે. ત્હારા મૃત્યુલોકના ભ્રાતાઓના ઘરમાં ત્હારૂં (સ્વર્ગમાં સેશન્સ્) કાર્ય અવિચળ રહેશે."

અસ્તુ! કહી ભ્રાતા ગરૂડ ગદ્‌ગદ્ કંઠે હિકર જોડી દેવી સરસ્વતિજીને પાયે પડયો. પ્રેમપૂર્વક હસ્ત પકડી માતુશ્રીએ ઊભો કીધો.

"**પ્રજ્ઞા ચક્ષુઓ ખુલશે**" આ શબ્દ સરસ્વતિ દેવીજીના મુખથી સાંભળતાંજ પેલા બે પ્રતિનિધિઓ સ્વાર્થાન્ધ શ્યામજી તથા કૃષ્ણમૂર્તિ કાનજી કે જેઓ એક ખુણામાં ઊભી આ બધું દ્રષ્ય જોતા હતા **તેનાં દિવ્ય ચક્ષુઓ ખુલ્લી ગયાં!!** પૂર્વના અધર્મયુક્ત કરેલાં પાપ કર્મોનો પશ્ચાતાપ થતાં શુદ્ધ બુદ્ધિ પ્રાપ્ત થઇ અને તેનું નિમીત્ત કારણ ભ્રાતા ગરૂડને જાણી સત્વર નમન કરવા દોડયા પરન્તુ તે શુદ્ધ બુદ્ધિથી પવિત્ર થયેલા ગુરૂ મહારાજોને તેમ ન કરવા દેતાં પોતે નમન કરી શિષ્ટાચાર બતાવ્યો. તત્પશ્ચાત્ તે બે શુદ્ધબુદ્ધિ યુક્ત પ્રતિનિધીઓએ સર્વ દેવગણ અને આપ્ત-પુરૂષો, દેવીઓની સમક્ષ સેશન્સ્ હૉલની વચ્ચમાં ઊભા રહી પોતાનો પશ્ચાત્તાપ જાહેર કરવાને નીચે મુજબ ભાષણ આપ્યું હતું.

"આજે અમોને જે દિવ્ય જ્ઞાન પ્રાપ્ત થયું છે તે આપ ભગવાનોના પવિત્ર દર્શનનેજ આભારી છે. મહાભારતના યુદ્ધમાં ઘણા ધાર્મિક જ્ઞાની અને સુરવીર પુરૂષો મરણને શરણ થવાથી આર્યાવર્ત્તનો વેપાર ધંધો, વિદ્યા, હુન્નર, કળા, કૌશલ્ય વિગેરે કેટલાક કાળ સુધી બંધ પડી રહેવાથી અજ્ઞાન વધતું ચાલ્યું. તે વધતાં વધતાં એટલી હદ સુધી વધ્યું કે લોકોમાં ઇર્ષ્યા, દ્વેષ, અભિમાન ઉત્પન્ન થવા લાગ્યાં. વૈદિક ધર્મ નષ્ટ થયો. બ્રાહ્મણો પોતાની વિદ્યા ખોઇ બેઠા. બ્રાહ્મણો વિદ્યાહીન થયા તો પછી ક્ષત્રિય, વૈશ્યો, શૂદ્રોમાં તો વિદ્યા રહેજ કયાંથી? પેટને વાસ્તે બ્રાહ્મણોએ અનેક ધતીંગો ઊઠાવ્યાં. ગુરૂ બની બેઠા અને અજ્ઞાન બની ગયેલા ક્ષત્રિયાદિ વર્ગને એવું સમજાવવા મંડી પડયા કે અમે તમારા પૂજ્ય દેવ છીએ. અમારી સેવાથી અને અમને આપવાથી તમને મુક્તિ અથવા સ્વર્ગ મળશે ને અમારી સેવા નહિ કરો તો ઘોર નર્કમાં પડશો.

અને એવા કલ્પિત ગપોડ ગ્રંથો બનાવ્યા. અત્યારે અમારા નિરક્ષર લાગા ત્રાગા લઉં સારસ્વત લોકો લોહાણા–ક્ષત્રિય કોમની બાળાઓના શીરપર લાગા ઠોકી બેસાડી તે કન્યાઓનું રક્તપાન કરે છે. મરનાર પછવાડે પ્રેત-ભોજન કરી પૈસા લઇ અવર્ણનિય પાપ વ્હોરે છે. ભોળા યજમાનને ભીખ મંગાવી પોતાનું ખીસ્સું તર કરે છે. પાંચ રૂપીઆની લાલચે ભોળા યજમાનની બાળકીનો ભવ બગાડે છે. ગરીબ બાળાઓનાં અશ્રુઓથી પૃથ્વીમાતા ઉષ્ણ થઇ જાય છે અને નામધારી બ્રાહ્મણોને આ દુષ્કર્મો માટે શ્રાપ આપી રહી છે. પરમ પ્રભુઓ ! અમારી અજ્ઞાનાવસ્થાને લઇને અદ્યાપિ પર્યન્ત આ સત્ય બાબતોને અમે સમજી શકયા નહોતા. આપની કૃપાના પ્રભાવે દિવ્ય ચક્ષુ પ્રાપ્ત થતાં અમારાં આવાં નિન્દિત દુષ્કર્મો માટે અમો આપની સમક્ષ અંતઃકરણથી પશ્ચાતાપ કરીએ છીએ.

હવેથી મન, વચન, કર્મથી પણ આવા લાગા–ત્રાગા લેવા જેવાં દુષ્કૃત્ય નહિ કરવા અને સંસારમાં સત્ય ધર્મનો પ્રચાર કરવાની અમો બન્ને ભીષ્મ પ્રતિજ્ઞા કરીએ છીએ.

અમે આશા રાખીએ છીએ કે આપ પવિત્ર ભગવાનો ! શાન્ત સુહૃદય યજમાનો ! અમારી બન્નેની આજદીન પર્યન્તની અજ્ઞાનતા માટે ક્ષમા કરશો. " **તથાસ્તુ !**

વિરભ્રાતા ગરૂડને તેની આ અડગ હિંમત, સાહસ, અને પોતાના જ્ઞાતિભાઇઓ પ્રત્યેની અપૂર્વ પ્રેમાળ લાગણીથી પ્રસન્ન થઇ સર્વ આપ્ત-પુરૂષોએ ધન્યવાદ આપતાં અકેક પુષ્પનો હાર અર્પણ કર્યો. અને પછી **'સત્યમેવ જયતે નાનૃતમ'**ની ચાલુ ધ્વનીઓ વચ્ચે સૌસૌના નિવાસ-સ્થાને સિધાવી ગયા.

વ્હાલા વાંચક ! હવે અમે પણ આપની સેવામાંથી રજા લઇશું. હવે આપણા વિરભ્રાતા ગરૂડનું મૃત્યુલોકમાં કેવું સન્માન થાય છે તે જોવાનું રહ્યું છે, તદુપરાંત મૃત્યુલોકના ભિખારી ભૂદેવો–લાગા ત્રાગા લેવામાં વિકાળ વ્યાઘ્રો હજી પણ વિષ્ણું ભગવાનના ચુકાદાથી સંતોષ પામી બેસે છે કે નહિ ? તેપણ જોવાનું છે. ભૂદેવો ભડકી અસંતોષી થઇ વળી અન્ય લોકમાં અપીલના ઇલાજો લેશે તો વળી અમારો સ્વર્ગીય સમાચાર દાત્તા મ૦ અબધુત સાતે લોકમાંથી ફૂલ રિપોર્ટ–સમાચાર મોકલી આપવાને અમને વચન આપે છે. તેવું કંઇ બનશે તો વળી સાનુકુળ સંજોગોએ આપ સર્વમાન્ય સજ્જન બન્ધુઓની સેવામાં પ્રેમપુર્વક ઉપસ્થિત થઇશું.

પરમાત્મા કરે ને સર્વ લોહાણા-ક્ષત્રિયો પોતાનું પ્રાચીન ગૌરવ પુનઃ પ્રાપ્ત કરી ખરા ક્ષત્રિયો બને. સત્યનું ગ્રહણ અને અસત્યનો ત્યાગ કરતાં શીખે. યોગ્ય વિદ્વાન બ્રાહ્મણોનો સત્કાર કરી સરસ્વતિ માતાની કૃપા મેળવે. અને આપણો કંગાળ અજ્ઞાની, કુસંપી ભારતખંડ ફરીથી પોતાના પ્રાચીન વૈભવથી પ્રકાશી પોતાના ખોઇ દીધેલા સુવર્ણપદને પામે એવી તે જગદીશ્વર પ્રત્યે અમો અંતઃકરણ પૂર્વક પ્રાર્થના કરતા વિરમીએ છીએ.

ओउम शान्तिः शान्तिः शान्तिः

સમાપ્ત.

અગાઉથી ગ્રાહક થઈ આશ્રય આપનાર સદ્‌ગૃહસ્થોની મુબારક નામાવળી.

નકલ.	મુબારક નામ.	ગામ.
૫૦	શ્રીમાન માન્યવર શેઠ નથુભાઇ નેણસી કોઠારી.	મુંબઇ.
૫૦	,, ,, ,, શીવદાસભાઇ ચાંપસી.	,,
૨૫	,, ,, ,, ગોવીંદજીભાઇ ગોપાળજી વસંત.	,,
૪૪	,, ,, ,, રવજીભાઇ વાઘજી સોમૈયા.	કચ્છ—શીકારપુર.
૨૦	,, ,, ,, પ્રાગજીભાઇ મોનજી.	મુંબઇ.
૧૫	,, ,, ,, વીસનજી માધવજી.	,,
૧૫	,, ,, ,, પ્રાગજીભાઇ દયાળ હરીયાણી.	,,
૧૫	,, ,, ,, ખીમજીભાઇ દયાળ.	,,
૫૦	શ્રીયુત ભ્રાતા. રતીલાલ ગોવીંદજી ડાહ્યાભાઇ.	,,
૧૫	,, ,, જમનાદાસ નારાયણજી અઢીઆ.	જામનગર.
૨૫	,, ,, વાઘજીભાઇ વિ જાૂઠા વિશ્રામ ઠક્કુર	કચ્છભૂજ.
૨૫	,, ,, દેવજીભાઇ ત્રીકમદાસ ઠક્કુર. B. A. L. L. B.	મુંબઇ
	(એક સજ્જન સદ્‌ગૃહસ્થની વતી)	
૧૦	શ્રીમાન માન્યવર શેઠ માધવજીભાઇ જયસંગ.	મુંબઇ.
૧૦	,, ,, ,, કેશવજીભાઇ હેમરાજ.	,,
૧૦	,, ,, ,, ગોવીંદભાઇ ભાણજી.	,,
૧૦	,, ,, ,, રાઘવજી પુરૂષોતમ.	,,
૧૦	,, ,, ,, ગોપાળજી તથા વલ્લભજી રામજી,	,,
૧૦	,, ,, ,, જીવરાજ કાળીદાસ.	,,
૫	,, ,, ,, હેમરાજભાઇ જયસંગ.	,,
૫	,, ,, ,, વેલજી કાળીદાસ.	,,
૫	,, ,, ,, સુતરીયા એન્ડ કોઠારી.	,,
૫	,, ,, ,, રણછોડદાસ ભવાનભાઇ.	,,
૫	,, ,, ,, ધારસી હેમરાજ.	,,
૫	,, ,, ,, વીરજીભાઈ પેરાજ.	,,
૫	,, ,, ,, અમરશી કાનજી.	,,
૫	,, ,, ,, હીરજી ગોવીંદજી.	,,
૫	,, ,, ,, ગીરધરદાસ જેઠાભાઇ.	,,

૫	શ્રીમાન	માન્યવર	શેઠ	રતનશી પ્રેમજી.	થાણા.
૨	,,	,,	,,	હંસરાજ ઊકરડા કોઠારી.	મુંબઇ.
૨	,,	,,	,,	ભાણજી જમનાદાસ.	,,
૨	,,	,,	,,	ગોવીંદજી માવજી.	કચ્છ કોટડી મહાદેવપુરી.
૧	,,	,,	,,	ખટાઉ કુંવરજી.	,, ,, .
૨	,,	,,	,,	દામોદર ખીમજી.	મુંબઇ.
૨	,,	,,	,,	રૂગનાથદાસ લાલજી.	,,
૨	,,	,,	,,	કાનજી હરજી.	,,
૧	,,	,,	,,	નારણ રામજી.	,,
૧	,,	,,	,,	નથુ મેઘજી તન્ના.	,,
૧	,,	,,	,,	છગનલાલ રવજી.	,,
૧	,,	,,	,,	વિઠ્ઠલદાસ ધર્મશી.	,,
૧	,,	,,	,,	લવજી મોરારજી.	,,
૧	,,	,,	,,	જેઠાભાઇ ભીમજી.	,,
૧	,,	,,	,,	તુલસીદાસ કુંવરજી.	,,
૧	,,	,,	,,	જેરામભાઇ ગાંગજી.	,,
૧	,,	,,	,,	ચત્રભૂજ કાળીદાસ.	,,
૧	,,	,,	,,	કેશવજી નાનજી.	,,
૧	,,	,,	,,	નારણદાસ ગોરધનદાસ.	,,
૧	,,	,,	,,	ગોકળદાસ રામદાસ.	,,
૧	,,	,,	,,	અમરશી ધરમશીની કું.	,,
૧	,,	,,	,,	ત્રીકમદાસ તુલસીદાસ.	,,
૧	,,	,,	,,	તુલસીદાસ કાનજી.	,,
૧	,,	,,	,,	દામોદર ભીમજી.	,,
૧	,,	,,	,,	મોહનલાલ માધવજી.	નાશિક.
૧	,,	,,	,,	પીતામ્બર ભગવાનજી.	મુંબઇ.
૧	,,	,,	,,	હરજીવનદાસ અમરશી રોયચુરા.	,,
૫	,,	,,	,,	ડુંગરશી મોરારજી તથા	} Louis Trech-
	,,	,,	,,	વિઠ્ઠલદાસ મનજી ઘેલાણી	} ardt ટ્રાન્સવાલ.
૧	,,	,,	,,	ગોરધનદાસ ઝીણાભાઇ સચદે.	રાલેગાંવ.
૧	,,	,,	,,	દેવચંદ દેવરાજ માણેક.	ડુંગરખડા
૧	,,	,,	,,	દેવરામ કલ્યાણજી રૂઘાણી.	જામસલાયા.
૧	,,	,,	,,	છોટાલાલ કાળીદાસ તન્ના.	સુરત.

૧૫ શ્રીમાન માન્યવર શેઠ રામજી ગોકળદાસ પોપટ. જંગબાર—આફ્રિકા.
૫ શ્રીમાન ભ્રાતા વસનજી હંસરાજ. જંગબાર—આફ્રિકા.
૧ ,, ,, છગનલાલ કરમશી પારેખ. ઝારીયા.
૧ ,, ,, ગોકળદાસ પ્રેમજી ચન્નારાણા. ,,
૫ ,, ,, પોપટલાલ દામોદર પુજારા (લ્હાણી ઉપરાંત) ફોર્ટ-સ્ટેડમેન. બર્મા.
૧ ,, ,, ત્રીભોવનદાસ મોતીલાલ. ભરૂચ.
૧ ,, ,, ગોરધનદાસ ખીમજી. કલીકટ.
૧ ,, ,, હરજી ગોપાળજી ગણાત્રા. મદ્રાસ.
૧ ,, ,, વેદ પ્રચારણી સભા. કચ્છ—અંજાર.
૧ ,, ,, કરશનદાસ માવજી કરાંચીવાળા. કલકત્તા.
૧ ,, ,, ગોરધનદાસ ભાણજીની કું. શાહપુર.
૧ ,, ,, નારણજી તુલસીદાસ. કચ્છ દેશલપર ગુતલી.
૧ ,, ,, લીલાધર ગોવીંદજી. કચ્છ વાંકુ.
૧ ,, ,, ગોવીંદજી જીવરાજ. મુંબઇ.
૧ ,, ,, ભગવાન મુલજી. મોરવાડા રાંધણપુર.
૧ ,, ,, ધર્મશી દામોદર વકીલ. જામખંભાળીયા.
૧ ,, ,, નારણજી વેલજી ઠક્કુર. હૈદ્રાબાદ—સિન્ધ.
૧ ,, ,, શેઠ મૂલજી પારપીયા. કચ્છ—અંજાર.
૨ ,, ,, ,, કેશવજી લાલજી ૧ પોતા માટે ૧ ખેંગારજી. લાય૦
૫ ,, ,, ,, ચત્રભુજ નારાયણજી ગણાત્રા. અમૃતસર—પંજાબ.
૧ શ્રીમાન શેઠ મનજીભાઇ નથુ ઘેલાણી. ભાણવડ.
૧ ,, ,, ત્રીકમદાસ અમરશી. ,,
૧ ,, ,, કલ્યાણજી કાળીદાસ. ,,
૧ ,, ,, જેસંગ મેઘજી. ,,
૧ ,, ,, વંદ્રાવન રણછોડ. ,,
૫ ,, ,, હરીલાલ કાળીદાસ વાચ્છાણી યાંવસ્વે (સ. સા. સ્ટેટ) બર્મા.
૧ ,, ,, જીવરાજ કાળીદાસ શાહ. ,, ,, ,,
૧ ,, ,, વાલજી મેઘજી પટેલ. ફોર્ટ સ્ટેડમેન. બર્મા.
૧ શ્રીમાન ભ્રાતા પુરૂષોતમ લખમશી વકીલ. પોરબંદર.
૧ ,, ,, વસનજીહીરજી વકીલ. ,,

૧	શ્રીયુત	ભ્રાતા	ગોરધનદાસ મુલજી કારીયા.	પોરબંદર
૧	,,	,,	ગોવીંદજી ડાહ્યાભાઇ વકીલ.	,,
૧	,,	,,	હીરાચંદ પોપટભાઇ	,,
૧	,,	,,	મણીલાલ રણછોડદાસ.	આસીસ્ટંટ ઇન્જીનીયર.
૧	,,	,,	વિઠ્ઠલદાસ રણછોડદાસ.	,,
૨	,,	,,	નારાયણજી ગોપાળજી વસન્ત.	આટકોટ.
૧	,,	,,	દેવચંદ રતનશી તન્ના.	બલધોઇ.
૧	,,	,,	વીરજી રતનશી તન્ના.	,,
૧	,,	,,	નરસિંહદાસ વિઠ્ઠલજી મસલા.	જામજોધપુર.
૧	,,	,,	વીરજી વિઠ્ઠલ સોમૈયા.	આટકોટ.
૧	,,	,,	જેઠા ભોજા.	જંગવડ—કાઠીયાવાડ.
૧	,,	,,	નારણજી કેશવજી તલાટી.	ભાડલા.
૧	,,	,,	ઠાકરશી હેમરાજ સોમૈયા.	જીવાપુર.
૧	,,	,,	રવજીભાઇ કરશન.	ફટાણા.
૧	,,	,,	વસનજી દામજી.	,,
૧	,,	,,	કાકુ વસનજી.	પોરબંદર.
૧	,,	,,	છગનલાલ વેલજી.	પોરબંદર.
૧	,,	,,	કારાભાઇ ગોવીંદ.	ભાડથર.
૧	,,	,,	પ્રાગજી વીસરામ.	કચ્છ—રાપર.
૧	,,	,,	ફુલચંદ વલ્લભજી ટપેદાર.	,,
૧	,,	,,	નરસિંહ પ્રેમજી.	,,
૧	,,	,,	કાળીદાસ માવજી. વકીલ	કટારીયા—કચ્છ.
૧	,,	,,	દીપચંદ પ્રાગજી મરચંટ.	છાડવાળા—કચ્છ.
૧	,,	,,	પુંજાભાઈ ભીમજી નાગજી.	શીકારપુર.
૧	,,	,,	નાગજી નથુભાઇ સોમૈયા.	આટકોટ.
૧	,,	,,	દ્વારકાદાસ રામજી દાવડા	મુંબઈ
૧	,,	,,	મેઘજીભાઈ મનજી ઠક્કુર	કચ્છ—ભુજ
૧	,,	,,	પુરૂષોત્તમ જાદવજી ઠક્કુર	કચ્છ—અંજાર
૧	,	,,	ઘેલાભાઇ રતનશી ઠક્કુર	,,
૧	,,	,,	દામજીભાઈ લાલજી ઠક્કુર	કચ્છ—મગવાણા
૧	,,	,,	ફુલચંદ મલુ ઠક્કુર	કચ્છ—બેલાવાગડ
૨	,,	,,	જુઠા વિશ્રામ વકીલ	કચ્છ—ભુજ
૧	,,	,,	જેઠા કલ્યાણ ઠક્કુર	કચ્છ—કટારીઆ
૧	,,	,,	બેચરભાઇ પુંજા ઠક્કુર	,,
૧	,,	,,	વેલજી હરીરામ	કરાચી
૧	,,	,,	શિવજી ધર્મસિંહ	કલકત્તા
૧	,,	,,	દેવચંદ ધર્મસિંહ	,,

૫	,,	,,	ડૉક્ટર ગોપાલજીભાઇ પ્રયાગજી	કોટડા-રોહવાળા
૧	,,	,,	ભીમજી જેસંગ.	અમદાવાદ
૧	,,	,,	વિઠ્ઠલદાસ હીરજી ઓધાણી.	,,
૧	,,	,,	મોહનલાલ દયાળજી.	,,
૧	,,	,,	મંગળજી લક્ષ્મણ.	,,
૧	,,	,,	મોનજી કાળીદાસ.	,,
૧	,,	,,	હેમચંદ ભુરાભાઈ.	,,
૫	,,	,,	કરશનદાસ જેઠાભાઇ.	,,
૫	,,	,,	કપુરચંદ ભુરાભાઇ. ડ્રેસમેકર.	,,
૧	,,	,,	માધવજીભાઇ લખુ.	,,
૧	,,	,,	નથુભાઇ પુરસોતમ.	,,
૧	,,	,,	રામજીભાઇ કુબેર ગણાત્રા	,,
૧	,,	,,	મોહનલાલ પરસોતમ. માસ્તર.	,,
૧	,,	,,	કૃષ્ણુલાલભાઇ લોકોમોટીવ ડીપાર્ટમેન્ટ.	વલસાડ.

વિદ્યા વિલાસી ભ્રાતા પોપટલાલ દામોદર પુજારાએ સ્વજ્ઞાતિની પ્રત્યેક સંસ્થાઓને પોતાને ખરચે આ પુસ્તકની લ્હાણી કરી છે તે માટે તા. ૧૪—૧૦—૧૯૧૫ સુધી મળેલા પત્રો—

૧	મોરબી લોહાણા મિત્રમંડળ.	મોરબી.
૧	કસ્તુરબાઇ લોહાણા બાળાશ્રમ.	જામસલાયા.
૧	કોટડી મિત્રમંડળ સાર્વજનિક લાઇબ્રેરી. કચ્છ	કોટડી મહાદેવપુરી.
૧	મુ. પે. તથા શા. દેવરાજ સખાવતી દવાખાનું.	કચ્છ ગઢસીસા.
૧	કુંકાવાવ લો. હિ. મિ. મંડળ પુસ્તકાલય.	કુંકાવાવ.
૧	લોહાણા બોર્ડીંગ.	અમરેલી,
૧	હિન્દુ સ્ત્રીહુન્નર ઉદ્યોગ શાળા.	અમરેલી.
૧	શ્રી લક્ષ્મીબાઇ લોહાણા ઓર્ફનેજ.	કરાંચી.
૧	શેઠ ના. ઇ. તથા ભૂ. મેઘજી લોહાણા બોર્ડીંગ.	મુંબઇ.
૧	પોરબંદર લોહાણા બોર્ડીંગ.	પોરબંદર.
૧	મહીરેવા લોહાણા બોર્ડીંગ.	વડોદરા.
૧	મહીરેવા લો. હિ. મંડળ.	વડોદરા.
૧	સુરત લોહાણા મિત્રમંડળ.	સુરત.
૧	અમદાવાદ લો. હિ. મિત્રમંડળ.	અમદાવાદ.

તદુપરાંત મુંબઇ નિવાસી શ્રીમાન માન્યવર શેઠ જીવણદાસ બોઘાભાઈ રૂપારેલે પોતાના કુટુમ્બી ભાઇઓ ('રૂપારેલ' નુખ ધરાવતા)માં આ પુસ્તકની લ્હાણી વ્હેંચવાનો શુભ સંકલ્પ જાહેર કરી પોતાની અત્યુત્તમ પ્રકારની કુટુંબ વત્સલતા સિદ્ધ કરી છે.

કર્ત્તા.

પત્રો, અભિપ્રાયો ઈત્યાદિ.

સ્વજ્ઞાતિ હિત્તચિન્તક ભ્રાતા,

(સ્વર્ગમાં સેશન્સ્,) આ નામનું પુસ્તક આપના તરફથી બહાર પાડવાનાં હેન્ડબીલો મને મળ્યાં, જેમાંની હકીકત વાંચતાં જ્ઞાતિહિત્તના વિચારોએ મારી જીજ્ઞાસા વિશેષ ઉત્તેજીત કરી. જ્ઞાનપીપાસુમન પુસ્તક બહાર પડવાની રાહ જોવા લાગ્યું. અશાન્ત મનનાં આન્દોલનોએ આપના હૃદયને પ્રેરણા કરી હોય એમ હું માનું છું. અને તેથી પ્રગટ થતાં પુસ્તકોના કાચા પ્રુફની નકલો આપના તરફથી એક પછી એક મને મળવા લાગી, ઉત્તરોત્તર પુરવાર થતાં પુસ્તક આકારમાં ગોઠવી તેનું ઘણાજ પ્રેમ પૂર્વક અવલોકન કર્યું, તેથી ઉપજતો સંતોષ અને આપે જ્ઞાતિ ઉપર કરેલા ઉપકારના બદલામાં હું મારો હર્ષ પ્રદર્શિત કર્યા વિના રહી શકતો નથી.

આ પુસ્તક એટલાજ માટે પ્રસંશનિય છે કે, તેની અંદર આપણી જ્ઞાતિની અવન્નત દશા, અને સારસ્વતોની થઇ પડેલી શોચનિય સ્થિતી, આ બન્ને બાબતોનો આબેહુબ ચિતાર સમયના પ્રત્યક્ષ પ્રમાણોથી પુરવાર કરી આપી, અજ્ઞાન અંધકારમાં ગોથાંખાતી આ બન્ને કોમોને સુમાર્ગે દોરવવાને સત્યજ્ઞાનની ઘણીજ ઉત્તમ પ્રભા પાડેલી જોવામાં આવે છે.

બ્રાહ્મણ ક્ષત્રિયોની પ્રાચિન ગૌરવતા સાથે અર્વાચિન સ્થિતીનો મુકાબલો કરતાં બુદ્ધિમાન જનોની હૃદયની લાગણી ઉશ્કેરાય એ સ્વાભાવિક છે. એજ દયામય લાગણીના પ્રતાપ બળથી આ પુસ્તક લખાયું હોય એમ પ્રતિત્ત થયા વિના રહેતું નથી. એટલુંતો નક્કી છે કે જે કોમો પૃથ્વીના પડ ઉપર પરમાર્થવૃત્તીના માટે પંકાઇ અરસપરસ સહાયકપણે સંપશ્રેણીમાં ગુંથાઇ ઉત્તમ કીર્તિનો વિજયધ્વજ ફરકાવતી હતી એજ કોમો આજે પોતાનો સ્વધર્મ ભુલી પોતાનો સત્યસ્વાર્થ સમજવાને પણ અશક્ત થઇ પડી છે. એટલુંજ નહિ પરન્તુ અસત્ય સ્વાર્થાન્ધતામાં સપડાઇ અરસપરસ એક બીજાનું અહિત્ત થતું પણ જોઇ શકતી નથી એ આ પુસ્તક વાંચવાથી પૂર્ણપણે જોઇ જાણી શકાય છે.

સૃષ્ટી નિયમથી વિરૂદ્ધ વર્ત્તનારાઓના નસીબમાં સુખ નથી. એમ આ પુસ્તક પુરવાર કરી આપે છે, અને તેથી લેખકે લોહાણા પ્રતિ સારસ્વતોનો સંપૂર્ણ આજીવીકાનો દાવો સૃષ્ટી નિયમ વિરૂદ્ધ છે. એમ સાબીત કરવામાં જે સિદ્ધાંતો રજુ કર્યા છે તે યોગ્ય છે એમ કહ્યા

વિના ચાલી શકતું નથી. વિચાર કરતાં જણાઇ આવે છે કે શ્રૃષ્ટી કર્તાએ દરેક મનુષ્ય વ્યક્તિને સ્વતંત્રતાનું 'સુખ મેળવવા સઅવયવી સરજી છે. ઉપરાંત સત્યાસત્ય સમજવાને બુદ્ધિની બક્ષીશ પણુ કરેલી છે, કે જેથી એકબીજાઓના હિત્ત આડે નહિ આવતાં, સૌ કોઇ પોતાનાજ પુરૂષાર્થ બળથી સુખ મેળવવામાં ભાગ્યવંત બને. દીર્ઘ વિચાર થી જોતાં પ્રાણીમાત્રને પરમાત્માએ પોતપોતાના રક્ષણ માટે યોગ્ય સાધનોની બક્ષીશ કરેલી છે. જેથી ઉદર નિર્વાહનો હક્ક કોઇનો કોઇના ઉપર હોય એમ માની શકાતું નથી. સૌ કોઇ ઉપકારનો બદલો લહેછે. અવયવહીન પ્રાણીયો પણુ ઘણે ભાગે પોતાનો નિર્વાહ પોતાની શક્તિ અનુકુળ કાંઇપણ ઉપકારી કૃત્ય કરી મેળવવાની ઇચ્છા રાખતા જણાય છે. ત્યારે આ આપણા ભૂદેવો તેથી પણ આગળ વધી વિના પુરૂષાર્થ, પોતાનો નિર્વાહ ચલાવવાને ઇચ્છે એ કોઈપણ રીતે યોગ્ય છે એમ ગણી શકાતું નથી. એવું આ પુસ્તકથી પુરવાર કરવામાં આવ્યું છે. તે અવશ્ય દરેક મનુષ્યોએ ધ્યાનમાં લેવા જેવું છે.

લેખક ભ્રાતાએ આ પુસ્તકમાં સદાચાર અને સુવિચારમાં પ્રેરનાર ગુરૂઓ કેવા હોવા જોઇએ, ગુરૂની મહત્તા શું ? દાન એટલે શું અને તે કોને મળવું જોઇએ ? અંધ શ્રદ્ધાથી આપણી કેવી સ્થિતી થઇ છે. વ્હેમની જાળમાં સપડાઈ આપણે કેવા એક અજ્ઞાન કૂપ અંધારા ઓરડામાં આપણું જીવન વ્યતિત કરીએ છીએ અને તેથી બુદ્ધિની વૃદ્ધી અર્થે કાંઇપણ પ્રયાસ આપણે કરી શકતા નથી. જેના પરિણામે સત્યાસત્ય સમજવાની આપણી શક્તિ ઘણીજ નાબુદ થઈ છે. આવાં અનેક કારણો આપણી જ્ઞાતિની દુઃખદ સ્થિતી દર્શાવવાને રજુ કરેલાં છે તે સ્તુત્ય છે એમ છચોક કહ્યા વિના હું રહી શકતો નથી.

કોઇજાતી યા કોઈ વ્યકિત ઊંચાનામથીજ પૂજ્ય હોઇ શકે નહિ. પરન્તુ સદ્દગુણથીજ પૂજાય છે. એવું શાસ્ત્રોના સિદ્ધાંતોથી સ્પષ્ટ કરતું આ પુસ્તક ખરેજ મનન કરવા યોગ્ય છે. રાવણ ઋષિપુત્ર છતાં દુર્ગુણથી નિંદા પાત્ર બન્યો અને વાલ્મિકઋષિ પોતે હલકી વર્ણના છતાં સદ્દગુણથી ઊંચપદ પ્રાપ્ત કરી પૂજ્ય બન્યા. એ રામાયણના અનુભવીયો સૌકોઇ જાણી શકે છે. તેવીજ રીતે સાકર ગમે તેવી મધુર અને પોષક છે પરન્તુ તે ઝેર મીશ્રિત હોય તો તેનું સેવન કરનારનો નાશ થતાં વાર લાગતી નથી. તેવીજ રીતે **દુષ્ટકર્માચારીયો ભલે પુરોહીત હોય તોપણ તે તજવા યોગ્યછે.** એમ આ પુસ્તકથી વિશેષ સમજી શકાય છે. એટલું તો નક્કી છે કે આ-

પણી જ્ઞાતિનો ઉદય તો ત્યારેજ થશે કે જ્યારે આપણે સત્યનું ગ્રહણ અને અસત્યનો ત્યાગ કરવાને શીખીશું. જે વિષેનો ઉત્તમ સમજણ આપનારૂં આ પુસ્તક દરેક બન્ધુઓએ ઘરમાં રાખવા લાયક છે.

વળી આ પુસ્તક એવી ઢબછબથી લખાએલું છે કે અજ્ઞાનતાની ઘોર નિંદ્રામાં સુતેલી આપણી જ્ઞાતિને જાગૃત કરવા વિરપુરૂષની ઘોર ગર્જના કરતું, વળી દુઃખની સામે લડવાને પ્રોત્સાહપ્રેરક વિરતાને ઉત્તેજીત કરનારૂં વાજીંત્ર હોય એમ તેમાંથી નીકળતો તીણો પણ મધુર સુસ્વર છાનો રહીશકનોનથી! જેથી જ્ઞાતિહિત્તની લાગણી ધરાવનાર દરેક બન્ધુઓને આ પુસ્તક ખરીદી પાસે રાખવાની હું ખાસ ભલામણ કરૂંછું—અને શ્રીમાન સદ્‌ગૃહસ્થોએ પોતાના ગરીબ ભાઇઓમાં આ પુસ્તકની લ્હાણી કરી તેઓના આશીર્વાદો મેળવવા ભૂલવું જોઇએ નહિ.

કઢંગી કુરૂઢીનાં કિલ્લામાં સપડાએલા ક્ષત્રિય સૈન્યનો મોટો ભાગ દુઃખની છેવટની અણીઉપર આવી હત્તાશ પામી જીવનનો આધાર ચાન્સના શરણે મૂકી નિરાશ થએલો છે. તેઓના માટે આ પુસ્તક સવેળાની મદદરૂપ ગણાશે. ગદ્યના ગોળા છોડનારી અનહદ યાંત્રિક બળવાળી આ મશીનગન જ્ઞાતિને દુઃખમાંથી મુક્ત કરવાને પ્રબળ આશા આપનારી છે એમ વાંચકવૃંદને સમજાયા વિના રહેશે નહિ. જેથી દરેક સાક્ષર ભ્રાતાઓને આ પુસ્તક પ્રેમવડે વાંચવાની હું ખાસ ભલામણ કરૂંછું.

ધર્મનાં ધતીંગોમાં ધબડાતો અધર્મના ઓથે રહી અંતરિક્ષથી ઉત્પન્ન થતાં દુઃખોને સુખ માની સહન કરવાને તવાઇ ગએલો આપણી જ્ઞાતિનો મોટો ભાગ ચુંકેચાં કરવાની શક્તિ પણ ગુમાવી બેઠો છે. તેવા ભ્રાતાઓના માટે પણ આ પુસ્તક એક ઉત્તમ શકિત પ્રેરક રામબાણ દવાની ગરજ સારનારૂં થઇ પડે એમ તેમાંના કેટલાક ઉતારાઓ (લેખકોના લેખો) ના પુરાવાથી પુરવાર થઇ શકે છે. અને તેથી તે સેવન કરવા યોગ્ય છે એમ કહ્યા વિના રહી શકાતું નથી.

આ પુસ્તક બહાર પડતાંની સાથે સારસ્વત સમાજનો અજ્ઞાનવર્ગ એકદમ ભડકી ઉઠશે એ સવાલ ઉત્પન્ન થયા વિના રહેતો નથી. તેના નિવારણાર્થે, તેઓ સમાજ પ્રતિ પણ આ પુસ્તકના માટે હું ઊંચો અભિપ્રાય આપ્યા વિના રહી શકતો નથી પ્રથમ તેઓ ભ્રાતાઓ આ પુસ્તકને એક શ્રાપ સમાન ગણશે. તેઓ સમાજને હું ઉદ્દેશીને કહું છું કે ભલે તમો તેને શ્રાપરૂપજ સમજશો તોપણ તે પુસ્તક તમોને હિતકર્ત્તાજ છે. કદાને તે શ્રાપથી તમારી અધમ આજીવિકાનો નાશ થતો હોય તો ભલે થાય. કીડીથી કુંઝર

સુધી દરેક પ્રાણીને પોષણ પુરૂં પાડનાર પ્રભુ તમારી આજીવિકા માટે અનેક ઉત્તમ ઉદ્યોગો ઉઘાડશે એવી સુદૃઢ ભાવના રાખી સત્ય પુરૂષાર્થમાં પ્રેરાશો તો આ પુસ્તક શ્રાપરૂપ નહિ પરન્તુ આશિર્વાદરૂપ નિવડશે એમ હું માનું છું. શું આપ બન્ધુઓ 'પારકી આશ સદા નિરાશ, યાચકવૃત્તિ અધમમાં અધમ છે' એમ નથી સમજી શકતા ? તો આ પુસ્તક તમારા માટે કેટલું ઉપીયોગી છે તે જોવાની હું ખાસ ભલામણ કરૂંછું.

આ પુસ્તકને નિંદા સમજનારા ભ્રાતા પ્રતિ પણ મારી પ્રાર્થના છે કે નિંદા એટલે શું ? એ વિચારજો. દોષ દર્શાવવા તે નિંદા એમ તમો માનો તોપણ આ પુસ્તક તમારા માટે તો વિશેષ લાભદાતા છે. એમ સમજશો. જુઓ મહાત્મા **કબીર** મહારાજ શું કહે છે ?

> નિંદા હમારી જો કરે, મિત્ર હમારા હોય;
> સાબુ લેવે ગાંઠકા, મેલ હમારા ધોય.

એતો સિદ્ધ બીના છે કે પોતાનો દોષ પોતે કોઇ જોઈ શકતું નથી બતાવનાર જોઇએ. ઉજ્જવળ દોષ રહિત બનવાની જો તમારી ઇચ્છા હોય તો તમો મહાત્મા **કબીર** મહારાજનાં વચનોપર ચાલો. તેના જેવું ઉદાર દીલ અને સવળો અર્થ લઇ આ પુસ્તક તે અજ્ઞાનરૂપ મેલને ખસેડનાર ઉમદા ક્ષાર છે એમ સમજો. પુસ્તક કર્તાએ પોતાના વખતનો કેવો અ-મુલ્ય ભોગ આપી તમારા માટે તૈયાર કર્યું છે. તો તેને તમો તમારો મિત્ર ગણો, અને તેની આ પુસ્તકરૂપ કૃત્તિને વધાવી લહો એમ વિનંતી કરૂંછું. પુસ્તક વાંચતાં લેખકે તમારા પ્રતિ ઉપરથી ક્ષારયુકત પણ અંદર ખાનેથી હિતકર પૂજ્ય બુદ્ધિ રાખેલી છે એમ જણાઇ આવે છે. છતાં પણ તમો રોશના દોષમાં સપડાઇ જઇ આ પુસ્તકને તમો પોતાને સ્પર્શ પણ નહિ થવા દેશો તો તમારી અધોગતીના માટે તમોજ જવાબદાર રહેશો.

છેવટે તમોને ગુરૂ તરિકેનું અભિમાન હોય તો તમારા શિષ્યો કેવા જોઇએ તે વિચારજો. લેખક તમારાજ શિષ્યવર્ગમાંનો એક છે તે તમોને તારવાનો યત્ન કરે છે એમ માનજો. જે માટે પૂર્વે થઇ ગએલા ગુરૂ મ-ચ્છંદર નાથનું દ્રષ્ટાંત ધ્યાનમાં લેજો. ગુરૂ મચ્છંદરના યોગ ભ્રષ્ટ બની ત્રિયારાજમાં મહીલારાણીના મોહમાં પડી શું દશા ભોગવતા હતા. યોગ બળથી મેળવેલી રિદ્ધિ સિદ્ધીનું સુખ ગુમાવી અલ્પ નાશવંત સુખમાં આનંદ માનતા હતા. ત્યાંથી તેના શિષ્ય ગોરખનાથજીએ છોડાવવા કેટલો પ્રયાસ કર્યો હતો ? છેવટે ગુરૂ મચ્છંદરનાથે પોતાનું પૂર્વપદ પામી પોતાના શિષ્ય-નો ઉપકાર માન્યો હતો. તેવીજ રીતે તમારી દશા થઇ છે. તે નિહાળજો

પૂર્વે વિદ્યાના બળથી તમો કેટલું સન્માન પામતા હતા, કહો કે રાજાઓ પણ તમારા ચર્ણુમાં આળોટતા હતા, સુવર્ણ પાત્રમાં તમોને જમાડી જમતા હતા, આવો વૈભવ છોડી હાલમાં યાચકવૃત્તિના અધમ રાજ્યમાં ભીક્ષા જેવી ભુંડી રાંડની ઉજ્જવળ ચામડીપર મોહી પડયા છો. અને તેથી સુખી નહિ પણ દુઃખી છો. એવું આ તમારો શિષ્ય જોઈ શકયો છે અને તેથી પોતાના પુસ્તકમાં તમોને જાગૃત કરવા ઓછો પ્રયત્ન કર્યો નથી. હાલ તો તમોને ગળે બાજી પડેલો નામનો વૈભવ છોડતાં દુઃખ થશે પણ પરિણામે **પૂર્વ પદને** પામી તમો આ પુસ્તક કર્ત્તાનો ઉપકારજ માનશો. એમ મને ખાત્રીથી કહ્યા વિના રહી શકાતું નથી.

આ પુસ્તક યોજનારની વૃત્તી કૃત્તિ તપાસતાં બન્ને કોમ પ્રતિ તેની ઊંચ ભાવના પ્રતિત થાય છે. સાદી નજરે તે વહાડકાપ કરતું યંત્ર જણાશે. પરન્તુ તેનો હેતુ બન્ને કોમને દોષ રહિત બનાવવાનો અને વિશેષમાં કહીએ તો ઉન્નતિપર લઇ જવાનો છે. આવી તેની નિઃસ્વાર્થ વૃત્તિના માટે આ લેખક ઘણાજ ધન્યવાદને પાત્ર છે. ખરી રીતે આ તેનો જ્ઞાતિ ઉપરનો ઉપકાર છે–એમ વિદ્વજનો અવશ્ય સમજ્યા વિના રહેશે નહિ. અને તેથી હું જ્ઞાતિના શિરોમણી ભ્રાતાઓને ભલામણ કરૂછું કે–આપ આ પુસ્તક આપણી જ્ઞાતિહીત્તનું હોઇ તેનો બહોળો ફેલાવો થાય એવો યત્ન કરી આ પુસ્તક કર્ત્તાના પુરૂષાર્થને સફળતા આપશો એમ મારી અન્તિમ પ્રાર્થના છે.

આટકોટ તા. ૧૧–૧૦–૧૫ લી. જ્ઞાતિ ચર્ણુરજ સેવક.

(૨) નારાયણજી ગોપાલજી વસન્ત.

પ્રિય ભ્રાતા !

ખરેખર આપની "**સ્વર્ગમાં સેશન્સ્**" ની કૃત્તિ નીહાળતાં મ્હારા અંતઃકરણમાંથી આ ઉદ્દગારો અનાયાસે નીકળી પડે છે કે આપે આ પુસ્તકથી લોહાણા જ્ઞાતિ ઉપર મહાન ઉપકાર કર્યો છે.

લોહાણા કોમની પ્રાચીન અર્વાચીન સ્થિતિનો ચિતાર આપી, ચાલુ અવનતિનાં કારણો જણાવી, તેના કેટલાક રિવાજોનું સત્ય મહત્વ સમજાવી, ખીર ચોરિ આદિ અનેક અંધારામાં રહેલી બાબતોપર પ્રકાશ પાડવામાં આપે જે શ્રમ લીધો છે તેની કિંમત આંકવી મુશ્કેલ છે એ સૌ કોઇ બન્ધુ આ પુસ્તકને એકવાર અવલોકવાથી જાણી શકશે.

સારસ્વત ગોર મહારાજોને પણ કદાચ પ્રથમ સ્વાર્થવશથી આ પુસ્તક અરૂચતું લાગશે પણ ડૉકટરની કડવી દવા રોગ નિવાર્ણાર્થેજ હોય

છે તેમ અતે તો તેમને પણ આ અત્યુતમ પુસ્તક સન્માર્ગ દર્શક છે એમ જણાયા સિવાય રહેશે નહિ. હું સર્વ બન્ધુઓને ખાસ ભલામણ કરૂં છું કે તેઓએ આ પુસ્તક અવશ્ય ખરીદી વાંચવું. અને તેના ઉત્સાહી લેખક પ્રિય જ્ઞાતિ હિતેચ્છુ ભ્રાતા ડોસાણીના શ્રમને સફળતા આપી પોતાનું ઉમદા જ્ઞાત્યાભિમાન બતાવવું.—ઇત્યોમ્શમ્

જ્ઞાતિ સેવક.
હરજીવનદાસ જગજીવનદાસ વર્મા.

(૩) ભરૂચ તા. ૧૪-૧૦-૧૯૧૫

પ્રિય જ્ઞાતિ સુધારક.

નારાયણજીભાઈ.

ત્હમારૂ **સ્વર્ગમાં સેશન્સ્** પુસ્તક મ્હેં અથ ઇતિ પર્યંત વાંચ્યું. લોહાણા શબ્દની ઉત્પત્તિ તથા સ્વજ્ઞાતિના કેટલાક ચાલુ રીવાજોની પ્રાચીન મહત્વત્તાપર પ્રકાશ પાડવાપર આપે ખુબ શ્રમ લીધો છે. તે બદલ આપને ધન્યવાદ આપતાં આશા રાખું છું કે આખી જ્ઞાતિ આપની કદર બુજશે **એમને** ખાત્રી છે. નિરક્ષર ગોરોના ઇશ્વરી નિયમ વિરૂદ્ધ **લાગા-ટેકસોનાં** લાકડાં નાબુદ કરવા જરૂર છે.

ટુંકમાં આપનું પુસ્તક લોહાણા જ્ઞાતિમાં ઘેર ઘેર રમતું થશે અને ધીર વિર ક્ષત્રિય લોહાણાઓ આ જ્ઞાતિ હિતકારી કાર્ય માટે તમોને માન ચાનથી વધાવી લેશે એ નિસંશય છે.

તા. ૧૪-૧૦-૧૫.

લી. જ્ઞાતિ સેવક.
વિઠ્ઠલદાસ હીરજી ગણાત્રા.
શાન્તિભુવન **અમદાવાદ.**

(૪) મુંબઇ તા. ૧૧-૯-૧૫

રા. રા. નારાયણજી ગોકળદાસ ડોસાણી.

તમારા જ્ઞાતિહીતને માટે રચેલા "**સ્વર્ગમા સેશન્સ્**" પુસ્તકની લ્હાણી હું મ્હારા કુટુંબી ભાઇઓમાં પ્રથમ કરૂંછું એજ આ પુસ્તક માટે મારો અભિપ્રાય સમજી લેશો. **જીવણદાસ બાધાભાઈ રૂપારેલ.**
સેન્ડહર્સ્ટરોડ. મુંબઈ.

સ્વર્ગમાંથી સંદેશો સાંભળો!!

શ્રીમાન સદ્‌ગૃહસ્થો !

જો તમારે સ્વર્ગસ્થ પૂર્વજનું નામ ચિરઃસ્મરણિય રાખવું હોય, વડીલશ્રીનું સત્ય શ્રાદ્ધ કરવું હોય, અનેક જનોના આશીર્વાદો મેળવવા હોય તો કરો લ્હાણી !

"સ્વર્ગમાં સેશન્સ્ યાને પાખંડી પુરોહિતનું પોકળ"

નામના જ્ઞાતિપ્રિય થઇ પડેલાં પુસ્તકની.

ખરી જ્ઞાન લ્હાણી તો તેજ.

બાકી હાંડા ગાગર તો ટકે ત્યાં સુધીજ દેનારની સ્મૃતિ રહે.

અમોએ પણ લ્હાણી કરવા માટે ૫૦ થી વધુ પ્રત ખરીદનાર બન્ધુને રૂ ૧) નું પુસ્તક રૂ. ૦।।। માં આપવા ઠરાવ કીધો છે.

લ્હાણી માટે પુસ્તકો કર્ત્તા પાસેથી મળી શકશે.

"સુરત લોહાણા મિત્રમંડળ હસ્તકનું વિદ્યોત્તેજક ફંડ."

સદરહુ ફંડમાંથી અત્રે વસતા જ્ઞાતિના બાળકો અને કન્યાઓને સ્કુલને લગતાં સાહિત્યો પૈકી પુસ્તકો, સ્કૂલ ફી, સ્લેટ પેન, પેનસીલ વગેરે ઉત્તેજન અર્થે આપવામાં આવે છે. જેને જેને જરૂર હોય તેને સાદા કાગળ ઉપર યાદી કરી તે નીચે પોતાની સહી કરી જે સ્કૂલમાં પોતે અભ્યાસ કરતા હોય તે સ્કૂલનું નામ અને પોતાનું ઠેકાણું લખી મારી ઉપર રવાના કરવું. અગર રૂબરૂ મળી જઇ લઇ જવું. એવી મદદ દરેક સુરતી અથવા કાઠિયાવાડી કોઈ પણ વિભાગના લોહાણા બંધુઓને આપવામાં આવશે.

ઉદાર જ્ઞાતિલાઓને શુભ અશુભ પ્રસંગે પોતાનો સખી હાથ લંબાવવા પ્રાર્થના કરવામાં આવે છે.

જ્ઞાતિ નિરાશ્રીત ફંડનો લાભ લેવા ઇચ્છનાર લોહાણા બંધુઓએ પણ વધુ ખુલાસા માટે લખવું અગર રૂબરૂ મળવું.

મદદ આપનાર સદ્ગૃહસ્થોને મંડળ તરફથી રસીદ આપવામાં આવશે.

રૂવાળાનો ટેકરો, સુરત } **ઠા. છોટાલાલ કાળીદાસ તન્ના.**
ઓ. સે. શ્રી સુ. લો. મિ. અને વિ ફંડ.

ગુરૂઓ કેવા જોઈએ?

ભજન.

[મળજો અલખને દરબાર—એ રાગ]

મળજો સદ્‌ગુણના ભંડાર, મળજો મોક્ષ પદ દેનાર;
મળજો મહામતી હોઃજી.

ભગવાં ધરીને અનેક ભટકે, ગુણહીણા એ ગમાર;
સ્વાર્થીયાની સોબત કરતાં, તજાવે ઘરબાર. મળજો.

અવતારી છું કરી આડંબર, પૂજાવે નીજ કાય;
વિત્ત લેવાને વલખાં મારે, કરશે કોની સહાય? મળજો.

મંદીરોની કરી દુકાનો, ગુરૂઓ કરે વ્યાપાર;
પઇસા હોય તો પગે લાગો, નહિ તો નીકળો બહાર. મળજો.

રંગી ભંગી લગાવે રગડા, બની યોગી અબધુત;
ભોળાને ભરમાવી મારે, એવા જગમાં ભુત. મળજો.

ધુડ ગુરૂ તેના છીપાં ચેલા, અન્ધો અન્ય આધાર;
દેખી અંધારૂં ભાર્ત ભૂમીમાં, બની બેઠા સરદાર; મળજો.

આત્મજ્ઞાનમાં આરૂઢ થઇને, જાણે તત્વ વિચાર.
પરમાર્થમાં પ્રીતિ રાખે, એ ગુરૂ કરજો યાર. મળજો.

પ્રિય બંધુઓ ગુરૂ કરજો, સદાચરણી જોઇ;
કહે નારાયણ ઓળખી લેજો, બુદ્ધિ તમમાં હોય. મળજો.

નારાયણજી ગોપાલજી વસન્ત.

જરા આમ જોશો કે? બાપુ!

તમારાજ ભલા માટે છે!!

સ્વજ્ઞાતિ બંધુઓ!!

જો સારસ્વત ગોર મહારાજો તમારી સાથે અન્યાયથી વર્તે, નીતિથી નઠારૂં પગલું ભરે, તેઓના માની લીધેલા લાગા-ટેક્ષ સારૂ તમોને હરકત કરે, તમારા શુભાશુભ પ્રસંગે તમોને પોતાના સ્વાર્થવશ થઈને સતાવે તો તે સર્વ સત્ય હકીકત આ પુસ્તકના કર્તાને લખી જણાવવા કૃપા કરવી અને વળી કોઈ ગોર મહારાજ તમારૂં ભલું કરે તે પણ લખી જણાવવા વિનંતી છે.

કર્તા.